સૌરભ શાહ



સંબંધોનું મૅનેજમૅન્ટ



કુટુંબ, મિત્રો અને સમાજ સાથેના કયા સંબંધો
સાચવવા, કયા ફેંકી દેવા અને કયા નવા બનાવવા



VISIT…

LANZAROTE

Caliente.COM

સૌરભ શાહ



સંબંધોનું મેનેજમેન્ટ



કુટુંબ, મિત્રો અને સમાજ સાથેના કયા સંબંધો
સાચવવા, કયા ફેંકી દેવા અને કયા નવા બનાવવા





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

સંબંધોનું મૅનેજમેન્ટ

કુટુંબ, મિત્રો અને સમાજ સાથેના કયા સંબંધો સાચવવા, કયા ફેંકી દેવા અને કયા નવા બનાવવા

સૌરભ શાહ

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

SAMBANDHO NU MANAGEMENT
Management of Relationships :
How to deal with family, friends and society
Written by Saurabh Shah
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2018

hisaurabhshah@gmail.com

ePub Version 3.0.1
eISBN : 978-93-5122-784-7

અર્પણ

ગુણવંત શાહ ને

People's mind are changed through observation and not through argument.

- WILL ROGERS

સામાજિકતા આપણને સદે અને પથ્ય નીવડે તેટલી જ માત્રામાં સ્વીકારવી જોઈએ. સમાજના એક એકમ તરીકે પણ આપણું કશુંક આગવું હોવું જોઈએ. જો એ ન હોય તો આપણો સમાજ ઓળખાશે શી રીતે? સામાજિકતા આજે તો શાહીચૂસ કાગળ જેવી છે, એ આપણને પૂરેપૂરા ચૂસી લે છે, આપણે ઘાટઘૂટ વગરના એક ડાઘરૂપે જ માત્ર રહી જઈએ છીએ. માનવજાતિના ઇતિહાસમાં આપણે જોતા આવ્યા છીએ કે કોઈક ને કોઈક નિમિત્તે આપણા વ્યક્તિત્વના વિકાસથી ભડકતા રહ્યા છીએ અને એને રૂંધવાના અનેક પ્રયાસો કરતા રહ્યા છીએ. આથી જ તો આપણને ઇષ્ટ નહીં એવી આક્રમકતા આપણામાં પ્રવેશી જાય છે, ખોટા સંઘર્ષો ઊભા થાય છે. આપણે જે કાંઈ સ્વચ્છતાથી અને સંગીનપણે કરી શકીએ તે ભારે દબાણ અને તંગદિલી વચ્ચે કરતા હોઈએ છીએ. આમ આપણી ઘણી શક્તિ આ કૃત્રિમ સંઘર્ષને પહોંચી વળવામાં ખરચાઈ જાય છે, એ શક્તિને બચાવી લેવાના ઉપાય શોધવા પડશે.

– સુરેશ જોષી

(ચિંતનાત્મક નિબંધસંગ્રહ 'ઇતિ મે મતિ'માં પ્રગટ
થયેલા નિબંધ 'અણુ અને વિભુ'માંથી,
પ્રકાશક પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.)

લેખકનાં પુસ્તકો

ચિંતન સ્વભાવનું મૅનેજમેન્ટ, લાગણીઓનું મૅનેજમેન્ટ, પ્રેમનું મૅનેજમેન્ટ, સંબંધોનું મૅનેજમેન્ટ

નવલકથા મહારાજ, વેરવૈભવ

નિબંધ પ્રિય જિંદગી, મનની બાયપાસ સર્જરી, કંઈક ખૂટે છે

પત્રકારત્વ મોદી શા માટે મોદી છે, મોદીનો વિરોધ શા માટે, નોટબંધીનું એટુઝેડ, જીએસટીની એ.બી.સી., અયોધ્યાથી ગોધરા

સંપાદન સર્જન-વિસર્જન *(હરકિસન મહેતાના જીવન-કવન વિશેનો ગ્રંથ)*

અનુવાદ વન ઇન્ડિયન ગર્લ *(ચેતન ભગતની નવલકથા)* , ગૉડફાધર *(મારિયો પૂઝોની નવલકથા)* , જિના ઈસી કા નામ હૈ *(પ્રેરણાત્મક સત્ય ઘટનાઓ)* , થિન્ક એવરેસ્ટ *(એવરેસ્ટ આરોહણની કથા)*

હવે પછી જીવનનું મૅનેજમેન્ટ, તુમ જિયો હજારોં સાલ, પહેલી ને છેલ્લી – આ જ છે જિંદગી, જિંદગી ના મિલેગી દોબારા, ભારતનો સાચો ઇતિહાસ, લખવા વિશે – વાંચવા વિશે, ગમતા માણસોની ગમતી વાતો, પોત પોતાના ધ્રુવના તારા, ગાંધીજી એમ.જી. રોડ બની ગયા છે ત્યારે.

પ્રસ્તાવના

દરેકના જીવનમાં ચાર પ્રકારના સંબંધો હોય છે.

(1) આપણી મરજી-નામરજી વિના જે બંધાય છે તે. માબાપ સાથેના, ભાઈબહેન સાથેના, કાકામામામાસીફોઈ સાથેના, અન્ય કુટુંબીજનો તેમ જ જ્ઞાતિજનો સાથેના સંબંધો. આ તમામ સંબંધો આપણો જન્મ જે કુટુંબમાં થાય છે તેને કારણે બંધાતા હોય છે. આ પ્રકારના સંબંધો વડે તમે ચાહો કે ન ચાહો બંધાયેલા જ રહો છો - આજીવન.

(2) તમે તમારી પસંદગીથી જે સંબંધો બાંધો છો તે. પહેલા ધોરણમાં તમારી સાથે ભણતા બીજા બેચાર ડઝન ક્લાસમેટ્સમાંથી કોઈ તમારો બેસ્ટ ફ્રેન્ડ કે તમારી બેસ્ટ ફ્રેન્ડ બની જાય છે. મિત્રો બનાવવાનો આ સિલસિલો આખી જિંદગી ચાલતો હોય છે. સિનિયર સિટિઝન બન્યા પછી પાર્કમાં, વૃદ્ધાશ્રમમાં, ચારધામની જાત્રામાં કે સ્મશાનયાત્રામાં પણ નવા નવા મિત્રો તમારી પસંદગીથી તમે બનાવતા રહો છો.

તમે જ્યાં રહો છો તે મકાન, સોસાયટી કે કૉલોનીમાં રહેતા બીજા સેંકડો લોકોમાંથી તમે તમારી પસંદગી મુજબના લોકો સાથે સંબંધ બાંધો છો. તમે નક્કી કરો છો કે તમારે તમારા ડાબી તરફના નેક્સ્ટડોર નેબર સાથે ઘર જેવો સંબંધ રાખવો છે કે જમણી તરફના કે પછી બેઉ સાથે.

તમારી કામ કરવાની જગ્યાએ, તમારી દુકાન, તમારી ઑફિસ કે તમારી ફૅક્ટરીમાં તમારે કોની સાથે રોજ લંચ લેવું છે કે રોજ સાંજે ઘરે પાછા ફરતાં કોને લિફ્ટ આપવી છે કે કોની લિફ્ટ લેવી છે એ નિર્ણય તમારો હોય છે.

આ બધા જ સંબંધો તમે તમારી મરજીથી બાંધો છો, તમારી મરજીથી તોડો છો, તમારી મરજીથી બીજા નવા સંબંધો બાંધો છો.

(3) સંબંધોનો ત્રીજો પ્રકાર પહેલા મુદ્દાનું એક્સ્ટેન્શન છે. આ સંબંધો ભલે તમારા જન્મને કારણે સર્જાયા, તમારી મરજી-નામરજી વિના ભગવાને બાંધી આપ્યા પણ તમારા મામા સાથે તમારે ફૉર્મલ રહેવું કે ખૂબ ઇન્ટિમેટ રહેવું તે વિકલ્પ તમારો છે. તમારા સગાભાઈ સાથે તમારે ખૂબ નજીકનો સંબંધ હોઈ શકે અને કદાચ એની સાથે છેડો ફાડી નાખ્યો હોય અને સ્નાન સૂતકનોય સંબંધ ના રાખ્યો હોય એવું પણ બને. અહીં તમે તમારી ચૉઇસને અમલમાં મૂકતા હો છો. ફરજિયાતપણે જીવનમાં પ્રવેશી ગયેલા સંબંધોમાં પણ તમને તમારી પસંદગીનો અવકાશ હોવાનો. પત્ની તમે તમારી પસંદગીની લઈ આવ્યા એ પછી પત્નીને લીધે જે લોકો સાથે સંબંધ બંધાયા તે સાસુસસરાસાળા વગેરેની સાથે કેટલા આત્મીય થવું કે કેટલો વ્યવહાર રાખવો એનો નિર્ણય તમે કરી શકતા હો છો.

(4) બીજી કેટેગરીના સંબંધો સાથે આને નાતો છે. તમે મિત્ર ભલે તમારી પસંદગીથી બનાવ્યા પણ એના ઘરે અવરજવર કરવાને કારણે તમારે પરાણે એનાં માબાપ, ભાઈબહેન વગેરે સાથે સંબંધ રાખવો જ પડે છે. અન્યથા મિત્રને માઠું લાગે. એને રિઝવવા માટે તમે એની આસપાસની એને પ્રિય હોય એવી વ્યક્તિઓ સાથે હળોમળો છો.

તમે જે જગ્યાએ કામ કરો છો ત્યાં તમે તમારી મરજીથી જે મિત્રો બનાવ્યા એ ઉપરાંતના કેટલાક લોકો સાથે તમારે સંબંધ રાખવો જ પડે છે. તમારા બૉસ, બૉસની પીએ, તમારો પ્યૂન, ઑફિસનો કૅશિયર વગેરે કેટલાય લોકો સાથે, તમને ગમે કે ન ગમે, તમારે સારાસારી રાખવી જ પડવાની.

જીવનમાં કયા સંબંધો તમારે સાચવવાના છે, કયા ફેંકી દેવાના છે અને કયા નવા બનાવવાના છે એ આવડવું જોઈએ અને ન આવડતું હોય તો શીખી લેવું જોઈએ. આપણી પાસે મર્યાદિત સમય, મર્યાદિત રિસોર્સીઝ, મર્યાદિત એનર્જી હોય છે. જીવનમાં બંધાતા દરેક સંબંધને સંઘરી રાખીશું તો ક્યારેય આગળ નહીં વધી

શકીએ. નવા સંબંધો બાંધવાનું ટાળીશું તો ક્યારેય છીએ ત્યાંથી ઉપર નહીં જઈ શકીએ. કુટુંબ સાથેના સંબંધો મિત્રો સાથેના સંબંધો અને સામાજિક વ્યવહાર દરમ્યાન સર્જાતા સંબંધોનો ભાર ડૂબાડી ન દે એ જોવાની જવાબદારી આપણી પોતાની. આ તમામ સંબંધો ક્યારેક આપણને અકળાવે છે, અને આ જ સંબંધો આપણા જીવનને ખીલવવામાં, આપણા વિકાસમાં ઉપયોગી બને છે. કયો સંબંધ આપણા જીવનમાં કેટલું મહત્ત્વ ધરાવે એનો નિર્ણય આપણામાં રહેલી નીરક્ષીર બુદ્ધિએ કરવાનો હોય.

તમે જોયું હશે કે આપણા કરતાં અનેકગણી મોટી અને વ્યસ્ત વ્યક્તિઓ આપણા કરતાં કંઈક અધિક વ્યક્તિઓ સાથે સંબંધ રાખતી હોય છે. કેવી રીતે? તેઓ આપણી જેમ, ચાલો મળ્યા જ છીએ તો ગપ્પાં લડાવીએ, એવું નથી કરતા. તેઓ એમની પ્રિય વ્યક્તિઓને મળે છે, અવૉઇડ નથી કરતા, પણ તે દરેકની સાથે સમય ગાળવાની એક મર્યાદા હોય એની એમને ખબર છે. જે લોકો એમના જીવનમાં ક્યારેક ખૂબ અગત્યનો ભાગ ભજવી ચૂક્યા હોય એમને આજની તારીખેય એટલો જ સમય ફાળવવો પડશે એવી શરમમાં તેઓ નથી રહેતા. એવું કરવા જાય તો તેઓ જે નવાં નવાં કામ હાથમાં લેવા માગે છે તે કામ કરવામાં ઉપયોગી થાય એવા સંબંધો બાંધવાનો કે એમને સમય આપવાનો સ્કોપ જ ન રહે.

ટાઇમ મૅનેજમેન્ટ વાસ્તવમાં સંબંધોના મૅનેજમેન્ટનો જ એક હિસ્સો છે. તમારા જીવનનો લાર્જર ગોલ નક્કી કર્યા પછી કયા સંબંધને કેટલો, ક્યારે અને કેવો સમય આપવો તે નક્કી કર્યા પછી ટાઇમ મૅનેજમેન્ટ કરવાનું કામ રમતવાત બની જશે. કયા સંબંધને કેટલો સમય આપવો એની પ્રાયોરિટી નક્કી કરવા માટે તમારે એ જોવું પડે કે જેટલો સમય તમે રોજ, અઠવાડિયે કે મહિને એ વ્યક્તિને ફાળવો છો એટલા સમયનું તમને વળતર શું મળે છે. વળતર માત્ર આર્થિક જ નથી હોતું ઇમોશનલ પણ હોય. એ વ્યક્તિને મળ્યા પછી તમારામાં કેટલું ઉમેરાય છે, શું ઉમેરાય છે તે જોવાનું હોય.

દિવસના કે અઠવાડિયાના કયા સમયે તમે એ વ્યક્તિને સમય આપો છો તે નક્કી કરવાનું પણ અગત્યનું છે. ક્યારેક લંચ એમની સાથે લો, ક્યારેક જતાં આવતાં પ્રવાસમાં એમને સાથે રાખો, ક્યારેક વીક એન્ડમાં રિલેક્સ થઈ રહ્યા હો ત્યારે એમને મળો – ડિપેન્ડ્સ તમારા ટાઇમટેબલમાં એ વ્યક્તિ ક્યાં ફિટ બેસે છે.

કેવો સમય એટલે ક્વૉલિટીની દૃષ્ટિએ તમારે એમને કેવો સમય આપવો છે. ક્યારેક તમે યોજેલી દસ-પંદર જણાની પાર્ટીમાં એમને બોલાવીને સંબંધ જાળવો તો ક્યારેક બસોત્રણસો જણનું ફંક્શન યોજ્યું હોય તો એમાં આમંત્રણ આપીને હાય-હેલ્લોના સંબંધ જાળવો. તમારે એ વ્યક્તિ સાથે ક્વૉલિટી ટાઇમ વીતાવવો છે કે પછી માત્ર ઓળખાણ પૂરતો જ એમની સાથે સંબંધ રાખવો છે તે તમારે નક્કી કરવાનું.

સંબંધોનું મૅનેજમેન્ટ કરતી વખતે આ છેલ્લી વાત હંમેશાં સ્મરણમાં રાખવી પડેઃ હું જો કોઈકનામાં કશુંક ઉમેરવાની પાત્રતા ધરાવીશ તો જ એ મારી સાથે સંબંધ રાખશે અને કોઈક જો મારામાં કશુંક ઉમેરવાની પાત્રતા ધરાવતું હશે તો જ હું એની સાથે સંબંધ રાખીશ.

'સંબંધોનું મૅનેજમેન્ટ'માં મેં આ ચારેય પ્રકારના સંબંધોમાં કોની સાથે કેવી રીતે ડીલ કરવું એની વાતો કહી છે.

એક ખાસ સૂચના. આ પુસ્તક અગાઉ 'કુટુંબ, મિત્રો તથા સમાજવ્યવહારનું મૅનેજમેન્ટ'ના નામે 2003માં પ્રગટ થયેલું જેમાં 'મુંબઈ સમાચાર'માં દરરોજ છેલ્લા પાને છપાતી મારી કૉલમ 'ગુડ મૉર્નિંગ'ની ફર્સ્ટ સીઝન (1995 થી 1999) દરમ્યાન પ્રગટ થયેલા લેખોને મઠારીને, નવેસરથી ગોઠવીને પ્રકાશિત કરવામાં આવ્યા હતા. અહીં એ જ લેખોને ફરી એકવાર સંમાર્જિત કરીને મૂકવામાં આવ્યા છે.

મારું એક પુસ્તક 'પ્રેમનું મૅનેજમેન્ટ' જે પ્રગટ થયું છે તેનું નામ અગાઉ 'સંબંધોનું મૅનેજમેન્ટ' હતું. સંબંધોનું મૅનેજમેન્ટ શીર્ષક મને અને મારા પ્રકાશક ચિંતન શેઠને આ પુસ્તક માટે વધુ અપ્રોપ્રિયેટ લાગ્યું છે. આમ કરવાથી વાચકોમાં જો કોઈ અસમંજસ સર્જાઈ હોય તો માફ કરે. ભવિષ્યમાં બને ત્યાં સુધી એક વખત પ્રગટ

થઈ ચૂકેલા પુસ્તકનું શીર્ષક ન બદલવું જોઈએ એવો સર્વસ્વીકૃત નિયમ પાળવાની જરૂર કોશિશ કરીશું. અને ક્યારેક અનિવાર્ય લાગે ત્યાં અપવાદ પણ કરીશું.

કુટુંબ, મિત્રો અને સમાજ સાથેના સંબંધો ક્યારેક આપણને અકળાવે છે, અને આ જ સંબંધો આપણા જીવનને ખીલવવામાં, આપણા વિકાસમાં ઉપયોગી બને છે. આ પુસ્તક વાંચીને સંબંધો વિશેનો તમારો નીરક્ષીર વિવેક વધે એવી આશા છે.

25 માર્ચ, 2018
રામનવમી
સૌરભ શાહ
મુંબઈ
www.facebook.com/saurabh.a.shah
www.saurabh-shah.com
WhatsApp Group: 90040 99112

એક

કેમ છો પુછાય છે ત્યારે તમે ખરેખર મઝામાં હો છો ?

બિલોરી કાચ લઈને ફરતા રહીશું
તો દરેકમાં દોષ દેખાશે.

બીજાઓ શું કહેશે એની ચિંતા કરવામાં જ અડધી જિંદગી ખર્ચાઈ જતી હોય છે. લોકો આપણા વિશે શું કહેશે કે શું માનશે એવું વિચાર્યા કરીને એમની અપમાનજનક વર્તણૂક આપણે ચલાવી લઈએ છીએ. એમની સ્વાર્થવૃત્તિ અને એમનો ગુસ્સો નિભાવી લઈએ છીએ. એમની નિરર્થક શિખામણો અને એમનાં મહેણાં-ટોણા મૂંગા મોઢે ગળી જઈએ છીએ. સ્વાભાવિક રીતે જ આ બધું આપણા આનંદમાં, આપણી મઝામાં કે પ્રસન્નતામાં ઉમેરો કરતું નથી.

મઝામાં રહેવું હશે, સતત મઝામાં રહેવું હશે તો જિંદગીની તરાહ બદલવી પડશે અને એ માટે જાતે બદલાવું પડશે. બદલાતી વખતે, ફેરફારો લાવતી વખતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવી પડશે કે કશું પણ બદલાય છે ત્યારે એની પ્રતિક્રિયારૂપે તરત સખત વિરોધ પ્રગટ થાય છે. વ્યક્તિ સાથે જોડાયેલી અનેક વસ્તુઓ તથા વર્તણૂકોમાં બદલાવ આવવાથી વિરોધ થવાનો. આ વિરોધની અવગણના, એના પ્રત્યેનો તુચ્છકારભાવ એટલે આપણી મઝા યથાવત્ રાખવાની ગૅરન્ટી.

મઝામાં રહેતાં શીખવું હોય તો ફરિયાદ કરવાની ટેવ છોડી દેવી પડે. બિલોરી કાચ લઈને ફર્યા કરીશું તો દરેક વ્યક્તિમાં દોષ દેખાશે. આ દુનિયાનું શું થવા બેઠું છે એવું મોઢું લઈને ફર્યા કરતો માણસ ક્યારેય મઝામાં ન હોઈ શકે. મઝામાં રહેવા માટે જાતે બદલાવું કે નહીં એ નક્કી કેવી રીતે કરવું? જો આટલાં લક્ષણ આપણામાં હોય કે એના થોડાક અંશ પણ હોય તો માનવું કે બદલાવાની જરૂર છેઃ ઈર્ષ્યા અથવા અદેખાઈ. જાત વિશે નિરાશા. સતત થતી રહેતી ગુનાહિત લાગણી. ક્યારેય કોઈની પ્રશંસા ન કરવી કે કોઈને અભિનંદન ન આપવાં. કોઈનાં અભિનંદન સ્વીકારવાં નહીં અથવા એમાં કોઈક આશય હશે એવી શંકા રાખવી. આપણી પાયાની જરૂરિયાતોની અવગણના. જે જોઈએ તે માગવું નહીં. કોઈનેય વહાલ, લાડ કે પ્રેમ કરવાની ક્ષમતા ગુમાવી દેવી. લાગણીઓ કોઈકના તરફથી પ્રગટ થતી હોય તો તેનો સ્વીકાર કરવાની ક્ષમતા ગુમાવી દેવી. બીજાની સતત ટીકા કરવી, પોતાની હંમેશાં શ્લાઘા કરવી. બીજાઓ સાથે સરખામણી કરીને એમને ઉતારી પાડવા.

આ બધું કે આમાંનું કશું પણ તમારા જીવનમાં હોય તો ઘણું બધું બદલી નાખવું પડશે. જૂનો ભાર લઈને અડધે રસ્તે હાંફી જવાને બદલે એ વજન હળવું કરી બાકીનો માર્ગ સ્ફૂર્તિથી કાપવામાં માત્ર વ્યવહારુ ડહાપણ નથી, એ એક અનિવાર્યતા પણ છે.

મઝામાં રહેવું સહેલું નથી. મહેનત માગી લે એવું કામ છે. એકાદ આસમાન તૂટી પડે તો તમે કોઈક રીતેય બાજી સંભાળી લો. જેનાં સાતેય આસમાન તૂટી પડે અને બારે વહાણ ડૂબી જાય એ શું કરી શકે? એ પોતાની રીતે મઝામાં રહી શકે અને પોતાની રીતે મઝામાં રહેવા માટે હતાશાઓને નવી દૃષ્ટિએ જોવું પડે.

હતાશાનું ઉદ્‌ગમસ્થાન રોજબરોજ અનુભવાતી પછડાટો હોઈ શકે. આ પછડાટો આપણે કરેલી ભૂલોનો અને બેવકૂફીઓનો કે પછી બીજાઓએ ઊભાં કરેલાં વિઘ્નોનો સીધો પડઘો છે. આ ભૂલો કે વિઘ્નોને કશુંક નવું શીખવાની પ્રક્રિયાના એક ભાગરૂપે જોઈશું તો એ આગળના શિક્ષણનું એક પગથિયું લાગશે. ઉપરાછાપરી ભૂલો કર્યા પછી, વારંવાર બીજાઓએ ઊભાં કરેલાં વિઘ્નોનો સામનો કર્યા પછી, અને અઢળક નિષ્ફળતાઓનો

ભોગ બન્યા પછી પણ સતત પ્રયત્નો કરતા રહેવાની મઝાની તોલે જીવનની બીજી કોઈ મઝા હોતી નથી.

તમારી આસપાસના લોકો તમારા પ્રયત્નોને નહીં પરંતુ એ પ્રયત્નોના પરિણામને જ તમારી સફળતા કે નિષ્ફળતાનો માપદંડ માને છે. આ લોકો જીવનમાં જોખમો ખેડતાં ખચકાય છે. ધંધાનું જોખમ, નવા વ્યવસાયનું જોખમ, જૂના સંબંધો તોડવાનું અને નવા જોડવાનું જોખમ. કેટલાક લોકો એક વખત જોખમ ખેડવાનો નિર્ણય લઈ લીધા પછી વિચારે છે કે એ નિર્ણય આવેશભર્યો હતો. પછી તેઓ ગણતરીબાજ બનીને લીધેલું જોખમ ઓછું કરવાની રીતો વિચારે છે. દસ ફૂટનો ઘેરાવો ધરાવતા ઊંડા ખાડા પરથી કૂદકો મારીને એને પાર કરવામાં જોખમ તો છે જ. એ જોખમને પહોંચી વળવાની સજ્જતા કેળવવા બીજું બધું જ થઈ શકે, માત્ર જોખમ ઘટાડીને પાંચ-પાંચ ફૂટના બે કૂદકા મારવાનું કામ ન થઈ શકે. આવા લોકો દૂધના દાઝેલા હોય છે. છાશને ફૂંકીને પીવામાં માનતા લોકો ક્યારેય જોખમો ન ખેડી શકે. એવા લોકોના નસીબમાં બીજી વાર છાશથી દાઝવાનું લખાયું હોય છે.



બે

તમારી ભલમનસાઈનો કોઈ ફાયદો ઉઠાવી રહ્યું છે?

કોઈકની ખરાબ વર્તણૂકને તમે તમારા વિવેકને કારણે ચલાવી લો છો ત્યારે એ વ્યક્તિ માની બેસે છે કે તમે આવા જ વર્તનને લાયક છો.

કોઈનેય વગર વાંકે તમે ન વતાવો એ સારી વાત છે. પણ જો કોઈ વ્યક્તિ તમને સતત સતાવ્યા કરતી હોય અને તોય તમે સહન કર્યા કરો, એનું ખોટું વર્તન ચલાવ્યા કરો તો એ સહનશીલતા નથી મૂર્ખાઈ છે.

ડગલે ને પગલે તમારી ભલમનસાઈનો લાભ લેવામાં આવે છે. તમે ના નથી પાડવાના કે ચુપચાપ સહન કરી લેવાના છો એવી ખાતરી સામેવાળાને થઈ જાય એટલે એનું આક્રમણ શરૂ થઈ જશેઃ 'અમદાવાદ જાઓ છો? તો આટલું પાર્સલ મારી નણંદનાં કાકીજી માટે લઈ જશો? હું ફોન કરી દઈશ એટલે એ આવીને લઈ જશે પણ ઇન કેસ ફોન ન લાગ્યો તો તમે જરા એના ઘરે જઈને આપી આવશો?'

તમે જો હા પાડી તો આવતા વખતે નાના પડીકાનું સ્થાન દસ કિલોની તેલથી છલકાતી ખાટાં અથાણાંની બરણી લેશે. ના પાડતાં તમને સંકોચ થાય છે, કારણ કે તમને ડર છે કે તમારું ખરાબ દેખાશે. બીજાઓ સમક્ષ સારા દેખાવાની લાહ્યમાં કેટકેટલું ખરાબ અને અનિચ્છનીય વર્તન ચલાવી લેતા હોઈએ છીએ એનો વિચાર કર્યો છે ક્યારેય?

બપોરે શૉપિંગ માટે ઊપડી જતી પુત્રવધૂ રાત્રે આઠ વાગ્યા સુધી ઘરે ન આવે ત્યારે સાસુ રસોઈ બનાવી લેતી હોય છે. વહુને ટેવ પડી જતી હોય છે. સાસુ છે ને, બનાવી લેશે. આમેય આખો દહાડો એમણે ઘરમાં કરવાનું શું હોય? અને સાસુ ન બોલે ત્યાં સુધી વહુ એમની ભલમનસાઈનો લાભ લેતી રહે છે. કેટલીક સાસુઓ પણ ઓછી નથી હોતી. વહુ કહ્યાગીરી હોવાની છાપ પાડવા માટે તમામ કામબોજો વેંઢારતી રહે ત્યાં સુધી સાસુ ખુશ રહે છે. પણ જે ઘડીએ વહુના મગજમાં બત્તી થાય કે પોતાની ભલમનસાઈનો ગેરલાભ ઉઠાવવામાં આવે છે, તે જ ઘડીએ ઘરમાં ટીવી સિરિયલ જેવાં દૃશ્યો સર્જાવાનાં શરૂ થઈ જાય છે.

કેટલાક લોકો સતત ભલા માણસોની શોધમાં હોય છે. પોતાનાં કામ કરાવી લેવા માટે ભલા માણસો હાથવગા હોય છે. કોઈકની ખરાબ વર્તણૂકને તમે તમારા વિવેકને કારણે ચલાવી લો છો ત્યારે એવી વર્તણૂક કરનારાઓ માની બેસે છે કે તમારી સાથે તો આમ જ વર્તાય. પણ તમે જે ઘડીએ ભલમનસાઈ છોડીને કડક અને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દો છો તે જ ઘડીએ તેઓ સીધાદોર થઈ જાય છે.

એક જાહેર સમારંભમાં બુઝુર્ગ પત્રકારલેખકનું પ્રવચન હતું. પ્રવચન બાદની પ્રશ્નોત્તરીમાં એક ટીખળી શ્રોતાને મજાક કરવાનું સૂઝયું. એણે ઊભા થઈને પૂછ્યુંઃ 'સવારે હું જ્યારે ટૉઇલેટમાં કમોડ પર બેઠો હોઉં છું અને છાપામાં તમારો લેખ વાંચું છું ત્યારે મને પ્રશ્ન થાય છે કે...' શ્રોતાના વાંચનસ્થાનના ઉલ્લેખથી સભામાં રમૂજ ફેલાઈ પણ વક્તાએ એ તરફ ધ્યાન આપ્યા વિના, જે પ્રશ્ન પુછાયો એનો મુદ્દાસર ઉત્તર આપ્યો. બીજો શ્રોતા ઊભો થયો. એણે અગાઉના પ્રશ્નકર્તા કરતાં વધુ મજાકભરી અને અપમાનજનક રીતે સવાલ પૂછ્યો. સભામાં ફરી રમૂજ. અને એ પછીના તમામ શ્રોતાઓ પ્રશ્ન પૂછવાના બહાને વિદ્વાન વક્તાની ટીખળ કરવામાં પડી ગયા. અચ્છા ખાસા પ્રવચન પણ પાણી ફરી વળ્યું. વાંક કોનો કહેવાય? મારે હિસાબે વક્તાનો. એમની ભલમનસાઈનો. પહેલા શ્રોતાએ પ્રશ્ન પૂછતી વખતે મજાક કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે બુઝુર્ગ વક્તાને બદલે હું હોત તો મેં શાંત સ્વરે જડબાતોડ જવાબ આપી દીધો હોત કે 'જુઓ ભાઈ, તમે સવારે ટૉઇલેટમાં મારો લેખ વાંચતા હો કે પછી બપોરે તમારા પાડોશીની પત્નીને બગલમાં રાખીને મારો લેખ વાંચતા હો એની સાથે મને

નિસબત નથી. તમે જે સવાલ પૂછ્યો છે તેનો જવાબ એ છે કે...' આ રીતે જવાબ આપવાથી તમારી તૌહિન કરવાનો ઇરાદો રાખનારાઓ તરત ચૂપ થઈ જાય છે.

તમને આડકતરી રીતે ઉતારી પાડવાનો પ્રયત્ન કરનારાઓને કે ભરી મહેફિલમાં તમારા માટે નીચાજોણું કરનારા કે જાહેરમાં તમને ગંદી ગાળો આપનારાઓને તમે પડકારતા નથી ત્યારે તેઓ ચડી વાગતા હોય છે. ભલમનસાઈ બાજુએ મૂકીને તમારે આવા લોકોને ઈંટનો જવાબ પથ્થરથી આપવો જોઈએ. બે વાર આવું કરશો તો તેઓ પૂંછડી બે પગ વચ્ચે દબાવીને સીધા ઘરભેગા થઈ જશે.

કેટલાક લોકો તમારી ભલમનસાઈનો લાભ ઉઠાવીને તમારા સમય અને તમારી શક્તિ પર તરાપ મારે છે. વર્ષો પહેલાં સુરતનો એક કાર્યક્રમ પૂરો કરીને હરીન્દ્ર દવે, તારક મહેતા અને આ લખનાર ટ્રેનમાં મુંબઈ પાછા ફરી રહ્યા હતા. હરીન્દ્ર દવે તે સમયે 'જન્મભૂમિ'ના તંત્રી હતા. વાત પરથી વાત નીકળી ને હરીન્દ્રભાઈએ ફરિયાદ કરી કે 'કેટલાક ઓળખીતાઓ મૃત્યુનોંધ લખાવવા સીધો મને ફોન કરે છે અને કેટલીય વખત મારે પોતે ફોન પર મૃત્યુનોંધનું ડિક્ટેશન લઈને કમ્પોઝમાં મોકલી આપવું પડે છે.' હરીન્દ્રભાઈની ફરિયાદ સાંભળીને આ લખનારે કહ્યું હતુંઃ 'નાને મોઢે મોટી વાત લાગે તો માફ કરજો, પણ એમાં વાંક તમારો છે. તમારે શા માટે આવા લોકોને ઉત્તેજન આપવું જોઈએ. કોઈને ના પાડવાનું તમારા સ્વભાવમાં નથી અને લોકો તમારી આ ભલમનસાઈનો લાભ ઉઠાવે છે જેને પરિણામે તમારા કામના કલાકો ખેંચાય છે, તબિયત કથળે છે અને સાહિત્ય સર્જન માટેનો તમારો કિંમતી સમય વેડફાઈ જાય છે.'

ફોન પર કે રૂબરૂ મળીને તમારો સમય ખાઈ જનારા લોકોને તમે પોતે જ ટાળી શકો. જેમની સાથે વાત કરવાથી કે જેમને મળવાથી તમારી આંતરિક સમૃદ્ધિ વધતી હોય અથવા જેમને મળવું અનિવાર્ય કે ફરજિયાત હોય એ સિવાયની તમામ વ્યક્તિઓને તમારા પરિઘ સુધી જ રાખવા, કેન્દ્ર તરફ ન આવવા દેવા.

કેળવીને સર્જેલો ઉગ્ર સ્વભાવ માણસની ભલમનસાઈ ફરતેનું સુરક્ષાચક્ર બની જાય છે. બીજાઓ આગળ સારા દેખાવાની ઘેલછામાં આપણો કોઈ લાભ ઉઠાવી રહ્યું છે એવી પ્રતીતિ થયા પછી પણ મનમાં ભભૂકતો રોષ પ્રગટ કરવાને બદલે દબાવી દેવાની ભૂલ કરીએ છીએ. થોડાક સ્પષ્ટવક્તા થઈ જવાથી આપણે કશું ગુમાવવાનું હોતું નથી. ચાર જણ તમારા વિશે ખરાબ બોલે એનાથી તમને શું ફરક પડે છે? કોઈ તમારા વિશે સારું-ખરાબ બોલે એને કારણે તમારી પોતાની ગુણવત્તામાં રતીભાર ફરક પડવાનો નથી, તો પછી અત્યાર સુધી શા માટે તમે તમારી ભલમનસાઈનો લાભ બીજાને ઉઠાવવા દીધો. થોડાક કડવા, થોડાક તોછડા અને થોડાક રુક્ષ થઈ જવાથી જીવનની ઘણી બધી અમૂલ્ય ક્ષણો અને દુર્લભ શક્તિઓનો દુર્વ્યય અટકાવી શકાય.

* * *

ટીવી પર ઇન્ટરવ્યૂ આપતા રતન ટાટાને પૂછાયું, 'તમે જે બોલો છો તે પાળી બતાવો છો. તમારા મિત્રોમાં, તમારા સાથીઓ અને બિઝનેસ સર્કલમાં તમારું વચનપાલન વખણાય છે. આનું કારણ શું?' રતન ટાટાએ કહ્યું કે 'હું કોઈ વખત ખોટાં પ્રૉમિસ આપતો નથી અને જ્યારે પણ કોઈ વાતનું વચન આપું તો તેનું સો ટકા પાલન કરું છું.' રતન ટાટા જેવા ઉદ્યોગપતિઓને વચનો આપવાં અને આપ્યાં પછી પાળવાં પોસાય. તમને કોઈએ તમારા ટ્રાવેલ એજન્ટ પાસેથી ઍરલાઇન્સની ટિકિટ બુક કરાવવાનું કામ સોંપ્યું હોય અને ફ્લાઇટ ફુલ્લી બુક્ડ હોય એટલે તમારે સૉરી, તમારું કામ નથી થઈ શક્યું એવું કહીને તમારા વચનભંગ બદલ દિલગીરી દેખાડવી પડે. રતન ટાટાની બાબતમાં આવું ન બને. તેઓ પોતાના સંપર્કો દ્વારા કોઈપણ ભોગે કન્ફર્મ્ડ ટિકિટ ખરીદી શકે, ના જ મળે તો આખું પ્લેન ભાડે કરી શકે.

પાળી શકાય એવાં વચનો મોટાભાગના માણસો પાળતા હોય છે. આ જ માણસો, ન પાળી શકાય એવાં વચનો આપીને પોતાનો ટ્રૅક રેકૉર્ડ ખરાબ કરી નાખતા હોય છે. આનો ઉપાય શું? વચનો આપવામાં કન્ટ્રોલ

રાખવો. તમારે તો રાખવો જ હોય છે પણ લોકો રાખવા નથી દેતા. પરાણે તમારી પાસે કબૂલ કરાવે છે કે અમુક કામ તમે કરશો જ. એક મિત્રે જૂની મજાકનું પુનરાવર્તન કરતાં કહ્યું કે આ દિવાળી પછીના બેસતા વર્ષે સંકલ્પ એ કરવાનો કે હવેથી કોઈ સંકલ્પ કરવો જ નહીં. મેં આમાં સુધારો કરતાં સૂચવ્યું કે સંકલ્પ એ કરવાનો કે તમારી પાસે કોઈ સંકલ્પ કરાવી ન જાય.

એક નાની અમથી ના પાડી દેવાથી અને એ નાને વળગી રહેવાથી માણસ કેટલી બધી આપત્તિઓમાંથી ઊગરી જાય છે. પણ બીજા લોકોને એ પસંદ નથી હોતું. તેઓ તમારી પાસે વારાફરતી દરેક પ્રકારનું દબાણ અજમાવીને હા પડાવી લે છે – તમારી પૂરેપૂરી નામરજી છતાં. એ પછી જ્યારે તમે આ પરાણે લેવાયેલું વચન નથી પાળતા ત્યારે તમને બદનામ કરવામાં એ લોકો કોઈ કસર બાકી રાખતા નથી. માટે જ કોઈ પણ દબાણને વશ થઈને કોઈને ઝટ દઈને હા પાડી દેવી નહીં.

આ વાત લખવી જેટલી સહેલી છે એટલી જ વ્યવહારમાં ઉતારવી મુશ્કેલ છે. સામેની વ્યક્તિના આગ્રહને શરણે ન જવાની મક્કમતા કેળવવાનું કામ રાતોરાતનું નથી. એ માટે થોડીક ધીરજ કેળવીને આ આખીય રમતના કાવાદાવા સમજી લેવા પડે.

સામેની વ્યક્તિ શા માટે તમને આગ્રહ કરી રહી છે, તમારા પર દબાણ કરી રહી છે એનાં કારણો સમજવાં જોઈએ. કેટલાક લોકો તમારી પાસે હા પડાવવા લાગણીનું હથિયાર વાપરતા હોય છે તો કેટલાક ગર્ભિત ધમકી દ્વારા તમારી પાસે પોતાનું કામ કરાવી જતા હોય છે. કેટલાક 'જોઈશું' જેવા તદ્દન નોન-કમિટલ જવાબને 'થઈ જશે' માની લે છે, જાણી જોઈને માની લે છે જેથી કામ ન થાય ત્યારે તમારા પર તેઓ ચડી બેસી શકે. તમે કશુંક કામ કરી આપો એવો આગ્રહ કરવા પાછળનો સામેની વ્યક્તિનો આશય શંકાસ્પદ જણાય ત્યારે સાવધ થઈ જવું. તમારો સમય, તમારાં સાધનો અથવા તમારાં નાણાંને તમે એમના માટે વાપરવા તૈયાર હો તો જ તમારાથી હા પાડી શકાય. તમે જ્યારે કોઈકનું કામ કરવા તૈયાર થઈ જાઓ છો ત્યારે ઉત્સાહમાં આવીને ખૂબ બધી જવાબદારી ઉપાડી લેવાની આતુરતા દાખવો છો. સામેવાળી વ્યક્તિ આવા વખતે તમારી સામે ગાજર લટકાવી રાખે છે કે એમનું આ કામ તમે કરશો તો બીજાઓ આગળ તમે કેટલા મહાન ગણાશો. જશ લેવાની લાલચમાં તમે તમારો ઉપયોગ થવા દો છો અને જે ઘડીએ ખ્યાલ આવે કે કોઈ તમને વાપરી રહ્યું છે તે જ ઘડીએ તમે એ કાર્યમાંથી પીછેહઠ કરો છો. તમારી પાસેથી વચન પડાવી જનારાઓ તમને બદનામ કરતા થઈ જાય છે કે તમે વચનપાલનના આગ્રહી નથી.

સર્વોત્તમ એ છે કે નફ્ફટ થવું પડે તો ભલે પણ પ્રથમ સૂચન વખતે જ ના પાડી દેવી કે સૉરી, મારાથી આ કામ નહીં થાય. તમારી આટલી અમથી ના સાંભળીને સામેની વ્યક્તિ તમારી સાથે સંબંધ ન રાખે કે ઓછા કરી નાખે તો માનવું કે આ સંબંધ આવા જ કોઈ અંજામને લાયક હતો, એમાં અફસોસ કરવા જેવું કંઈ નથી.

એક વખતની ના તમારી આવનારી ઘણી બધી આપત્તિઓને દૂર ભગાડી દે છે. તાજેતરમાં એક નિવૃત્ત અને અત્યારે ખાસ કશું કામ હાથમાં નથી એટલે કામની તલાશ કરતા સિનિયર પત્રકાર વડીલે છેલ્લાં પંદર વર્ષમાં પહેલી જ વાર મને ફોન કર્યો. સારું લાગ્યું એમણે મને કામ સોંપ્યું તે. બહારગામના જે જે વર્તમાનપત્રોમાં મારે સંપર્ક હોય તેમાં એમના માટે કશુંક કામ હોય તો તપાસ કરીને એમના નામની ભલામણ કરવાની હતી. મેં કહ્યું એમાં શું મોટી વાત છે, થઈ જશે. મેં ગુજરાતના ત્રણેક શહેરોના દૈનિકોના તંત્રીઓ-માલિકો સાથે એમના વિશે વાત કરવાનું વચન આપી દીધું. ત્રીજા દિવસથી છેક પૂરા મહિના સુધી દર આંતરા દિવસે એમના ફોન આવતા રહેઃ કંઈ થયું? હું કહુંઃ ના, હજુ ફોન નથી થયો. એમના રિમાઇન્ડર નિયમિત આવતા રહે પણ મને કોણ જાણે કેમ આ કામ કરી આપવાનો ઉત્સાહ જાગે જ નહીં. એમને ને મારે ખાસ કોઈ જ સંબંધ નહીં. નામથી પરસ્પરને ઓળખીએ એથી વિશેષ કશું જ નહીં. છતાં પંદર વર્ષમાં આવેલો એક માત્ર ફોન રિસીવ કરીને માત્ર જૂના સંબંધ ખાતર હા પડાઈ ગઈ જે મારા માટે ત્રાસદાયી પુરવાર થઈ. દિવસ દરમિયાન ગમે

ત્યારે એમનો ફોન ટપકી પડે અને દરેક ફોન તમને જાણે પ્રતીતિ કરાવે કે તમે કામના માણસ નથી. આ બાજુ મારી કોઈ જ દાનત નહીં બહારગામના તંત્રીઓનો સંપર્ક કરવાની. મારે શા માટે મારી કોઈ ક્ષુલ્લક ઓળખાણને કારણે મારા મૂલ્યવાન સંબંધો વાપરવા જોઈએ – આવું મારા મનમાં સતત રમ્યા કરે. છેવટે ત્રણને બદલે એક તંત્રી સાથે વાત કરીને, એ બેઉને એકબીજાના ગળે પહેરાવીને, હું વચમાંથી છટકી ગયો. પૂરો દોઢ મહિનો લાગ્યો આ પ્રોસેસને. દરમિયાન ત્રાસ ત્રાસ થઈ ગયો.

આના થોડા સમય પછી પરદેશ રહેતા એક ખૂબ જ જૂના અંગત અને આત્મીય સ્કૂલમિત્રનાં મમ્મીનો ફોન આવ્યો: અમારી કિટી પાર્ટીમાં બધી જ બહેનો તને ખૂબ વાંચે છે અને બધા જ તને ખૂબ વખાણે છે. સૌને તને મળવાનું બહુ મન છે. તું કહે એ દિવસે બપોરે અમે અમારી નેક્સ્ટ કિટી પાર્ટી ગોઠવીએ.

ખૂબ ઝડપથી મારો નિર્ણય લેવાઈ ગયો. જૂનો મિત્ર, અંગત મિત્ર, સ્કૂલના જમાનાથી મિત્ર અને મિત્રનાં મમ્મી ક્યારેક આવી રીતે પ્રેમથી કશીક નાનકડી અપેક્ષા રાખતાં હોય તો ના કેવી રીતે પડાય? મેં તરત જ નિર્ણય કરી લીધો અને વિવેકપૂર્વક કહી દીધું: સૉરી માસી, મને બિલકુલ નહીં ફાવે.

મિત્રનાં માતા હૉસ્પિટલમાં ગંભીર બીમારીના બિછાને હોય તો આખી રાત ખડે પગે ઊભા રહેવાની તૈયારી. પણ એમની કિટી પાર્ટીમાં સમોસા ખાવા જવા માટેની સહેજ પણ તૈયારી નહીં. તમારી પ્રાયોરિટી ક્યાં છે એ નક્કી થશે તો આપોઆપ ના પાડવાની કળા હસ્તગત થતી જશે.



ત્રણ

કદરની તરસ, પ્રશંસાની ઝંખના

પ્રશંસા મેળવવાની જેમને આદત થઈ ગઈ છે તેઓ જ ટીકાથી સૌથી વધુ ગભરાતા હોય છે.

કોઈપણ જ્યોતિષ પાસે તમે જાઓ ત્યારે તમારી હસ્તરેખા કે જન્મકુંડળી જોઈને એ શું કહેશે? 'તમે જીવનમાં ખૂબ સંઘર્ષ કર્યો, છતાં તમારી જોઈએ એવી કદર નથી થઈ!' હરકોઈને લાગવાનું કે જ્યોતિષ મહારાજે મારા મનનો તાગ મેળવી લીધો.

પોતાની કદર થાય એ ભૂખ માનવસહજ છે. ધીમે ધીમે એ ભૂખનું સ્વરૂપ બદલાતું જાય છે અને કદરમાંથી પ્રશંસાની ભૂખ જન્મે છે અને છેવટે પ્રશંસામાંથી પ્રસિદ્ધિની, વાહ વાહની તૃષ્ણા જાગે છે. કેટલાક લોકોની ભૂખ આ સરહદ પણ વટાવી જાય ત્યારે એમને બીજાઓ દ્વારા થતી પોતાની પ્રશંસા અપૂરતી લાગે છે જેના ઇલાજરૂપે પોતે જ પોતાની પ્રશંસા, આપવડાઈ કરવામાં સરી પડે છે. એક તબક્કે એમને પોતાની પ્રશંસા પૂરતી નથી લાગતી, પોતાના સિવાય બીજા કોઈની બિલકુલ પ્રશંસા ન થવી જોઈએ એવું પણ તેઓ માનવા લાગે છે.

કોઈકના માટે તમે કશુંક સારું કરો છો ત્યારે કેન્દ્રમાં તમારો પોતાનો આનંદ હોય છે. સામેની વ્યક્તિ તમારી વાતથી, તમારા વર્તનથી ખુશ થાય, રોમાંચિત થાય તો એને કારણે તમે પોતે આનંદિત થશો. સામેની વ્યક્તિની ખુશી તમારો પેટા હેતુ કે ગૌણ હેતુ બની જાય છે. મૂળભૂત હેતુ એને ખુશ થયેલી જોઈને જન્મતા પોતાના આનંદને માણવાનો છે. જો આ જ હેતુ હોય તો આપણે કરેલા સદ્વર્તાવનો બદલો કોઈક આપણી કદર કરીને કે પ્રશંસાના બે સારા શબ્દો કહીને આપશે એવી આશા ન રાખવાની હોય. મેં એના માટે કેટલું બધું કર્યું છતાં એને મારી કોઈ કદર નથી એવી લાગણી જન્મવા દેવાની ન હોય. છતાં જન્મતી હોય છે એવી લાગણી. સીધી યા આડકતરી રીતે એવા અદૃશ્ય સર્ટિફિકેટની કે રિસીવ્ડ વિથ થૅન્ક્સ લખેલી કાલ્પનિક રસીદની ઝંખના રહે છે. પોતે જે કંઈ કરી રહ્યા છે તે સાચી દિશાનું કામ છે એવી શ્રદ્ધા ન હોય ત્યારે આવી ઝંખના વધુ તીવ્ર બની જાય.

ઑફિસે જતા પતિ માટે કે ટ્રેનમાં બહારગામ જતી પ્રિય વ્યક્તિ માટે તમે ભાથું બાંધી આપો ત્યારે લંચ-બાસ્કેટમાં કાળજીપૂર્વક ધોઈને મૂકેલાં ફળથી માંડીને નૅપ્કિન સુધીની દરેક ચીજ એ વ્યક્તિ માટેના તમારા પ્રેમની વણબોલકી સાબિતી છે. આવું કર્યા પછી મનમાં માત્ર આનંદ રમ્યા કરવો જોઈએ કે એને જ્યારે ભૂખ લાગશે ને લંચ-બાસ્કેટ ઉઘાડશે ત્યારે પોતાના માટે લેવાયેલી આ ડઝનબંધ નાની નાની કાળજીઓ જોઈને એને કેટલો રોમાંચ થશે. એ વખતે એને લાગશે કે એ તમારી સાવ નિકટ છે, માઈલોનું અંતર સેન્ટિમીટર જેટલું બની જશે. એના આનંદની તમારી કલ્પના જ તમારો ખરો આનંદ. આ આનંદની ઊંચાઈ ક્યાં અને થૅન્ક્યુ હં, તેં મારા માટે સરસ લંચ-બાસ્કેટ તૈયાર કરી એવા શબ્દોમાંનું છીછરાપણું ક્યાં? કેટલી બધી એવી વાતો હોય છે જે ક્યારેય કહેવાઈ ન હોય તો જ એ અમૂલ્ય બનીને ટકી રહે છે.

અંગત જીવનમાંથી બહાર નીકળીને માણસ સામાજિક સ્તરે, જાહેર કાર્યના ભાગરૂપે કે પછી પોતાના વ્યવસાયના ક્ષેત્રમાં જે કંઈ કરે છે તે કામના બદલામાં પોતાને રેક્ગ્નિશન મળે, પ્રતિષ્ઠા મળે એવી સતત ભૂખ એને રહે છે. ધંધો શરૂ કર્યો, ખૂબ સારું એક્સપોર્ટ કર્યું, બે પાંદડે થયા. હવે જ્ઞાતિનું પ્રમુખપદ મળવું જોઈએ. દાનવીર તરીકે પોતે સમાજમાં પ્રતિષ્ઠિત થાય તે માટે કંજૂસની જેમ ટીપું ટીપું દાન કરીને પબ્લિસિટીનો મહાસાગર મેળવવા માગનારાઓ આપણી આસપાસ છે. દિવસમાં ચાર વાર વખાણ કરનારું કોઈ ના મળે કે

એવા ફોન ના આવે તો જીવન વ્યર્થ બની ગયું છે એવું વિચારતાં વિચારતાં રાત્રે ઉજાગરા કરનારા લોકો પણ છે. કોઈએ આપેલી પ્રશંસાનો ઉપયોગ આપણે જાતના પ્રોત્સાહન માટે કરીએ ત્યાં સુધી બરાબર છે. કોઈકને તમારું કશુંક ગમ્યું, સરસ. હજુ વધારે સારું કરવાનો ઉમંગ જાગશે. પણ કોઈએ પ્રશંસા ન કરી, કામ સારું હોવા છતાં કોઈએ કહ્યું નહીં કે સારું હતું, તો મુરઝાઈ જવાનું નહીં પાલવે.

બીજાએ કરેલી તમારા કામની પ્રશંસા તમારા માટે અનિવાર્ય બની જાય ત્યારે તમારા માથે જોખમ ઊભું થાય છે. તમે સાચા હો છતાં કોઈ ગમે તે કારણસર ટીકા કરે ત્યારે તમે ડગી જાઓ છો. તમે ખોટા હો છતાં કોઈ પોતાના સ્વાર્થ ખાતર કે પોતાની અણસમજને કારણે તમારી પ્રશંસા કરે ત્યારે તમે ખોટા માર્ગે જ આગળ વધતા રહો છો, સુધરવાની તક ગુમાવી બેસો છો. જાહેર જીવનમાં આનાં અનેક ઉદાહરણો તમે જોયાં હશે. જે વક્તાના પ્રવચન દરમ્યાન કે જે શાયરની પંક્તિઓ પર ખૂબ તાળીઓ પડે તેને લોકો અત્યંત ઊંચી કક્ષાના વક્તા કે આલા દરજ્જાના શાયર ગણી બેસે છે. વક્તા કે શાયર પોતે પણ એવા જ ભ્રમમાં રાચતા થઈ જાય છે કે પોતે કેટલા લોકપ્રિય છે. ધીમે ધીમે એમના વિચારનો, સર્જનનો સ્તર સભારંજનીની કક્ષાએ ઊતરતો જાય છે. વક્તા બે-ચાર વધારે રમૂજી ટુચકા કે ચબરાકિયાં વાક્યો કે શબ્દરમતો દ્વારા પ્રવચનને વધુ ને વધુ મસાલેદાર બનાવવાનો પ્રયત્ન કરે. પણ વક્તા એ ન જુએ કે મસાલા નાખ્યા પણ જેને સ્વાદિષ્ટ બનાવવા આ મસાલા વાપર્યા તે શાકભાજી ક્યાં, કન્ટેન્ટ ક્યાં? મસાલેદાર વઘારવાળો માત્ર રસો સ્વાદિષ્ટ લાગશે કદાચ. પણ પોષણનું શું? તાળીઓ અને હસાહસથી છલકાઈ ગયેલા સભાગૃહમાંથી બહાર નીકળતી વખતે શ્રોતાને કશુંક નક્કર પામીને ન્યાલ થઈ જવાની લાગણી થવાની છે?

મુશાયરાઓમાં વાહ વાહ અને ક્યા બાત હૈ અને તાળીઓને જ પોતાની સર્જનકળાનું સર્ટિફિકેટ માનનારા કેટકેટલાય શાયરો-કવિઓનું સર્જન આજે કોઈનેય યાદ નથી. એ સર્જનનું કોઈ મૂલ્યાંકન કરવા બેસે તો એમાં સાહિત્યિકતાનો સ પણ ન જડે. મુસીબત ત્યારે ઊભી થાય છે જ્યારે ખરેખરો સર્જનશીલ કવિ-શાયર, મુશાયરા-કવિ સંમેલનોમાં વધુ ને વધુ દાદ મળે એ માટે અર્થસભર સર્જન છોડીને જોડકણાં જેવી કવિતા અને નકરી તુકબંધીથી રચાયેલી ગઝલો લખતો થઈ જાય.

જે પ્રવચનમાંથી શ્રોતા કશુંક પામવાના છે તે પ્રવચનમાં બબ્બે મિનિટે તાળીઓ નથી પડતી. શ્રોતાઓ શાંતચિત્તે વક્તાના અવાજને, એના શબ્દોમાંથી નીકળતા અર્થને મનમાં ઉતારતા રહે છે. જે. કૃષ્ણમૂર્તિ કે રજનીશજીનાં પ્રવચનોમાં તમે ક્યારેય વચ્ચે વચ્ચે તાળીઓ પડતી સાંભળી? બાળ ઠાકરે શિવાજી પાર્ક પર બોલતા ત્યારે દર ત્રીસ સેકન્ડે તાળીઓ પડી શકે. પણ કોઈ ચિંતક-વિચારકના પ્રવચનમાં એવા માહોલની અપેક્ષા રાખી શકો તમે?

ગઝલગાયકીના જલસાઓમાં કેટલાય ગાયકો પોતે શ્રોતાઓને આડકતરી રીતે વારંવાર વાહ વાહ પોકારવાનું દબાણ કરતા રહે છે. મુશાયરાઓ અને કવિ સંમેલનોમાં પણ શાયર-કવિ સફળ રહે છે કે નહીં તેનો એકમાત્ર માપદંડ એને કેટલી તાળીઓ મળી એ જ હોય છે, નહીં કે એમની કવિતા કે ગઝલમાં ઊંડાણ કેટલું હતું. ઉમદા કાવ્યપંક્તિ વાંચીને કે સાંભળીને ખરો ભાવક તો સહમી જાય, ખરા અર્થમાં અવાચક બની જાય – જાણે વાચા જ હણાઈ જાય એની. મનોમન હોઠ ફફડાવીને એ ભાવક કવિને માનસિક વંદન કરી લે એ જ ખરી દાદ. ક્યા ખૂબ કહી અને બહોત અચ્છેની બૂમોને કાવ્યની સાહિત્યિક કક્ષા સાથે કશી લેવાદેવા નથી હોતી.

વિશ્વભરમાં ખ્યાતિ મેળવનાર સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્માનો એક ભવ્ય કાર્યક્રમ સુરતના ગાંધી સ્મૃતિ હૉલમાં યોજાયો હતો. કાર્યક્રમના બીજા દિવસે મારા મિત્ર મુકુલ ચોક્સી દ્વારા એક ઇન્ટરવ્યૂમાં એમને પૂછવામાં આવ્યું કે તમને સુરતના શ્રોતાઓ કેવા લાગ્યા? શિવકુમાર શર્માએ શ્રોતાઓની શાસ્ત્રીય સંગીતની જાણકારીને બિરદાવી પણ પછી ફરિયાદના સૂરે ઉમેર્યું: 'ઑડિયન્સ વચ્ચે વચ્ચે તાળીઓ બહુ પાડતું હતું!'

પંડિત શર્માએ આ વાતને સમજાવતાં કહ્યું હતું કે, 'સભાગૃહમાં ઉપસ્થિત લોકોને મારી કોઈક ચીજ પસંદ પડી જાય તો એમણે શાંત ચિત્તે એને મનમાં માણવી જોઈએ. હું પણ આંખ બંધ કરીને મારું સંતૂરવાદન માણી રહ્યો હોઉં છું અને બીજા કેટલાય શ્રોતાઓ એ જ રીતે માણી રહ્યા હોય છે. પણ વચ્ચે વચ્ચે લોકો તાળીઓ પાડે છે ત્યારે રસભંગ થાય છે, એટલું જ નહીં, તાળીઓના અવાજ દરમ્યાન મારા સાઝના સૂર દબાઈ જાય છે જેને કારણે સંગીતની બારીકી માણવાની મઝા આવતી નથી.'

'મારા કાર્યક્રમમાં ખૂબ તાળીઓ પડી' એવું કહીને છાતી ફુલાવીને ફરનારા અનેક સર્જકો છે પણ આ જ શબ્દોને ફરિયાદરૂપે પ્રગટ કરનારા પંડિત શિવકુમાર શર્મા જેવા નખશિખ સર્જકો બહુ ઓછા જોવા મળે.

* * *

'કોઈ મારી પ્રશંસા કરે ત્યારે મને બીક લાગે છે.' કોઈકે કહ્યું હતું અને ઉમેર્યું હતુંઃ 'જે ચીજ આપ્યા પછી પાછી લઈ શકાય એવી હોય તે મેળવતાં મને હંમેશાં બીક લાગે છે.'

પ્રશંસાનું માનસશાસ્ત્ર જાણવા જેવું છે. કેટલાક લોકોનાં તમે વખાણ કરો ત્યારે તેઓ એકાએક નમ્ર બની જશે અને એવો પ્રતિભાવ આપશે જેને કારણે તમે એમનાં વધુ વખાણ કરવા પ્રેરાશો. હકીકતમાં, એ જ એમનો આશય હોય છે. પોતાનાં વખાણ સાંભળીને પોતાના મોઢે જ 'વન્સ મોર' બોલતા હોય એવું વર્તન કરનારાઓનો સ્ટૅન્ડર્ડ જવાબ હોય છેઃ 'બસ, આપની દુઆ છે.' કેટલાક આગળ જઈને આમાં ઉપરવાળાને પણ સંડોવતા હોય છે. પ્રશંસાને આભિજાત્યપૂર્ણ રીતે સ્વીકારનારાઓ સાહજિકપણે સામેની વ્યક્તિના શબ્દો સાંભળતા રહે છે અને એમને ખબર પણ ન પડે એ રીતે એક-બે પ્રશ્નો પૂછીને વાતના કેન્દ્રમાંથી પોતાને બાજુએ ખસેડીને વાતચીતની પૂર્ણાહુતિ કરે છે. આવું સૌજન્ય દાખવનારાઓને બે વાતની પાક્કી ખબર હોય છેઃ એક, જેમની પ્રશંસામાં ઉમળકાનો રણકો હોય એમને અવગણવા ન જોઈએ અને બે, પ્રશંસાની ઝરમરના છાંટા મેળવી પ્રસન્ન થવાનું હોય, એના ધોધમાર વરસાદમાં ભીંજાયા કરવાની ઘેલછા રાખવાની ના હોય.

કેટલાક લોકોનાં આપણે વખાણ કરીએ ત્યારે તેઓ આપણી તરફ એ રીતે જોતા હોય છે જાણે આપણે એમની રૈયત હોઈએ અને આપણા શબ્દોને પોતાના કાને ઝીલીને એમણે બહુ મોટો ઉપકાર કર્યો છે.

કશુંક સારું જોઈએ, સાંભળીએ, વાંચીએ કે અનુભવીએ ત્યારે મનમાં વ્યાપેલા આનંદના ઉદ્‌ગારો પ્રશંસારૂપે સાહજિક રીતે પ્રગટ થઈ જતા હોય છે. ક્યારેક આ આનંદનો વ્યાપ એટલો બહોળો હોય છે અને એની તીવ્રતા એટલી બધી હોય છે કે જ્યાં સુધી આ આનંદનું ઉદ્‌ગમસ્થાન જે વ્યક્તિમાં હોય એના સુધી આપણી લાગણી ન પહોંચાડીએ ત્યાં સુધી એ આનંદની અનુભૂતિ અધૂરી લાગ્યા કરતી હોય છે.

પ્રશંસા સ્થાયી નથી હોતી. સ્વાદિષ્ટ વાનગી બદલ આજે થયેલી મોંફાટ પ્રશંસા આવતી કાલે શાકમાં મીઠું ઓછું પડી જાય ત્યારે તરત જ કયા ભાવમાં પલટાઈ જતી હોય છે એની સૌને ખબર છે. ચોવીસ કૅરેટના સોના જેવો સ્વભાવ છે એમ કહેતાં જેનું મોઢું થાકતું ન હોય એ જ વ્યક્તિ નાની સરખી વાતમાં વાંકું પડે ત્યારે પેલાની સાત પેઢીઓને ડિક્શનરીમાંના અને જોડણીકોશ બહારના તમામ અપશબ્દોથી નવાજતી હોય છે.

પ્રશંસાઓથી દોરવાઈ ન જવાય. પગપાળા થતી આકરી મુસાફરી દરમિયાન આવતા ઘટાદાર વૃક્ષની જેમ આ પ્રશંસાઓની શીળી છાયા ઘડી બે ઘડી અનુભવીને ત્યાંથી ઊભા થઈ જવાનું હોય. કેટલાક લોકો આગળ આવનારી, કઠોર તાપથી અસહ્ય બની ગયેલી, સડકની કલ્પના કરીને આવા વૃક્ષના વિસામાને જ આખરી મંઝિલ માની ત્યાં પડ્યાપાથર્યા રહેતા હોય છે.

પ્રશંસા થાય છે ત્યારે તમને અહેસાસ કરાવવામાં આવે છે કે તમે તમારા પોતાનાઓના ઉપરાંત બીજાઓના જીવનનો પણ એક હૂંફાળો હિસ્સો છો, ભલે નાનકડો પણ એક અંશ જરૂર છો. કોઈપણ વ્યક્તિ માટે અંતરને ખુશ કરનારી આથી વધુ મોટી કોઈ વાત ના હોઈ શકે. પણ આવી લાગણી થાય ત્યારે તરત જ એક વાત યાદ

આવવી જોઈએ કે આજે જે કારણોસર તમારી પ્રશંસા થાય છે તે જ કારણોસર કાલે બીજા કોઈની પણ પ્રશંસા થશે, કારણ કે તમારા જેવું કામ કરનારા આ દુનિયામાં એકલા તમે જ નથી. એથીય આગળ, કાલ ઊઠીને આ જ કારણોસર તમારી ટીકા પણ થઈ શકે છે, કારણ કે તમે કે તમારું કામ બીજાઓને સતત ગમતું રહે એ શક્ય નથી.

પ્રશંસા મળ્યા પછી દિવસરાત એમાં જ રમમાણ રહેતા લોકોને કોઈકે પોતાનાં વખાણ કર્યાં એ વાતનો નશો થઈ જતો હોય છે. રોજ પોતાનાં વખાણના બે બોલ ન સાંભળે ત્યાં સુધી આ બંધાણીઓને ચેન પડતું નથી. વાસ્તવમાં, પ્રશંસા થાય ત્યારે માણસે સમજવું જોઈએ કે જે કામની પ્રશંસા થઈ રહી છે એમાં પોતાના સિવાયની વ્યક્તિઓનો અને સંજોગોનો કેટલો મોટો ફાળો છે. તેઓ મનમાં તો સમજે જ છે કે આ પ્રશંસા સ્વીકારવાની પાત્રતા પોતે ધરાવતા નથી. કેટલાક લોકો પોતાનાં વખાણ એક વાર થયા પછી સતત થતાં રહે એ માટે, પોતાની નબળાઈઓ દૂર કરવાને બદલે એ નબળાઈઓને ઢાંકવાના કામમાં પ્રવૃત્ત થઈ જતા હોય છે.

પ્રશંસા મેળવવાની જેમને ટેવ પડી ગઈ છે તેઓ ટીકાથી ગભરાતા હોય છે. તેઓ એટલું નથી સમજતા કે પ્રશંસાથી ફુલાઈ જઈને કે ટીકાથી ઉદાસ થઈ જઈએ છીએ ત્યારે, તમે તમારી લાગણીઓનું સંચાલન બીજાના હાથમાં સોંપી દેતા હો છો. કોઈ આપણું સારું બોલે ત્યારે બેહદ ખુશ થઈ જવું અને નઠારું બોલે ત્યારે સાવ હતાશ થઈ જવું, એનો અર્થ એ કે કોઈના નચાવ્યે નાચવાનું આપણને મંજૂર છે.

પ્રશંસાનું વરવું સ્વરૂપ છે ચમચાગીરી. ખુલ્લેઆમ ચમચાગીરી કરનારાઓને ઓળખવા ઘણા સહેલા છે. એમનાં આંખ, કાન બંધ હોય છે, એમનું મોઢું જ ખૂલતું હોય છે. પણ છૂપી ચમચાગીરી કરનારાઓને પારખવા સહેજ મુશ્કેલ હોય છે. તમારા છૂપા ચમચાઓ તમારા મોઢે તમારી પ્રશંસા નહીં પરંતુ બીજાઓની ટીકા કરતા રહે છે. બીજાઓ એટલે તમારા જાણીતા દુશ્મનો, કહેવાતા દુશ્મનો, સંભવિત દુશ્મનો અને તમારી સાથે કોઈ નિસબત ન રાખવા માગતા પ્રતિસ્પર્ધીઓ.. ચમચાગીરીની એક શાખા છે – મસકાબાજી. ચમચાગીરી અને મસકાબાજી વચ્ચેનો સૌથી મોટો ભેદ એ કે મસકાબાજી દુશ્મનો પણ ક્યારેક કરી લેતા હોય છે, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો હોય ત્યારે. જ્યારે ચમચાગીરી પર માત્ર મિત્રોની જ મોનોપોલી હોય છે.

પોતાની ટીકા સાંભળીને કે વાંચીને બહાવરા બની જતા લોકો બીજાઓની ટીકા કરતી વખતે પાછું વળીને જોતા નથી. કેટલાક તો બીજાઓની સતત ટીકા કરીને કરિયર બનાવતા હોય છે અને વૃદ્ધ થયા પછી પણ આડેધડ ટીકા કરવાનું તેઓ છોડતા નથી. આવા લોકો પોતાની લઘુતાગ્રંથિ છુપાવવા બીજાની ટીકા કરી એમની લીટી ભૂંસી પોતાના કરતાં નાની કરવાનો પ્રયાસ કરતા હોય છે. એમનામાં એટલી પ્રતિભા પણ નથી હોતી કે પોતે બીજા કરતાં આગળ દેખાય એ માટે પોતાની લીટીને લંબાવી શકે. આવા લોકો જો મુંબઈના ઉપનગર ખારની મશહૂર પ્યુપિલ્સ ઓન સ્કૂલમાં પ્રા. ડૉ. પી. સી. વૈદ્યના ભાઈ આચાર્ય મધુસૂદન ચૂનીલાલ વૈદ્યના હાથ નીચે ભણ્યા હોત તો આજે દુનિયા એમના માટે કદાચ જુદી હોત. મધુસૂદનભાઈએ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ વખતે અમારા સૌની હસ્તાક્ષરપોથીમાં એમના મરોડદાર અક્ષરે સહી કરી લખી આપ્યું હતું: રિમેમ્બર ધ અધર પરસન મે બી રાઇટ ટુ.

જિંદગીભર યાદ રહે એવું આ ટાંચણ. આપણે જ સાચા અને આપણી દૃષ્ટિએ જ બીજાઓએ દુનિયા જોવી એવા ખ્યાલો પંદર-સોળ વર્ષની ઉંમરથી જ વ્યક્તિના દિમાગમાં ઘૂસી જતા હોય છે. એકપક્ષી બની જવાની અણી પર હો કે પૂર્વગ્રહના ગોગલ્સ પહેરવા માટે હાથ લંબાતા હોય ત્યારે મધુસૂદનભાઈનું આ વાક્ય ચાબુક બનીને મગજ પર વીંઝાતું હોય છે: 'યાદ રાખીએ કે સામેની વ્યક્તિ પણ સાચી હોઈ શકે છે.'



ચાર

ટીકાઓ અને કૂથલીઓ

જેઓ કશું સર્જી શકતા નથી તેઓ
બેઠાં બેઠાં કૂથલીનું સર્જન કરે છે.

બોલાયેલા દરેક શબ્દને બે પ્રકારનું મૂલ્ય હોય છેઃ એક, એનું દેખીતું મૂલ્ય, જેને ફેસ વેલ્યુ કહે છે. અને બીજું એનું ખરું મૂલ્ય, રિયલ વેલ્યુ. જેમના શબ્દની ફેસ વેલ્યુ તથા રિયલ વેલ્યુ એક જ હોય એમના શબ્દને સંત કોટિની વ્યક્તિના શબ્દ જેટલી જ ઊંચાઈ મળે.

કોઈના વિચારોની પ્રશંસા કરતી વખતે કે એના કામનાં વખાણ કરતી વખતે આપણે એના વિચારોનું કે કામનું સમર્થન કરીએ છીએ. સમર્થન આપવા પાછળનાં ગર્ભિત કારણો અનેક હોઈ શકે. આપણે પોતે એ જ વિચારધારાથી રંગાયેલા હોઈએ એવું બને. આપણા પોતાનામાં એ વિચારોને કારણે સર્જાતા ફેરફારોની નોંધ આપણે લઈ શકતા હોઈએ. એવા વિચારોને સમર્થન આપવાથી આપણને પણ એ વ્યક્તિ જેવું સન્માન પ્રાપ્ત થશે એવી અપ્રગટ ઇચ્છા હોય. આજે એને સમર્થન આપીશું તો કાલે કોઈક રીતે એ કામ આવશે એવી એષણા હોય. આપણને વ્યક્તિના વિચારો કે એના કામ કરતાં વધારે એ વ્યક્તિ પોતે જ ગમતી હોય, ગમે તે કારણસર ગમતી હોય, માટે આપણે એની લાયકાત કરતાં વધુ પ્રશંસા કરતા હોઈએ, વ્યક્તિનો વિરોધ કરતી વ્યક્તિઓ આપણને ન ગમતી હોય માટે એ વિરોધને મોળો બનાવી દેવા વધુ પડતી પ્રશંસાનો ગોકીરો મચાવતા હોઈએ. ખરું કારણ આમાંનું કોઈ પણ હોઈ શકે. પરંતુ લોકો સુધી માત્ર દેખીતું મૂલ્ય પહોંચે છે, માત્ર પ્રશંસાના જાહેર શબ્દો જ પહોંચે છે. રાજકારણ જેવાં ક્ષેત્રો હોય કે સંબંધોનું વિશ્વ હોય, બોલાતા કે લખાતા શબ્દોનું ખરું મૂલ્ય એના દેખીતા મૂલ્ય કરતાં જુદું હોઈ શકે છે એવું સ્વીકારીને ચાલીએ તો ભવિષ્યની ઘણી બધી અથડામણોને ટાળી શકીએ.

બોલાયેલા કે લખાયેલા શબ્દો પાછળનો આશય તપાસવો એટલા માટે જરૂરી છે જેથી એ શબ્દોના દેખીતા મૂલ્યને ચકાસીને એના ખરા મૂલ્યની આંકણી કરી શકીએ. ક્યારેક એવું પણ બને કે પુત્ર માટેના પ્રેમને કારણે માતા પુત્રનાં ખૂબ બધાં વખાણ કરતી હોય. પુત્ર અભિનેતા હોય અને માતા એને ભારતના સર્વશ્રેષ્ઠ અભિનેતાઓમાંનો એક માનતી હોય, પરંતુ હકીકત એવી ન હોય એમ પણ બને. કોઈ પણ પ્રશંસા આશય વગરની નથી હોતી. આવા આશયો હંમેશાં દુરાશય જ હોય એવું જરૂરી નથી, શુભ આશય પણ હોઈ શકે. પરંતુ આશયના શુભ હોવાને કારણે પ્રશંસાના શબ્દોને આપોઆપ એનું ખરું મૂલ્ય મળી જતું નથી.

કોઈક કશુંક બોલે છે કે પ્રતિભાવ આપે છે ત્યારે એ કયા સંજોગોમાં, કઈ માનસિક પરિસ્થિતિ હેઠળ બોલે છે, બોલનાર વ્યક્તિનું પોતાનું બૅકગ્રાઉન્ડ કેવું છે, જેના વિશે બોલવામાં આવે છે એના માટે એને કેવા પ્રકારના ભાવ છે કે હોઈ શકે છે એ બધાનો વિચાર કર્યા પછી જ એ શબ્દોનું ખરું મૂલ્ય આંકી શકાય. સામાન્ય રીતે આપણે આવી માથાકૂટમાં પડ્યા વિના શબ્દોને એની ફેસ વેલ્યુ પર લઈને કોઈની પાસે સાંભળેલા શબ્દોનું બીજાઓ આગળ પોપટપાઠની જેમ પુનરાવર્તન કરી નાખીએ છીએ. આવું વારંવાર થતું રહે છે ત્યારે શબ્દો એની અસલ ચમક સાવ ગુમાવી બેસે છે. પછી એમાંથી અર્થ તારવવાનું કામ દુષ્કર બની જાય છે.

પ્રતિભાવના શબ્દોમાં ટીકા હોય ત્યારે તો એનું ખરું મૂલ્ય તપાસવાની જરૂરિયાત ઔર વધી જાય. કોઈ પણ ટીકાને આપણે એની ફેસ વેલ્યુથી સ્વીકારી લઈ શકીએ નહીં. ટીકા કરનારના આશયોમાં ઊંડા ઊતરીએ છીએ ત્યારે ખબર પડે છે કે કેટલીયવાર ટીકાકારને વાસ્તવમાં દુઃખે છે પેટ પણ એ કૂટે છે માથું. ક્યારેક ટીકાકાર આપણી ટીકા કરીને બીજાની પ્રશંસા કરવાનો કે બીજાને આપણા કરતાં ઊંચા દેખાડવાનો ઇરાદો ધરાવતા

હોય. ક્યારેક ટીકાકાર પોતાના વ્યક્તિત્વની, ઉછેરની કે માહિતી તથા જ્ઞાનની મર્યાદાને કારણે અપૂરતી સમજણશક્તિ ધરાવતા હોય. ક્યારેક પહેલેથી જ આંખે ડાબલાં બાંધી રાખ્યા હોવાને કારણે જે દેખાતું નથી તે સત્ય નથી એવું માનીને ટીકા થતી હોય. ક્યારેક સીધીસાદી ઈર્ષ્યાને કારણે ટીકા થતી હોઈ શકે તો ક્યારેક એને મળી ગયું અને મારી મહેનત તથા લાયકાત વધુ હોવા છતાં મને ન મળ્યું એવી માની લીધેલા અન્યાયની લાગણીને કારણે પણ કોઈ તમારી ટીકા કરતું હોય એવું બને.

જેઓ કશું સર્જી શકતા નથી તેઓ બેઠાં બેઠાં કૂથલીનું સર્જન કરે છે. ક્રિટિસિઝમ અને ગૉસિપ વચ્ચેનું અંતર સમજી લેવું જોઈએ. મતાંતર કે ભિન્નમત (ડિસેન્ટ) અને નિંદા વચ્ચેના ભેદ વિશે પણ ખ્યાલ આવી જવો જોઈએ. ટીકા તંદુરસ્ત હોઈ શકે છે અને હેત્વારોપણવાળી ટીકા – બદઇરાદાપૂર્વક કરેલી ટીકા, માંદલા માનસમાંથી જન્મેલી રોગિષ્ઠ ટીકા પણ હોઈ શકે છે. કાયદામાં તો આ અંગે ખાસ્સી એવી સ્પષ્ટતાઓ થઈ જ છે. જ્યાં કાયદાઓનો આધાર લેવાને બદલે નૈતિકતાના માપદંડોને આધારે ચાલવાનું હોય ત્યાં પણ આ અંગેનો નીરક્ષીર વિવેક જળવાવો જોઈએ.

કોર્ટમાં ન્યાયમૂર્તિ ચુકાદો આપે અને એ ચુકાદા વિશે ટિપ્પણ કરતી વખતે તમે ન્યાયમૂર્તિના મંતવ્ય સાથે અસહમતી દર્શાવવાના આશયે એવું બોલો કે લખો કે જજ બેવકૂફ છે, કોણે એમને આવા ઉચ્ચ આસને બેસાડવાની ભૂલ કરી, જજમાં કાયદા અંગેનું જરા સરખું તો જ્ઞાન નથી – આ કે આવું કોઈ પણ વિધાન કન્ટેમ્પ્ટ ઑફ કોર્ટ, અદાલતનો તિરસ્કાર બને છે. જજ પર ભ્રષ્ટાચાર કે ચારિત્ર્ય અંગેના કોઈપણ પ્રકારના બેબુનિયાદ આક્ષેપો લગાવો તો પણ તે અદાલતનો તિરસ્કાર બને જ છે. જે આક્ષેપોમાં ભ્રષ્ટાચાર વગેરેની વાત ન હોય પણ ચુકાદો આપવા પાછળની જજની કોઈક ગણતરીઓ હશે કે જજની બેવકૂફી હશે એવું બોલો તો પણ તે કન્ટેમ્પ્ટ ઑફ કોર્ટ બને છે. તો શું ચુકાદા વિશે તમે અભિપ્રાય જ ન આપી શકો? જરૂર આપી શકો. ચુકાદો આપતી વખતે જજે ધ્યાન બહાર રાખેલી કે એમનાથી ધ્યાન બહાર રહી ગયેલી માહિતી પ્રત્યે નિર્દેશ કરીને તમે ટિપ્પણ કરી શકો કે આ માહિતીઓને ધ્યાનમાં લેવામાં આવી હોત તો જજે ચુકાદો કદાચ અલગ આપ્યો હોત. ચુકાદાની દૂરગામી અસરો અંગે વિશ્લેષણ કરીને પણ ચુકાદાની ટીકા કરી શકો. તમે જજની ટીકા ન કરી શકો, જજમેન્ટની કે ચુકાદાની ટીકા જરૂર કરી શકો અને જજમેન્ટની ટીકા કરતી વખતે જજની ક્ષમતા તથા નિષ્ઠા, ઍબિલિટી તેમજ ઇન્ટેગ્રિટી વિશે શંકા ન ઉઠાવી શકો. તમને જજમેન્ટ ન ગમે એટલે તમે જજને ગાળાગાળ ન કરી શકો. કાયદો આ બાબતમાં સ્પષ્ટ છે.

કોઈપણ પ્રકારની ટીકા માટેના નૈતિકતાના માપદંડ પણ આવું જ કહે છેઃ તમને કોઈ નાટક નથી ગમ્યું. તમે પ્રેક્ષક કે નાટ્યસમીક્ષક છો. તમે કહી શકો કે નાટકની સ્ક્રિપ્ટમાં, નાટકના દિગ્દર્શનમાં, નાટકના અભિનયમાં, નાટકની લાઇટિંગમાં કે નાટકના સેટમાં તમને ક્યાં, શું નથી ગમ્યું અને તમારી દૃષ્ટિએ એનું ધોરણ કેટલું ઊતરતું છે. પરંતુ તમે એવું બિલકુલ બોલી કે લખી ન શકો કે દિગ્દર્શક બેવકૂફ છે અને એનામાં પોતાનું નાક લૂછવાનીય આવડત નથી અને ચાલ્યા નાટક બનાવવા. આ ટીકા ન થઈ કહેવાય. આને કૂથલી કહેવાય અને આપણા સમાજમાં કૂથલીખોરોની કમી નથી. આ જ રીતે નાટકની સમીક્ષા કરનારને નાટકની ટીકા કરતો લેખ લખવા બદલ તમે ક્રિટિસાઇઝ કરી શકો કે એની સમીક્ષામાં આ અધૂરપ છે, પેલી અધૂરપ છે, પણ સમીક્ષાથી અકળાઈને તમે બોલવા માંડો કે નાટ્યસમીક્ષકને નિર્માતાએ ઇન્ટરવલમાં બટાટાવડાં નહીં ખવડાવ્યાં હોય એટલે કે એને પૈસાનું કવર નહીં આપ્યું હોય એટલે કે એણે પોતે લખેલું નાટક નિર્માતાએ ભજવ્યું નહીં એટલે હવે એ આ નાટકની ટીકા કરે છે; ત્યારે બોલનારની પોતાની ગટરક્લાસ મેન્ટાલિટી પ્રગટ થતી હોય છે.

સંકુચિત લોકોની બે ખાસિયતો હોય છેઃ એક તો, તેઓ ક્યારેય નક્કર ટીકાને સાચી રીતે સ્વીકારી શકતા નથી અને બીજું, કોઈના દ્વારા સાચી ટીકા થયા પછી એની પાછળનાં કારણો સમજવાની કોશિશ કરવાને બદલે સામી આક્ષેપબાજી શરૂ કરી દે છે. આવું સંકુચિત માનસ ધરાવનારાઓનું જીવન હંમેશાં બંધિયાર

રહેવાનું અને ધીરે ધીરે હવડ થઈ જવાનું. બીજાની સતત નિંદા કરવામાંથી કે પછી પોતાની જાતનાં સતત વખાણ કરવામાંથી જેઓ બહાર આવી શકે છે તેઓ જ જીવનમાં કશુંક બનાવી શકે છે અને પોતે કંઈક બની શકે છે. દિમાગ ખુલ્લું અને તાજું રાખવાની ટેવ ધરાવનારાઓ જ સર્જન કરી શકે, હંમેશાં તાજા રહી શકે.



પાંચ

પીઠ પાછળ બોલનારા અને મોઢે સંભળાવી દેનારા

એમનો આશય તમે ભૂલ સુધારી લો એવો નથી હોતો. તમારી છબિ પર કાળો છાંટો ઉડાડીને બીજાઓને દેખાડવામાં એમને રસ હોય છે.

પીઠ પાછળ બોલનારા માણસો કાયર હોય છે જ્યારે મોઢે સંભળાવી દેનારા લોકો બેજવાબદાર. મેં તો બચ્ચનને મોઢામોઢ કહી દીધું કે યાર, હવે તારામાં પહેલાં જેવો દમ રહ્યો નથી એવું અમિતાભના ઑટોગ્રાફ માટે પડાપડી કરતો કોઈ પ્રશંસક (?) કહે ત્યારે એ પોતાની આસપાસના લોકોમાં પોતાની મહત્તા સ્થાપિત કરવા માગતો હોય છે. આ રીતે બચ્ચન સામે જઈને પોતે આવું કહી આવ્યો એમાં પોતાની બહાદુરી છે એવું એ માનવા માંડે છે. વાસ્તવમાં આ પ્રકારના વર્તનમાં બ્રેવાડાથી, ભવાડાથી વિશેષ કશું નથી હોતું.

મોઢામોઢ ટીકા કરવી કોને કહેવાય અને એમાં ક્યાંય નકારાત્મક અભિગમ ન પ્રવેશી જાય એની તકેદારી ક્યારે લીધી કહેવાય એનું એક નાનકડું પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ આપું. નાટક પૂરું થયા પછી બૅકસ્ટેજમાં બે યુવાનો વાતચીત કરતા હતા. એક અભિનેતા હતો અને બીજો તેજસ્વી દિગ્દર્શક. જોકે, આ નાટકનું દિગ્દર્શન એનું નહીં, અન્ય દિગ્દર્શકનું હતું. દિગ્દર્શકને અભિનેતામિત્રના એક સીન દરમિયાનના અભિનયમાં ખામી જણાઈ. આ ખામીને કારણે ક્લાઇમેક્સ તરફ જતો નાટકનો ટેમ્પો તૂટતો હતો એવું લાગ્યું. દિગ્દર્શકે ધાર્યું હોત તો નાટક પૂરું થયા પછી બૅકસ્ટેજમાં જઈ, અભિનેતામિત્રને ઔપચારિક અભિનંદન આપીને બીજે દિવસે મિત્રમંડળીમાં એ સીન વિશે ખૂબ ટીકા કરી અભિનેતાની હાંસી ઉડાવી હોત. વાત ઊડતી ઊડતી એ અભિનેતા પાસે પહોંચી હોત અને ટીકા સાચી હોવા છતાં એણે પોતાના અભિનયની એ એક ભૂલ સુધારી લેવાને બદલે દિગ્દર્શકમિત્ર માટે કડવાશ વ્યક્ત કરી હોત. પીઠ પાછળ બોલવાના આવા ગેરફાયદા વિશે, એમાંથી સર્જાતી ગેરસમજૂતી વિશે દિગ્દર્શક વાકેફ હશે. એટલે જ એણે એ રાત્રે એક ખૂણામાં અભિનેતામિત્ર સાથે એ સીનની વિગતે ચર્ચા કરી. જે નાટકનું દિગ્દર્શન પોતે નથી કરતો એ નાટકની ગુણવત્તા વિશેની ખેવના દિગ્દર્શકની આ ટીકામાં ભારોભાર વ્યક્ત થતી હતી. દિગ્દર્શકે અભિનેતાને સ્ક્રિપ્ટનો મૂડ અને એ સીનની અહેમિયત સમજાવીને કઈ જગ્યાએ અભિનેતાએ બોલવાની લઢણ તથા બૉડી લેંગ્વેજમાં ફરક કરવો જોઈએ એ વિશે ઝીણવટભરી રીતે સમજાવ્યું. અભિનેતાએ પણ આ આખી ચર્ચાને પોતાના અભિનયની અસરકારકતામાં ઉમેરો કરવા માટે થઈ રહેલાં સૂચનો તરીકે લીધી, નહીં કે પોતાને એક અભિનેતા તરીકે ઉતારી પાડનારી ટીકાઓ તરીકે. આ બેઉ યુવાનો, દિગ્દર્શક તેમ જ અભિનેતા, મારા પરિચિત છે અને મને ખાતરી છે કે પછીના શોમાં એ પર્ટિક્યુલર સીનની ભજવણી બહેતર હશે.

આ ચર્ચા પછી 'મેં તો એને મોઢામોઢ કહી દીધું કે યાર, તારા ફલાણા સીનમાં દમ નથી' એવું એ યુવાન દિગ્દર્શક ક્યારેય કહેવાનો નથી એની પણ મને ખાતરી છે, કારણ કે એનો આશય અભિનેતાને 'મોઢામોઢ સંભળાવી દેવાનો' નહોતો. સામસામી ચર્ચા કરીને, નક્કર સૂચનો કરીને, સામેની વ્યક્તિના પ્લસ તેમ જ માઇનસ પોઇન્ટ્સ બેઉને ધ્યાનમાં રાખીને થતી વાતચીતમાં અને મોઢામોઢ સંભળાવી દેવામાં જમીન-આસમાનનો ફરક હોય છે.

મોઢામોઢ સંભળાવી દેનારાઓ લઘુતાગ્રંથિથી અને સામેની વ્યક્તિ માટેની ઈર્ષ્યાથી પીડાતા હોય છે. તેઓ ભૂલ તરફ આંગળી ચીંધે ત્યારે એમનો આશય સામેની વ્યક્તિ એ ભૂલ સુધારી લે એવો નથી હોતો પણ એ વ્યક્તિની છબી પર કાળો છાંટો ઉડાડીને બીજાઓને એ છબિ દેખાડવાનો હોય છે.

પીઠ પાછળ બોલનારાઓ વિશે તો ઘણું વિચારાયું, લખાયું, બોલાયું, કારણ કે એ પ્રકારનું વર્તન વખોડવાલાયક છે એવું સમજાઈ ચૂક્યું છે, કોઈએ એ વિશે હવે સમજાવવાની જરૂર નથી. પીઠ પાછળ બોલવાનું વર્તન એક દુર્ગુણ તરીકે સ્થપાઈ ગયું અને વાજબી રીતે જ એ દુર્ગુણ ગણાયું. કમનસીબી એ છે કે એ દુર્ગુણ કરતાં વિરુદ્ધનું વર્તન, મોઢામોઢ સંભળાવી દેવાનું વર્તન, સદ્‌ગુણમાં ખપી ગયું.



૭

કોઈનીય સાથે ક્યારેય બગાડવાનું નહીં ?

માણસને કરોડરજ્જુ વિનાના બનાવવામાં લાચાર સંજોગો કરતાં વધુ વાંક આ સંજોગોનો ગેરલાભ ઉઠાવનારી વ્યક્તિઓનો હોય છે.

કેટલાક લોકોને બીજાઓ પોતાના વિશે સતત સારું જ બોલે એવી અદમ્ય ઇચ્છા હોય છે. તેઓ ઝંખતા હોય છે કે મર્યા પછી પણ લોકો પોતાને અજાતશત્રુ તરીકે યાદ રાખે – સોર્ટ ઑફ ભગવાનનું માણસ. જિંદગીમાં એમની બસ એક જ ફિલસૂફી હોય છેઃ ભઈ, આપણે તો ક્યારેય કોઈની સાથે બગાડવાનું નહીં, શું સમજ્યા?

કશું નહીં. તમે જ્યારે માનો છો કે સૌની જોડે હળીમળીને રહેવું અને શા માટે કોઈની સાથે ટંટાફિસાદ કરવા ત્યારે, ઉપરછલ્લી રીતે તમે સાધુપુરુષ જેવું ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હોવાનો સંતોષ ભલે લેતા હો, પણ અંદરથી તમે સાવ બીકણ હો છો, ડરપોક અને બાયલા. તમને ભય હોય છે કે ભૂલેચૂકેય તમારે કારણે કોઈકને ખોટું લાગી બેસશે તો એ એનો બદલો લેશે અને તે વખતે તમે એની સામે લડી શકો એવી તમારામાં તાકાત નથી. તમે સાચાને સાચું અને ખોટાને ખોટું કહેતાં અચકાઓ છો તે આ જ કારણે.

‘દરેક સાથે સારાસારી રાખવી’ અને ‘વાણિયા તારી મૂછ નીચી તો નીચી’ જેવાં વિધાનો સોનેરી ફ્રેમમાં મઢાવીને જેઓ હૃદયમાં સંઘરી રાખે છે તેઓ ક્યારેય સ્વમાની બની શકતા નથી. એમની કરોડરજ્જુ લપટી જ રહેવાની. કોઈ બે બદામનો માણસ પણ વગરવાંકે એમને ધોલધપાટ કરી જશે તો એ ચૂપ જ રહેશે. મર્દાનગી કોને કહેવાય એનો એમને ક્યારેય અંદાજ નહીં આવે. પત્ની થકી છોકરું પેદા કરી નાખ્યું એટલે મર્દાનગી પુરવાર નથી થતી. કોઈની સાથે ક્યારેય ન બગાડતા માસ્તર વિશેની કહેવત તમે સાંભળી છે – એ જ જેઓ મારતા નથી અને ભણાવતા પણ નથી.

કાચી માટીના પગ ધરાવતા આ લોકો બીજાની હામાં હા અને નામાં ના પુરાવવામાં નિપુણતા ધરાવતા હોય છે. કોઈકની સાથે અસહમત થવાથી પોતાનું કશું જ બગડવાનું નથી એની એમને ખબર જ નથી હોતી. જેને તેઓ સદ્ગુણ માનીને બેઠા છે એ વાસ્તવમાં તો પોતાના દુર્ગુણ પર ચિપકાવેલું મહોરું હોય છે. સામે ચાલીને કે કોઈના કશાય વાંક વિના કોઈનું ખરાબ કરવાનું તો શું, ખરાબ ઇચ્છવાનું પણ ન હોય. પરંતુ સ્પષ્ટવક્તા હોવાને કારણે જો કોઈને માઠું લાગી જવાનું હોય તો એ આપણો પ્રશ્ન નથી બનતો. વ્યક્તિ તરીકેની આપણી સ્વતંત્રતાનો એ એક ભાગ છે – જેવું લાગે એવું કહેવું. કોઈ વખત તમે કોઈકની આગળ નિખાલસ થવા નથી માગતા એનું કારણ તમારો ભય નથી, પણ એવો આશય હોય છે કે એ વ્યક્તિ મારા અભિપ્રાયને પણ લાયક નથી. કોઈ તમારા મોંમાં આંગળાં નાખવાની કોશિશ કરે અને તમને લાગે કે આ વ્યક્તિ સમક્ષ તમારે કોઈપણ પ્રકારનો અભિપ્રાય નથી ઉચ્ચારવો ત્યારે તમને એ સ્વતંત્રતા હોય છે જ. આમાં સામેની વ્યક્તિ માટે અવગણના, તુચ્છકાર કે અપમાન પ્રગટ થતાં હોય તો ભલે. પણ કશાક અદૃશ્ય ભયને કારણે તમે કોઈ તમારી સમકક્ષ કે તમારાથી ઊંચી વ્યક્તિ વિશે સાચું બોલતાં ડરો એ ના ચાલે. તમારામાં એટલી તાકાત, એટલી ક્ષમતા હોવી જોઈએ કે તમે એનું બગાડી બેસો અને એ બદલો લેવા માગે ત્યારે તમે એને જડબાતોડ જવાબ આપી શકો, ઈંટનો જવાબ પથ્થરથી અને સ્કૂટરનો જવાબ ટ્રેક્ટરથી આપી શકો. આટલી તાકાત ન કેળવી હોય તો તમે જીવતા હોવા છતાં મરેલા બરાબર છો.

ખુમારી શબ્દ માત્ર ડિક્શનરીમાં વાંચવા માટેનો નથી. આ શબ્દ ખોટા અહમ્‌માં રાચતા લેખકો-કવિઓ કે સાહિત્યકારો માટે વાપરવાનો પણ નથી. એક સામાન્ય માણસ તરીકે આપણામાં ખુમારી હોય છે જેના પર કેટલીક વાર ધૂળ બાઝી જતી હોય છે. જિંદગીમાં સર્જાતા કેટલાક પ્રસંગો આપણને લાચાર, વિવશ, નિઃસહાય

બનાવી દેતા હોય છે. કેટલાક સંજોગો સામે આપણા હાથ હેઠા પડી જતા હોય છે. આવા સમયે આપણે ઇચ્છીએ તોય ખુમારીને ઢાંકી રાખવી પડતી હોય છે. તમને કરોડરજ્જુ વિનાના બનાવવામાં આવા લાચાર સંજોગો કરતાં વધુ વાંક આ સંજોગોનો ગેરલાભ ઉઠાવનારી વ્યક્તિઓનો હોય છે. તમે સંજોગો સામે સહેજ ઝૂક્યા કે તરત તેઓ તમારી પૂંઠે લાત મારવા તૈયાર જ હોય છે. વિવિધ ક્ષેત્રોના ભલભલા દિગ્ગજોની સાથે પણ તમે આવું જોયું હશે. તો પછી આપણે તે કઈ વાડીના મૂળા. આપણી સાથે બીજાઓ આવું ન કરે તો જ નવાઈ. અવળા સંજોગો દરમિયાન આપણા સ્વમાનને મારીમારીને અધમૂવું કરી નાખવાની લોકોને મઝા પડતી હોય છે. સીધો કરી નાખ્યોને એને, તેઓ કૉકટેલ પાર્ટીમાં પોતાના ગંધાતા મોઢાથી બોલતા હોય છે.

પણ સંજોગો આખી જિંદગી એના એ નથી રહેતા. એકાદ પ્રસંગ પૂરતું સુષુપ્તાવસ્થામાં રાખી દીધેલું સ્વમાન ફરી ઢંઢોળી શકાતું હોય છે. ખુમારી પરની ધૂળ ખંખેરી શકાતી હોય છે. આળસ મરડીને બેઠો થયેલો સિંહ વધુ ખૂનખાર બની શકતો હોય છે. સ્વમાનને કોઈક જ વખત સુષુપ્તાવસ્થામાં રાખી શકાય, ગિરવે ન મૂકી શકાય, વેચી શકાય તો હરગિજ નહીં. વેચાઈ ગયેલું સ્વમાન કોઈ પાછું મેળવી શકતું નથી અને ગિરવે મૂકી દીધેલું સ્વમાન આજીવન ક્યારેય છોડાવી શકાતું નથી.

દુનિયામાં જેને કોઈ દુશ્મન ન હોય એવો માણસ અચૂક નપાણિયો હોવાનો. શત્રુઓ હોવા એ તંદુરસ્તીભર્યા જીવનની નિશાની છે. વિરોધીઓ હોય એનો અર્થ એ કે તમે કોઈનીય સાથે બગાડવું નહીંવાળી ફિલસૂફીમાં માનતા નથી. તમે તો જાણો જ છો કે સૌને સારું લગાડવા માગતો કઠિયારો સામાન સાથે એના પુત્રને લઈને પરગામ જવા નીકળ્યો ત્યારે એણે ગધેડાની કેવી હાલત કરી હતી.



સાત

દુશ્મનાવટ કરવાની કળા

તમે સચિવાલયમાં કારકુન હો તો તમારું હસ્તિનાપુર છીનવી લેવા દુર્યોધન-શકુનિની જેમ કોઈ પ્રપંચ નથી ખેલવાનું.

દૂર રહેલાઓની સાથે દોસ્તી કરવી શક્ય છે, દુશ્મની નથી થઈ શકતી. દુશ્મની કરવા નજીક હોવું જરૂરી છે. આજનો શત્રુ ગઈ કાલનો મિત્ર હોવાનો, કમ સે કમ પરિચિત તો ખરો જ. અજાણ્યાઓ સાથે મૈત્રી થઈ શકે, શત્રુતા નહીં. કોઈકે કહ્યું હતું કે 'દુનિયામાં અજાણ્યા જેવું કોઈ હોતું નથી, જે હોય છે એ તો બધા હજુ સુધી ન મળેલા મિત્રો હોય છે.' આમાં ઉમેરો કરીને વાંકદેખાઓ કહેતા હોય છે કે દુનિયામાં મિત્રો કે પરિચિતો જેવું કોઈ હોતું નથી. જે હોય છે એ તો બધા હજુ સુધી ન થયેલા દુશ્મન હોય છે.

વિરોધી, શત્રુ, દુશ્મન આ બધાં વત્તીઓછી ડિગ્રી ધરાવતાં વિશેષણો લાગે છે. પરંતુ વ્યવહારમાં એ તમામ તમારા માટે જે કામ કરે છે તેની તમારા પરની અસર એકસરખી હોય છે. કોઈ માણસ વિશે બધા જ બધી વાતે સારું બોલતા હોય તો જાણી લેવું કે એ માણસ દુનિયાનો સૌથી મોટો હરામી હશે, સૌથી ખંધો માણસ હશે, પૂરેપૂરો ઠગ હશે. અજાતશત્રુ એક છેતરામણો શબ્દ છે. જેને કોઈ સાથે દુશ્મનાવટ નથી એવી વ્યક્તિને અજાતશત્રુ કહેવાય. એ વ્યક્તિને ન હોય પણ એના માટે બીજાઓને દુશ્મનાવટ હોઈ શકે. યુધિષ્ઠિર અજાતશત્રુ કહેવાતા. એમણે પોતે કોઈની સાથે દુશ્મનાવટ રાખી નહીં. પણ એમની સાથે કેટલા બધાએ રાખી. ગાંધીજી અજાતશત્રુ હતા, પણ એમની સાથે કેટલા બધા લોકોએ દુશ્મનાવટ રાખી. ગોખલે અને ટિળક ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે ગાંધીજીના આગમન પહેલાં સંકળાયેલા. ગોખલે અને ટિળકનાં નામ અત્યારે એકશ્વાસે આપણે લઈએ છીએ. પણ તે વખતે બેઉ એકમેકના કટ્ટર વિરોધી. બેઉનો હેતુ એક – સ્વરાજનો – પણ બેઉની વિચારધારા તથા કાર્યપદ્ધતિઓ વચ્ચે જમીન-આસમાનનું અંતર.

ગાંધીજીને આપણે દાયકાઓથી ગાંધીજી તરીકે પૂજીએ છીએ. પણ ગઈ સદીના બીજા-ત્રીજા દાયકામાં ગાંધીજીને ઇન્સ્ટન્ટ નેતાપદ નહોતું મળી ગયું. ગાંધીજીના સમકાલીન રાજકીય નેતાઓમાંથી ઘણાને ગાંધીજીનો, એક નેતા તરીકેનો ઉદય પસંદ નહોતો તો કેટલાકને ગાંધીજીની વિચારસરણી સામે જબ્બર વાંધો હતો. પોતાના જ દેશમાં, પોતાના જ બંધુઓ દ્વારા ખૂબ વિરોધ થયો ગાંધીજીનો, જે વિરોધ છેક 30મી જાન્યુઆરી, 1948 સુધી ચાલ્યો.

સરદાર વલ્લભભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નેહરુ વચ્ચે માત્ર વિચાર-વૈમનસ્ય નહોતું, બેઉની વિચારધારાઓમાં તેમજ જીવનશૈલીઓમાં ખાસ્સો તફાવત હતો. આજના નેતાઓની જેમ તેઓ વારંવાર એકબીજાની સામે વાક્બાણ ચલાવીને લડતા નહીં. એ વર્તન તે જમાનાના સંસ્કારોનો પડઘો હતો. આ તમામ રાજકીય નેતાઓની ખૂબ આકરી ટીકાઓ વારંવાર અખબારોમાં થયા કરતી, અખબારોના તંત્રીલેખોમાં તેમ જ વાચકોના પત્રોના વિભાગમાં પણ. આ ઉપરાંત ગલીના નાકે પાનવાળાના ગલ્લા પર ઊભેલા કે હજામની દુકાનમાં બેઠેલા લોકોની વાતચીતોમાં પણ ગાંધીજીની ખામીઓ વિશે, સરકારને શું નથી આવડતું તેના વિશે કે પંડિતજીના ઉગ્ર સ્વભાવ વિશે ચર્ચાકૂથલી થયા કરતી.

આજે એ તંત્રીલેખોના લખનારાઓને, વાચકોના પત્રો લખનારા ચર્ચાપત્રીઓને અને પાનવાળાના ગલ્લે ઊભા રહેનારાઓને કે હજામના બાંકડે બેસનારાઓને કોણ યાદ કરે છે? યાદ માત્ર એ લોકો જ રહે છે જેઓ કશુંક ભગીરથ કાર્ય કરી જાય છે. જેઓ પોતાનો નવો ચીલો ચાતરતા જાય છે. દ્વેષયુક્ત કે પછી નાસમઝીભરી કે પછી આવેશમાં કરવામાં આવતી ટીકાઓનું થૂંક ઉડાડ્યા કરનારાઓની ટીકા એમના મોઢામાંથી નીકળતા

પ્રવાહીનું બાષ્પીભવન ન થઈ જાય ત્યાં સુધી જ જમાનાને યાદ રહે છે.

દુશ્મનાવટનો પ્રકાર બધાની જિંદગીમાં કંઈ એકસરખો નથી હોતો. તમે સચિવાલયમાં કારકુન હો તો તમારું હસ્તિનાપુર છીનવી લેવા દુર્યોધન-શકુનિની જેમ કોઈ પ્રપંચ નથી ખેલવાનું. બહુ બહુ તો તમારું પ્રમોશન અટકાવશે, તમારી બેસવાની ખુરશી પર નવીને બદલે જૂની ગાદી મુકાવશે, તમારી રજાઅરજી મંજૂર નહીં કરે અને અંતિમ પગલાં લેશે તો તમારા પર ખોટા આક્ષેપો મૂકીને તમને નોકરીમાંથી સસ્પેન્ડ કરશે. તમારા માટે આ જ હસ્તિનાપુરથી વિશેષ છે.

યુસુફ ગુટકા કે સલીમ બુટકાને તમારા પર ગોળીબાર કરવામાં કોઈ જ રસ નહીં હોય, જો તમે માધ્યમિક શાળાના સીધાસાદા શિક્ષક જેવી રહેણીકરણીથી અને એવી જ વિચારશૈલીથી જીવતા હશો તો. પણ કોઈની જમીન પડાવી લેવા માટે કે કોઈની પાસે ઉઘરાણી કરાવવા માટે તમે એમની મદદ લેશો તો એ જરૂર આજે નહીં તો કાલે તમારો દુશ્મન બનીને તમારો જાન લઈ લેશે.

દરેક માણસના જીવનમાં, એની કારકિર્દીમાં એના પોતાના કાર્ય મુજબના અને એના પોતાના ગજા મુજબના દુશ્મનો રહેવાના. કેટલાક લોકોનું શરીર પુરુષનું હોય છે પણ એમનો જીવ ત્રીજી જાતિના જેવો હોય છે. એમની જીવવાની રીત નાન્યતર શૈલીની હોય છે. કોઈની સાથે ક્યારેય બગાડવું નહીં, એ એમનો જીવનમંત્ર હોય છે. આજે જેમને દૂભવીએ તે કાલ ઊઠીને આપણું કંઈ બગાડી બેસે એના કરતાં બધાની સાથે હસી હસીને, હા જી હા કરતા રહીને વર્તવું – એવું આવા માણસો સિરિયસલી માનતા હોય છે. એવા લોકોને બહુ સહેલાઈથી ડરાવી શકાય. કોઈપણ એમને ગમે એવી નાની બાબતમાં બ્લૅકમેઇલ કરી શકે. એમની પાસે પોતાના જીવનના કોઈ સિદ્ધાંતો હોતા નથી. બીજો માણસ જરીક પિસ્તોલનું નાળચું દેખાડે કે તરત તેઓનો શઢ દિશા બદલી નાખે. આવા લોકો ક્યાંય પહોંચી શકતા નથી. લોકો ટીકા કરશે, મારી બદનામી કરશે, મારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડશે એવા ડરથી તેઓ દુષ્ટ બ્લૅકમેઇલરોની શરણાગતિ સ્વીકારી લે છે. પછી પેલો બ્લૅકમેઇલર રમકડાની પિસ્તોલના નાળચા પર ફૂંક મારીને અટ્ટહાસ્ય કરે છેઃ જોયું, કેવા બિવડાવી દીધા.

દુશ્મનોને ડારવા, એમને માત કરવા આપણી પોતાની પાસે રમકડાની નહીં, સાચી રિવૉલ્વર હોવી જોઈએ, કૃતક હિંમતને બદલે જાત માટેની શ્રદ્ધામાંથી કેળવાયેલી હિંમત સો સાચી રિવૉલ્વર બરાબર છે. ક્યારેક રિવૉલ્વરને બદલે ફ્લિટની દવા ભરેલો પંપ પણ કાફી હોય છે જેમાંથી 'જા, તારાથી થાય તે કરી લે' નામની દવા છાંટવાથી મચ્છરોનો નાશ થાય છે.

મિત્રો બનાવવા કરતાં દુશ્મનો બનાવવાનું કામ વધુ અગત્યનું છે. હાઉ ટુ મેક ફ્રેન્ડ્ઝ ઍન્ડ ઇન્ફ્લ્યુઅન્સ પીપલ નામનું પુસ્તક લખી ગયેલા ડેલ કાર્નેગીએ લોકોને મીઠું મીઠું બોલીને ફસાવવાની શિખામણ આપી એને બદલે લોકો સાથે સચ્ચાઈપૂર્વક વર્તવાની સલાહ આપી હોત તો એમના પુસ્તકનું શીર્ષક હાઉ ટુ મેક એનિમીઝ ઍન્ડ બી ટ્રુથફુલ ટુ યૉરસેલ્ફ હોત. દુશ્મનો સફળ માણસોને હોય. અંબાણીના દુશ્મનો વિશે આપણે સાંભળ્યું છે, નસલી વાડિયા અને ગોએન્કા જેવા મોટા મોટા દુશ્મનો હતા. અંબાજીના મંદિરની બહાર બેસતા ભિખારીઓની સાથે કોઈ દુશ્મનાવટ નથી કરતું. દુશ્મનો પોતાની જાતમાં શ્રદ્ધા ધરાવનારાઓને હોય. જેમની પાસે આત્મસન્માન, આત્મગૌરવ કે ખુમારી જેવી જણસો નથી એમનું કોઈ દુશ્મન બનતું નથી કારણ કે એવા લોકો સામેવાળા જે કહે તે સહન કરી લે છે, સામેવાળા ખોટું કરવાનું કહે તો ખોટું કરવા તૈયાર થઈ જાય છે, પણ સામેવાળાને ના પાડીને એની ખફગી વહોરી લેવાની મર્દાનગી તેઓ દાખવી શકતા નથી. દુશ્મનો હિંમતબાજ માણસોને હોય. દુશ્મનો દુનિયામાં કોઈક સારી વાતોનો ઉમેરો કરી જનારાઓને હોય.

દુશ્મનો માત્ર કપટી, દગાબાજ અને ઠગ મિજાજના જ માણસોને હોય એવું જરૂરી નથી. એમને તો દુશ્મનો હોવાના જ; પણ જેમને ખબર છે કે પોતાનો માર્ગ સાચો છે અને જેઓ આ માર્ગને છોડવા નથી માગતા એવા લોકોને પણ દુશ્મનો હોય. પ્રામાણિક માણસના દુશ્મનોની સંખ્યા અપ્રામાણિક માણસના દુશ્મનો કરતાં

અનેકગણી હોવાની. મ્યુનિસિપાલિટીના સૌથી ભ્રષ્ટ કર્મચારીના દુશ્મનો કેટલા હશે? ભાગ્યે જ કોઈ. હશે તો એવા લોકો જેમના પૈસા લીધા પછી પણ એણે એમનું કામ ન કરી આપ્યું હોય. આની સામે કોઈ પ્રામાણિક ઑફિસરના દુશ્મનોની સંખ્યા મૂકો. સેંકડોની થઈ જશે. દુશ્મનો બનાવવાની કળા શીખવા જેવી છે. દુશ્મનો બનાવવા માટે જાત સાથેની સચ્ચાઈ સાચવતાં શીખવું પડે. દુશ્મનો બનાવવા માટે બધાને બધી વખત ખુશ રાખ્યા કરવાના પ્રયત્નોની વ્યર્થતાને સમજી લેવી પડે. દુશ્મનો બનાવવા માટે તમારી પોતાની દુનિયામાં તમારું મહત્ત્વ કેટલું છે તે જાણી લેવું પડે.

દુશ્મનો બનતા હોય તો ભલે બને, તમારી આસપાસ રહેલી વ્યક્તિઓમાંથી કોના કોનામાં તમારા દુશ્મન બનવાની શક્યતા છુપાયેલી છે તે જાણી લેવું જોઈએ. પ્રસ્તુત છે દુશ્મનોના દસ પ્રકારો:

(1) દુશ્મનોની પહેલી કૅટેગરી સૌથી કૉમન અને વ્યાપક છે. તમને કશુંક મળ્યું અને પોતે રહી ગયા એવી ભાવના જેનામાં જાગે છે એ વ્યક્તિમાં તમારા દુશ્મન બનવાની ભરપૂર શક્યતા છે. તમારી સિદ્ધિ જોઈને એ સતત એવી લાગણીથી પીડાયા કરે છે કે તમે એના હક્કનું કશુંક પડાવી લીધું છે. ધીમે ધીમે આ લાગણી એટલી તીવ્ર બની જાય કે એ માનવા માંડે કે એના માર્ગમાં તમે બાધારૂપ છો. તમારું અહિત કરવાની તક એ સતત શોધ્યા કરશે. પોતે અહિત નહીં કરી શકે એમ હોય તો બીજાઓ જ્યારે તમારું અહિત કરતા હશે ત્યારે એમની સાથે જોડાઈને તમને પછાડવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરી છૂટશે. આવા દુશ્મનોને ઓળખી જવાનું કામ બહુ સહેલું હોય છે કારણ કે તમારા વિરુદ્ધની એમની પ્રવૃત્તિઓ બહુધા પ્રગટ હોય છે.

(2) દુશ્મનની બીજી કૅટેગરી ડબલ ઢોલકીની છે. એક બાજુ તેઓ તમારી મૈત્રી ઇચ્છે છે પણ તમારા માટેની ઈર્ષ્યા એની પાસે તમારી પીઠ પાછળ એવાં એવાં કામ કરાવે છે જે કામ કરતાં સગો દુશ્મન પણ બે વાર વિચાર કરે. તમારા મિત્ર તરીકેનો બિલ્લો એમની પાસે હોય છે એટલે બીજાઓ એના પર વિશ્વાસ મૂકે છે, એવું માનીને કે એ તમારો મિત્ર છે એટલે તમારી વિરુદ્ધ કશું કરશે નહીં. આમ બીજાઓની મદદ લઈને એ લાગ આવે ત્યારે બુરખો પહેરીને છૂપો વાર કરે છે અને તમે ઘાયલ થાઓ એટલે મિત્ર બનીને તમારી તબિયતની ખબર કાઢવા આવી પહોંચે છે. વાસ્તવમાં એ પોતે કરેલા પરાક્રમની પ્રતિક્રિયા જાણવા આવ્યો હોય છે.

(3) તમારા પરિચિતોમાંથી કે તમને મિત્ર કહેનારાઓમાંથી કોઈકને તમારી મદદની જરૂર છે. એણે માગેલી મદદ તમે કરી શકો એમ નથી અથવા કરવા માગતા નથી, તમારી પાસે તમારાં પોતાનાં કારણો છે. તમે એ કારણો સમજાવો પણ છો, પરંતુ એણે માની લીધું હોય છે કે તમે મદદ નહીં કરી એટલે તમે એના દુશ્મન બની ગયા. એ એવું નથી વિચારી શકતો કે તમે ભલે એને મદદ ન કરી હોય, એના માર્ગમાં તમે અવરોધરૂપ નથી થયા એય ઘણું છે.

(4) ત્રીજી કૅટેગરીનું એક્સ્ટેન્શન અહીં થાય છે. તમે એને તમારાથી બનતી બધી જ મદદ કરી હોય પણ એને એ મદદ ઓછી લાગે. જોયું, આપી આપીને ખાલી દસ હજાર રૂપિયા આપ્યા, એ તો છે જ એવો. અથવા, મેં એને તાબડતોબ મારે ત્યાં આવવાનું કહ્યું પણ છેક બપોરે એ આવ્યો. અથવા, એની ઓળખાણથી એ ધારત તો મને એક્સાઇઝ ખાતામાં નોકરી અપાવી શકત પણ એણે મને હેલ્થ ડિપાર્ટમેન્ટમાં બેસાડી દીધો. આવી મેન્ટાલિટી ધરાવનારા મિત્રો-પરિચિતોને તમે ગમે એટલી મદદ કરો, એમને ઓછી જ લાગવાની. આવા લોકોની સાથે પનારો પડ્યો તો આપત્તિ જ સમજવી. મદદ ન કરો તો તો મુશ્કેલી જ, મદદ કરો તોય મુશ્કેલી.

(5) કેટલાક ઓળખીતાઓ તમારા નિકટના પરિચિત અને પછી મિત્ર બનવાની હોંશ ધરાવતા હોય છે. તમે એમને નજીક આવવા દેતા નથી. કદાચ એમનો સ્વભાવ તમે પહેલેથી જ પારખી ગયા છો. અથવા તો તમને

લાગી ચૂક્યું છે કે તમારી જિંદગીમાં આ પ્રકારના લોકોને કોઈ સ્થાન નથી. સામેથી વહાલા થવા આવતા લોકોને તમે ઘાસ નાખતા નથી ત્યારે વહેલામોડા એ લોકો તમારી સામે શિંગડાં ભરાવે છે. એમને તમારું ઠંડું વર્તન અપમાનજનક લાગે છે અને આવા કલ્પિત અપમાનની આગમાં સળગતા રહીને તેઓ એકાદ એવી તકની શોધમાં રહે છે જ્યારે તેઓ તમને પોતાનો પરચો દેખાડી શકે.

(6) બંધબેસતી પાઘડી પહેરી લેનારા લોકોની આ કૅટેગરી છે. તમે તદ્દન જનરલાઇઝડ કમેન્ટ કરી હોય કે મને કાળાબજારિયાઓ નથી ગમતા, કે મને નોકરોનું શોષણ કરતા શેઠિયાઓ નથી ગમતા. તમારી ટિપ્પણ કોઈ એક વ્યક્તિને ધ્યાનમાં રાખીને ન થઈ હોય, એક સર્વસામાન્ય નિરીક્ષણરૂપે થઈ હોય. પણ તમારા પરિચિતોમાંથી કોઈક ને કોઈક બંધબેસતી પાઘડી પહેરી લઈને માનવા માંડે છે કે આ માણસે મારી જાહેરમાં ટીકા કરી, મને બધાની વચ્ચે બે બદામનો કરી નાખ્યો. આ પ્રકારના પરિચિતો તમારી જાણ બહાર તમારા દુશ્મન થઈ જાય છે. દુશ્મન થવા પાછળનું મુખ્ય કારણ એમને એમનો દોષિત અંતરાત્મા બટકાં ભરતો હોય તે છે. પોતે કેવા છે તે તેઓ જાણતા હોય છે અને એમને ફડકો પેસી ગયો હોય છે કે તમે એમની અસલિયતને ઓળખી ગયા છો. અત્યારે માત્ર એમના પ્રત્યે મોઘમ કે આડકતરો ઇશારો કરો છો, કાલે કદાચ ખુલ્લંખુલ્લા કહેતા થઈ જશો કે એ કેવા છે.

(7) ઘણા લોકો તમને દુશ્મન બનવા સામેથી આમંત્રણ આપતા રહે છે. એ લોકો તમને વારંવાર કહ્યા કરે છે કે મારા વિશે તમે જે માનતા હો તે તમારે મને સાચેસાચું કહી દેવાનું. આવું વારંવાર એમની પાસેથી સાંભળ્યા કરીને તમે ખરેખર માનતા થઈ જાઓ છો કે આ માણસ બહુ પારદર્શક, નિખાલસ અને ઉદારદિલ લાગે છે. તમે એમને એમના વિશેનો તમારો સાચેસાચો અભિપ્રાય આપતા થઈ જાઓ છો. અને પેલો ગિન્નાય છે તમારા પરઃ શું હું એવો છું. તમે કહો કે ભાઈ, તેં જ તો કહ્યું કે જેવું લાગે તેવું કહી દેવાનું. પણ તમારો ખુલાસો એના ગળે ઊતરતો નથી. એ માનવા માંડે છે કે મને આવો કહેનારા માણસો મારા દુશ્મનો જ હોય, અને એ તમારી સાથે દુશ્મની બાંધી બેસે છે. એ ભોળો સમજતો નથી કે લોકોના દોષ સ્વીકારીને પણ એમની સાથે મૈત્રી રાખવાની મૅચ્યોરિટી તમારામાં હોઈ શકે છે.

(8) આ કૅટેગરી બહુ મઝાની છે. દુશ્મનીનું કોઈપણ કામ કરીને આ લોકો તમારી તરત માફી માગી લે છેઃ મારો કંઈ એવો ઇરાદો નહોતો, આમ છતાં તમને એવું કંઈ લાગ્યું હોય તો વેલ, આયમ સૉરી. એમની આવી માફી બે-ચાર વાર સ્વીકારી લીધા પછી તમને ખ્યાલ આવે છે કે માફી માગ્યા કરવાની એમને આદત છે. પોતાની દુશ્મનીનું કૃત્ય ઉઘાડું ન પડી જાય એ માટે નુકસાન કરી લીધા પછી માફી માગી લેવી જોઈએ એવું તેઓ માનતા હોય છે.

(9) અજાતશત્રુ એટલે તમને ખબર છે, જેને કોઈ દુશ્મન નથી તે. આવી જ એક ટર્મ અજાતમિત્રની હોવી જોઈએ. કેટલાક લોકો માટે કોઈ મિત્ર નથી હોતું. પોતાની આસપાસની હરેક વ્યક્તિના વર્તનના ઇરાદાઓ અંગે તેઓ સતત શંકા કરતા રહે છે. એમને મન આખી દુનિયા પોતાની વિરુદ્ધ કાવતરું કરી રહી છે. પોતાની ઓળખાણમાં આવતો હરેક શખસ દુશ્મન છે. દરેક સગુંવહાલું દુશ્મન છે. કુટુંબીજનો પણ શત્રુ જ છે. વાસ્તવમાં આવા લોકોએ સાચી મૈત્રીનો સ્વાદ ક્યારેય માણ્યો નથી હોતો. દુશ્મનોથી સલામત અંતરે રહેવાની સાવધાની એમને મિત્રોની નજીક જવા દેતી નથી. આમાં થોડોક વાંક એમનો પોતાનો હોય છે, પોતાની માનસિકતાનો અને થોડોક એમના સંજોગોનો. અત્યાર સુધી એમને હંમેશાં દગાબાજ મિત્રો મળ્યા એ એમનું કમનસીબ. અને અત્યાર સુધી મળેલા એ મિત્ર–ટર્ન્ડ–દુશ્મનોને એની સાથે મૈત્રી ટકાવી રાખવાનો એકાદ તાંતણો પણ એનામાં ન જડ્યો એ એની પોતાની ઍટિટ્યૂડનો વાંક, એના સ્વભાવ, એના વ્યક્તિત્વનો વાંક.

(10) રુખ હવાઓં કા જીધર કા હો ઉધર કે હમ હૈં ગાતા દુશ્મનો. ડબલ ઢોલકી કૅટેગરીના દુશ્મનો સાથે

એમને મિક્સ-અપ નહીં કરતા. ડબલ ઢોલકીવાળાઓ તો અંદરખાનેથી તેમ જ પ્રગટપણે પણ તમારી સાથે મૈત્રી ઇચ્છતા હોય છે પણ ડૉ. જૅકિલ ઍન્ડ મિસ્ટર હાઇડની જેમ આમના વ્યક્તિત્વનાં બે પાસાં હોય છે જેના પર એમનો ખુદનો કાબૂ નથી રહેતો. પવન મુજબ પલટી મારનારા શત્રુઓ એમની અનુકૂળતા હોય ત્યારે તમારા મિત્ર બની જવાનો સભાનપણે પ્રયત્ન કરે છે. હકીકતમાં આ પ્રયત્ન માત્ર દેખાડો હોય છે, કારણ કે આ મૈત્રી અથવા તો કહો કે યુદ્ધવિરામ બહુ સગવડિયા હોય છે. તમારી નજીક રહીને એમનો સ્વાર્થ સિદ્ધ થયો નથી ને એમણે શસ્ત્રો સજાવ્યાં નથી.

તો દોસ્તો, આ સાથે દુશ્મનીપુરાણ પૂરું થાય છે. મૈત્રીની જેમ દુશ્મનીનો સ્વાદ પણ ચાખવા જેવો હોય છે. કોઈનીય સાથે દુશ્મનાવટ ન બંધાઈ હોય એવું જીવન અધૂરું કહેવાય. મારે તો કોઈ દુશ્મન જ નથી એવું કહેનારાઓમાં સદ્‌ગુણોનો ભંડાર હશે એવું માનવા કરતાં એમનામાં હિંમત, આત્મસન્માન તથા નિખાલસતાનો અભાવ હશે એવું માની લેશો તો તમે બહુ ખોટા પુરવાર નહીં થાઓ.

એક વાતનું ધ્યાન રાખજો કે આ દુનિયામાં તમારી સાથે મૈત્રી બાંધનારાઓની કે તમારી દોસ્તી ઇચ્છનારાઓની સંખ્યા તમારા દુશ્મનો કરતાં કંઈક ગણી વધારે હોવાની. દુશ્મનોના પ્રકાર અહીં ગણાવાયા તે એટલા માટે નહીં કે તમે પેલા નવ નંબરનાની જેમ જેને ને તેને દુશ્મન ગણીને શંકાશીલ દૃષ્ટિથી જોતા રહો. ઘઉંમાંથી કાંકરા દૂર કરો એમ તમારી આસપાસના તમારા કુટુંબીઓ, તમારાં સગાંવહાલાં, પડોશીઓ, તમારા સંબંધીઓ, તમારા મિત્રો, તમારા પરિચિતો અને તમારા શુભેચ્છકોમાંથી તમે થોડાક કાંકરાઓને ઓળખી કાઢી શકો એ માટે આ બધી કસરત હતી. મૈત્રીના ભોજનના કોળિયાનો સ્વાદ આવા કાંકરાઓ બગાડી ન કાઢે એ માટે એમના રંગ-રૂપ-પ્રકાર પહેલેથી જાણી લીધાં હોય તો સારું અને સૌથી મોટો આશય આ બધું લખવાનો એ કે ઘણી બધી વખત આપણે આપણને જે સાચું લાગે તે કામ કરતાં ડરીએ છીએ. આપણને ડર લાગે છે કે આ કામ કોઈને નહીં ગમે તો? એ મારી ટીકા કરશે, મને બદનામ કરશે, મારું કશું પણ એક યા બીજી રીતે બગાડશે તો? આવું વિચારીને આપણે દુશ્મનોના હાથમાં રહેલા હથિયારની તેજ ધાર કાઢી આપીએ છીએ. આપણે એનાથી ડરીએ છીએ એવી એને ખબર પડે એટલે એ બમણા જોરથી આપણને ડરાવવા માંડે છે. આ રીતે આપણે સતત ડર્યા કરીએ છીએ. જિંદગીમાં આપણું ધાર્યું કરી શકતા નથી. પછી ક્યારેક મોડે મોડે આપણી આત્મશ્રદ્ધા જાગે છે પણ તે વખતે ખૂબ મોડું થઈ ચૂક્યું હોય છે. હવે આવી બાબતોમાં વધુ મોડું ન થાય એવી પ્રાર્થના.



આઠ

કોઈકના માટેનો અણગમો જરૂરી, કોઈકના માટેનો ધિક્કાર પણ

જેમને બધા લોકો સારા જ લાગતા હોય
તેઓ પોતાની કાયરતાને કારણે
સાચો અભિપ્રાય આપવાનું ટાળતા હોય છે.

હું તો કોઈનેય ધિક્કારી ન શકું – સજ્જન દેખાવા માટે આવું કહેવાની ઘણાને આદત હોય છે. અણગમાની પરાકાષ્ઠા ધિક્કાર છે. જે વ્યક્તિને જીવનમાં બધું જ સારું સારું લાગતું હોય, જેને દરેક માણસ ભગવાનનું માણસ લાગતું હોય અને સમાજમાં ક્યાંય કશું જ ખોટું નથી થઈ રહ્યું એવી લાગણી જેનામાં રહ્યા કરતી હોય તેને તમે 'એ તો બિલકુલ સાધુ જેવા છે' એવું કહેવા લલચાશો. પણ જરા ઊભા રહેજો. જે પોતાને અજાતશત્રુ માને છે એના દુશ્મનો નહીં હોવાનું કારણ એની કાયરતા હોઈ શકે છે. પોતાનો કોઈ જ વિરોધી નથી એવો ફાંકો રાખનાર વ્યક્તિ ક્યારેય સાચા મુદ્દે ખોંખારો ખાઈને મત વ્યક્ત કરવામાં માનતી ન હોય એ શક્ય છે. જેને કોઈનાય માટે અણગમો પેદા ન થતો હોય એવી વ્યક્તિ વાસ્તવમાં બધા માટે સારો સારો અભિપ્રાય આપ્યા કરવાનો માત્ર દંભ કરતી હોય એ પણ શક્ય છે. કોઈકના માટેનો ખરો અણગમો પ્રગટ કરી દઈને એ માણસનો ખોફ વહોરી લેવાની તૈયારી એનામાં નથી હોતી.

સૌથી વધુ અણગમો તમને કેવી વ્યક્તિઓ પ્રત્યે હોય? જેઓ પોતે છે એના કરતાં મોટા દેખાવાનો પ્રયત્ન કરે: કરિયાણાવાળાનું બિલ ચાર મહિનાથી ચડી ગયું હોય અને મારે મર્સીડિઝ ખરીદવી કે બીએમડબ્લ્યુ એવું તમને પૂછતા હોય. કેટલાક લોકોને પોતાની પાસે જે કંઈ હોય એ બધું જ દેખાડી દેવાની હોંશ હોય: ગઈ કાલે પી.એમ. મુંબઈ આવ્યા હતા. ખાલી બે જ જણને મળવા માગતા હતા. મને અને અંબાણીને. પણ ગઈ કાલે હું જરા બિઝી હતો એટલે એમનાથી મને મળાયું નહીં. આવી વાતો બહુ જ સાહજિકતાથી તેઓ તમને કહી શકે છે અને તમે તરત પ્રભાવિત પણ થઈ જાઓ છો. બીજી જ સેકન્ડે તમને એમના આવા શો-ઑફ માટે અણગમો થવા માંડે છે. કેટલાકને પોતે કેટલા મોટા બુદ્ધિજીવી છે એવું દેખાડવાની હોંશ હોય છે. પોતાનામાં કેટલી બધી અક્કલ ઠાંસી ઠાંસીને ભરી છે એવા ગર્ભિત ઇશારા તેઓ તમારી સાથેની વાતચીતમાં દર ત્રીજા વાક્યે કરતા રહે. કોઈકે કહ્યું છે કે અક્કલ અંડરગાર્મેન્ટ્સ જેવી છે, દરેકની પાસે હોવી જોઈએ પણ તે બીજાને દેખાડવાની ન હોય.

કેટલાક લોકો પોતાના પી.આર.ઓ. તરીકે પોતાને નિયુક્ત કરે છે. પોતે કેટલા મહાન છે એની વિગતો તમને એમની પાસેથી જ જાણવા મળે. કમનસીબે કોઈ ત્રીજી વ્યક્તિને એમની આવડી મોટી મહાનતા વિશે જાણ હોતી નથી એટલે એમણે જાતે જ જે મળે એમની આગળ પોતાનાં ગુણગાન ગાવાં પડે. ગયા વર્ષે સાહિત્ય અકાદમીનું ઇનામ દિલ્હીવાળા મને જ આપવાના હતા પણ છેક છેલ્લી ઘડીએ પેલાએ લંગર નાખ્યું, એવું વાતવાતમાં તેઓ તમને કહી દે. રાધર, આવું કહી શકે એ માટે જ એમણે પોતાની વાત શરૂ કરી હોય. પોતાને કેટલા વાચકો વાંચે છે અને પોતે કેટલું સારું લખે છે એવાં અન્ય લોકો પાસે પડાવેલા મૌખિક સર્ટિફિકેટો તમારી સાથેની એમની વાતચીતમાં ટીંગાતાં રહે છે. ઉમાશંકર મને વારંવાર કહેતા કે જો તમે નિયમિત લખવાનું રાખશો તો પચ્ચીસ વર્ષ પછી ગુજરાતી સાહિત્યનો આ કાળ તમારા નામના યુગ તરીકે ઓળખાશે. પણ શું કરીએ, આ ફૅક્ટરી-બિઝનેસમાં એવો ગળાડૂબ થઈ ગયો છું કે લખવાનું છૂટી ગયું તે સાવ છૂટી જ ગયું.

કેટલાકને કોઈ પણ મોટી વ્યક્તિનું નામ બોલાય ત્યારે ટાપશી પૂરવાની ટેવ હોય: કલ્યાણજીભાઈ? અમે બેઉ

એક જ ગામના. ધીરુભાઈ? ઓહો, અમે એક જ સ્કૂલમાં ભણતા. અરવિંદ જોષી? એ તો મારા ફાધરની ઑફિસમાં કામ કરતા. આવા ટાપશીખોરોને ચૂપ કરવાનો એક જ ઉપાય છે. એમનું વાક્ય પૂરું થાય કે તરત જ એમને પૂછવાનું: તમે ને કલ્યાણજીભાઈ એક જ ગામના, છતાં તમને મોઢેથી સરખી સીટીય વગાડતાં નથી આવડતું ને એ તો આવડા મોટા સંગીતકાર બની ગયા, એવું કેમ? ધીરુભાઈના તમે સહાધ્યાયી હતા ને એમણે તો રિલાયન્સ બનાવી જ્યારે તમે હજુય એક રૂમની ચાલીમાં કેમ રહો છો? અરવિંદ જોષીનું નામ તો કાન્તિ મડિયા અને શૈલેષ દવેની હરોળનું ગણાય પણ તમે કેમ હજુય નાટકોમાં ઊઘડતા પડદે ડ્રૉઇંગરૂમના સોફા પર ફટકો મારવાનાં પાત્રો કર્યાં કરો છો?

પોતે કંઈક છે એવો અહેસાસ બીજાને સતત થતો રહે એવી વર્તણૂકવાળા માણસો તમે જોયા છે? લગ્નના રિસેપ્શનમાં કે કોઈ પણ સમારંભમાં દાખલ થતી વખતે તેઓ એકાદ સ્ટ્રેટેજિક જગ્યાએ પોતાની ચાલ એકદમ ધીમી કરી નાખશે. પછી મંદ ગતિએ ડાબીજમણી તરફ ગરદન ફેરવીને આંખનાં પોપચાં સહેજ નમાવીને કોઈ રાજવી પોતાની રૈયતને જોતો હોય એ રીતે નજર ફેરવશે. આપોઆપ એવી હવા ઊભી થઈ જશે: આ ભાઈ કોઈ સેલિબ્રિટી હોવા જોઈએ. વાસ્તવમાં તેઓ કોઈ મામૂલી સંસ્થાના મામૂલી હોદ્દેદારથી વિશેષ કંઈ જ ન હોય.

આ પ્રકારની વ્યક્તિઓ કઈ રીતે કોઈને ગમી શકે? કઈ રીતે સહન પણ કરી શકાય એમને? આવા લોકોને ખાળી નથી શકાતા અને તેઓ આપણી સાથેનો પરિચય આસ્તે આસ્તે વધારતા જાય ત્યારે એમના માટેનો અણગમો ધિક્કારમાં પલટાઈ ન જાય તેમાં નવાઈ શું? લોકોને સતત ઉલ્લુ બનાવ્યા કરતા, પોતાની એક ટોળકી રચીને બીજાઓ સાથે દમદાટી કરીને ગેરવાજબી ફાયદાઓ મેળવી લેનારા અને જાહેરમાં નીતિમૂલ્યોની વાતો કરીને બિનજાહેર વર્તનમાં તમામ સિદ્ધાંતોને ફગાવી દેનારા લોકો વિશે તમને ધિક્કાર ન હોઈ શકે? જો આવા લોકોને પણ તમે ધિક્કારી ન શકતા હો તો તમે સમજી શકો છો કે મને તમારા વિશે કેવી લાગણી થાય.



નવ

સૂચનોની દખલગીરી

તમે જે કામ કરો છો એમાંથી મનફાવે
તે રીતે કશું કાઢી નાખવામાં કે
એમાં ઉમેરી દેવામાં આવે ત્યારે.

કાન્તિ મડિયાનું નાટક જોયા પછી કોઈ બૅકસ્ટેજમાં જઈને એમને કહે કે મડિયાજી, બીજા અંકના ત્રીજા દૃશ્ય વિશે તમને એક સૂચન કરું? એટલે કાન્તિ મડિયા પોતાના યુનિટના સૌથી જુનિયર માણસને બોલાવીને કહેતાઃ એય, અહીં આવ જરા. આ ભાઈ શું કહેવા માગે છે તે બરાબર સમજી લે!

સૂચનો આપવાના શોખીનોની હોંશ અહીં જ પૂરી થઈ જાય. સૂચનશોખીનો પોતાને બીજાઓ કરતાં થોડાક વધુ ડાહ્યા સમજતા હોય છે. ટુ બી પ્રિસાઇઝ એક્ઝેક્ટલી ફિફ્ટી પર્સન્ટ વધુ ડાહ્યા. અભિપ્રાયો આપી શકાય છે. છૂટથી આપી શકાય. રસ્તા પર બેસીને ભીખ માગનારાઓથી માંડીને પંદરસો કરોડનું ટર્નઓવર ધરાવતી કંપનીના ચૅરમૅનના ચપરાશી સુધીની કોઈ પણ વ્યક્તિને અભિપ્રાય આપવાની છૂટ છે. આ ગમ્યું, આ ન ગમ્યું. આ કપડું સારું છે, આ સારું નથી. આ ફિલ્મ સારી છે, આ ફિલ્મ સારી નથી. આ છાપું, આ રસોઈ, આ માણસ, આ શહેર, આ પાર્ટી, આ નેઇલ પૉલિશ, આ વડા પ્રધાન. અભિપ્રાયો ગમે ત્યારે ગમે તેના માટે છુટ્ટા ફેંકી શકાય છે. ભારતમાં ક્રિકેટ અને હિંદી ફિલ્મ પછીનો સૌથી વ્યાપક શોખ અભિપ્રાયો છુટ્ટા મારવાનો છે.

અભિપ્રાયો આપવાની કળામાં પોસ્ટ ગ્રૅજ્યુએટ થઈ ગયેલા લોકોને સૂચન કરવાની કળામાં પીએચ.ડી. મેળવવાનું જબરદસ્ત મન થઈ જાય છે. વારંવાર અભિપ્રાયો આપતા રહ્યા પછી તેઓ પોતાની જાતને એ ક્ષેત્રના નિષ્ણાત માનતા થઈ જાય છે. વિરાટ કોહલી સારું રમ્યો કે ખરાબ એવો આજે અભિપ્રાય આપનારાઓ આવતી કાલે કહેવાના છે કે વિરાટે બૅટ કેવી રીતે પકડવું જોઈએ અને પગ કેટલા અંશને ખૂણે વાળીને રમવું જોઈએ. પાનના ગલ્લા પર ઊભા રહીને આ સૂચનબહાદુરો પોતાનો પ્રભાવ દોઢ મીટરના વ્યાસમાં ઊભેલી વ્યક્તિ પર જમાવવાની કોશિશ કરે ત્યાં સુધી ઠીક છે. કેટલાક નસીબના બળિયાઓ ઠેઠ વિરાટ કોહલી સુધી પહોંચી જઈને પોતાની સૂચનકળાનું જ્ઞાન પ્રદર્શિત કરી આવતા હોય છે.

માણસ કામ કરે છે ત્યારે એ પોતાના અનુભવ અને પોતાની સમજને એમાં રેડી દે છે. એ માણસ રિક્શાવાળો હોય કે ક્રિકેટર. એને પોતાના કામમાં દખલગીરી નથી ગમતી. સૂચનો મેળવવાં જ હશે તો એ પોતાના કરતાં વધારે અનુભવી એવી વ્યક્તિ પાસે જઈને મેળવશે. સચિન તેન્ડુલકરે ડૉન બ્રેડમેનને પૂછ્યું હતું કે મારી ટેક્નિકમાં ક્યાં ક્યાં સુધારો કરી શકાય. રિક્શાવાળો એના પૅસેન્જરને નથી પૂછવાનો કે મારે ગાડી કેવી રીતે ચલાવવી. દખલગીરી કોઈને નથી ગમતી. રસોઈ બનાવવામાં ઓતપ્રોત થઈ ગયેલી સ્ત્રીને જેમ કોઈ વચ્ચે વચ્ચે ચાખીને સૂચનો કર્યાં કરે તે પસંદ ન પડે એમ કોઈપણ માણસને કોઈ બીજી વ્યક્તિ ચાલુ પ્રક્રિયાએ સલાહસૂચનો આપ્યાં કરે તે ન ગમે. હક્ક વિના કોઈ વ્યક્તિ બીજાની સર્જનપ્રક્રિયામાં દખલગીરી કરે એને સારી ભાષામાં ઉદ્દેશવિહીન ચરણવિક્ષેપ કહેવાય અને સમજ પડે એવી ભાષામાં ખાલી ફોગટ ટાંગ અડાવવી કહેવાય.

પ્રક્રિયા ચાલતી હોય ત્યારે કે પૂરી થઈ ગઈ હોય ત્યારે સૂચનો ઉપકારક નીવડે, પણ કોનાં? જે વ્યક્તિ આવી પ્રક્રિયાને સમજી શકતી હોય, સર્જનની પ્રસૂતિની પીડામાંથી એ પોતે પણ પસાર થઈ હોય. આવી વ્યક્તિઓનાં સૂચન એક ઉદ્દીપક તરીકે, કેટલિસ્ટ તરીકે કામ કરે અને એક નાનકડો આઇડિયા આવા સૂચનને કારણે ભવ્ય આકાર ધારણ કરે એવું બને. પણ જેમનાં સૂચનો સો ટચનું સોનું પુરવાર થાય એવી વ્યક્તિઓ

કેટલી? આપણી આસપાસની મોટાભાગની વ્યક્તિઓ એવી હોવાની જેમને આપણી પ્રોસેસમાં ચંચુપાત કરવાનું, ઉટપટાંગ સૂચનો આપવાનું અને પોતે પણ 'વિચારી' શકે છે એવો દેખાડો કરવાનું ગમતું હોય છે. આવા લોકોનું એકાદ નાનકડું ભળતુંસળતું સૂચન પણ મૂડ કિરકિરો કરી મૂકવા માટે કાફી હોય છે.

અહીં પંડિત મુખરામ શર્માના બે જાણીતા કિસ્સા યાદ આવે છે. હિંદી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એક જમાનામાં મુખરામ શર્મા હાઇએસ્ટ પેઇડ રાઇટર હતા. ખૂબ બધી હિટ ફિલ્મોની વાર્તા, પટકથા, સંવાદ એમણે લખ્યાં. બી. આર. ચોપરાની ધૂલ કા ફૂલ એમની સૌથી જાણીતી ફિલ્મ. આ ઉપરાંત ઔલાદ, તલાક, સંતાન, પવિત્ર પાપી ઇત્યાદિ. પંડિત મુખરામ શર્માએ એક વખત બી. આર. ચોપરા માટે પટકથા લખવાની શરૂઆત કરી. ચોપરાસા'બે પંડિતજીને કહ્યું કે, 'થોડું લખાઈ જાય પછી એક દિવસ યુસુફસા'બને સંભળાવી આવીએ, એમણે કહ્યું છે.' એ વખતે દિલીપકુમાર ટોચ પર હતા અને ફિલ્મના હીરો તરીકે નક્કી થઈ ચૂક્યા હતા. ડહાપણ એમાં જ હતું કે પંડિતજી ચુપચાપ ચોપરાસા'બે કહ્યું એ મુજબ દિલીપકુમાર સાથે સ્ટોરીસેશન કરે. પણ પંડિતજી અડી ગયા: 'હું કંઈ કોઈને મારી વાર્તા સંભળાવવા ન જાઉં, ડાયરેક્ટરને સંભળાવી છે તે પૂરતું છે.' પરિણામ એ આવ્યું કે ફિલ્મમાંથી પંડિતજી આઉટ થઈ ગયા. એમની વાર્તાને બદલે બીજી વાર્તા પરથી ફિલ્મ બની. હીરો દિલીપકુમાર જ રહ્યા અને ફિલ્મ બની 'નયા દૌર'. જબરદસ્ત હિટ થઈ. એની ખુશીમાં પાર્ટી યોજાઈ. પંડિતજી પણ પાર્ટીમાં હતા. દિલીપકુમાર તો હોય જ. પાર્ટીમાં પંડિતજીએ દિલીપકુમારને જઈને કહ્યું, 'મારી સ્ક્રિપ્ટ પૂરી થાય એ પહેલાં તમને સંભળાવવાની મેં જ ના પાડી હતી. દિલીપકુમાર હસીને બોલ્યા, 'સંભળાવી હોત તો શું બગડી જાત? સજેશન તો કોઈપણ આપી શકે.' પંડિતજીએ કહ્યું, 'ડાયરેક્ટર સાથે, માની લો કે, નક્કી થયું છે કે મારે ગાયનું ચિત્ર દોરીને એમને આપવાનું છે. હવે જ્યાં સુધી આખેઆખી ગાય દોરાઈ ન જાય ત્યાં સુધી કોઈ સજેશન શું આપે? હા, હું ગાયનું ચિત્ર પૂરેપૂરું દોરી લઉં અને એમાં પૂંછડી ગાય જેવી નહીં પણ ઘોડા જેવી ચીતરી હોય કે પછી એનાં શિંગડાં – કાન દોર્યાં જ ન હોય તો સજેશન આપો એ બરાબર છે. અધૂરા ચિત્રે વળી સજેશન શેનું?'

આ એક કિસ્સો જેમાં પંડિતજીએ ગુમાવ્યું. આના કરતાં તદ્દન વિપરીત કિસ્સો. બી. આર. ચોપરાની જ ફિલ્મ ધૂલ કા ફૂલનો જેમાં મૂળ હીરો રાજકુમાર હતા. પૂરી સ્ક્રિપ્ટ સાંભળીને રાજકુમારે પંડિતજીને કહ્યું કે 'આમાં તો તમે મને વિલન જેવો ચીતર્યો છે, આ ઍન્ગલ આખો બદલી નાખવો પડશે.'

પંડિતજીએ કહ્યું, 'એ ઍન્ગલ બદલી નાખું તો પછી વાર્તામાં રહેશે શું?' રાજકુમારે ફિલ્મ કરવાની ના પાડી દીધી. નબળા રાજેકન્દ્રકુમારને લઈને ફિલ્મ બની ને તોય સુપરહિટ થઈ. વાર્તા બેહદ વખણાઈ. પંડિતજીનું કહેવું છે: 'ચિત્રકાર બ્રશનો એક સ્ટ્રોક ખોટો મારે તો આખું ચિત્ર ખરાબ થઈ જાય, એમ લેખક જે લખે એમાંથી મનફાવે એ રીતે કશું કાઢી નાખવામાં કે એમાં ઉમેરી દેવામાં આવે તો એની અવળી અસર આખરી પરિણામ પર પડે.'

પંચતંત્રની વાર્તાની જેમ લેખોની નીચે સાર આપવાનો રિવાજ શરૂ થયો નથી. થયો હોત તો છેલ્લું વાક્ય આ મુજબનું લખ્યું હોત:

બોધ: સુંદર કામ જોઈતું હોય તો કામ કરનારના માર્ગમાં ચરણવિક્ષેપ કરવાની તૃષા પર કાબૂ પ્રાપ્ત કરી લેવો જોઈએ.



દસ

અણગમતી પરિસ્થિતિઓ સાથે
ડીલ કરવાની ત્રણ રીત

દુનિયામાં જે કંઈ છે તેમાંથી તમારી જિંદગીમાં શું અને કેટલું હશે અને શું નહીં હોય
તેનો આધાર તમારા પોતાના પર પણ છે.

બોલચાલની ભાષામાં જે લાગણીને 'મનમાં ખોટા વિચારો બહુ આવે છે' એ શબ્દોમાં વ્યક્ત કરીએ છીએ તે નકારાત્મક સ્વભાવની લાગણીઓ છે. નેગૅટિવ ઇમોશન્સ.

અન્ય વ્યક્તિઓની બાબતમાં કે પરિસ્થિતિની અથવા સંજોગોની બાબતમાં દરેક વ્યક્તિની કેટલીક અપેક્ષાઓ હોવાની, કેટલાક અભિપ્રાયો હોવાના. આ અપેક્ષાઓ અને અભિપ્રાયો સાથે મેળ ન બેસે એવું કશું પણ બને ત્યારે મનમાં ખોટા વિચારો આવે, નકારાત્મક લાગણીઓ સર્જાય.

પોતાનો દરેક અભિપ્રાય અંતિમ છે અને પોતાની કોઈ પણ અપેક્ષા સાથે બાંધછોડ કરવી બિલકુલ શક્ય નથી એવું ધારીને ચાલનારને આવી નકારાત્મક લાગણીઓ વધારે પજવે છે. આની સામે, દરેક અંતિમના સામા છેડે બીજો પણ એક અંતિમ હોઈ શકે છે એવું સ્વીકારનારને અને પોતાનું જ ધાર્યું દર વખતે થાય એવું કોઈ કાળે શક્ય નથી એવું સમજી જનારને આવી નકારાત્મક લાગણીઓ ઓછી કનડે છે. આવી લાગણીઓ તો સર્જાવાની જ. પણ જગત આખુંય શ્વેતશ્યામ, પૂનમઅમાસ કે ધૂપછાંવ જેવા કરોડો વિરોધાભાસો થકી સર્જાયું છે અને આવા વિરોધાભાસો જીવનનું એક અભિન્ન અંગ છે – તમને ગમે કે ના ગમે તો પણ જે છે એ તો છે જ – એવું સ્વીકારી લીધા પછી આ નકારાત્મક લાગણીઓની તીવ્રતા ઓછી, ખાસ્સી ઓછી, સમજોને કે નહિવત્ થઈ જશે.

વિરોધાભાસોને ત્રણ રીતે સ્વીકારી શકાય: કેટલાકને તાત્કાલિક જડમૂળથી ઉખેડી શકાય. કેટલાકના વિકલ્પો શોધી શકાય અને કેટલાક સાથે સમાધાન કરી શકાય.

ચાની સખત તલપ લાગી છે. પ્યૂન ભૂલથી કૉફી લઈને આવ્યો છે. ઠીક છે, કૉફી પાછી મોકલો. બે જ મિનિટમાં ચાનો કપ હાજર થઈ જશે. આ પહેલી રીત.

બીજી રીત. તમે જે પ્રદેશમાં છો ત્યાં આસપાસના સો કિલોમીટરના વિસ્તારમાં ક્યાંય ચા મળતી નથી, કૉફીપ્રદેશ છે. શું કરશો? વિચારશો કે ઓકે, તો પછી કૉફી ચાલશે. આખરે કંઈક ગરમ પ્રવાહી જ પેટમાં પધરાવવું છે જેથી સુસ્તી ઊડે.

અને ત્રીજી રીત. કૉફીનો પ્રદેશ હોય તો હોય. કૉફી પીવાની બાધા છે અથવા તો ખુદ ભગવાન પણ આવીને કૉફીનો મગ ધરે તોય એમને કહું કે તમારે ઝેર આપવું હોય તો ઝેર આપો પણ કૉફીનો ઘૂંટડોય મારા ગળે ઊતરે એમ નથી. અથવા તો મને ક્યારેય એનો સ્વાદ ગમ્યો નથી અથવા તો કૉફી જોતાંવેંત ઉબકા આવવા માંડે છે. તો હવે શું કરશો? ચલાવી લો. ચા-કૉફી વિના ચલાવી લો. આખરે આમાં કોઈ જીવનમરણનો સવાલ તો છે નહીં.

આ ત્રણમાંની કોઈપણ પદ્ધતિએ વિરોધાભાસોને સ્વીકારી લેતાં શીખી ગયા પછી માણસે મગજને ઠંડું પાડવા ન તો માથું ફ્રિજમાં બરફના ખાનામાં મૂકવાની જરૂર પડે કે ન ઇગતપુરીમાં ગોએન્કાજીના ધમ્મપુરીમાં જઈને વિપશ્યના કરવાની જરૂર પડે. તમારી વિપશ્યના ઘરમેળે થઈ જાય. ધ્યાનમાં બેસવાથી મળતી કૃત્રિમ શાંતિ તમને ધ્યાનમાં બેસ્યા વિના ચોવીસે કલાક અવિરત મગજમાં વહેતી હોવાનો અનુભવ થાય અને એ પણ કુદરતી શાંતિ. તમારું માનસિક વાતાવરણ ખુલ્લા પહાડોનાં કે અફાટ દરિયાકિનારાઓનાં સ્થળો પાસેથી મળતી

નૈસર્ગિક નિરાંત અનુભવતું થઈ જાય.

વિરોધાભાસો ઓગાળવાની આ ત્રણ રીતને અમલમાં મૂકવા માટે તમારે કેટલાક પાયાના વિચારો સ્વીકારવા પડે. કોઈ બાબતમાં તમે જે મત ધરાવો છો એ વિશે બીજાઓ તદ્દન વિરુદ્ધ મત ધરાવે કે પછી તમે જે બાબતની ધારણા રાખી હતી તેના કરતાં તદ્દન વિપરીત બની રહ્યું હોય ત્યારે માની લેવાનું કે આ બે સામસામા કે વિરુદ્ધ ધ્રુવના છેડા ટકરાવાથી ઝરતા તણખાઓ જેવા કુદરતી વિરોધાભાસોનું જ પરિણામ છે. પૂર્વ હોય ત્યાં પશ્ચિમ પણ હશે.

આટલું સ્વીકાર્યા વિના કોઈનોય છૂટકો નથી.

પણ વિશ્વમાં જે કંઈ હોય તે બધું જ કંઈ તમારા જીવનમાં પણ હોય એવું જરૂરી નથી. દુનિયામાં બર્ફીલા પર્વતો છે. તમે ક્યારેય ત્યાં સહેલગાહે ન જઈ શકો એ શક્ય છે. જગતમાં ધારાવીની ઝૂંપડપટ્ટી પણ છે. તમારે ક્યારેય એવા ખદબદતા વાતાવરણમાં રહેવા જવું ન પડે એ પણ શક્ય છે. દુનિયામાં જે કંઈ છે તેમાંથી તમારી જિંદગીમાં શું અને કેટલું હશે અને શું નહીં હોય તેનો આધાર અન્ય અનેક બાબતો ઉપરાંત તમારા પોતાના પર પણ છે. વિરોધાભાસોના આ જગતમાંથી તમારે તમારામાં કેટલું પ્રવેશવા દેવું અને કેટલાને જાકારો આપવો તેનો ઘણો મોટો આધાર તમારી પોતાની માનસિકતા પર છે.

વિરોધાભાસોની પ્રવેશબંધી માટે ઓછામાં ઓછું આટલું કરી શકાય:

1. ચિંતાઓ હોવા છતાં એને કારણે આંતરિક સ્વસ્થતાનું આવરણ ન તૂટે એની કાળજી. એક ભરોસો, એક વિશ્વાસ કે છેવટે તો બધું સમુંસૂતરું પાર ઊતરવાનું જ છે. અત્યારે જેને તમે નસીબની લાત માની લીધી છે તે લાત તમને વધુ ઊંચા શિખરે લઈ જવા માટેની જ છે એવી શ્રદ્ધા અકબંધ હોય તો જ અંદરની સ્વસ્થતા અખંડ રહે.

2. બહારની તમામ અનિશ્ચિતતા વડે તમે ઘેરાયેલા હોવા છતાં તમારામાં રહેલી દીવાદાંડીના કાચ તમે ચોખ્ખા રાખજો જેથી ગાઢ ધુમ્મસ વચ્ચે પણ એનો પ્રકાશ દૂરદૂરથી દિશાભાન કરાવી શકે. તમારે જે કંઈ જોઈએ છે, જે વિચારોને તમારા તરફ આવવા દેવા છે તેના માટે અંતે તો આ દીવાદાંડીનો પ્રકાશ જ કામ આવવાનો છે, વાતાવરણની અનિશ્ચિતતા આવા સંજોગોમાં તમને અકળાવી નહીં શકે.

3. તમારે જ્યાં પહોંચવું છે ત્યાં સુધી પહોંચવાના માર્ગમાં ખૂબ બધી અણગમતી વાતો છે. એને જો ટ્રેનનો પ્રવાસ માનીએ તો પ્લૅટફૉર્મ પાસેના પાટાઓ વચ્ચેની ગંદકી છે, ખૂબ બધી ભીડ અને કાનમાં વાગતો કોલાહલ છે, ખાવાનાં તો ઠીક ક્યારેક પીવાના ચોખ્ખા પાણીનાંય ઠેકાણાં નથી. કબૂલ. પણ થોડાક કલાક કે એકાદ બે દિવસની જ આ અગવડો છે. આટલા ઓછા સમય માટેનો એ ત્રાસ સહન કર્યા પછી તમે ગંતવ્યસ્થાને પહોંચવાના જ છો. તો પછી શા માટે આ યાત્રા દરમિયાન તમે તમારા મનમાં સર્જેલું આહ્લાદક વાતાવરણ ડહોળાઈ જવા દો? તમારું આ ભાવવિશ્વ તમારી સૌથી મોટી મૂડી છે. તમે જે કંઈ છો તે આના પ્રતાપે છો. અને જે કંઈ કરવા ધારો છો તે પણ આ ભાવવિશ્વના કારણે જ શક્ય બનવાનું છે.

પસંદગી તમારે કરવાની છે. તમારા મખમલી ભાવવિશ્વ પર આસપાસના અનેક લોકો દ્વારા ઉકરડાની જાજમ બિછાવી દેવામાં આવી હોય ત્યારે તમારે એ કુરૂપ કારપેટનું ચિંતન કરવું છે કે એની હેઠળ છુપાઈ ગયેલી તમારી સૌંદર્યભરી સૃષ્ટિનું.

જાજમનો તો વીંટો વાળી શકાય એમ છે. પેલું ભાવવિશ્વ કાયમનું તમારી સાથે રહેવાનું છે.

4. તમને હીણા ચીતરીને પોતાનું ગૌરવ વધી રહ્યું છે એવું માનતા લોકો ચારે તરફથી ટીકાનાં તીર વરસાવ્યા કરતાં હશે ત્યારે તમારું આત્મગૌરવ, તમારી સેલ્ફ એસ્ટીમ જ તમારું બખ્તર બની રહેવાનું. કોઈ કંઈક કહી જાય એના કારણે તમે તમારી જાતને નીચી કે ઊતરતી નહીં માની લો. તમને ખબર છે કે તમારામાં શું શું છે. શું શું નથી એની પણ જાણ છે. પરંતુ એ ખોટ ભરપાઈ કરવાના તમારા પ્રયત્નોમાં આ તીર છોડનારાઓમાંથી

કોઈનોય સાથ તમને મળવાનો નથી. એ કામ તમારે એકલાએ જ કરવું પડશે.

તમારી ટેકણલાકડી પડી ગઈ હશે તો તમારે જાતે જ નીચા વળીને એને ઉઠાવી લેવાની. એ માટે આ તીરંદાજોની મદદ નહીં લેવાની. કારણ કે તમને મદદ કરવાને બહાને જો તેઓ નીચે વળીને એ લાકડી ઊંચકી લેશે તો એને તમારા હાથમાં થમાવવાને બદલે કચકચાવીને તમારા માથા પર ફટકારશે અને તમ્મર ખાઈને તમે પડી જશો તો પછી ફરી ઊભા થતાં વાર લાગશે. અને ત્યાં સુધીમાં આ મદદિયાઓ તમારી આધારલાકડી લઈને ભાગી છૂટ્યા હશે. માટે જ કોઈપણ ભોગે તમારા આત્મસન્માનના સુરક્ષાચક્રનો કોઠો કોઈનેય નહીં ભેદવા દેવાનો, કોઈનેય નહીં.

5. અવરોધો, નો એન્ટ્રી તથા બંધનો તમને નડવાનાં છે. માણસ વ્યક્તિ મટીને સામાજિક પ્રાણી બની જાય એમાં જ સમાજને રસ હોય છે. એટલે જ આ સમાજ તમને સામે ચાલીને ક્યારેય મુક્તિનો અહેસાસ નહીં કરાવે. દરેક વ્યક્તિએ પોતાની સ્વતંત્રતા ઝૂંટવીને લેવી પડે. એને ચાંદીની તાસક પર મૂકીને કોઈ તમને આપવા નહીં આવે.

આટલું નક્કી કરી લીધા પછી વિરોધાભાસોનો સામને કરતાં તમને આવડી જશે કેઃ કાં તો હું આગ્રહપૂર્વક મારું ધાર્યું કરું, એ શક્ય ન હોય તો એના વિકલ્પથી ચલાવી લઉં અને એ પણ શક્ય ન હોય તો જે હોય તેને ઉદારતાથી સ્વીકારી લઉં.



અગિયાર

પોતાની નબળાઈઓ ઢાંકવાની સૌથી મોટી નબળાઈ

અણબનાવ વખતે જે કારણે આ કલહ સર્જાયો તે ગાંઠને ઉકેલવાને બદલે લોકો એકબીજાના આત્મગૌરવ પર પ્રહારો કરવામાં વ્યસ્ત રહે છે.

રાલ્ફ વાલ્ડો એમર્સને કહ્યું કે, 'કાચબાને હંમેશાં કાચબાઓના જ વિચારો આવે.' એમર્સન ફિલસૂફ હતો પણ એ ચોવીસે કલાક ફિલસૂફ તરીકે નહોતો જીવતો, એક માણસ તરીકે જીવતો હતો. જરા કલ્પના કરો કે જો તમે બૅન્કના મૅનેજર હો અને ચોવીસે કલાક મગજમાં મૅનેજરપણું રાખીને જીવતા હો તો કેવા બની જાઓ? તમે કરિયાણાની દુકાનના માલિક હો તો ચોવીસે કલાક કરિયાણાવાળા તરીકે જીવવાનું તમને કેવું લાગે? તમે લેખક હો અને ચોવીસે કલાક મગજ પર લેખક હોવાનો ભાર લઈને ફરતા હો તો કેવા લાગો?

સવારના ઊઠીને તરત માણસના મગજ પર એના જીવનમાં ભજવવાનું મુખ્ય પાત્ર સવાર થઈ જાય છે. જો એ માતા હોય તો સંતાનને સમયસર ઉઠાડી, તૈયાર કરી, સ્કૂલે મોકલીને એ પાછું આવશે ત્યારે એને શું જમાડીશ અને હોમવર્ક કેવી રીતે પૂરું કરાવીશ કે આજે કયા એકસ્ટ્રા ક્લાસમાં જવાનું છે કે આજે કેટલું ટીવી જોવા દેવાનું છે એની ચિંતામાં જ એનો આખો દિવસ ખર્ચાઈ જાય. નોકરિયાત, વ્યવસાયી કે ધંધાદારી માણસ સવારે ઊઠતાંની સાથે જ કારકુન, ડૉક્ટર કે કાપડનો વેપારી બની જતો હોય છે અને રાત્રે સૂતાં સુધી એના મગજમાંથી આ વિચારો દૂર થતા નથી.

જે ક્ષેત્રમાંથી આજીવિકા આવતી હોય એમાં જ મગજ નિરંતર રોકાયેલું રહે એ જોખમી છે. આવું રોકાણ માણસના વ્યક્તિત્વને મર્યાદિત કરી મૂકે, એને એકમુખી બનાવી દે. ઘણા લોકોને રવિવારે કંટાળો આવે છે. એમની ફરિયાદ હોય છે કે 'રજાના દિવસે ટાઇમપાસ કેવી રીતે કરવો એની સમજ પડતી નથી.' સમજ નથી પડતી કે કોઈપણ માણસને 'સમય પસાર કરવાની' જરૂર જ શા માટે પડે? સમય કંઈ પસાર કરવાની ચીજ છે? પૈસા જેટલી જ, એના કરતાંય અનેકગણી મૂલ્યવાન આ ચીજ છે. આ મહિને બહુ પૈસા કમાઈ લીધા, હવે સમજ નથી પડતી કે એને વાપરવા કેવી રીતે – આવી ફરિયાદ કોઈએ કરી છે ક્યારેય? સમયનો સંગ્રહ નથી થઈ શકતો. અને સારું જ છે કે નથી થઈ શકતો, જેથી આપણે એને એ મળે છે એવો જ, તાજો ને તાજો વાપરી શકીએ છીએ.

આજીવિકા મેળવવા માટે કરવી પડતી પ્રવૃત્તિ કે એ માટે ફાળવવામાં આવતો સમય દરેક વ્યક્તિની જિંદગીનો એક અંશ છે, સમગ્ર જિંદગી નથી. કૅશિયર કે કરિયાણાવાળા તરીકેની જિંદગી ઉપરાંત તમારી પાસે અલગ અલગ ઘણી જિંદગીઓ છે – એક પિતા તરીકેની, મિત્ર તરીકેની, પ્રવાસી તરીકેની, સામાજિક કાર્યકર તરીકેની, ટેનિસ પ્લેયર તરીકેની બાગકામના શોખીન તરીકેની. પણ માણસને પોતાનો વ્યાપ ઓછો કરી નાખવામાં સલામતી લાગે છે. સંકુચિત બની જવાથી હૂંફ મળી જતી હોય એવું લાગે છે. વ્યાપ વધારવાથી અંદર પડી રહેલી શક્તિઓ અને નબળાઈઓ પણ બહાર આવે. માણસને પોતાની નબળાઈઓ બહાર આવે એનો ડર લાગે છે. એ જોઈ શકતો નથી કે આ નબળાઈઓ તો શક્તિઓની બાય-પ્રોડક્ટ છે, પોતાની પૂરેપૂરી ક્ષમતા બહાર આવતી હોય ત્યારે એને ખેંચી રાખનારી નબળાઈઓ પણ બહાર ફેંકાવાની જ. મહત્ત્વ શાનું છે? ચાર નવી વસ્તુ કરવાનું કે પછી નવું કરવાને કારણે દેખાઈ જતી થોડીક નબળાઈઓનું?

પોતાની નબળાઈઓને વાજબી ઠેરવવાની સૌથી મોટી નબળાઈ દરેકનામાં હોય છે. સામાન્ય રીતે જૂઠું ન બોલવામાં માનતા લોકો કે દંભ ન આચરવામાં માનતા લોકો પોતે કોઈકની આગળ ખોટું બોલીને આવે છે

ત્યારે આવીને તેઓ પોતાના જુઠાણાને વાજબી ઠેરવતાં હજાર કારણો રજૂ કરે છે. કશુંક છુપાવીને તમારી સામે અર્ધસત્ય રજૂ કરીને દંભ આચરતા લોકોની આવી વૃત્તિ ખુલ્લી પડી જાય ત્યારે તેઓ પોતાની આ ચાલબાજીને એટલી સરસ રીતે વાજબી ઠેરવી શકે છે કે ઘડીભર તમે પણ ખુશ થઈ જાઓ કે કેટલું સારું થયું એણે મારી સાથે આવી રમત રમી! પોતાના ખરાબ વર્તનને વાજબી ઠેરવીને છટકી જવાની ગજબની કુનેહ ઘણા લોકોમાં હોય છે. એમનાં પચાસ ગેરવર્તનો પછી પણ તેઓ તમારામાં એવી છાપ ઊભી કરી શકે કે એમના જેવી પવિત્ર અને સાત્ત્વિક વ્યક્તિ દુનિયામાં બીજી કોઈ નથી અને તમારા જેવો મુફલિસ અને મવાલી પણ બીજો કોઈ નથી.

બે માણસો વચ્ચે મતભેદ થાય કે એને કારણે મનભેદ સર્જાય કે શાબ્દિક કે વૈચારિક તડાફડી થાય ત્યારે એ મુદ્દો જેને કારણે ઊભો થયો છે તે ગાંઠને ઉકેલવાને બદલે તેઓ એકબીજા પર આક્ષેપો કરવામાં વ્યસ્ત રહે છે, પોતપોતાના અહમ્‌ને સાચવવામાં અને બીજાના આત્મગૌરવ પર પ્રહારો કરવામાં રોકાયેલા રહે છે. આવું કરવામાં ને કરવામાં સમય વહી જવાથી ક્યારેક પેલી ગાંઠ આપોઆપ ખૂલી ગઈ હોય કે ઓગળી ગઈ હોય તો પણ એના તરફ ધ્યાન નથી જતું અને ઝઘડો ચાલુ રહે છે.

કલહ, વિસંવાદ કે અણબનાવ વખતે એનો ઉકેલ લાવવા કશુંક કરવાનું હોય, કોઈક ક્રિયા કરવાની હોય. એને બદલે આપણે સામાવાળાના શબ્દોની પ્રતિક્રિયા કેવી રીતે આપવી, એને રિએક્ટ કેવી રીતે થવું એની જ ગડમથલમાં હોઈએ છીએ. આવી પરિસ્થિતિઓમાં ક્રોધ, અવિશ્વાસ, પડકાર, તિરસ્કાર, રંજ કે ભય જેવી લાગણીઓ પ્રગટ કરીને પ્રતિક્રિયા દર્શાવવાને કારણે સામેવાળી વ્યક્તિ સુધી પહોંચવાના તમારા અને તમારા સુધી આવવાના એના રસ્તાઓ બંધ થઈ જાય છે, વાતચીત મુશ્કેલ બનતી જાય છે, સંવાદિતા ડહોળાઈ જાય છે અને સમાધાનની અથવા તો મન ફરીથી શાંત થાય એવી પરિસ્થિતિની શક્યતા વધુ ને વધુ દૂર ઠેલાતી જાય છે. આ સમાધાન એટલે શું? સંસ્કૃતમાં સમાધિ એટલે સ્થિર કે એકાગ્ર થવું અને સમાધિત એટલે સમાધાન પામેલું, શાંત થયેલું. કોમ્પ્રોમાઇઝના ચાલુ અર્થવાળા સમાધાનની અહીં વાત નથી. એ પ્રકારનું સમાધાન ધંધામાં હોય કે રાજકારણમાં હોય.

વિસંવાદની પરિસ્થિતિને વધુ ગૂંચવાતી રોકવાનું કામ ધારીએ છીએ એટલું અઘરું નથી. થોડાક સવાલ જાતને પૂછી લીધા હોય તો સારું: આ કલહના પાયામાં શું છે, એ કેવી રીતે સર્જાયો? એનું બીજ કયું અને અત્યારે જે વિકરાળ સ્વરૂપ એણે ધારણ કર્યું છે તેનાં કારણો ક્યાં? આને કારણે સૌથી વધુ કઈ વાત તમને કનડી રહી છે? ઉત્તમ ઉપાય એ છે કે આ પરિસ્થિતિ સાથે ન સંકળાઈ હોય એવી કોઈક ત્રીજી વ્યક્તિ સમક્ષ છૂટથી વાતો કરવી અથવા તો પોસ્ટ ન કરવા ધારેલા પત્રમાં બધી જ લાગણીઓ ઠાલવી દેવી. મોટાભાગની ગૂંચ આ બેમાંથી કોઈપણ એક સાદી પદ્ધતિએ ઉકેલી શકાય છે. લાગણીભર્યા પ્રત્યાઘાતો કે સંવેદનશીલ પ્રતિક્રિયાનો તબક્કો ઝડપથી વટાવી દીધા પછી એમાં પડ્યાપાથર્યા રહેવાને બદલે તરત જાણી લેવું કે હવે મારે શું કરવું જોઈએ? રિ-ઍક્ટમાંથી ઍક્ટના તબક્કે આવી જવાની વાત છે. શું કરું તો આ ગાંઠ ખૂલી જાય? લાગણીના આવેગથી સર્જાતી પ્રતિક્રિયાને ઝડપથી ઓળંગી ગયા પછી જ માણસ તર્કબદ્ધ રીતે સંતોષજનક વર્તન કરી શકે અને ત્યારે જ કોઈપણ પ્રશ્નનું ટકાઉ નિરાકરણ આવે. કોઈકની સાથે સર્જાયેલી સમસ્યાનો નિવેડો લાવવા કે એમને તમારા વિચારો સાથે સહમત કરવા એમના આત્મગૌરવને સાચવીને એમનો વિરોધ કરવો પડે.



બાર

અભિપ્રાયો અંતિમ સત્ય નથી હોતા

લોકો વિશે તમે કેટલા અભિપ્રાયો ઉછાળતા રહો છો? તમારા મિત્રો અને પરિચિતો પણ આટલી જ બેજવાબદારીથી તમારા વિશે બોલતા હોય છે.

પેલા ભાઈ વિશે તમે શું માનો છો? કોઈકે આવો સવાલ કર્યો ત્યારે તમે કહી દીધુંઃ જવા દોને, એનામાં બહુ પડવા જેવું નથી. માત્ર એક વાક્યમાં તમે એક આખા માણસનો, અત્યાર સુધી આ દુનિયામાં રહીને એણે જે કંઈ કર્યું છે તેનો અને બાકી રહેલી જિંદગીમાં એ જે કંઈ કરવા માગે છે અથવા કરી શકશે તેનો એક ઝાટકે છેદ ઉડાડી નાખ્યો. તમને કદાચ ખબર પણ નહીં હોય કે વગર લેવેદેવે તમે પેલા ભાઈને કેટલો મોટો અન્યાય કરી નાખ્યો. બીજા વિશે જજમેન્ટ પાસ કરતી વખતે આપણે કેટલા બેજવાબદાર હોઈએ છીએ એનો ખ્યાલ સુધ્ધાં આપણને નથી હોતો.

મૅચ્યોર ન થયેલા મનને સતત કશુંક ન ગમતું રહે છે. ગમા-અણગમાની પેલે પાર રહેલાં, ગીતામાં જેને સાક્ષીભાવ કહે છે એવાં, સંવેદનો સુધી મોટા ભાગના લોકો પહોંચી શકતા નથી. આપણા અંગત ગમા-અણગમાને તેમ જ ચોક્કસ ચોકઠામાં ઊછરેલા પૂર્વગ્રહને અભિપ્રાયના પડીકામાં બાંધીને બીજાના હાથમાં પકડાવી દઈએ છીએ અને બીજો માણસ રૂપાળા પૅકિંગને તમારી તટસ્થતા માની ત્રીજી વ્યક્તિ વિશેનો તમારો મત યથાવત્ સ્વીકારી લે છે.

કોઈ માણસના આર્થિક વ્યવહાર વિશે, ચારિત્ર્ય વિશે, કામ કરવાની શૈલી તથા દાનત વિશે, એની ઉદારતા કે કૃપણતા વિશે, એના સ્વભાવની ખાસિયતો તથા એની ટેવો વિશે કે પછી તમારા તરફની એની લાગણી વિશે તમને જે અનુભવ થયો હોય એવો જ અનુભવ બીજાને થાય એ જરૂરી નથી. તમને પોતાને પણ એની સાથેનો એ અનુભવ ભવિષ્યમાં ફરીથી થાય એ પણ જરૂરી નથી. કોઈ તમારી સાથે અમુક સમયે કે ચોક્કસ પરિસ્થિતિ વખતે કેવું વર્તન રાખે છે એના આધારે તમે એના સમગ્ર વ્યક્તિત્વ વિશે સર્વકાલીન અભિપ્રાય ફેંકવાની લાયકાત ધરાવતા થઈ જતા નથી. ફોન પરની વાતચીતથી માંડીને ઓવર અ ડ્રિન્ક થતી બહેકી બહેકી વાતો દરમ્યાન તમે કેટકેટલા અભિપ્રાય બીજા લોકો વિશે ઉછાળતા રહો છો તેની ગણતરી કરજો. તમારા પોતાના વિશે પણ તમારા મિત્રો, સંબંધીઓ, પરિચિતો આટલી જ બેજવાબદારીથી અભિપ્રાયો વરસાવતા રહે છે એ પણ ધ્યાનમાં રાખજો અને આવા વર્તાવથી દુઃખી થઈ જાઓ ત્યારે હ્યુ પ્રેથરનું આ સદાબહાર વાક્ય યાદ રાખજોઃ 'કોઈ મારી ટીકા કરે તેના કારણે હું એવો થઈ જતો નથી.'

કોઈક વ્યક્તિ વિચાર, ઘટના કે સ્થળ વિશે અંગત દૃષ્ટિબિંદુ હોવામાં અને સટાક દઈને ફેંકાતા અભિપ્રાયમાં ઘણું મોટું અંતર છે. કેટલાક લોકો તદ્દન બીજા જ અંતિમે જઈ બેસતા હોય છે અને ક્યારેય અભિપ્રાય આપતા જ નથી. તેઓ માની લેતા હોય છે કે પોતાની ગણના તટસ્થ વ્યક્તિમાં થશે. આવા લોકોની ગણના સાદા શબ્દોમાં મીંઢા અને પૅક માણસ તરીકે અને મસાલેદાર શબ્દોમાં લુચ્ચા અને લબાડ માણસ તરીકે થતી હોય છે.

મગનું નામ મરી ન પાડવાની વાણિયાશાહી ચતુરાઈમાં માનનારા લોકો તમારા ભોળપણનો કે પછી તમારી અસાવધતાનો કે તમે મૂકેલા વિશ્વાસનો લાભ લઈ તમારા પેટમાં પેસી દરેકેદરેક વાત જાણી લેતા હોય છે. તેઓ તમારા મોંમાં આંગળાં નાખી જગત આખા વિશેના અભિપ્રાયો ઓકાવતા રહે છે અને તમે એ જ મુદ્દા વિશે કે વ્યક્તિ વિશે એમનો અભિપ્રાય પૂછો તો તરત ચૂપ થઈ જશે અથવા વાત આડી ફંટાવશે અને બહુ આગ્રહ કરશો તો એવી ગોળ ગોળ જલેબીઓ પાડશે કે તમે ચોવીસ જન્મારા સુધી નક્કી નહીં કરી શકો કે એ

શું કહેવા માગતા હતા. કેટલાકને પોતાના પૂર્વગ્રહો ઢાંકીને તટસ્થ દેખાવાની એટલી હોંશ હોય છે કે તેઓ મણની ટીકા કરતાં પહેલાં નવટાંક પ્રશંસાની પ્રસ્તાવના અચૂક બાંધવાના.

કોઈકના વિશે તમને કોઈપણ બાબતે પૂછવામાં આવે ત્યારે શું કરવું? ખબર ન હોય તો ના પાડવી અને કારણ આપીને જણાવવું કે એ વ્યક્તિની આ બાબત વિશે મને કશી જાણકારી નથી. પણ આપણે બહાદુરો, ન જાણતા હોવા છતાં, જાણવાનો દેખાવ કરતા હોઈએ છીએ જેનાં બે કારણો હોય: એક તો, પોતે સર્વજ્ઞ છે એવો દેખાડો કરવાની હોંશ જેને કારણે સમાજમાં પાંચમાં પુછાવાની આપણી અબળખા પૂરી થતી હોય છે. બીજું, જે વ્યક્તિ વિશે અભિપ્રાય માગવામાં આવ્યો હોય એ વ્યક્તિ જાણીતી હોય તો એના વિશે કશું પણ કહીને આડકતરી રીતે આપણે એ વાત સ્થાપિત કરવા માગતા હોઈએ છીએ કે એ જાણીતી વ્યક્તિની આપણે નિકટ છીએ અને એટલું જ નહીં, નિકટ હોવા છતાં આપણને એની કંઈ પડી પણ નથી.

કોઈના વિશે બોલતી વખતે કયા સંદર્ભમાં અને કયા આધારે આ અભિપ્રાય આપી રહ્યા છીએ તે સ્પષ્ટ કરવું જરૂરી. કોઈ જાણીતો ક્રિકેટર હજારો ચાહકોની ભીડ વચ્ચેથી પસાર થઈ રહ્યો હોય અને દૂરથી એનો નાનકડો દીકરો એને બૂમ પાડે અને ક્રિકેટર એ ન સાંભળે ત્યારે આ દૃશ્ય જોનાર જો તમે હો તો શક્ય છે કે કોઈકને કહી બેસો કે આને તો એના દીકરાની કંઈ પડી જ નથી. પછી ઉમેરો, ઑટોગ્રાફ આપવામાંથી ઊંચો આવે તો ને. પછી વધુ ઉમેરો, ટોળામાંથી સુંદર છોકરીઓને વીણી વીણીને એને જ પહેલાં ઑટોગ્રાફ આપતો હતો અને છેલ્લે તમે જેને અંતિમ સત્ય તરીકે ફેંકો છો તે વાક્ય 'છે જ પહેલેથી આવો.' છેવટે પૃથક્કરણ: હું ઓળખુંને એને. એના જેવો ખરાબ માણસ એકેય નથી.

કોઈકને તમે મળવા જાઓ છો. પેલા ભાઈ મુલતવી ન રાખી શકાય એવા કામમાં ગળાડૂબ છે. તમે શાંતિથી ગપ્પાં મારવાના ઇરાદે ગયા હો છો. તમારી મુલાકાત ડિઝેસ્ટર પુરવાર થાય છે. આ વાતનો ગુસ્સો આજે નહીં તો આવતી કાલે એ વ્યક્તિ વિશેના અન્ય કોઈ બાબતના અભિપ્રાયમાં ભેળવીને તમે ઠાલવો છો.

કોઈ પણ માણસ જે કંઈ કહે છે એમાંથી કેટલું સ્વીકારવું અને કેટલું નકારવું એ વિશેની આપણી સમજ એટલે જ વિવેકબુદ્ધિ. કોઈનોય કોઈનાય વિશેનો અભિપ્રાય અંતિમ સત્ય નથી હોતો, હોઈ શકે પણ નહીં. એવો અભિપ્રાય બાંધવા પાછળનો કે તમારા સુધી પહોંચાડવા પાછળનો એમનો આશય શું હોઈ શકે એની તમને ખબર જ નથી હોતી. આશય શુભ હોય તો પણ કયા સંજોગોમાં અને અગાઉના કયા પ્રસંગોના આધારે આ અભિપ્રાય બંધાયો છે એનો પણ તમને ખ્યાલ નથી હોતો. અને માની લો કે હકીકતોને સંપૂર્ણપણે સાચા સંદર્ભો સાથે ટાંકીને અભિપ્રાય ઉચ્ચારવામાં આવતો હોય ત્યારે પણ તમારી પાસે એક વાત જાણવાની કોઈ ચાવી હોતી નથી કે જે વ્યક્તિ વિશે અભિપ્રાય આપવામાં આવે છે એ વ્યક્તિ માટે અભિપ્રાય આપનારના મનમાં કોઈક કારણોસર કે કારણ વિના પૂર્વગ્રહ બંધાઈ ગયો છે કે નહીં. આવા પૂર્વગ્રહો ઘણી વખત તટસ્થ અભિપ્રાયના નામે તમારા મગજમાં ઠોકી બેસાડવામાં આવતા હોય છે.

ગામ આખાની સતત પંચાત કર્યા કરતા લોકો અભિપ્રાય આપવામાં ઉસ્તાદ હોય છે એવું અમારું માનવું છે. તમે શું માનો છો?



તેર

માનસિક સ્વતંત્રતા સોફાના પોચા પોચા ખોળામાંથી નથી મળતી

આર્થિક, સામાજિક કે ઇમોશનલ સલામતીની માત્ર એક ઔંસ ઇચ્છાની સામે એક ટન જેટલી માનસિક સ્વતંત્રતાનો ભોગ આપી દેવો પડે છે.

ભારતની રાજકીય આઝાદી પછી ત્રણ ક્ષેત્રે પરતંત્રતા ચાલુ રહી. બહુરાષ્ટ્રીય કંપનીઓ અને વિશ્વ બૅન્કના ઓશિયાળાપણા હેઠળની આર્થિક પરતંત્રતા, જડબેસલાક જ્ઞાતિપ્રથામાંથી નીપજતી સામાજિક પરતંત્રતા અને જીવતા જાગતા માણસને મડાં બનાવી દેનારી માનસિક પરતંત્રતા.

વ્યક્તિથી માંડીને રાષ્ટ્રને કનડનારી સૌથી મોટી પરતંત્રતા કોઈ હોય તો તે છે માનસિક પરતંત્રતા. આ પરતંત્રતાની હયાતિમાં અન્ય પરતંત્રતાઓને લાંબા ગાળા માટે કે પછી કાયમ માટે દૂર કરવી મુશ્કેલ જ નહીં, અશક્ય પણ છે. આઝાદીના આટઆટલા દાયકાઓ પછી પણ એક ભારતીય નાગરિક તરીકે અને એક વ્યક્તિ તરીકે માનસિક રીતે આપણે પરતંત્ર જ રહ્યા.

આવું તે કંઈ થાય – માનસિક પરતંત્રતાનું સૌથી પહેલું ઇન્ડિકેટર આ છે. સ્ત્રી પચીસ વર્ષની હોય, પચાસ વર્ષની કે પંચોતેર વર્ષની. પતિના અવસાન પછી કપાળે ચાંલ્લો કરે ત્યારે આસપાસના લોકોની તાત્કાલિક પ્રતિક્રિયા આ જ આવવાની: આવું તે કંઈ થાય. ઉદ્યોગપતિનો પુત્ર બાપની ગાદીએ બેસવાને બદલે ક્રિકેટર બનવા માગે કે તબલાંવાદક બનવા માગે ત્યારે સમાજ કહેવાનો: આવું તે કંઈ થાય. સામાજિક પછાતપણું જોર કરીને વ્યક્તિના ચિત્તમાં પ્રવેશી જાય છે ત્યારે અનિચ્છાએ એણે માનસિક પછાત દશા સ્વીકારી લેવી પડે.

સમગ્ર સમાજની પરવા ન કરીએ તો પણ કુટુંબીજનો-મિત્રો-પરિચિતો-સ્વજનો ઇત્યાદિ તરફથી સતત આપણો સ્વીકાર થતો રહે એવી ઇચ્છા માનસિક પરતંત્રતાની દીવાલને મજબૂતી અર્પે છે. કોઈકની પ્રશંસાથી રાજીના રેડ થઈ જતું અને ટીકાથી નારાજગી અનુભવ્યા કરતું મન પરતંત્ર રહે એમાં નવાઈ નથી.

અભિપ્રાયો કોઈએ થૂંકી કાઢેલા ઠળિયા જેવા હોય છે. તમારા સ્વાર્થને ખાતર, તમારી અણસમજને કારણે કે પછી તમારી ખરેખરી ભૂલને લીધે તમે કોઈના વિશે 'એ તો તદ્દન નકામો માણસ છે' એવું કહીને જે ઠળિયો થૂંકી નાખો છો તે બીજાએ ફરીથી શા માટે મમળાવવો પડે? પણ આ જ થતું રહ્યું છે સતત. 'પેલો આના વિશે આવું કહેતો હતો, બાકી આપણે તો શું જાણીએ' કહીને બીજાના અભિપ્રાયો પર પ્રમાણપત્રોના હારતોરા લટકાવ્યા કરતા લોકો પૂર્વગ્રહયુક્ત હોવાના. આવા, અગાઉથી જ ભીડી રાખેલા મગજના બારણાવાળા, લોકોને માનસિક પરતંત્રતા કોઠે પડી ગઈ હોય છે.

તમામ સામાજિક વિઘ્નો પાર કરવાની તાકાત આવી જાય તો પણ એક મોટો પહાડ ઘરમેળે ઊભો થઈ જાય છે. કૌટુંબિક નિયંત્રણો. માનસિક પરતંત્રતાને પોષનારું આ એક ઘણું મોટું તત્ત્વ છે. ધાકધમકી, લાડપ્યાર અને ઇમોશનલ બ્લૅકમેઇલિંગની તોપોમાંથી આ નિયંત્રણોના ગોળા છૂટે છે ત્યારે માનસિક સ્વતંત્રતા ભણી દોડતા સૈનિકનાં શરીરના ચીંથરાં ઊડી જાય છે. કુટુંબના સભ્યો ભાગ્યે જ પોતાનાં સ્વજનોને માનસિક રીતે સ્વતંત્ર થવાની મોકળાશ આપે છે. પોતે જેને નથી ભોગવી એવી સવલત બીજું શા માટે લઈ જાય?

અજાણ્યા રસ્તે ચાલતાં ડર લાગવાનો. જે કામ કોઈએ નથી કર્યું તે કરતાં લાગવાનો. આ ડરના સર્જનાત્મક પાસાને જેઓ સમજી નથી શકતા તેઓ આગળ વધતાં અચકાય છે. તેઓ સામે ચાલીને પોતાના પગને બેડીઓ પહેરાવી દે છે જેથી ભૂલેચૂકેય અજાણ્યા પ્રદેશોની સફર કરવા ઊપડી ન જવાય. ભયભીત માનસ સતત બીજાનો આશરો શોધ્યા કરે છે.

સલામતીની ઇચ્છા જેવી પ્રગટી કે તરત જ મન પરતંત્ર થઈ ગયું. સલામતીની એક ઔંસ ઇચ્છાની સામે એક ટન જેટલી સ્વતંત્રતાનો ભોગ આપવો પડે. સતત આશરો શોધ્યા કરતા મનનું સ્ટિયરિંગ બીજી વ્યક્તિઓના હાથમાં જ રહેવાનું. તમને આર્થિક સલામતી, લાગણીની સલામતી, સામાજિક સલામતી કે એવી કોઈ પણ પ્રકારની સલામતી જે લોકો આપે છે તેઓ તમારી પાસેથી એની પૂરેપૂરી કિંમત વસૂલ કરીને જ છોડે છે.

રોગનું નિદાન કર્યા પછી એનો ઇલાજ કરવાનો રહે છે. માનસિક પરતંત્રતાનાં લક્ષણો અને કારણોની તપાસ કર્યા બાદ માનસિક સ્વતંત્રતા તરફ જતા માર્ગના કેટલાક મુકામોની ઓળખાણ કરી લઈએ.

માનસિક રીતે સ્વતંત્ર થવા માટેનો કોઈ રસ્તો સરળ નથી. કપરા અને કાંટા છવાયેલા માર્ગ પર મુસાફરી કરવાની માત્ર તૈયારી જ નહીં, હોંશ પણ હોય એમને જ આવી મુસાફરીનાં સપનાં જોવાનું પોસાય. સૌથી પહેલાં તો આ રસ્તે આવતા દરેક પડકારને શોધીને બહાર કાઢવા પડે. કોઈ દલીલ કર્યા વગર ચૂપચાપ ચાલ્યા કરવું સહેલું છે. પણ સતત પ્રશ્નો પૂછતા રહીને, પડકારો ઊભા કરવાથી નવી દિશાઓ મળે છે. કોઈ કંઈ કહે કે કશુંક વાંચ્યું કે કશુંક જોયું તે બધાનો યથાતથ સ્વીકાર કરતાં પહેલાં પ્રશ્નો પૂછવા. અજ્ઞાન અને અંધશ્રદ્ધાઓને દૂર કરવાનો ઉત્તમ ઉપાય પ્રશ્નો પૂછવાની તૈયારી છે.

માનસિક સ્વતંત્રતા સસ્તામાં નથી મળતી. ઍરકન્ડિશન્ડ વાતાવરણમાં કે સોફાના પોચા પોચા ખોળામાંથી નથી મળતી. કડક ધૂપ અને પરસેવે નીતરતા કપાળમાં જ એ પાંગરે છે. આસપાસના લોકો કે સમાજ કે પછી તદ્દન નજીકની વ્યક્તિઓ સાથે સંઘર્ષમાં ઊતરવાની તૈયારી ન હોય તો માનસિક સ્વતંત્રતા માત્ર એક ખ્વાબ બનીને રહી જાય છે, કાગળ પરની કન્સેપ્ટ બનીને ભવિષ્યમાં પસ્તીમાં ચાલી જાય છે. પર્સિવિયરન્સ એટલે જે કામ હાથમાં લીધું તેને પૂરું કર્યા વિના છોડવું જ નથી એવી મક્કમતા. ખંત, ચીવટપૂર્વક મચી રહેવું. આ ગુણ ન હોય તો બહેતર છે કે પ્રથમ પગલું માંડવું જ નહીં કારણ કે અડધે રસ્તે આવીને જો ધીરજ ખૂટી તો પાછા વળવાનો માર્ગ વધુ કપરો જણાવાનો. આવો ખંત ધીરજ વિના નથી આવતો. માનસિક સ્વતંત્રતા ભણી ચાલનારા સૌ કોઈ મુસાફરોએ પોતાનું નામ ધીરુભાઈ કે ધૈર્યબાળા રાખી લેવું જોઈએ.

કોઈક વાતમાં તમે મક્કમતાપૂર્વક માનતા હો અને તમે તમારી એ વિચારસરણીને વળગી રહો કે એની રજૂઆત જીવ રેડીને કરો તેને કારણે તમે પૂર્વગ્રહયુક્ત નથી બની જતા. કેટલાક લોકો પૂર્વગ્રહમુક્ત હોવાનો દેખાવ કરવા માટે દૂધ અને દહીં બેઉંમાં પગ રાખે છે. તટસ્થ હોવાનો આ માત્ર દેખાડો જ છે, વાસ્તવમાં તો આવા લોકો ભારોભાર મોકાવાદી હોય છે. પૂર્વગ્રહથી વેગળા હોવું એટલે પોતે જે વિચારોને સમજીને અપનાવ્યા છે તે બીજાની દલીલને કારણે કે બીજાના અણગમાને કારણે છોડી દેવા એવું નહીં. સતત નવા વિચારોને આવકારવા એટલે પૂર્વગ્રહમુક્ત બનવું. વિચારવાની, બરડ બની ગયેલી ટેવને ફ્લેક્સિબિલિટી તરફ લઈ જવાની ક્રિયા એટલે પૂર્વગ્રહમુક્તિ તરફની સફર. માનસિક સ્વાતંત્ર્ય માટે આ એક મુકામ પસાર કરવો બહુ જરૂરી છે.

આને કારણે સર્જાતી મોકળાશ માનસિક સ્વતંત્રતાને ખીલવા માટે મોકળું મેદાન આપે છે. મોકળાશ વિચારની અને મોકળાશ વર્તનની. આ મોકળાશ કોઈ ઉચ્છૃંખલતામાં કે સ્વચ્છંદતામાં સરી ન પડે તે માટેનું આત્મનિયમન કે એ માટેનો આત્મસંયમ જરૂરી. આવો સેલ્ફ કન્ટ્રોલ માણસમાં નીરક્ષીર વિવેક જન્મે તો જ શક્ય બને. કોઈકે બહુ સરસ વાત કરી છે કે 'હે ભગવાન, જે જે બાબતો બદલવા યોગ્ય છે તેને બદલવા માટેની મને શક્તિ આપ અને જેમાં પરિવર્તન ઇચ્છનીય નથી કે શક્ય જ નથી તેને સહન કરવાની તાકાત આપ; અને આ બેઉ બાબતો વચ્ચેનો ભેદ પારખી શકવાની સૂઝ પણ આપ.'

મિત્રો વિના માનસિક સ્વતંત્રતા મેળવવી અશક્ય છે. પ્રથમ છે પુસ્તકમિત્રો. પુસ્તકો મગજની આબોહવા બદલી શકે છે, એને તાજી રાખી શકે છે. વાંચનનો શોખ છાપાંમાં છપાતા શેરબજારના ભાવો અને ચાંપલા

ચર્ચાપત્રો વાંચવા પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. અગણિત વિષયોને લગતાં સમૃદ્ધ પુસ્તકો સાથે માનસિક સ્વાતંત્ર્ય વહેલું આવી જવાનું. પુસ્તકમિત્રો જેવા જ ફિલ્મમિત્રો છે. હિંદી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના વર્તમાન પ્રવાહના સતત અને સખત ટીકા કરનારાઓએ પણ એક વાત તો સ્વીકારવી જ પડશે કે ભારતમાં ઓછામાં ઓછી પચાસ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પાંચસો ફિલ્મો એવી હશે જે જોવાથી તમને કશુંક નવું, કશુંક મૂલ્યવાન અને કંઈક કાયમી પામ્યાનો સંતોષ થાય. ત્રીજો છે એકાંતમિત્ર. જેની પાસે પોતાનું એકાંત નથી અને જે વ્યક્તિ પોતાની આસપાસ કોઈ ન હોય ત્યારે તદ્દન નિ:સહાય એકલતા અનુભવે છે એ વ્યક્તિ દયનીય છે. એકાંતમાં જ વિચારોનો મેળો સર્જાતો હોય છે. આ વિચારો માણસનો ચોથો મિત્ર. અને પાંચમો છે વ્યક્તિમિત્રો. જે વ્યક્તિઓ તમને સમૃદ્ધ બનાવી શકે અને જેમને તમે સમૃદ્ધ બનાવી શકો એવા મિત્રો મેળવવા જીવનનું સૌથી મોટું સદ્‌ભાગ્ય. જેની આજ્ઞાનું આંધળુંકિયું પાલન કરવામાં આવે એવા ગુરુ કે ગૉડફાધર જેવા મિત્રોની જરૂર નથી, જેઓ આંગળી ચીંધીને ગાઇડ બની રહે એવા મિત્રોની જરૂર છે.

અને છેલ્લી વાત. કોઈ પણ પ્રકારે મળેલું માનસિક સ્વાતંત્ર્ય, વ્યક્તિ પાસે જો આર્થિક સ્વાતંત્ર્ય ન હોય તો, ઝાઝું ટકતું નથી. ટકી શકે પણ નહીં. આર્થિક સ્વતંત્રતાનું સુરક્ષા કવચ માનસિક સ્વાતંત્ર્ય માટે અનિવાર્ય છે.



ચૌદ

કોણ કોની આંગળી ઝાલે છે

લોકોને પોતાની મોટાઈ બતાવવાનું ગમે છે અને તમને નાના દેખાડીને આ કામ વધુ સહેલાઈથી થઈ શકશે એવું એમણે માની લીધું હોય છે.

પુરુષોત્તમ ઉપાધ્યાય જે જમાનામાં ગુજરાતી સુગમ સંગીતના વિશ્વમાં ટોચનું નામ નહોતા બન્યા ત્યારની આ વાત. તે વખતે અવિનાશ વ્યાસ સર્વેસર્વા હતા. સ્ટ્રગલર પુરુષોત્તમ ઉપાધ્યાયને અવિનાશ વ્યાસે સારો બ્રેક આપ્યો હતો. એ પછી ધીમે ધીમે પુરુષોત્તમ ઉપાધ્યાયનો સિતારો ચડતો ગયો અને ગુજરાતી કુટુંબોમાં એમણે ગાયેલાં તથા સ્વરબદ્ધ કરેલાં ગીત-ગઝલો ગુંજવા લાગ્યાં. અવિનાશભાઈની કારકિર્દી ઉંમર તથા સ્વાસ્થ્યને કારણે આથમી રહી હતી એ ગાળામાં પુરુષોત્તમભાઈ પોતાના ગુરુ સમા અવિનાશભાઈને મળવા નિયમિત જાય. આસપાસ બીજા મુલાકાતીઓ હોય ત્યારે અવિનાશભાઈ ગૌરવભેર કહે, 'આ પુરુષોત્તમને જુઓ. મેં એને પસલામાંથી પુરુષોત્તમ ઉપાધ્યાય બનાવ્યો.' એક વાર આવું થયું, બે વાર, વારંવાર. ક્યારેક તો મહાન હસ્તીઓની હાજરીમાં અવિનાશભાઈ કંઈક એવી રીતે આવાં વાક્યો બોલે જાણે પોતે ન હોત તો પુરુષોત્તમ ઉપાધ્યાયનું સંગીત સ્નાનગૃહ સુધી જ સીમિત રહ્યું હોત. પુરુષોત્તમભાઈ અવિનાશ વ્યાસનો ઋણસ્વીકાર જરૂર કરતા પણ દર વખતે, ગમે તેની હાજરીમાં આવું સાંભળવું ઠીક નહોતું લાગતું. અવિનાશભાઈમાં કોણ જાણે કેમ, પોતે કિંગમેકર છે કે કોઈકના ગૉડફાધર બની શકે છે એવી ભાવના, ભવ્ય કારકિર્દી માણી લીધા પછી પણ, ભૂંસાતી નહોતી. આથમતી ઉંમરનો પણ એ પ્રતાપ હોય.

એક દિવસ પુરુષોત્તમ ઉપાધ્યાય રોજિંદા ક્રમ મુજબ અવિનાશભાઈના ઘરે ગયા અને ઇન્ડસ્ટ્રીની કેટલીક જાણીતી વ્યક્તિઓની હાજરીમાં અવિનાશભાઈએ ફરી એ જ રેકર્ડ શરૂ કરીઃ આ પસલાને મેં પુરુષોત્તમ... પુરુષોત્તમભાઈની કમાન છટકી. ધીરજની હદ આવી ગઈ હતી, પણ ગુરુ પર ગુસ્સે કેવી રીતે થવાય. એ ઊભા થઈને સીધા રસોડામાં ગયા. રસોઇયાનો હાથ પકડીને એને બેઠકખંડમાં બધાની વચ્ચે લઈ આવ્યા. હાજર સૌ કોઈને નવાઈ લાગી. આ જનોઈવાળો અને હાથમાં કડછી લઈને ઊભેલો, પોતડી પહેરેલો મહારાજ અહીં શું કામ? કોઈ કંઈ પૂછે એ પહેલાં પુરુષોત્તમભાઈએ મૂછમાં મરકીને કહ્યું, 'હવે આને તમે પુરુષોત્તમ બનાવી આપો જોઉં!' સૌ કોઈ હસી પડ્યા અને અવિનાશભાઈ સમજી ગયા.

કોણ કોની જિંદગી બનાવી આપે છે? આમ છતાં ઘણા લોકો ભ્રમમાં જીવ્યા કરે છે કે મેં આની આંગળી ઝાલી ન હોત તો આજે એ ફૂટપાથ પર હોત. બીજાઓએ પૂરી પાડેલી તક તમને મળે અને તમે જીવનમાં ઝળકી ઊઠો ત્યારે એ તક પૂરી પાડનાર માટે અંતરમાં તમને સદ્‌ભાવ જરૂર હોય. એ ઋણનો સ્વીકાર કરીને તમે અંદરખાનેથી એવું જરૂર ઇચ્છતા રહો કે એ વ્યક્તિને તમારી જરૂર પડશે તો તમે જરૂર એમની પાસે પહોંચી જશો.

પણ તમને પોતાની આંખ સામે તમારી કારકિર્દીમાં નાનામાંથી મોટા થતા જોનારા લોકો જ્યારે એમ કહેતા થઈ જાય કે પોતે કરેલી મદદને કારણે જ એ માણસ મોટો બની શક્યો છે, બાકી તો ક્યાં એની ઔકાત હતી, ત્યારે એમની સામે રસોઇયો ઊભો કરી દેવાની જરૂર પડે.

લોકોને પોતાની મોટાઈ બતાવવાનું ગમે છે, તમને નાના દેખાડીને આ કામ વધુ સહેલાઈથી થઈ શકશે એવું તેમણે માની લીધું હોય છે. એટલે જ પોતાના ક્ષેત્રમાં કોઈક ઊંચા મુકામ પર પહોંચી ચૂકેલી વ્યક્તિઓના તદ્દન ક્ષુલ્લક તથા બિનહાનિકારક દોષોને બિલોરી કાચ નીચે દેખાડવાથી માંડીને એમના વિશેની તદ્દન ગપગોળાભરી અફવાઓ પ્રસારવાની પ્રવૃત્તિઓ તેઓ કરતા રહે છે.

એમણે માની લીધું હોય છે કે મોટાઓની નાની નાની વાતો વિશે કૂથલી કર્યા કરવાથી અમે બીજાઓની આંખમાં મોટા થઈ જઈશું. એમને ખબર નથી હોતી કે મોટા થવા માટે આવી વાતો કરીને બેસી રહેવાને બદલે એ લોકોએ દિવસરાત જે પ્રકારે લોહીપરસેવો એક કર્યાં છે તે કરવાનાં હોય પહેલાં તો. અને એમાંય પાછી ટેલન્ટ નામની ચીજ જોઈએ. કુદરતી બક્ષિસ જેવી દુર્લભ ચીજોને જાળવી રાખવા પોતાની આસપાસ વાતાવરણ ઊભું કરેલું હોવું જોઈએ. નિંદાકૂથલી કે ઉપહાસવ્યંગમાં રચ્યાપચ્યા રહેવાથી આ પ્રકારનું વાતાવરણ ઊભું થતું નથી હોતું.

કેટલાક લોકોને તમારામાં એક યા એક કરતાં વધારે બાબતોની લઘુતાગ્રંથિ પેદા કરવાની મઝા આવે છે. તમે ગમે એટલું કામ કરો, ગમે એટલી શ્રેષ્ઠતાથી કરો, તેઓ તમને ક્યારેય ખુલ્લા ગળે બિરદાવશે નહીં. પીઠ થાબડવાની વાત બાજુએ રહી, પણ હજુ તમે એમની અપેક્ષા કરતાં, એમણે સ્થાપેલા માપદંડ કરતાં, ઊણા ઊતરી રહ્યા છો એવો અહેસાસ તમને કરાવશે. આવા લોકોની વર્તણૂકનો સીધો સામનો કરવાનું કપરું હોય છે કારણ કે તેઓ તમારાં નિકટતમ વર્તુળોમાંના જ સભ્ય હોવાના. તેઓ સૌપ્રથમ તો તમારા માટે લાગણી, સદ્‌ભાવ, શુભેચ્છા, કાળજી દેખાડશે. પરંતુ બદલામાં તેઓ કશુંક માગવાના. તેઓ તમારામાં એવી લાગણી ઊભી કરતા રહે છે કે જુઓ, તમારે જિંદગીમાં સુખસંતોષઆનંદ ઇત્યાદિ મેળવવા હશે તો એનો ઘણો મોટો હિસ્સો તમને તમારા માટેના મારા અભિપ્રાયમાંથી જ મળી રહેશે. આવી ભાવના તમારામાં દૃઢ થયા પછી તમે સતત તમારા માટેના એમના અભિપ્રાયના સર્ટિફિકેટ માટે ઝંખ્યા કરશો. તમે એમના માટે ગમે એટલા સારા થવાની કોશિશ કરશો, તો પણ તેઓ સીધી રીતે તમારા વિશેનું સર્ટિફિકેટ નહીં આપે. અંદરથી તેઓ સતત ઝંખતા રહે છે કે તમે એમના કહ્યામાં રહો, તમે એમનાં કામ કરતાં રહો, તમે એમના ભાવવિશ્વને પંપાળતા રહો. તેઓ એક યા બીજા પ્રકારે તમારો અભૌતિક સ્તરે તો ક્યારેક ભૌતિક સ્તરે કાયમી ઉપયોગ કરવાની મહેચ્છા રાખતા હોય છે.

આવા લોકો સાથેના સંબંધોની બાબતમાં શું કરવું? સંબંધો પૂરા કરવા અને હ્યુ પ્રેથરના આ શબ્દો યાદ રાખવાઃ ‘કેટલાક સંબંધોનું મૂલ્ય એને જાળવવા માટે કરવાં પડતાં સમાધાનો જેટલું નથી હોતું.’



પંદર

દરિયો લઈ લીધા પછી ખોબો ન મળ્યાની ફરિયાદ કરનારાઓ

શોષક પોતે જ તમારી પાસે આવીને શોષિત હોવાનો દેખાવ કરે ત્યારે એના પ્રત્યે સહાનુભૂતિ થવી જોઈએ કે નહીં.

મેં એમના માટે શું શું નથી કર્યું અને એનો બદલો જુઓ, એમણે કેવો આપ્યો? આવી ફરિયાદ સાંભળીને તમારી તાત્કાલિક પ્રતિક્રિયા કેવી હોય? ઇન્સ્ટન્ટ સિમ્પથીની? હા. પણ આ રીતે ઉઘરાવવામાં આવતી સહાનુભૂતિ માટે પેલી ફરિયાદ કરતી વ્યક્તિ લાયક છે કે નહીં એવો વિચાર આપણને ભાગ્યે જ આવે છે. મોટાભાગે એ વ્યક્તિ આપણી સહાનુભૂતિને લાયક નથી હોતી. એક જ બાજુનું અને તે પણ તોડીમરોડી નાખેલું, વિકૃત, ડિસ્ટોર્ટેડ ચિત્ર એ આપણને દેખાડે છે. એમનું જૂઠ સંપૂર્ણ જૂઠ નથી હોતું એટલે એમના અર્ધસત્યને આપણે પૂર્ણ સત્ય માની લઈએ છીએ.

ફરિયાદી વ્યક્તિ, દાખલા તરીકે તમને એમ કહે કે પેલા છોકરાને મેં બે વર્ષ સુધી ઘરે રાખ્યો, જમાડ્યો, ભણવાના પૈસા આપ્યા અને ધંધામાં સેટ કર્યો. પણ હવે જુઓ, આજે એ જ મારા પેટ પર લાત મારી રહ્યો છે, મારા બધા જ ક્લાયન્ટ્સને એ પડાવી જાય છે. આવી ફરિયાદ સાંભળીને આપણે ફરિયાદી માટે સહાનુભૂતિ ધરાવતા થઈ જવાના. આપણને ખબર નથી કે જે છોકરાને એમણે પોતાના બંગલે રાખીને ભણાવ્યો તે છોકરો વાસ્તવમાં બંગલાના આઉટહાઉસમાં નોકરો-ચોકીદારોની ગંદી-સાંકડી ખોલીમાં રહેતો હતો અને ત્યાં જ જમતો હતો, પેલા ફરિયાદીની સાથે ડાઇનિંગ ટેબલ પર નહીં. હકીકતમાં એની લાયકાત ફરિયાદી સાથે બેસીને જમવાની હતી. એનું બૅકગ્રાઉન્ડ પણ એટલું ઊજળું હતું. એનો પિતા ગામનો નગરશેઠ કહેવાતો પણ પછી નસીબનું ચક્કર ફરી ગયેલું. છોકરાએ ચુપચાપ સહન કરી લીધેલું. બે ટંકના અધૂરા ભોજન તથા ફીના પૈસાના બદલામાં ફરિયાદીએ એની પાસે શયતાનની જેમ ઘરનું કામ, ઑફિસના ધક્કાફેરા કરાવ્યાં. ફરિયાદીના આખા કુટુંબે એને આ રીતે વાપર્યો છે. એ જેટલું કામ કરતો એટલું કામ કરવા માટે વધુ નોકરો રાખવા પડ્યા હોત ને એમનાં પગારો-સગવડોનો ખર્ચ છોકરાનાં ફી-ભોજનના ખર્ચ કરતાં દસ ગણો વધારે આવત. ફરિયાદીએ છોકરા માટે જે કંઈ કર્યું તે પોતાના પૈસા બચાવવા કર્યું, સેન્ટિમેન્ટલ કારણોસર નહીં. પોતે કરેલું શોષણ ફરિયાદી આજે ઢાંકી દેવા માગે છે. છોકરો ધંધો શરૂ કરવા માગતો હતો ત્યારે ફરિયાદીએ કેવી કેવી રીતે એના માર્ગમાં વિઘ્નો ઊભાં કર્યાં એની ખબર માત્ર પેલા છોકરાને જ પડી છે. ફરિયાદીને જેવું લાગ્યું કે એ છોકરો ધંધો શરૂ કરીને જ રહેશે ત્યારે ફરિયાદીએ પલટી મારીને પેલા છોકરાની નવી ઑફિસના ઉદ્ઘાટનમાં સૌથી વહેલા પહોંચીને સૌથી મોટો બુકે આપ્યો હતો. છોકરાના ઑફિસ-ધક્કાફેરા દરમ્યાન એને બેચાર ક્લાયન્ટો ઓળખતા થયા જેઓ આમેય ફરિયાદીથી ત્રાસેલા હતા અને વિકલ્પની શોધમાં હતા. એ ક્લાયન્ટ્સ દ્વારા છોકરાનો પાયો તૈયાર થયો અને એમાં બીજા ઉમેરાયા, વધુ બીજા ઉમેરાયા અને એનું નસીબ આગળ ચાલ્યું.

ચાલ્યું તે એવું ચાલ્યું કે આજે ફરિયાદી તમારી આગળ પોતે શોષક હતો એ વાત છુપાવીને શોષિત તરીકે સહાનુભૂતિ ઉઘરાવવાની કોશિશ કરી રહ્યો છે જેમાં એ મોટાભાગે કામિયાબ જશે કારણ કે તમે માત્ર એની જ વાત સાંભળવાના છો, વાતની બીજી બાજુ કઈ છે એ જાણવાની તમને દરકાર નથી. એ જાણવી જરૂરી છે એટલી સમજ પણ નથી. અને પછી કાલથી તમે બીજા ચાર અને ચારસો જણને કહેતા થઈ જવાનાઃ જોયું, પેલા ફરિયાદીએ છોકરા માટે કેટકેટલું કર્યું છતાં એનો બદલો એને કેવો મળ્યો.

ખૂબ જ સ્થૂળ ઉદાહરણ દ્વારા શોષણની ફરિયાદો કેટલી ખોટી હોઈ શકે છે એ વાત સમજાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. વાસ્તવમાં અત્યંત સૂક્ષ્મ સ્તરે આવું શોષણ થતું જોવા મળે છે. પૂરેપૂરું શોષણ કરી લીધા પછી શોષણકર્તા પોતે શોષિતની ભૂમિકામાં આવીને ફરિયાદ કરવા માંડે જેથી પોતાનો વાંક ભવિષ્યમાં ક્યાંય ના દેખાય.

સૂક્ષ્મ વ્યવહારોમાં, ખાસ કરીને સંબંધોમાં, ખાસ કરીને સ્ત્રી-પુરુષ સંબંધોમાં શોષક પોતાની ભૂમિકા બદલીને શોષિત બનીને ફરિયાદો કરી આપણી સહાનુભૂતિને પાત્ર થવાની કોશિશ કરે એવું વારંવાર જોવા મળે છે.

સ્થૂળ વ્યવહારોના શોષણમાં, કહેવાતા શોષણમાં પણ, ફરિયાદી પક્ષ આખી બાજી પોતાના તરફ કરી લેવાની વૃત્તિથી આખું ચિત્ર ઊભું કરે છે. કોઈ જાણીતો ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક અજાણી યુવતીને હીરોઇન બનાવી પોતાના કરોડો રૂપિયા દાવ પર લગાવતો હોય છે ત્યારે એ કંઈ સેવાભાવનાથી પ્રેરાઈને નવી છોકરીને હીરોઇન તરીકે સાઇન નથી કરતો. એના માટે આ બિઝનેસ છે અને પોતાના એક-એક પગલાથી એને વધુમાં વધુ આર્થિક ફાયદો થાય એ વાતનું મહત્ત્વ એના માટે સૌથી વધારે હોય છે. નવી છોકરીઓ પણ પડશે તેવા દેવાશે એવું વિચારીને, અત્યારે જે કંઈ કહેવામાં આવે તે બધું જ હા જી હા કરીને સ્વીકારી લે છે. શોષણ થઈ રહ્યું છે એવું લાગતું હોય તો ન એણે કાસ્ટિંગ કાઉચની નજીક ફરકવું જોઈએ, ન આકરી શરતોના કરાર પર આડેધડ સહીઓ કરવી જોઈએ. સામે ચાલીને પોતાના શોષણ માટેની સગવડો ઊભી કરી આપનારી વ્યક્તિને તે વખતે આ બધું શોષણસમું લાગતું નથી કારણ કે એને મન આ બધી રમતો પોતાના માટે તૈયાર થઈ રહેલા સ્ટેપિંગ સ્ટોનનો એક ભાગ છે. એક વખત એ આ પગથિયું ચડી જાય એ પછી એને ખબર છે કે બાકીનાં પગથિયાં પણ એ સડસડાટ ચડી શકશે. માટે જ જેવું એ પગથિયું પાર થઈ જાય છે કે તરત એ શોષણની ફરિયાદો શરૂ કરી દે છે.

ક્યારેક ધાર્યું ન મળે ત્યારે પણ એ એવું કરે. છાપાંઓમાં તમે વાંચતા હશો કે કોઈ યુવતીએ પોલીસમાં ફરિયાદ કરી કે પેલો પુરુષ પોતાના પર બબ્બે વર્ષ સુધી, દર અઠવાડિયે હૉટેલની રૂમમાં લઈ જઈને બળાત્કાર કરતો રહ્યો. અરે, આ રીતે થતા શારીરિક સંબંધોને બળાત્કાર ગણાવી શકાય? પરસ્પર સંમતિ વિના એક વાર નહીં, બે વાર નહીં, પૂરા એકસો ને ચાર વાર કોઈ પુરુષ કોઈ સ્ત્રીને હૉટેલના રૂમમાં લઈ જઈ શકે? લઈ જઈ શકે એટલું જ નહીં, યુવતી જો રાજી ન હોય તો શું એ આવો કહેવાતો બળાત્કાર, કરી શકે? સંબંધો ગૂંચવાય છે અને યુવતી પોતે એમાંથી બહાર નીકળવા મથે છે ત્યારે કોઈની ઉશ્કેરણીથી કે પોતાના ગુસ્સાને વ્યક્ત કરવા આ પ્રકારના આક્ષેપો કરી બેસે છે. પોલીસ, પ્રેસ અને પ્રજા મૂરખ કહેવાય જો તેઓ આવી ફરિયાદોને વજૂદયુક્ત માનીને પેલા પુરુષને ધુત્કારવા બેસી જાય તો.

એક્સપ્લોઇટેશનની તાળી આવા કિસ્સાઓમાં બે હાથ વિના પડતી નથી. શોષણની ફરિયાદના કિસ્સાઓમાં મોટાભાગે શોષક પોતે જ શોષિતનો અંચળો ઓઢીને આપણી સહાનુભૂતિ ઉઘરાવવા નીકળી પડે છે.



સોળ

ખાબોચિયું અને ખંડેર

કોઈકે અન્યાય કર્યો હોય ત્યારે
તમે લાચારીથી નહીં, પરંતુ પસંદગીથી મૌન
સેવો છો ત્યારે તમારામાં નવી શક્તિ પ્રગટે છે.

તુલસીના આ સંસારમાં ભાત ભાતના લોક છે એ સ્વીકારી લીધું, પણ આપણને અમુક જ જાતના લોક સાથે બને છે તેનું શું? કોની સાથે કેવું બને એનો આધાર માત્ર નસીબ નથી. મિત્રો અને સગાંથી માંડીને કોઈ પણ પ્રકારના સંબંધોમાં કોઈકનો ત્રાસ સહન કરતા રહીએ છીએ ત્યારે મોટો વાંક આપણો પોતાનો હોય છે અને કોઈકનો પ્રેમ પામીએ છીએ ત્યારે પણ મોટો જશ આપણો પોતાનો જ હોય છે. નસીબ અથવા તો વિધાતા અથવા તો ભાગ્ય તમને મા કે બાપ કે પત્ની કે મિત્ર કે પાડોશી સાથે મેળવી આપીને દૂર ખસી જાય છે. પછી આ સંબંધોનું તમારે શું કરવું, એને કેવી રીતે ખીલવવા કે કઈ રીતે ઓસરી જવા દેવા તેનો આધાર તમારા પોતાના સ્વભાવ, તમારી પોતાની જીવનદૃષ્ટિ અને તમારી પોતાની ફ્લેક્સિબિલિટી પર છે.

આસપાસની અનેક વ્યક્તિઓને આપણે ચલાવી લઈએ છીએ. કામધંધા સાથે કે અન્ય અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી કેટકેટલી વ્યક્તિઓની ખૂબ બધી વાતો તમારા માટે અણગમતી હોવા છતાં તમે એના પ્રત્યે આંખ આડા કાન કરો છો. કોઈની સાથે ઝાઝી લપ્પનછપ્પન શું કામ કરવી એ વાક્યપ્રયોગને તમે તમારો જીવનમંત્ર માની લીધો છે. છતાં કોઈ સામેથી લપ્પનછપ્પન કરતા આવે તો? તકલીફની શરૂઆત અહીંથી જ થાય છે.

કેટલાક લોકોને પોતાના વિશેની વાત કરવા તમારા કાન જોઈતા હોય છે. કેટલાક પોતે કેટલા મહાન છે એ વાતનું સમર્થન મેળવવા તમારા મોઢામાં આંગળાં નાખવા માગતા હોય છે. તમે એમને મળો અને વાતચીત શરૂ થાય એટલે ત્રીજા જ વાક્યથી તેઓની મોટાઈની વાત શરૂ થઈ જાયઃ અમે કેટલા મહાન, કેટલા શ્રીમંત, કેટલા વગદાર, કેટલા સ્માર્ટ. આવી વ્યક્તિ તમારી આસપાસ હોય તો કોઈ વખત નિરાંત મળે ત્યારે એમનું વિશ્લેષણ કરજો. વાતચીતમાં તમને આંજી દેનારા આવા માણસો અંદરથી સાવ ખાલીખમ હોય છે. એમના માટે ખાલી ચણો વાગે ઘણોવાળી કહેવત ટેલરમેઇડ છે. પોતાનું ખાલીપણું ઢાંકવા તેઓ બડાઈનું ઝાકઝમાળભર્યું પહેરણ પહેરી લેતા હોય છે. આવા આવરણને કારણે તેઓને ક્યારેય બીજાની સમૃદ્ધિનો સ્પર્શ નથી થતો. તમે જોજો, એમની ઓળખાણોની યાદી આખી ફોનબુક ભરાઈ જાય એટલી થશે. પણ ખરેખર જેમની આગળ આખેઆખા ઠલવાઈ શકાય એવો એકેય સંબંધ એમની પાસે નહીં હોય.

કોઈકે તમને અંગત જીવનમાં અન્યાય કર્યો હોય ત્યારે તમે બધું જ સમજતા હોવા છતાં લાચારીથી નહીં, પરંતુ તમારી પસંદગીથી ચૂપ રહો છો ત્યારે તમારામાં નવી શક્તિ પ્રગટે છે. એ જ રીતે તમારામાં રહેલા ઉમદા ગુણોને તથા તમારી સિદ્ધિઓને ગળામાં પાટિયું લટકાવીને બીજાઓ સમક્ષ એની જાહેરાત કરવાને બદલે એ વિશે મૌન રહો છો ત્યારે પણ તમારામાં એક પ્રકારની શક્તિ ઊભી થતી હોય છે. આવી શક્તિઓ માણસના વ્યક્તિત્વને ઘડે છે, ઘડ્યા પછી ઓપ આપે છે, નિખારે છે.

કેટલાક લોકો માને છે કે પોતાની સિદ્ધિ વિશે બીજાઓ આગળ કશું નહીં કહીએ તો એમને ખબર કેવી રીતે પડશે કે અમે શું કર્યું. અમારામાં રહેલી સદ્ગુણોની યાદીને બીજાઓ સામે પ્રગટ નહીં કરીએ તો એમને ખબર કેવી રીતે પડશે કે અમે કેટલા સારા છીએ. આવી બડાઈ કરનારાઓ એ બાબત પ્રત્યે સભાન નથી હોતા કે વાસ્તવમાં તેઓ પોતાની સિદ્ધિને બીજાઓ સુધી પહોંચાડવા નથી માગતા પરંતુ પોતાનામાં રહેલી નબળાઈઓ

તરફ બીજાઓનું ધ્યાન ન જાય તે માટે, એમને આડે પાટે લઈ જવા, આવી વાતો કહે છે કે મારી કંપનીને આ વર્ષે એક્સપોર્ટ માટે અવૉર્ડ મળ્યો કે મારી જ્ઞાતિની સંસ્થાએ મારી ખૂબ ના હોવા છતાં પરાણે મને પ્રમુખ બનાવ્યો અથવા આ વર્ષે તો શ્વાસ લેવાની પણ ફુરસદ નથી છતાં દિવાળીમાં બાળકોને લઈને દસ દિવસ યુરોપ જઈ આવવું પડશે.

કેટલાક લોકો પોતાનો નિંદારસ સંતોષવા પરાણે તમને પણ બીજાઓની કૂથલી કરવા માટે ઘસડતા હોય છે. તેઓ ચતુરાઈથી, તમારી અનિચ્છા હોવા છતાં પોતે જેમની કૂથલી કરવા માગે છે એમના વિશે તમારી પાસેથી એવાં વાક્યો બોલાવી લે છે જેનો તેઓ ભવિષ્યમાં ઉપયોગ કરી કહી શકેઃ પેલા વિશે હું એકલો જ આવું નથી કહેતો, આ પણ કહે છે કે એ આવો જ છે. આ પ્રકારની વ્યક્તિઓથી બચવું આસાન નથી હોતું. તેઓ તમારા અંતરંગ વર્તુળમાં પણ હોઈ શકે. એમની આ રમતના પ્યાદા ન બનવું હોય તો શ્રેષ્ઠ ઉપાય એ છે કે તેઓ બીજાની નિંદા શરૂ કરે કે તરત જ એમને બીજા વિષય પર લઈ જવા. બે-ચાર વારના સખત પ્રયત્ન પછી પણ તમને અસફળતા મળે તો વાત અટકાવીને તમારા પોતાના કામમાં પરોવાઈ જવું. આવું એક કરતાં વધારે વાર બનશે એટલે તમારો સંદેશો આપોઆપ એમના સુધી પહોંચી જશે કે જુઓ, તમને કોઈકની નિંદાકૂથલીમાં રસ હોય તો ભલે, એ બધું તમને મુબારક; મારી સાથે સંબંધ જાળવવો હોય તો આપણી વાતચીતમાં એવા વિષયોને કોઈ સ્થાન નથી, એ સિવાયની અનેક વાતો કરી શકીએ એવા આપણા સંબંધ છે. જો તમારે એ સંબંધનું ગૌરવ જાળવવું હોય તો બહેતર છે કે બેઉને મંજૂર હોય એવા વિષયો વિશે જ વાતો કરીએ.

આપણામાં કકળાટ, કંકાસ, કજિયો કે દ્વેષ ઊભો કરે એવી વ્યક્તિઓથી બચવાનું આપણા પોતાના હાથમાં છે. સામેની વ્યક્તિ તમે કહો એ જ પ્રમાણે વર્તે એવી અપેક્ષા રાખવી જરા વધુ પડતી છે, પણ સામેની વ્યક્તિના વ્યક્તિત્વનું કયું પાસું આપણને સ્પર્શે અને એના કયા પાસાથી આપણે સલામત અંતર રાખીએ એટલું તો આપણે જરૂર નક્કી કરી શકીએ.

આસપાસની દુનિયામાં બધા જ ખરાબ છે, મારા કરતાં ઊતરતા છે, મારા વિચારો સાથે બંધ બેસે એવું કોઈ નથી એવું વિચાર્યા કરવાથી માણસનું પોતાનું વ્યક્તિત્વ પણ એક તબક્કે ખાબોચિયા જેવું બની જાય છે. આસપાસની દરેક વ્યક્તિ તમારો મન ફાવે તે રીતે ઉપયોગ કરી જતી હોય ત્યારે સિફતપૂર્વક એમને ટાળવાને બદલે, સંબંધ તૂટી જશે એવા ડરથી એમના કહ્યા મુજબ ઘસડાયા કરવાથી, વ્યક્તિ પોતાના વ્યક્તિત્વને ઘસારો પહોંચવા દે છે અને એક તબક્કે એ ખંડેર સમી બની જાય છે. ખાબોચિયા અને ખંડેરનાં આ બેઉ અંતિમો માણસના સ્વાભાવિક જીવનને જીવવા જેવું રહેવા દેતા નથી.



સત્તર

સ્વમાન વેચીને માન માગનારાઓ

પોતાનાં માન-અપમાન માણસના હાથની વાત છે. તમારા વિચારો અને તમારા વર્તનના આધારે લોકો નક્કી કરે છે કે તમને માનની દૃષ્ટિએ જોવા કે અપમાનની નજરે.

માન અને સ્વમાન બેઉ છેતરામણી લાગણીઓ છે. એનું સાચું સ્વરૂપ નહીં સમજી શકનારા કેટલાય લોકોએ જીવનમાં મોટી ઊથલપાથલો ભોગવી હોય છે, માત્ર એકાદ વખત માન મેળવવા માટે કે સ્વમાન જાળવવા માટે.

સ્વમાન વિશે એક વાતની સ્પષ્ટતા થઈ જવી જોઈએ કે 'હું ભૂખે મરીશ પણ મારા સ્વમાનના ભોગે કોઈનીય પાસે દસ રૂપિયાનું કામ માગવા નહીં જાઉં' એવું કહેનારાઓ, સાદી ભાષામાં કહીએ તો, ભોળા અને કડક ભાષામાં કહીએ તો મૂરખા છે. બે ટંકની રોટીથી વિશેષ મહત્ત્વ બીજા કશાનું નથી જીવનમાં. માણસે કંઈ પણ કરીને એનું શરીર ટકાવી રાખવા માટે બે ટંકનો ખોરાક ખરીદવા જેટલા રૂપિયા તો કમાઈ જ લેવા પડે. એના અસ્તિત્વનો આધાર એનું શરીર છે અને એનો જન્મ થયો ત્યારે સૌ પ્રથમ માના પેટમાં અને ત્યાર બાદ આ વિશ્વમાં, એનું શરીર પ્રથમ આવ્યું, લાગણીતંત્ર તો ધીમે ધીમે વિકસ્યું. લાગણીતંત્રના એક હિસ્સા સમાન સ્વમાનને જાળવવા કે પંપાળવા માટે કોઈ માણસ પોતાના શરીરની અવગણના કરી શકતો નથી, કરી શકે પણ નહીં. ભૌતિક સર્વાઇવલનો જ્યાં સવાલ હોય ત્યાં સ્વમાનનો પ્રશ્ન ગૌણ બની જતો હોય છે.

જેમને સ્વમાન ગિરવે રાખ્યા વગર ખુમારી જાળવીને આજીવિકા મળી રહે છે તેઓ જ્યારે માન પાછળ દોટ મૂકે ત્યારે સ્વમાનને ગુમાવી દેવાની ફિકર રાખતા નથી. પોતાના માન-અપમાન માણસના પોતાના હાથની વાત છે. તમારા વિચારો, તમારું વર્તન અને બીજી વ્યક્તિ માટેની તમારી ઍટિટ્યૂડને કારણે તમને માનની દષ્ટિએ જોવા કે અપમાનની નજરે જોવા એ નક્કી થાય છે. તેઓ સામેથી ક્યારેય તમને માન-અપમાન નથી આપતા હોતા. તમારું માન જાળવવું એ તમારા હાથની વાત છે, તમારું અપમાન ન થવા દેવું એ પણ તમારા પોતાના જ કાર્યક્ષેત્રની વાત છે.

માણસ સામે ચાલીને માન મેળવવા જાય છે ત્યારે એણે પોતાનું સ્વમાન અચૂક ગુમાવવું પડે છે. પોતાને થેલી મળે કે શાલ-શ્રીફળ મળે કે પોતાની અમુક વર્ષની પૂર્તિનો સમારંભ ઊજવાય એવું ઇચ્છતા મહાનુભાવો હોય કે પછી જ્ઞાતિના પ્રમુખપદે બિરાજવાની એષણા રાખતા શેઠિયાઓ હોય કે પછી ગમે તે સંસ્થાનો અવૉર્ડ મેળવવા માગતા અભિનેતા, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ કે સરકારી અમલદારો હોય – એમને પોતાના જાહેર સન્માનની ભૂખ જાગી છે ત્યારે ખાનગીમાં એમણે અચૂક સ્વમાનને નેવે મૂકવું જ પડ્યું છે. દરેક પારિતોષિક કે દરેક અવૉર્ડ માગીને જ મળે છે એવું નથી. યોગ્ય વ્યક્તિને યોગ્ય સન્માનો પણ મળ્યાં છે, દરેક ક્ષેત્રમાં મળ્યાં છે. પરંતુ વ્યક્તિને પોતાની યોગ્યતા વિશે શંકા જાગે અથવા તો કહો કે એને પોતાની છીછરી પાત્રતાનો પાકો અંદાજ આવી જાય ત્યારે એ લાલચુ બનીને સ્વમાન સહિતનું બીજું ઘણું બધું જતું કરીને જાહેરમાં માનપાન મેળવવા તલપાપડ થઈ જાય છે.

અહમ્નાં બે પાસાં જેવા માન તથા સ્વમાનનો જન્મ મૂળભૂત રીતે માણસની બે પ્રકારની તીવ્ર છતાં પરસ્પર વિરોધાભાસી એવી ઇચ્છાઓમાંથી થતો હોય છે. એક તો, બીજાઓ જેવા જ દેખાવાની જરૂરિયાત. પોતે પણ અન્ય જેવા જ છે, બીજાઓએ પોતાનો સ્વીકાર કર્યો છે એવો સંતોષ મેળવવાની ઝંખના, પોતાનો સમાવેશ એમના વર્તુળમાં થાય એવી ઉત્કટ ઇચ્છા – અહમ્ની ઉત્પત્તિનું આ એક કારણ. તમે ત્રણ કૉલરવાળું શર્ટ નથી પહેરતા કે તળિયે દોરી બાંધવાની હોય એવા બૂટ નથી પહેરતા કે પાટલૂનનો એક પગ બ્લ્યુ ને બીજો બ્રાઉન

હોય એવાં કપડાં નથી પહેરતા કારણ કે તમારે બીજાઓ જેવા દેખાવું છે.

બીજું કારણ, આગળ કહ્યું તેમ, પ્રથમ કારણનો છેદ ઉડાડનારું છે, અને તે એ કે દરેક માણસમાં પોતે બીજાઓ કરતાં કંઈક વિશિષ્ટ, કંઈક જુદા અને ઊંચા પુરવાર થવાની ઝંખના પડેલી હોય છે. આવી ઝંખનાને કારણે જ એક સાહિત્યકાર બીજા સાહિત્યકાર કરતાં કંઈક અલગ, કંઈક વધુ સારું લખવાની ઇચ્છા રાખે છે અને આ જ કારણોસર એક હજામ પોતાના પ્રતિસ્પર્ધી કરતાં વધુ સારા વાળ કાપવાની ખ્વાહિશ ધરાવે છે. માણસની આ ઇચ્છા એ સ્કૂલમાં જતો થાય તે પહેલાં જ પ્રગટ થાય એવું સામાજિક વાતાવરણ આપણી આસપાસ છે. આ આખીય સિસ્ટમ અહમ્‌ની મહત્તાને સ્થાપનારી છે. શાસ્ત્રોમાં ભલે કહ્યું અહમ્‌ને ઓગાળી નાખો, પણ વ્યવહારમાં ડગલે ને પગલે જોયું કે અહમ્‌ના વર્તુળની અંદરબહાર માણસે ચક્કરો કાપવાનાં રહે છે. જે માણસ અહમ્‌ની ઉપયોગિતાને તેમ જ અહમ્‌ની નિરુપયોગિતાને બરાબર પામી જાય છે એના માટે જીવવાનું ઓછું દુષ્કર બની જાય છે.

માણસે પોતાના અહમ્‌ને પંપાળવા બીજાઓ કરતાં કંઈક જુદા, ઊંચા કે આગળ હોવાની પોતાની જરૂરિયાતને સંતોષવી પડે છે. આવી જરૂરિયાત નાનપણથી જ એના મનમાં સર્જવામાં આવે છે. માબાપ પોતાનો અહમ્ સંતોષવા જતાં જાણ્યે-અજાણ્યે બાળકના મનમાં પણ એ અહમ્‌નાં બીજ રોપે છે. પોતાનું બાળક એની ઉંમરનાં અન્ય બાળકો કરતાં કેટલું સારું છે એવી છાપ ઊભી કરવાનું વડીલોને ગમે છે. મારું સંતાન તમારા સંતાન કરતાં રૂપાળું છે, એને જૅક ઍન્ડ જિલ ગાતાં પણ આવડે છે અને એની ટીચર તો એનાં ખૂબ વખાણ કરે છે એવું કહી કહીને માબાપો બાળકોના સબ-કૉન્શિયસમાં એવી છાપ જમાવી દે છે જેને કારણે બાળક પણ માનતું થઈ જાય છે કે પોતે મુઠ્ઠી ઉંચેરું સંતાન છે. વાસ્તવમાં એ નૉર્મલ હોય છે અને માબાપને આ જ વાતનો, બાળકના નૉર્મલ હોવાપણાનો ઘણો મોટો સંતોષ હોવો જોઈએ. આવો સંતોષ ન હોય તો ક્યારેક ઍબ્નોર્મલ બાળકોની દુનિયામાં ડોકિયું કરી આવવું જોઈએ.

સ્કૂલમાં પ્રવેશ્યા પછી ક્લાસમાં પહેલો નંબર લાવવાની ઇચ્છામાંથી અહમ્‌ના બીજને છોડ બનાવવાની ભૂમિ સર્જાય છે. કેટલીક શાળાઓમાં પ્રથમ ચાર ધોરણો સુધી આવા કોઈ નંબર આપ્યા વગર રિપોર્ટ કાર્ડ્સ તૈયાર કરવાની પદ્ધતિ અપનાવાઈ છે જે આવકારદાયક છે. બાળકે આ જ ક્લાસમાં રહેવું કે આવતા વર્ષે ઉપલા ધોરણમાં જવું એ વિશેનો નિર્ણય સ્કૂલ દ્વારા થાય તે પૂરતું છે. પહેલા નંબરે આવનાર બાળક પંદરમી રૅન્ક લાવનાર બાળક કરતાં ઊંચો, આગળ કે સફળ છે એવું કેવી રીતે માની શકાય? રૅન્ક માત્ર એટલું જ પુરવાર કરે છે કે બાળકે જે પરીક્ષા આપી એમાં એને એકાદ-બે માર્ક્સ બીજા કરતાં વધુ કે ઓછા મળ્યા.

જે માબાપનો (અને એને કારણે એમનાં સંતાનોનો) અહમ્ પહેલો નંબર આવવાને કારણે પોષાતો હોય અને ન આવવાને કારણે ચૂર ચૂર થઈ જતો હોય એમણે જિંદગીમાં આગળ જતાં પોતાના આ ભારેખમ બનતા જતા અહમ્‌ને સાચવવા ઘણી બધી કઠિનાઈઓનો સામનો કરવો પડે છે. સતત માન મેળવવાની છૂપી ઝંખનાનો આરંભ પણ શરૂઆતની જિંદગીની આવી કેટલીક ભૂલોને કારણે થાય છે. બીજાઓ પાસેથી માન મળે તો જ તમે પોતાના અસ્તિત્વને સાર્થક થતું જુઓ ત્યારે તમે બીજાઓના હાથમાં રમવાનું શરૂ કરી દો છો. તેઓ ગમે ત્યારે તમારું અપમાન પણ કરી શકશે એવી ભયગ્રંથિ આપોઆપ તમારામાં સર્જાય છે. બીજાઓ પાસેથી માન મેળવવાની ઇચ્છા સંતોષવા જતાં તમે એમને તમારું અપમાન કરવાનો હક્ક આપી દો છો. આ હક્કની લાકડી બતાવીને તેઓ વારંવાર તમને ડરાવતા રહે છે, તમારી પાસેથી પોતાનું ધાર્યું કામ કઢાવતા રહે છે, તમારા સ્વમાનને તેઓ પોતાના પગરખાંની એડી હેઠળ કચડતા રહીને તમારું આખું અસ્તિત્વ પોતાના કબજામાં લઈ લે છે.

માનની સાથે સ્વમાન વિશે પણ કેટલીક વધુ સ્પષ્ટતા કરી લેવી જોઈએ. અંગ્રેજીમાં જેને સેલ્ફ એસ્ટીમ કહે છે તે સ્વમાનમાં અને સેલ્ફ પિટીમાં ઘણા ભેળસેળ કરી નાખે છે. ઘણી વાર આપણે સાવ નાના મુદ્દાને

સ્વમાનનો પ્રશ્ન બનાવીને દુ:ખી થઈ જઈએ છીએ, કારણ કે સાચું સ્વમાન શું છે એની સ્પષ્ટતા નથી હોતી. બીજી વ્યક્તિઓની આગળ આપણું માન ન જળવાયું હોય કે અપમાન થયું હોય એવી લાગણી મનમાં ઘર કરી જાય ત્યારે એ ઘટનાને પ્રેસ્ટિજ ઇશ્યુ બનાવીને આપણે એવું વર્તન કરી બેસીએ છીએ જેને કારણે કોઈનેય લાભ થતો નથી. તમારા કોઈ તદ્દન નિકટના સંબંધીને ત્યાં, મિત્ર કે બિઝનેસ અસોસિયેટને ત્યાં પુત્ર કે પુત્રીનો લગ્નપ્રસંગ છે અને ગામ આખાને કંકોત્રી મળી ગઈ છે, એક તમને જ નથી મળી. શું કરશો તમે? સૌથી પહેલાં તો એ વિચારશો કે તમારે ત્યાં આવો પ્રસંગ હોય ત્યારે તમે એમને બોલાવો? જવાબ મળશે, હા. છેલ્લા થોડા વખતમાં તમારે ને એમને કોઈ વાતે ખટકી ગયેલું? બિલકુલ નહીં. સરસ, તો પછી હવે શું કરવાનું છે? લગ્નમાં જવાનું છે. સરસ મઝાના તૈયાર થઈને, સરસ મઝાની ગિફ્ટ લઈને. આટલી નજીકની વ્યક્તિની ખુશીના સમારંભમાં સામેલ થવા આમંત્રણની રાહ જોવાની ન હોય. કંઈક એવું જરૂર બન્યું હશે જેને કારણે તમને તેઓ ભૂલી ગયા હશે. એ વાતને માત્ર એક હ્યુમન એરર ગણીને ભૂલી જવાની હોય, સ્વમાનનો પ્રશ્ન બનાવીને આટલા મોંઘા સંબંધનો ભુક્કો બોલાવી દેવાનો ન હોય.

વધુ પડતા સંવેદનશીલ લોકો આ અને આવા અનેક પ્રસંગોને સ્વમાનનો પ્રશ્ન બનાવી ગંભીર સ્વરૂપ આપી બેસે છે અને છેવટે ખૂણામાં બેસીને સ્વમાનભંગના ઓઠા હેઠળ જાતને પંપાળીને, આત્મદયા ખાઈને, સેલ્ફ પિટીમાં રાચીને, વધુ ને વધુ દુ:ખી થાય છે. જેઓ આવા પ્રસંગે લહેરથી લગ્નમાં પહોંચીને નવવધૂને આશીર્વાદ આપી આવે છે તેઓને ખબર છે કે સાચો અહમ્ શું ચીજ છે, ક્યારે એને ઓગાળી નાખવો જોઈએ ને ક્યારે એને અડીખમ રાખવો જોઈએ.

જે માણસનો અહમ્ પોતાની આંતરિક બાબતોથી સંતુષ્ટ થતો હોય એણે ક્યારેય બહાર નજર નથી દોડાવવી પડતી. પોતાના અહમ્‌ના ઉછેર માટે. ખોટેખોટાં માન-સન્માન પાછળ તેઓ દોટ નથી મૂકતા. પોતાના વિચારો, પોતાનામાં રહેલી અમુક બાબતોની તેજસ્વિતા કહેતાં ટેલન્ટ, પોતાની લાગણીઓ, નીતિમત્તાથી માંડીને સામાજિક મોભા વિશેના સ-પરંપરાગત કે અરૂઢ ખ્યાલો તેમ જ કળાથી માંડીને અધ્યાત્મ કે વિજ્ઞાન સુધીના વિષયોમાંથી આનંદ મેળવવાની ક્ષમતા – આ બધું જ અને આવું બીજું ઘણું બધું, જે માણસના આંતરિક વિશ્વમાં સમાયેલું છે તે, પોતાના અહમ્‌ને ખૂબ સરસ રીતે મોડ આપી શકે છે. પણ જેમની પાસે આ બધાનો અભાવ છે તેમનો અહમ્ જાહેર સન્માનો દ્વારા કે પછી ભપકાદાર લગ્ન રિસેપ્શનોના ખર્ચા દ્વારા કે પછી મોટરકારનાં મૉડલો બદલાવવાથી કે પછી વિદેશપ્રવાસ કરવાથી કે પછી એવી અનેક ભૌતિક બાબતોથી પોષાતો હોય છે અને ત્યારે એમના માટે કોઈ એક તબક્કે અહમ્‌ને જાળવવાનું તકલીફદેહ થઈ જાય છે. કારણ કે આ ભૌતિક ચીજો બધાને બધી વખત નથી મળી શકતી. મળ્યા પછી પણ એને કારણે અહમ્‌ને મળતું પોષણ કાયમ નથી ટકતું. આવા લોકો અસંતુષ્ટ રહીને સતત કશુંક મેળવવાની છટપટાહટમાં પોતાના જીવનને આકરું બનાવી દે છે. તેઓ પોતાના અહમ્‌ને જાળવવા પોતાની ભૂલોને છાવરે છે, ક્યારેય પોતાની ગલતીઓ કબૂલ કરતા નથી. જોકે, નાની નાની બાબતોમાં તરત ભૂલ કબૂલ કરી લેનારાઓથી પણ ચેતતા રહેવું. આવું કરીને તેઓ પોતાની મોટી મોટી ભૂલો કબૂલ કરવાની જવાબદારીમાંથી છટકી જતા હોય છે.



અઢાર

ઉછીની લાગણીઓથી છલકાઈને સંતોષ મેળવી લેનારાઓ

જીવનમાં ક્યારેય કોઈ એક કે
એક કરતાં વધુ સંબંધનો અંત
આવી જવાથી પૂર્ણવિરામ મુકાઈ જતું નથી.

રામાયણના જમાનાથી ચાલી આવ્યું છે અને ટીવી સિરિયલો પણ એ જ વાત પર ભાર મૂકે છે કે માણસની જિંદગીમાં વ્યવહારિક, સામાજિક તથા કૌટુંબિક સંબંધો સૌથી અગત્યના છે. શું આ સાચું છે?

જિંદગીમાં સંબંધોનું મહત્ત્વ હોવું જોઈએ એના કરતાં ઘણું વધારે માની લેવામાં આવ્યું છે. આને પરિણામે માણસે દરેક સંબંધ સાચવવા માટે જરૂર હોય એના કરતાં વધારે ખર્ચાઈ જવું પડે છે. કોઈક સંબંધ તૂટી જાય ત્યારે આખી જિંદગી અર્થહીન થઈ ગઈ હોય એવું ભાસે છે. અને ન બંધાયેલો સંબંધ બાંધવા પાછળ ક્યારેક આખી જિંદગી તબાહ થઈ જાય છે.

પિતા, માતા, પતિ-પત્ની, સંતાનો, ભાઈ-બહેન તથા અન્ય સગાં તેમજ મિત્રો કે પાડોશીઓ સાથેના સંબંધો માણસના જીવનનો એક અગત્યનો હિસ્સો છે, પરંતુ આ સંબંધો જ કંઈ એનું સંપૂર્ણ જગત નથી. આનો અહેસાસ દરેકને નથી થતો. મોટાભાગના લોકો સંબંધોના વિશ્વમાં જ રચ્યાપચ્યા રહે છે અને એટલે જ જિંદગીમાં એકાદ વાર તીવ્ર પ્રેમમાં પડ્યા પછી ભગ્નહૃદય બન્યા હોય તેઓ બાકીના આખા આયુષ્ય દરમિયાન જિંદગીમાં કશુંક ખૂટ્યા કરે છે એવી લાગણીથી તડપ્યા કરે છે. જેઓ નિઃસંતાન છે તેઓ સતત માનતા રહે છે કે ભગવાને સંતાનસુખ ન આપીને સંતોષની એટલી જગ્યા કાયમ માટે કોરી રાખી. જેઓ લગ્ન નથી કરી શકતા તેઓ આજીવન જીવનસાથીની ખોટ મહેસૂસ કર્યા કરે છે. જેઓ લગ્ન કર્યા પછી છૂટાં પડી ગયાં છે તેઓ જાણે જીવનનું એક અંગ પૅરેલિટિક બની ગયું હોય એવું અનુભવ્યા કરે છે. જેમનાં પતિ કે પત્નીનું અવસાન થઈ ચૂક્યું છે તેઓ એમની સ્મૃતિમાં હિજરાયા કરે છે. જિંદગીમાં સંબંધોને જરૂર કરતાં વધુ પડતું મહત્ત્વ આપવાથી આ બધી સમસ્યાઓ ખડી થાય છે. એક વખત સ્વીકારી લેવામાં આવે કે દરેક સંબંધ જીવનનો એક અંશ છે, મહત્ત્વનો અંશ છે પણ સમગ્ર જીવન એ સંબંધમાં સમેટાઈ જતું નથી, તો ઘણી બધી માનસિક યાતનાઓમાંથી મુક્તિ મળી જાય.

પણ આપણે જ્યાં જ્યાં જોયું છે ત્યાં સંબંધોને રૂપેરી વરખ સાથે જોયા છે. શ્રવણે માતાપિતાને જાત્રા કરાવવા જિંદગી ખર્ચી કાઢી એવી દંતકથા વડે પુત્રધર્મને રોમૅન્ટિસાઇઝ કરવામાં આવ્યો અને રામની પાછળ ચાલી નીકળેલા લક્ષ્મણ દ્વારા ભ્રાતૃપ્રેમ રોમૅન્ટિસાઇઝ થયો. સાહિત્યમાં ઠેર ઠેર સંબંધોની દુનિયાને મેઘધનુષી બનાવીને ચીતરવામાં આવે છે, ફિલ્મોનું પણ એવું જ અને ટીવી સિરિયલોમાં તો એ છે જ.

જીવનમાં સંબંધોનું મૂલ્ય ઘણું મોટું છે. આ વાતે કોઈ વિવાદ નથી. પણ આ દરેક સંબંધને વ્યવહારુ દૃષ્ટિએ જોઈએ તો એનું એક નિશ્ચિત મૂલ્ય છે. પુત્રપ્રેમ કે માતૃપ્રેમનું મૂલ્ય આંકી ન શકાય એમ કહેવું સારું લાગે, પરંતુ સમજવું જોઈએ કે આવા દરેક સંબંધના મહત્ત્વની એક ટોચમર્યાદા હોય છે. જીવનમાં ક્યારેય કોઈ એક યા એક કરતાં વધુ સંબંધ પૂરો થઈ જવાથી પૂર્ણવિરામ આવી જતું નથી. જિંદગી તો ચાલ્યા કરતી હોય છે. સંબંધોનાં સરવાળા-બાદબાકી જિંદગીનો એક અ-નિવાર્ય અને અ-પરિવર્તનશીલ હિસ્સો છે. માણસ ડરે છે આવા સરવાળા-બાદબાકીઓથી, ખાસ કરીને બાદબાકીઓથી.

જીવનમાંથી કોઈક સંબંધની બાદબાકી થઈ જશે કે કોઈક સંબંધ નહીં ઉમેરાય તો જીવન અધૂરું રહી જશે

એવી અસલામતીથી પીડાતા આપણે એ સંબંધ સિવાયના જીવનના બાકીના હિસ્સામાંથી મળતા આનંદને માણવાનું ગુમાવી બેસીએ છીએ. એકાદ સંબંધ પૂરો થઈ ગયા પછી જીવનનાં બાકીનાં ક્ષેત્રોમાંથી મળતા આનંદ વડે એ અવકાશને ભરી દેવાને બદલે આપણે આ અવકાશને લંબાવીને જીવનના બાકીના આનંદોને ઢાંકી દઈએ છીએ. કુટુંબમાં કોઈકનું અકાળે અવસાન થયું હોય કે પરિવારના કોઈક સભ્યના જીવનમાં કશીક મેજર દુર્ઘટના સર્જાઈ હોય ત્યારે એ આઘાતને સહન કરી શકે એવું માનસિક બળ આપોઆપ મનમાં સર્જાઈ જાય છે. ઘાને રુઝવવા લોહીમાંના શ્વેતકણો જે કામ કરે એવું જ કામ આ વિચારો કરે છે. પણ માનસિક આઘાતની અસર એટલી ઊંડી હોય છે કે આપણે આ માનસિક બળને તે વખતે અનુભવી શકતા નથી. આવા સમયે કોઈકના શબ્દો આપણામાંના જ આ બળની હાજરીનો અનુભવ કરાવી શકે.

આદર્શ સંબંધની શોધ પલાયનવાદ કરતાં બિલકુલ કમ નથી. માણસે જે સંબંધો વિશે દૂરથી કે નજીકથી જાણ્યું છે તેમાં હંમેશાં અતિશયોક્તિઓ ઉમેરાયેલી હોય છે. આને લીધે સંબંધના મહત્ત્વ વિશે પણ ભ્રમણાઓ ઊભી થતી રહે છે. માણસનું ચિત્ત આ બિનજરૂરી રીતે વધુ મહત્ત્વના થઈ ગયેલા સંબંધોમાં ભટક્યા કરતું થઈ જાય છે ત્યારે એ પોતાના જીવનવ્યવહારને ખોરવી નાખે છે.

કેટલીક વખત એવું બને છે કે માણસ પોતાની ખામીઓ કે ઊણપો કે કમનસીબીઓને ઢાંકવા કે એને કારણે ઊભી થયેલી પરિસ્થિતિઓનાં કારણો શોધવા સંબંધોની આડશ લે છે. ધારો કે, કોઈ માણસની નોકરી છૂટી ગઈ છે. તો એણે આજીવિકા મેળવવા નવી નોકરી શોધવાની હોય, જૂની નોકરી શા માટે છૂટી એ વિશે વિચારીને એ કારણોથી બચવાની કોશિશ કરવાની હોય. પણ આવા સમયે મોટાભાગના માણસો સંબંધોની હૂંફ શોધે છે. મિત્રોની, પ્રિયજનની, કુટુંબીજનની હૂંફ શોધે છે. આ સંબંધોમાંથી હૂંફ ઉપરાંત આશ્વાસન પણ મળી રહેશે અને ઘડીભર સારું લાગશે, આત્મવિશ્વાસ પાછો આવતો હોય એવું લાગશે. પણ આને કારણે મહિનાની પહેલી તારીખે પગાર નહીં આવે. બે ટંકની દાલરોટીનો ખર્ચ જેમાંથી ચૂકવવાનો છે એ પગાર તો નવી નોકરી મેળવ્યા પછી જ આવશે. વ્યવહારુ ઉકેલની શોધ પડતી મૂકીને માત્ર ઉછીની લાગણીઓથી છલકાઈને ખુશ થતા માણસો અંતે વધુ દુ:ખી થાય છે. આ એવા લોકો છે જેમણે જીવનમાં સંબંધોનું મહત્ત્વ સર્વોચ્ચ છે એવું આંકી લીધું છે. માત્ર સંબંધો દ્વારા જ જીવનમાં સમૃદ્ધિ અનુભવી શકનારા લોકોને બહુ મોડેથી સમજાય છે કે એમના બાકીના જીવનની દરિદ્રતા કેટલી વિશાળ છે.



ઓગણીસ

પોતાની શરતે જીવવું એટલે શું

પોતાની શરતે જીવવું એટલે બીજાઓને
હાનિ ન પહોંચે એનો ખ્યાલ રાખ્યા પછી
મન ફાવે એવી જીવનશૈલી અપનાવવી.

છ વરસનું બાળક વેન્ડિંગ મશીનમાંથી લિમ્કા ખરીદે છે. અડધું પીધા પછી કહે છે કે બસ, હવે નથી પીવું. તમે શું કહેશો એને? આટલું જ છે હવે, બગાડાય નહીં, મફતમાં આવે છે? ચાલ, પી જા જોઉં. અથવા તો પછી બાકીનું પીણું તમે પી જશો. ત્રીસ સેકન્ડ પહેલાં જ તમે ગરમ કૉફી પીધી છે છતાં વધેલા કોલ્ડ ડ્રિન્કને ડસ્ટબિનમાં નાખી દેવાને બદલે તમે પેટમાં પધરાવી દેશો. પેટને કચરાપેટી જેટલો આદર પણ આપતા નથી.

તરસ છિપાવતી વખતે, નાસ્તો કરતી વખતે, જમતી વખતે બાળકને ખબર હોય છે કે ક્યાં અટકી જવું. પેટ ભરાય ત્યારે. પ્યાલામાં કે ડિશમાં હજુ વધ્યું હોય એની પરવા એને નથી. એને મન પોતાનું પેટ એક સંપૂર્ણ એકમ છે. એક બૉટલ કોલ્ડ ડ્રિન્ક, એક પૅકેટ વેફર કે એક આખી ભાખરીનાં યુનિટ એના માટે કૃત્રિમ એકમો છે. પેટ ભરાય ત્યારે અટકી જવાનું એને કોઈએ શીખવાડ્યું નથી. એના માટે એ સાહજિક છે, કુદરતી છે. મોટા થયા પછી એ જ બાળક મોટેરાઓનું જોઈને ભૂખ શમી ગયા પછી પણ જેટલું હોય એ બધું જ ખાધા કરે છે.

ક્યાં અટકવું એની ખબર નથી એટલે દોડતા રહેવું પડે છે. બધા જ દોડે છે. અટકવાનું વિચારતો કોઈ માણસ આજુબાજુ નજર નાખે છે અને અટકવાનો વિચાર પડતો મૂકીને ફરી દોડવા માંડે છે. પૂછ્યું કે કારણ? કારણની ખબર નથી. ખબર હોય તો બસ એટલી જ કે બધા દોડ્યા કરે છે.

જે રીતે જીવતા આવ્યા છીએ એ સિવાયની પણ કોઈક જીવનશૈલી હોઈ શકે જેમાં તમે અત્યારના કરતાં કંઈક બહેતર જીવન જીવી શકો છો એવો વિચાર પણ ક્યારેય નથી આવ્યો. ફિલ્મો, છાપાં, ટીવી અને પાડોશીઓ આપણને રોલ મૉડલો આપતાં રહે છે. તમે સહેજ ઉફરા ચાલવા ગયા, થોડોક ચીલો ચાતરવા ગયા કે ટપ દઈને તમારા માથામાં ટપલી પડવાની. લોકોને જે કરવું હોય તે કરે અને જે કહેવું હોય તે કહે, હું મારા જ માર્ગે ચાલીશ – એવું તમે નથી કહી શકતા કારણ કે બીજાઓ સતત આપણી હામાં હા પુરાવે એવી ભૂખ છે, એમના અપ્રૂવલ – એમણે આપેલાં સર્ટિફિકેટો આપણા માટે જીવનની આધારશિલા બની ગયાં છે. આવા અપ્રૂવલની જરૂર ત્યારે જ ન પડે જ્યારે માણસના પોતાનામાં ટિમ્બર હોય. પણ અહીં તો પહેલેથી પિંડી પર ચાબુક ફટકારી ફટકારીને પગને નકામા બનાવી દેવામાં આવ્યા છે. ચાલવાનું શીખવાની વાત બાજુએ રહી, ટટ્ટાર ઊભા પણ રહી શકાતું નથી. વૈકલ્પિક વિચારસરણી અપનાવવામાં કે ડાબલાં બાંધેલી જીવનશૈલીનો પર્યાય સ્વીકારવામાં સૌથી પહેલું નડતર આ છે. આત્મવિશ્વાસનો અભાવ. સમાજમાં એકલા પડી જવાની અસલામતી. કોઈ શું કહેશેની પરવા. આગળ જતાં કંઈક ખોટું થશે તો કોઈ હાથ ઝાલવા નહીં આવે અને ઉપરથી કહી જશે કે અમે તો પહેલેથી જ કહેતા હતા – આવું વિચારીને જન્મતી દ્વિધા.

પોતાની શરતે જીવવું એટલે શું? બીજાઓને હાનિ ન પહોંચે એનો ખ્યાલ રાખ્યા પછી મન ફાવે તે રીતે જીવવું. આધુનિક વૈજ્ઞાનિક શોધખોળો જો પોતાના જીવનને બહેતર બનાવી શકે એમ હોય તો એને અપનાવવી પણ એનાં દૂષણોને અનિવાર્ય ગણીને સ્વીકારવાની જરૂર નથી. દાખલા તરીકે સેટેલાઇટ કૉમ્યુનિકેશન એક ઉત્તમ શોધ છે, ગામેગામ આ સુવિધા ઉપયોગી છે. પણ સેટેલાઇટ કૉમ્યુનિકેશનને કારણે આવતી તમામ ટીવી ચૅનલોને આંખમાં પધરાવવી જરૂરી નથી.

એ જ રીતે પરંપરામાંથી પણ મને જે યોગ્ય લાગશે તે જ હું સ્વીકારીશ. શાસ્ત્રોમાં, વેદો અને ઉપનિષદોમાં કે પછી ગીતા, મહાભારત-રામાયણમાં કે પછી પુરાણોમાં આમ લખ્યું છે એટલે મારે એને અનુસરવું જરૂરી નથી. એમાંથી મને જેટલું સમજાશે અને ઉપયોગી લાગશે એ હું સ્વીકારીશ, ન સમજાયેલું સમજવાની કોશિશ કરીશ અને સમજાયા પછી સ્વીકારવા યોગ્ય ન લાગ્યું તો એને બાજુએ મૂકી આગળ વધીશ. આખરે આ બધાં જ શાસ્ત્રો ગ્રંથો ઇત્યાદિ માનવસર્જિત છે. મૂળ સર્જકે ઉમદા હેતુથી એનું સર્જન કર્યું અને એને હજારો વર્ષ દરમિયાન મૌખિક કે લેખિત રીતે વારસામાં મેળવનારી અનેક પેઢીઓમાંના કેટલાક લોકોએ એમાં ઉમેરા કર્યા હશે – કેટલાકે પોતાના સ્વાર્થ ખાતર કે બદદાનતથી પણ ઉમેરા-સુધારા કર્યા હશે. એ બધાને પ્રમાણભૂત ગણીને આજે મારે શા માટે સ્વીકારવા. મારામાં વિવેકબુદ્ધિ હશે એ પ્રમાણે હું આ શાસ્ત્રો વગેરેમાંથી દૂધનું દૂધ અને પાણીનું પાણી અલગ તારવવાની કોશિશ કરીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા સહિત દરેક વ્યક્તિમાં રહેલા નીરક્ષીર વિવેકને વધુ ને વધુ સતેજ બનાવતો રહેજે.

આજે શહેરમાં રહેનારા સામાન્ય માણસે પોતાનું અસ્તિત્વ ટકી રહે એટલી કમાણી કરવા માટે પણ રોજ જાતજાતના પ્રપંચ કરવા પડે છે. દેખાદેખીને કારણે અહીં રોજ નવી નવી જરૂરિયાતો ઊભી થાય છે. કોની દેખાદેખી થાય છે? ફિલ્મ-ટીવી સિરિયલોમાં બતાવાતી આભાસી જિંદગીની અને પોતાનાથી વધુ પૈસા તથા વધુ સત્તા ધરાવનારા વર્ગની દેખાદેખી થાય છે. આપણા માટેના ટ્રેન્ડ જાણે આ જ લોકો સેટ કરી આપે છે. શહેરમાં તમે માથાના વાળ જેટલું દેવું કર્યા પછી પણ ચાર ડગલાં ચાલી શકો એટલી પોતાની જગ્યા વસાવી શકતા નથી. શહેરની બહાર નીકળી જાઓ તો તંદુરસ્તીભર્યા વાતાવરણમાં, ચાલતાં ચાલતાં થાકી જાઓ એટલી જમીન તમે વસાવી શકો છો. આખી જિંદગી એકની એક વિચારસરણીની ચાવી ચમકડામાં ભર્યા કરી છે. હવે કમાન છટકી જાય એ પહેલાં એને અનવાઇન્ડ થવા દઈએ. એ પછી આપણાં મૂળ જેની સાથે જોડાયેલાં છે એવી જીવનશૈલી તરફ જવા નવેસરથી વિચારોને લપેટીએ. આટલું રિ-વાઇન્ડિંગ કર્યા પછી જ ખબર પડશે કે આંખોની બેઉ બાજુએ બાંધેલાં ડાબલાં ખૂલી ગયા બાદ દૃશ્યફલક કેટલું વિશાળ બની જાય છે.



વીસ

નિર્ણયો પછીના અફસોસો

નિર્ણય લેતી વખતે કોઈપણ માણસ માનતો નથી કે પોતે ઉતાવળિયું પગલું ભરે છે. એવી ખબર હોત તો એણે એવો નિર્ણય લીધો જ ન હોત.

જે થયું તે સારા માટે એવું આશ્વાસન માણસને હંમેશાં સાંત્વન આપી શકતું નથી. માણસ જોઈ શકે છે કે જે કંઈ થઈ ગયું છે એને કારણે પોતાને કેટલું નુકસાન થઈ ચૂક્યું છે. બની ચૂકેલા બનાવોને કારણે થયેલી તારાજી અનુભવી રહેલા માણસની પીડાને 'જે થયું તે સારા માટે'ના શબ્દો શમાવી શકતા નથી. તો પછી ભૂતકાળમાં બની ચૂકેલી ઘટનાઓ પ્રત્યેનો અફસોસ મિટાવવા શું કરવું? એ અફસોસ ભૂંસવો જરૂરી છે કારણ કે વીતી ચૂકેલી જિંદગીના પસ્તાવાઓનો બોજ આગળ વધવાની ગતિ મંદ કરી નાખે છે. અફસોસને કારણે મનમાં જન્મતી ગુનાહિત લાગણી વર્તમાનની પ્રસન્ન ઘટનાઓને મન ભરીને માણતાં રોકે છે. અફસોસ છૂટી જવા જોઈએ જેથી આપણે ભ્રમણાઓમાંથી બહાર આવી જઈએ. કેટલાક લોકો અફસોસ કરીને કહેતા હોય છે કે ધંધામાં મને અમુક તક મળી પણ મેં તે વખતે એને ઝડપી નહીં, બાકી હું પણ ધીરુભાઈ જેટલું કમાઈ શક્યો હોત અથવા તો મધ્યવયસ્ક સ્ત્રી અફસોસ કરતાં પોતાની પુત્રીને કહે કે મને તો એ વખતે ફલાણાનું માગું હતું પણ હું તારા પપ્પાના પ્રેમમાં હતી એટલે પેલાને ના પાડી દીધી. બાકી હું આજે બહુ મોટા માણસની પત્ની હોત. આવા તો અનેક અફસોસો મનમાં સંઘરી રાખ્યા હોય છે.

કેટલાક લોકો સાચા પસ્તાવારૂપે કહેતા હોય છે કે મારી જીદને કારણે મેં મારા પુત્રને ફૅક્ટરી ચાલુ કરવા રકમ આપી નહીં, મારી પાસે એટલા પૈસા ફાજલ પડેલા હતા છતાં આપ્યા નહીં. કેટલાકને પસ્તાવો હોય છે કે મા-બાપ હયાત હતાં ત્યારે એમના માટે આમ ના કર્યું, તેમ ના કર્યું. કેટલાકને અફસોસ હોય છે કે તે વખતે મેડિકલમાં ઍડમિશન મળે એમ હતું, છતાં એન્જિનિયરિંગમાં લીધું. કેટલાકને અફસોસ હોય છે કે નવ સત્તાવનની ગાડી પકડી એને બદલે થોડાક વહેલા નીકળીને નવ બાવનવાળી પકડી હોત તો બારી પાસે બેસવાની જગ્યા મળી જાત.

નાનામોટા અફસોસ પારાવાર હોય છે. દરેકના જીવનમાં પાછળ નજર કરતાં એક વિચાર અચૂક આવે કે આવું નહીં ને આવું કર્યું હોત તો જિંદગીમાં આવું થઈ ગયું હોત, જિંદગી કેટલી સુખી હોત.

જિંદગીમાં જે કંઈ બની ચૂક્યું છે તે એ જ રીતે બનવાનું હતું. અત્યારે ભલે તમને લાગે કે મેં આમ નહીં પણ તેમ કર્યું હોત તો કેટલું સારું થાત. પરંતુ હકીકત એ છે કે આ વિચાર તમને પાછળથી આવ્યો. તે વખતે તમે આમ નહીં પણ તેમ કરવાનું વિચારી શક્યા નહોતા એટલે તમે આમ કર્યું એ સ્વાભાવિક હતું. અત્યારે તમને લાગતું હોય કે ના, મેં તો તેમ કરવાનું વિચાર્યું પણ હતું તો એનો અર્થ એ થયો કે તેમ કરવાનું વિચાર્યા પછી પણ તમે આમ જ કર્યું કારણ કે તે વખતે તમને કાબૂમાં રાખનારાં પરિબળોમાં તમે આમ કરો એવાં પરિબળોની સંખ્યા વધારે હતી.

માણસ કોઈપણ નિર્ણય લે છે, તે સાવ નાનો હોય કે પછી જિંદગી પર કાયમી છાપ છોડી શકે એટલો મોટો હોય, ત્યારે એ નિર્ણય પર અસર કરનારાં કે નિર્ણયને કાબૂમાં રાખનારાં અનેક પરિબળો હોય છે. સગવડ માટે કામચલાઉ એને કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ કહીશું. તમને અત્યારે તરસ લાગી છે તો ઊભા થઈને પાણી પીવા જવું કે પછી પ્યૂન પાસે કે ઘરના કોઈ સભ્ય પાસે પાણી મગાવવું, ઠંડું પાણી પીવું કે સાદું, પ્યાલામાં પીવું કે સીધું બૉટલમાંથી જ પીવું, પાણી જ પીવું કે કશુંક ઠંડું પીણું બનાવીને કે મગાવીને પીવું, કે પછી પાણી પીવું જ નહીં અને તરસ્યા રહેવું – આવા નાના અમથા નિર્ણયને પણ અનેક કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ હોવાનાં. કયાં કયાં તેની

કલ્પના તમે જાતે કરી શકો છો. આવા નાના નિર્ણયોથી માંડીને પ્રેમ, લગ્ન, કારકિર્દી ઇત્યાદિ સંબંધી ખૂબ મોટા નિર્ણયોને પણ એના કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ હોવાનાં. આજે મને લાગતું હોય કે તે વખતે મારામાં અક્કલ નહોતી, અત્યારે હું એવું ન કરું તો એનો અર્થ એ કે હું પોતે કબૂલ કરું છું કે એ બાબતની અક્કલ મારામાં પાછળથી આવી. પેલો નિર્ણય લેવાયો તે વખતે એવી અક્કલ નહોતી, હોત તો મેં જુદો નિર્ણય લીધો હોત પણ નહોતી. એટલે અક્કલના અભાવે કે જેટલી અને જેવી હતી એવી અક્કલના આધારે, મેં એ સંજોગોમાં મને જે શ્રેષ્ઠ લાગ્યો એ નિર્ણય લીધો. શ્રેષ્ઠતમ આવડતના આધારે એ નિર્ણય લેવામાં ઉતાવળ કરી કે બેવકૂફી કરી અને એ નિર્ણયને કારણે મારે સહન કરવું પડ્યું તે વાત અલગ છે, પણ એ નિર્ણય અંગેનો મારો અફસોસ બિલકુલ અસ્થાને છે. કારણ કે નિર્ણય લેવાયો ત્યારે મેં ઉતાવળ કરી હતી એવું તો મને આજે લાગે છે, નિર્ણય લેતી વખતે નહોતું લાગ્યું. નિર્ણય લેવાયો તે વખતે મેં મારી જાતને નહોતું કહ્યું કે હું ઉતાવળિયું કે બેવકૂફીભર્યું પગલું ભરી રહ્યો છું. તે વખતે તો મારે મન એ સમજદારીભર્યો સ્વસ્થ નિર્ણય હતો. આજે હવે એ ચોક્કસ વાતને લગતાં કન્ટ્રોલિંગ ફૅક્ટર્સમાં ફેરફારો થયા છે ત્યારે મને વિચાર આવે છે કે એ નિર્ણય મેં ન લીધો હોત તો સારું થાત.

માણસના નિર્ણયોનું પરિણામ, એના પોતાના માટે કે બીજાનાઓ માટે, સારું કે ખરાબ આવી શકે પણ નિર્ણય પોતે સ્વતંત્રપણે સારો કે ખરાબ નથી હોતો. નિર્ણય લેવાયો હોય છે ત્યારે એ નિર્ણય લેનારની દાનત શુભ જ હોય છે. નિર્ણય લેવાતો હોય ત્યારે માણસની આસપાસ એને કાબૂમાં રાખનારાં જે પરિબળો હોય છે એને સભાન કે અભાનપણે ધ્યાનમાં રાખીને જ લેવાય છે. ભવિષ્યમાં અમુક સંજોગોમાં હું અમુક જ નિર્ણય કરીશ એવું પણ અત્યારથી માનીને બેસાય નહીં. તે વખતનાં કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ કયાં હશે, કોને ખબર. કોઈ બીજી વ્યક્તિએ અમુક નિર્ણય લીધો છે એવું આપણને કહેવામાં આવે ત્યારે ઘણી વખત આપણે કહી બેસતા હોઈએ છીએ કે એની જગ્યાએ હું હોઉં તો એવું ન કરું. આપણને ખબર નથી હોતી કે આવું બોલવા–વિચારવાનો કોઈ અર્થ નથી કારણ કે એ વ્યક્તિએ પેલો નિર્ણય લીધો તે વખતે એનાં કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ કયાં હતાં એ અંગેની પૂરેપૂરી જાણ આપણને ક્યારેય નથી હોતી. ક્યારેક બહુ બહુ તો બે-પાંચ કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ વિશે માહિતી હોય પણ એની સાથે જોડાયેલાં બીજાં પંચાણું નાનાં-મોટાં કન્ટ્રોલિંગ ફૅક્ટર્સ અંગે ખબર ન હોય એવું બને.

નિર્ણયો લેવાઈ જાય છે ત્યારે સારું કે ખોટું એનું પરિણામ આવી જાય છે પણ નિર્ણયો લઈ શકાય એવું ન હોય ત્યારે? મન અનિર્ણિત દશામાં, અવઢવમાં રહેતું હોય ત્યારે? લમણે પિસ્તોલ તકાયેલી હોય એવા સંજોગો પણ જીવનમાં આવે છે. એ વખતે સાચો કે ખોટો શીઘ્ર નિર્ણય કરવો જ પડતો હોય છે. પણ મોટા ભાગની પરિસ્થિતિઓ અબઘડી નિર્ણય લેવા માટે મજબૂર કરતી હોય એવી નથી હોતી. આવા સંજોગોમાં અનિર્ણીત દશામાં થોડો વખત રહેવું સારું. દાદર સ્ટેશન પર ઊભા રહીને તમે નક્કી ન કરી શકતા હો કે તમારે ચર્ચગેટની ટ્રેન પકડવી છે કે સીએસટીની, બોરીવલીની ટ્રેન પકડવી છે કે થાણેની, તો શું કરવું? કલાકેક વધુ આંટા મારીને સમય પસાર થવા દેવો. પાંચ મિનિટમાં જ નિર્ણય કરીને બોરીવલીની ટ્રેનમાં ચડી બેસવું અને પછી પસ્તાવું કે મારે તો ચર્ચગેટ જવું હતું એના કરતાં થોડો સમય વીતી જવા દઈને ગાડી પકડવી સારી. કોઈ કહેશે કે કલાક પછી પણ નિર્ણય ન લઈ શકાય તો શું દાદરના પ્લૅટફૉર્મ પર જ આખી રાત ગાળવી? નિર્ણય ખોટો છે એવું બોરીવલીની ગાડીમાં અડધો કલાક બેઠા બાદ સમજાય તો?

બસ, એટલે જ. એટલે જ દાખલાઓ અને ઉદાહરણો આપવાનું અમે ટાળીએ છીએ. ઉદાહરણોને કારણે મૂળ વાત સમજવાને બદલે લોકો ભળતીસળતી ગાડીમાં ચડી જાય છે.



એકવીસ

પાસેનું અને દૂરનું: રળિયામણું અને બિહામણું

તમારામાં લાખોમાં એક બનવાની પ્રક્રિયા
શરૂ થઈ જાય ત્યારે તમને કહેવામાં આવે છે:
આવું તે કંઈ થતું હશે.

ડુંગરની જેમ માણસો પણ શા માટે દૂરથી જ રળિયામણા લાગતા હશે? એક હદથી આગળ વધ્યા પછી શા માટે એવું લાગતું હશે કે નિકટતા આટલી વધારી દીધી ન હોત તો સારું થાત. માણસના કોઈ એક હિસ્સાને, એના એક અંશને, બીજી વ્યક્તિનો કોઈ એક ચોક્કસ હિસ્સો, કોઈ એક નિશ્ચિત અંશ ગમી જાય પછી એ આશા રાખતો થઈ જાય છે કે સામેની વ્યક્તિનો બાકીના તમામ હિસ્સા પણ પોતાને એટલા જ ગમશે. બાકી રહેલા તમામ અંશના સરવાળાને પણ એ ચાહી શકશે.

પણ એવું થતું નથી. કારણ કે એવું બનશે એવી ખાતરી તમને એ વ્યક્તિએ પણ આપી હોતી નથી. તમે જ ઊભી કરેલી કલ્પના તમને ભ્રમણા લાગવા માંડે ત્યારે દોષ તમારો પોતાનો છે, એવું સ્વીકારવાને બદલે બીજાનો વાંક કાઢવો એ વળી ક્યાંનો ન્યાય. તમારા જે હિસ્સાને એનો જે અંશ ગમે છે એટલા પૂરતી નિસબત રાખવાને બદલે લાલચો વધી જાય ત્યારે પરિણામ અચૂક નિરાશાજનક આવે છે.

આપણા પોતાના અસ્તિત્વને સ્વતંત્ર એકમ તરીકે સ્વીકારતા આપણે બીજાઓની સ્વતંત્રતા પર તરાપ મારવા આતુર રહીએ છીએ. ભૂલી જઈએ છીએ કે તેઓ આપણા જેવા બની શકે એમ નથી, જેમ આપણે એમના જેવા બની શકીએ એમ નથી. આમ છતાં આવા પ્રયત્નો થતા રહે છે. ક્યારેક આવા પ્રયત્નોમાં નાનકડી એવી સફળતા મળી જાય ત્યારે ઉત્સાહ દ્વિગુણિત થઈ જાય છે અને તમામ શક્તિઓ આવા પ્રયત્નો પાછળ ખર્ચી નાખીએ છીએ. પછી જે ધડાકો સર્જાય તેમાં વિનાશ અને તારાજગી સિવાય બીજું કશું જ પ્રાપ્ત થતું નથી.

નાનપણથી માબાપ બાળકના વ્યક્તિત્વના ઘડતર માટે અને વ્યક્તિત્વના વિકાસ માટે જહેમત ઉઠાવે પણ જ્યારે વ્યક્તિત્વ ઘડાઈ જાય અને પૂરજોશમાં વિકસી રહ્યું હોય ત્યારે મોટા થઈ રહેલા સંતાનની વ્યક્તિતા તથા એની વ્યક્તિમત્તાને અર્થાત્ એની ઇન્ડિવિજ્યુઆલિટીને આદર આપવાને બદલે એને સીમિત બનાવી દેવાનો પ્રયત્ન આદરે. ક્યારેક કચડી નાખવાનો પણ. અને માબાપની સાથે ભળે આખો સમાજ. માબાપ સહિત સૌ કોઈને તમે લાખોમાં એક હો તો બહુ ગમે, પણ ખરેખર તમે જ્યારે લાખોમાં એક બનવાનો પ્રયત્ન શરૂ કરો છો ત્યારે તમને ઑડ વન આઉટ ગણીને તમારી સામે આંગળી ચીંધવામાં આવે – આવું તે કાંઈ થતું હશે. આ વાક્યનો ગર્ભિત અર્થ એ નીકળે કે બાકીના 99,999 લોકો જેવું જ તમારે વિચારવું, વર્તવું અને અનુભવવું. બીજાઓ કરતાં તમે જુદા છો એવું કહેવામાં ગૌરવ અનુભવતી નિકટની વ્યક્તિ પણ અંતે તો તમને એના પોતાના જેવા બનાવી દેવાની છૂપી ઝંખના રાખતી હોય છે. પોતાના કરતાં કોઈક જુદું વિચારે છે એવું તદ્દન નિકટની વ્યક્તિઓ પણ સહન કરી શકતી નથી. પોતાના કરતાં બીજાનો જીવનહેતુ અલગ હોઈ શકે છે એવું સહન નથી થતું ત્યારે તમારા વ્યક્તિત્વ પર સૌથી મોટું આક્રમણ નજીકની વ્યક્તિઓ દ્વારા થાય છે.

આવું આક્રમણ કરનારાઓ ક્યારેક સમજી પણ નથી શકતા કે પોતે જે ભાંગફોડિયા પ્રવૃત્તિ કરી રહ્યા છે એવું કરવાનું મન એમને શા માટે થાય છે. તેઓ પરસ્પર વાત કરતી વખતે કહેતા પણ હોય છે કે મને સમજાતું નથી કે જેના માટે આટલો પ્રેમ છે એના પર આવું આક્રમણ શા માટે કરતા હોઈશું. પછી તેઓ જાતે

જ તારણ કાઢે છે કે જેના માટે ખૂબ બધો પ્રેમ હોય એના માટે પ્રેમ કરતાં વિપરીત લાગણી પણ સર્જાવાની જ. પોતાના આ જસ્ટિફિકેશનને તેઓ લવ-હેઇટ રિલેશનશિપનું નામ આપે છે. તેઓ સમજતા નથી કે પ્રેમની લાગણીને કારણે ધિક્કાર કે અણગમાની લાગણી મટી જતી નથી, ભૂંસાઈ જતી નથી, દબાઈ પણ જતી નથી. બેઉ લાગણીઓ પોતપોતાની જગ્યાએ અડીખમ રહે છે. વર્ષો પછી પણ અણગમાની આ લાગણીઓ ઊભી રહે તો એનું સ્વરૂપ અણુબૉમ્બ જેવું બની જાય. ગમે તે ઘડીએ ફૂટીને સંબંધને હિરોશિમા બનાવી દે. એટલે જ જ્યારે આપણને ખબર હોય કે કોઈકનામાં આપણા માટેનો અણગમો ઉછેરાયો છે, આપણા માટેની ચીડ પાંગરી રહી છે કે પછી આપણા માટેનો ગુસ્સો ધરબાઈ રહેલો છે, ત્યારે ડરતાં રહેવું પડે.

બીજાઓ આવા અણુબૉમ્બ બનાવે એમાં આપણે કંઈ ન કરી શકીએ. બીજાઓ ડરી ન જાય એ માટે આપણે અણુબૉમ્બ બનાવવાનું જરૂર ટાળી શકીએ. જો એટલું સમજી શકીએ કે સામેની વ્યક્તિ માટે એક વખત સર્જાયેલી કોઈપણ બાબતની નેગૅટિવ ફીલિંગ આજીવન જાગ્રત યા સુષુપ્ત અવસ્થામાં આપણામાં પડી રહેવાની છે, તો એટલું પણ જરૂર સ્વીકારી શકીએ કે આવી લાગણી સર્જાય જ નહીં તે બહેતર.

બીજા માટેની કડવી લાગણીઓનું સર્જન થતું રોકવાની જવાબદારી આપણી પોતાની અને એવી જવાબદારીમાં સફળતા મેળવવાની શક્યતા પણ ભરપૂર. શું કરીએ એ માટે? જ્યાંથી આ વાતની શરૂઆત કરી ત્યાં પાછા પહોંચીએ. બીજી વ્યક્તિનો જેટલો હિસ્સો આપણા જે હિસ્સાને ગમે છે તે પૂરતી જ એની સાથે નિસબત રાખીએ. ન તો આપણા બાકીના તમામ હિસ્સા પેલી વ્યક્તિના તમામ હિસ્સાને ગમાડવાની કોશિશ કરીએ, ન એ વ્યક્તિના બાકીના હિસ્સાઓ પણ ગમી જશે એવી ખ્વાહિશ રાખીએ, ન આપણા બાકીના હિસ્સાઓ એને ગમશે જ એવી ભ્રમણામાં રાચીએ.

આટલું સમજ્યા વિના ડુંગરની નજીક જનારાઓને બિહામણાં દૃશ્યો જ દેખાવાનાં. અને આટલું સમજ્યા પછી પર્વતારોહણ કરનારાઓને કુદરતના અસલ સૌંદર્યનો પરિચય થવાનો.

લગ્નસંબંધી જાહેરખબરો પર નજર ફેરવો તો ઘડીભર લાગે કે સમાજમાં બત્રીસ લક્ષણાઓની ખોટ નથી, દરેકે દરેક માણસ સંપૂર્ણ છે, ક્યાંય કોઈના વ્યક્તિત્વમાં કશીય ખામી નથી. શું આ શક્ય છે? અધૂરપો વિનાની વ્યક્તિ ભગવાને સર્જી છે ક્યારેય? ફિલ્મો, વાર્તાઓ કે કલ્પનાઓ સિવાય સંપૂર્ણ વ્યક્તિ તમે જોઈ છે? માણસ અધૂરો છે અને અધૂરો જ રહેવાનો. એના આ અધૂરાપણાને, શિલ્પ ઘડાયું એ પહેલાંનો વધારાનો પથ્થર ગણીને, શિલ્પીનું કામ કરવાની જવાબદારી એની સાથે સંબંધ રાખનારની છે. આરસનો લંબચોરસ ટુકડો સામે મૂક્યો હોય ત્યારે શિલ્પી ટાંકણું લઈને એમાંથી તમામ વધારાનો ભાગ કાઢીને પોતાની કલ્પનાને સાકાર કરે છે, એને મૂર્ત સ્વરૂપ આપે છે. આપણી સાથે સંબંધ રાખતી દરેક વ્યક્તિ સાથે સંબંધો આગળ વધતા જાય અને એક એક ટાંકણું પડતું જાય જેના કારણે વ્યક્તિની અધૂરપો આપણી નજરથી દૂર થતી જાય અને છેવટે આપણી કલ્પના મુજબનું સ્વરૂપ આંખ સામે દેખાય. આમાં તકલીફ ત્યારે ઊભી થાય જ્યારે કોઈક કારણસર સંબંધનો લય ખોરવાય અને આપણી નજર મૂર્તિને બદલે નીચે પડેલી કઢંગા અને ચિત્રવિચિત્ર આકારવાળી, તીક્ષ્ણ જેમ જ બુઠ્ઠી તથા સાવ નકામી એવી કરચો પર પડે. આવેશમાં ક્યારેક લાગે કે આ નકામા પથ્થરો જ મૂર્તિ છે અને એટલે આ સંબંધોનું કોઈ મૂલ્ય નથી.

સંપૂર્ણ કોઈ નથી હોતું. બત્રીસેબત્રીસ લક્ષણ એક જ વ્યક્તિમાં મળવાં મુશ્કેલ જ નહીં અશક્ય પણ છે (દંતકથાઓમાં નિઃસંતાન રાજા નગરમાં બત્રીસ લક્ષણા પુરુષની શોધ કરાવતો અને જ્યારે એ મળી જતો ત્યારે એ બિચારાનો ભોગ ચડાવાતો જેથી રાજાને પુત્ર થાય. સારઃ બત્રીસ લક્ષણા હોવું એ મોતને નિમંત્રણ આપવા બરાબર છે). બત્રીસ લક્ષણા હોવું એટલે શું? બત્રીસ લક્ષણોમાં પુરુષથી માંડીને સિંહ અને કાગડા સુધીનાં પશુ-પંખીઓનાં લક્ષણોનો સમાવેશ થાય છે. પાંચ લક્ષણ પુરુષનાઃ સ્વમાન, ધીરજ, વાક્પટુતા, ક્ષમા અને સત્ય. છ લક્ષણ કૂતરાનાંઃ ચપળતા, અલ્પ નિદ્રા, સાહસ, કૃતજ્ઞતા અથવા વફાદારી, સ્વામીભક્તિ અને

તરત સમજી જવું. મોરનાં સાત લક્ષણઃ મધુર વાણીથી બોલવું, દેખાવે આકર્ષક હોવું, ઉચ્ચ સ્થાને રહેવું, સુઘડતા રાખવી, યુક્તિપ્રયુક્તિ જાણવી, દિમાગ શાંત રાખવું, શત્રુને હણી નાખવા. ચાર લક્ષણો કૂકડાનાંઃ વહેલા ઊઠવું, યુદ્ધમાં અડગ રહેવું, પરિવારનું પોષણ કરવું, સ્ત્રી પર (પોતાની સ્ત્રી પર) પ્રીતિ રાખવી. ત્રણ લક્ષણ ગધેડાનાંઃ સખત મહેનત કરવી, દુઃખને ગણકારવું નહીં, સંતોષી રહેવું. કાગડાનાં પાંચ લક્ષણઃ ચંચળતા, અવિશ્વાસ (અર્થાત્ ગમે તેના પર વિશ્વાસ મૂકવાની ઉતાવળ નહીં), લાજશરમ રાખવી, સમયની કસોટીમાંથી બહાર આવવું અને પોતાની જ્ઞાતિ સાથે રહેવું, આ કુલ ત્રીસ લક્ષણોમાં એક એક લક્ષણ બગલાનું (એકાગ્રતા) તથા સિંહનું (પરાક્રમ) ઉમેરાય એટલે કુલ બત્રીસ લક્ષણો થાય. ક્યાંથી જડે એવો માણસ જેનામાં ગધેડા, કૂતરા, કાગડા, કૂકડા, મોર, બગલા અને સિંહ બધાં જ સમાયેલાં હોય?

અનેક બાબતે ઉત્તમ હોય એવો માણસ બીજી અનેક બાબતોમાં મધ્યમ કે કનિષ્ઠ હોય એ સત્ય સ્વીકારી શકતા નથી ત્યારે જ બધી તકલીફો ઊભી થાય છે. ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતી આવનાર મહિલા ઍથ્લીટ રસોઈ બનાવવામાં સાવ જ અણઘડ હોય એ શક્ય છે. ફાઇવ સ્ટાર હૉટેલમાં નીતનવી રસોઈ બનાવીને મહેમાનોને આંગળાં ચાટતાં કરી દેનારો શેફ સ્વભાવે તદ્દન ગુસ્સાવાળો હોય એ શક્ય છે. સારું સંગીત રચનારા કે સારું નૃત્ય કરનારા (ફૉર ધેટ મૅટર, સારું લખનારા) સારા માણસો હોય એ જરૂરી નથી. એ જ રીતે જેનો સ્વભાવ સોનાનો હોય અને જેને ભગવાનનું માણસ તમે કહી શકો એવું જેનું વ્યક્તિત્વ હોય એવા માણસો, શક્ય છે કે પોતાના કાર્યક્ષેત્ર માટે તદ્દન નકામા, બિનઉપયોગી અને માથે પડેલા જેવા હોય.

જુલાઈ 1986માં રજનીશજી અમેરિકા દ્વારા કાઢી મુકાયા બાદ દુનિયાના વિવિધ દેશોનાં ઠેબાં ખાઈને ભારત પાછા આવ્યા (ટૂટે હુએ સપનેં, ધ્વસ્ત કલ્પનાએં ઔર બિખરી હુઈ આશાઓં કે સાથ મૈં વાપસ લૌટા હૂં, રજનીશજીએ જાહેર કર્યું હતું). એ વખતે હરીન્દ્ર દવેએ એક લેખમાં લખ્યું હતુંઃ મારી દૃષ્ટિએ બે રજનીશ છે – એક, એમના આચારમાં પ્રગટ થાય છે અને બીજા એમના વિચારમાં પ્રગટ થાય છે. મને માત્ર બીજા રજનીશ સાથે નિસબત છે. હરીન્દ્ર દવેએ જાણ્યેઅજાણ્યે માત્ર રજનીશને જ નહીં, માણસજાતને જોવાની ચાવી આપી. વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વ સાથે નિસબત રાખવાની જરૂર નથી. જે પાસું ન ગમતું હોય તે પ્રત્યે બેધ્યાન રહીને ગમતા પાસા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાથી ખુશ રહેવાતું હોય છે, જિંદગી ઓછી ખાડાટેકરાવાળી બની ગઈ હોય એવું લાગતું હોય છે.

આખું આકાશ ક્યારેય આંખોમાં આવતું નથી. જે મળે છે તે ભિન્ન ભિન્ન અવશેષમાં પ્રાપ્ત થાય છે. મુકમ્મલ એટલે સંપૂર્ણ. નિદા ફાઝલીનો મશહૂર મત્લા છેઃ *કભી કિસી કો મુકમ્મલ જહાં નહીં મિલતા/કહીં ઝમીં, તો કહીં આસમાં નહીં મિલતા.* સંપૂર્ણ કોઈ નથી હોતું, આપણે પોતે પણ નહીં. માણસ પોતાની અપૂર્ણતાઓને નિરપેક્ષ બનીને જુએ તો જાતને ધિક્કારતો થઈ જાય. આમ છતાં માણસ પોતાને ચાહે છે, પોતાની અપૂર્ણતાઓને પણ ચાહે છે. તો પછી બીજાની અપૂર્ણતાઓને એ શા માટે અવગણી શકતો નથી? કોઈકે કહ્યું હતું કે આ દુનિયા જો મારી કલ્પના મુજબની સુંદર થઈ જાય તો સૌથી પહેલાં એમાંથી મારી પોતાની જ બાદબાકી થઈ ગયેલી હોય!

દરેક વ્યક્તિમાં બહારથી જે કંઈ દેખાય છે એના કરતાં એની અંદર ઘણું બધું હોવાનું. કેટલુંક સારું, કેટલુંક ખરાબ. આ ન દેખાતું સારું-ખરાબ એના દંભનું પરિણામ નથી. દંભ જુદી વાત છે. તમારામાં જે કંઈ છે, સારું-ખરાબ બેઉ, એ બધું જ તમે બીજાઓને સતત દેખાતું રહે એ રીતે બહારનું બહાર રાખી શકતા નથી. એટલે જ કોઈપણ વ્યક્તિની વધુ નિકટ ગયા પછી સૌપ્રથમ પ્રતીતિ એ વાતની થાય છે કે આ વ્યક્તિ ધારવા કરતાં વધુ સારી છે, આ વ્યક્તિ ધારવા કરતાં વધુ ખરાબ છે.

સારા-ખરાબના ગ્રે શેડ્સને કારણે જ દરેક માણસનું વર્તન સામી વ્યક્તિને ઘણી વાર વિરોધાભાસી લાગે, એના વિચારોમાં તથા વ્યવહારોમાં અંતર હોય એવું લાગે. માનવ સ્વભાવના કોન્ટ્રાડિક્શન્સને સમજવાની

કોશિશ કર્યા વિના કોઈનાય વિશે અભિપ્રાય આપી દેવો ખૂબ જોખમી છે. આપણા અભિપ્રાયોનાં લેબલ બીજા પર ચિપકાવી દેવામાં આપણે સૌ નિષ્ણાત છીએ. આપણા પોતાના પર એવાં લેબલો ચીટકેલાં જોઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે કેટલી ક્ષુલ્લક માહિતીના આધારે બીજાઓ પોતાનો અભિપ્રાય બાંધી લેતા હોય છે અને તમે વિચારતા થઈ જાઓ છો – અત્યાર સુધી તમે પણ શું એવું જ નહોતા કરતા?

દરેક વ્યક્તિમાં તમને ગમતું ઘણું બધું હોવાનું અને ન ગમતું પણ. નક્કી તમારે કરવું પડે કે એ ન ગમતી વાતોનું તમે શું કરવા માગો છો? એને બદલવા માગો છો કે એના પ્રત્યે ઝાઝું ધ્યાન આપ્યા વિના સ્વીકારી લેવા માગો છો? ઉત્તમ તો એ છે કે ન ગમતી વાતોને બદલવાનો પ્રયત્ન જ ન થાય, સભાન કે અભાનપણે પણ ન થાય. એવા પ્રયત્નોથી આવતી પ્રતિક્રિયાઓનાં પરિણામ કદાચ વધુ માઠાં આવે. અને માઠાં પરિણામો પછી પણ બદલવા ધારેલું ન બદલાય એવું બને. એને સામે ચાલીને સ્વીકારી લેવાની આતુરતા પણ બહુ સારી નહીં. કારણ કે ભવિષ્યની કઈ ઘડીએ એ સ્વીકૃતિ આપણને પાછી ખેંચી લેવાનું તીવ્ર મન થઈ આવે, કંઈ કહેવાય નહીં.

આ બેઉ કરતાં ત્રીજો વિકલ્પ એ સારો કે વ્યક્તિમાં ન ગમતી વાતો પ્રત્યે સભાન થવાની કે એમાં જરૂરી પરિવર્તન લાવવાની જવાબદારી એ વ્યક્તિ પર જ છોડી દઈએ. તમને ન ગમતી એની કોઈપણ બાબત અંગે તમને બહુ બહુ તો એને ચલાવી લેવાનો અધિકાર. એથી વિશેષ બિલકુલ નહીં. તમને ન ગમતી એના વ્યક્તિત્વની કેટલીક બાજુઓ પણ આખરે તો એના પોતાના જ અસ્તિત્વનો અંશ છે, અને કોઈપણ વ્યક્તિ સાથે તમે અંગત સંબંધ બાંધો છો ત્યારે એ વ્યક્તિને સમગ્રપણે જ સ્વીકારવાની હોય. આંશિક અસ્તિત્વ કેવી રીતે સ્વીકારી શકાય? તમે ચોક્કસ એવું વિચારી શકો કે આનામાં મને આટઆટલું ગમે છે કે આટઆટલું નથી ગમતું, પણ એવું વિચાર્યા પછી એ વ્યક્તિને તો આખેઆખી જ અપનાવવી પડે. નોકરિયાત-ઉપરી વચ્ચેના કે દોસ્તી-ભાઈબંધીમાં આવતા સંબંધોની વાત જુદી છે. એમાં તમે તમને નિસબત હોય એટલા જ એના અંશ સાથે નાતો રાખી શકો અને બાકીના ન ગમતા હિસ્સા પર સંપૂર્ણપણે પડદો પાડેલો રાખી શકો.

સામેની વ્યક્તિને એ જેમ છે, જ્યાં છે, જેવી છે એ રીતે સ્વીકારી લેવાનો નિર્ણય કરી લીધા પછી ખરી કસોટી શરૂ થાય છે. ક્યારેક આ સ્વીકાર કાચોપાકો પુરવાર થાય. આવી પ્રતીતિ થાય ત્યારે એ સ્વીકારને દૃઢ બનાવવા સામેની વ્યક્તિ પાસે પોતાનું ધાર્યું કરાવીને, આડકતરી રીતે એને બદલવાની લાલચ થઈ આવે. આવી લાલચને વશ થવા જતાં ક્યારેક સંબંધ તૂટી જવાનો ભય ઊભો થાય. બહેતર એ કે કાચાપાકા સ્વીકારને ફરી એક વાર ભઠ્ઠીમાં મૂકીને તપાવી જોવો. આમ કરતાં ખુદને તાપ લાગવાનો જ. પણ એ રીતે પાકીને મજબૂત થયેલા સ્વીકારની ઈંટ ભવિષ્યની ઇમારતનો નક્કર પાયો બનવાની હોય એવો વિચાર આવે તો ભઠ્ઠીનો એ તાપ પણ શાતાદાયી લાગે.

કેટલી વિચિત્ર વાત છે કે આજે અને અત્યારે તમને જે વ્યક્તિ ગમતી હોય તે વ્યક્તિનું વ્યક્તિત્વ એના ભૂતકાળને કારણે ઘડાયું એવું સમજવા છતાં એના અતીતની ભૂલો તમને કઠતી હોય છે. એ ફરી આવું કરશે તો? આ સવાલ રહી રહીને તમારા હૃદયમાં ઊઠતો હોય છે. કોઈ પણ વ્યક્તિએ એના ભૂતકાળમાં જે કંઈ ખોટું કર્યું છે તે ફરી થવાની શક્યતા વિશે વિચારવામાં આપણે ભૂલી જતા હોઈએ છીએ કે આ જ વ્યક્તિમાં એણે જે ક્યારેય નથી કર્યું એવું સારું કરવાની ક્ષમતા પણ હોઈ શકે છે. ખોટાની શક્યતા વિશે વિચારનારા કેટલા લોકો સારાની ક્ષમતા વિશે વિચારતા હોય છે?

જે વ્યક્તિ વિશે મનમાં એક આકૃતિ ઊભી થઈ ગઈ હોય એ વ્યક્તિનો સદેહે પરિચય થાય એ પ્રસંગ કેટલો રોમાંચક હોય છે. વિવિધ ક્ષેત્રોમાં પોતાનું આગવું અર્પણ કરનારી અનેક વ્યક્તિઓને આપણે ક્યારેય મળ્યા નથી હોતા. કદાચ એટલે જ એના વિશે આપણને વધુમાં વધુ જાણી લેવાની ઇચ્છા થતી હોય છે. જાણીતી વ્યક્તિઓના જીવન વિશે કૌતુક હોય ત્યાં સુધી કોઈ આપત્તિ નથી, પરંતુ કૌતુકનું સ્થાન ચંચુપાત લઈ લે ત્યારે

તકલીફ ઊભી થતી હોય છે. પ્રસિદ્ધ વ્યક્તિઓ સાથેની એકાદ નાની કે મોટી મુલાકાત બાદ શું તમે એવો દાવો કરી શકો કે તમે એને સારી રીતે ઓળખી લીધી છે? આ એકાદ મુલાકાત કે નાનકડા પરિચય બાદ અપાતો અભિપ્રાય ખોટો ન હોઈ શકે? બિલકુલ હોઈ શકે. પરંતુ મહત્ત્વ આપણા અભિપ્રાયનું કે એ વ્યક્તિના આપણે કરેલા મૂલ્યાંકનનું નથી, આપણે એમની પાસેથી મેળવેલી એમની છાપનું છે. એ છાપ તે ક્ષણ પૂરતી તો સત્ય જ હોય છે.

જાહેર જીવન જીવતી વ્યક્તિઓ વિશે અભિપ્રાય આપતી વખતે સામાન્યજનો ઘણી વખત ઉતાવળભરી બેદરકારી દાખવતા હોય છે. પ્રસિદ્ધ વ્યક્તિ સાથેની એકાદ મુલાકાત બાદ કાં તો તેઓ ખૂબ પ્રભાવિત થઈ જાય છે, કાં એમને લાગે છે કે એ મોટી વ્યક્તિ આવી વામણી હશે એવું ધાર્યું નહોતું. આ બેમાંના કોઈ પણ અંતિમનો અભિપ્રાય પ્રગટ કરતી વખતે આપણે ભૂલી જઈએ છીએ કે આપણી મુલાકાત દરમિયાન પ્રગટ થયેલો પેલી વ્યક્તિનો સ્વભાવ એના સમગ્ર જીવનની માત્ર એક નાનકડી બાજુ છે. એ બાજુ કદાચ સાચી હોય તો પણ એ જ બાજુ એનું સમગ્ર જીવન નથી.

કેટલાક જાહેર માણસોની વર્તણૂક એકદમ કૃત્રિમ હોય છે. એમને ખબર હોય છે કે પોતાના એક એક શબ્દનું અને પોતાની એક એક ચેષ્ટાનું મૂલ્યાંકન થતું હોય છે. જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓએ પોતાના શબ્દો જોખીતોળીને ઉચ્ચારવા પડતા હોય છે કારણ કે કેટલીક વખત એમના શબ્દો ખોટી રીતે ટાંકવામાં આવે કે જાણીજોઈને એને મરોડવામાં આવે અથવા સંદર્ભ વિના કે અસંગત સંદર્ભ સાથે ટાંકવામાં આવે એવો એમને ભય હોય છે.

વ્યવસાયને કારણે તમે ડઝનબંધ જાણીતી વ્યક્તિઓના પરિચયમાં આવતા રહો પણ આમાંથી માત્ર એ જ લોકોને ફરી મળવાનું ગમે જેમની નિખાલસતા એમના દંભી સ્વભાવનો એક ભાગ નથી હોતી (તમે જોયું હશે કે કેટલીક વ્યક્તિઓ પોતે નિખાલસ છે એવો દંભ પણ બહુ સારી રીતે કરી શકતી હોય છે). જેઓ એક સ્ટ્રેટેજીરૂપે નહીં પરંતુ સ્વભાવગત નિખાલસ હોય છે એમને કંઈ પડી નથી હોતી કે તમે એમના વિશે કેવી છાપ લઈને જશો, કારણ કે તમે આપેલા સર્ટિફિકેટના આધારે તેઓ જીવતા નથી હોતા. આવી કોઈ એક જ વ્યક્તિનું નામ તમારે લેવાનું હોય તો તમે કોનું નામ લો? હું ખુશવંત સિંહનું નામ લઉં. માણસ એકદમ સ્પષ્ટ. ફોન પર કે રૂબરૂમાં પોતાનો ખોટો સમય બગાડતા લોકોને અનેક લેખકો-પત્રકારો ટાળી શકતા નથી. કોઈ અચાનક આવી પડે, અપૉઇન્ટમેન્ટ વિના, ત્યારે સમયની ગમે એવી તાણ હોય તે છતાં વિવેક ખાતર ચા-પાણીની ફૉર્માલિટી પૂરી કરીને સામેવાળાને ખોટું ન લાગે તે રીતે સાચવી લે અને જ્યારે ખબર પડે કે આવી ઔપચારિકતાઓ નિભાવવામાં લખવાનો કે વાંચવાનો કીમતી સમય વહી ગયો, ત્યારે જેને સારું લગાડવા સરસ સરસ વર્તન કર્યું હોય એની સાત પેઢીને યાદ કરી જુએ. ખુશવંત સિંહના નવી દિલ્હી ખાતેના સુજાન સિંહ પાર્કના નિવાસસ્થાનના દરવાજે જ તકતી હતીઃ મળવાનો સમય અગાઉથી નક્કી ન કર્યો હોય તો મહેરબાની કરીને ડોર બેલ વગાડીને ખલેલ પહોંચાડશો નહીં. ખુશવંત સિંહ ખડખડાટ હસી પડે ત્યારે એ હાસ્યની આરપાર તમને પારદર્શક નિખાલસતા દેખાતી. માણસ કેટલો નિખાલસ છે કે કેટલો દંભી છે એ માપવા માટે એના હાસ્ય જેવું થર્મોમીટર બીજું એકેય નહીં.

જાહેર જીવનની વ્યક્તિઓને બાજુએ મૂકીએ. રોજબરોજની જિંદગી દરમિયાન જેમનો સંપર્ક થતો રહે છે એવા મિત્રો, સગાંસંબંધીઓ અને પરિચિતોની વાત કરીએ. ફલાણાભાઈ કેવા? કોઈએ તમને પૂછ્યું. તમે એક સેકન્ડનો વિચાર કર્યા વિના કહી નાખ્યુંઃ 'એકદમ મઝાના' અથવા તો 'બિલકુલ ભરોસો ન મુકાય.' અંતિમવાદી અભિપ્રાયોની ગોફણો છોડવામાં આપણે નિષ્ણાત હોઈએ છીએ. જે માણસ વિશે, એના કામ વિશે, આપણે અધકચરી માહિતી ધરાવતા હોઈએ એ માણસ માટે કોઈ અભિપ્રાય માગે ત્યારે આપણા શબ્દો અંતિમ નિર્ણય હોય એ રીતે બેધડક એના વિશે જે કહેવું હોય તે કહી નાખતા હોઈએ છીએ. આપણને વિચાર

પણ નથી આવતો કે એ વ્યક્તિ વિશેનો આપણો ખરાબ અભિપ્રાય એકપક્ષી, પૂર્વગ્રહયુક્ત અને અન્યાયકારી હોઈ શકે છે. માની લો કે વ્યક્તિ ખરેખર ખરાબ હોય અને તમે એના વિશે 'એકદમ મઝાના' કહી નાખો છો ત્યારે તમારા અભિપ્રાયના આધારે સામેવાળો માણસ એની સાથે ધંધા, લગ્ન કે એવા કોઈ અન્ય વહેવારો અંગે નિર્ણય લઈ લે તો કદાચ જિંદગીભર પસ્તાવાનો વારો આવે.

તો પછી વ્યક્તિ વિશેનો અભિપ્રાય કેવી રીતે આપવો? ગોળગોળ? આમ તો ભાઈ બહુ સારા પણ એમાં એવું છે ને કે... એવું કહીને દહીંદૂધવાળો અભિપ્રાય આપવો? અભિપ્રાય પૂછનારને પાછળથી પેલી વ્યક્તિનો સારો કે ખરાબ કોઈ પણ પ્રકારનો અનુભવ થાય ત્યારે તમે કહી શકો કે 'મેં તો પહેલેથી જ કહ્યું હતું' એવો અભિપ્રાય આપવો? આવા સંજોગોમાં તમે ચોક્કસ કયા પ્રસંગોને કારણે વ્યક્તિને સારી કે ખરાબ કહો છો તે કહેવું અનિવાર્ય.

અને વ્યક્તિના મૃત્યુ પછી એના વિશે કહેવાનું આવે તો શું કહેવું? એમના જવાથી એમના વ્યવસાયના ક્ષેત્રને કદીય ન પૂરી શકાય એવી ખોટ પડી છે, એવું કહેવું? ક્ષેત્રમાંથી નિવૃત્ત થઈ ગયેલી વ્યક્તિઓના મૃત્યુ સમયે પણ લોકો આવું બોલતા હોય છે ત્યારે હસવું આવતું હોય છે. માણસ નિવૃત્ત થઈ ગયો હોય અને કોઈ પણ પ્રકારે પોતાના ક્ષેત્રને ઉપયોગી થઈ શકે એમ ન હોય ત્યારે એના જવાથી એના ક્ષેત્રને ખોટ કેવી રીતે પડે? હા, પ્રવૃત્તિકાળનાં એનાં કાર્યોને યાદ કરી એને બિરદાવવામાં આવતાં હોય તો તે વાજબી અને એમ કરવું જરૂરી પણ છે. માણસના સ્વજનોને અને નિકટના પરિચિતોને ખોટ પડે એ સ્વાભાવિક છે, પરંતુ એ નિવૃત્ત હોય ત્યારે એના વ્યવસાયના ક્ષેત્રને નથી 'ખોટ' પડતી કે નથી સર્જાતો એમાં કોઈ 'શૂન્યાવકાશ.'

ક્ષેત્રમાં પ્રવૃત્ત હોય એવી વ્યક્તિના અવસાનથી ક્ષેત્રને જરૂર ખોટ પડે. એ વ્યક્તિ વધુ જીવી હોત તો તે પોતાના ક્ષેત્રને હજુ ઘણું પ્રદાન કરી શકી હોત એવા પોટેન્શિયલને કારણે તમે જરૂર કહી શકો કે ક્ષેત્રને ખોટ પડી, પરંતુ એ ખોટ 'ક્યારેય પૂરી ન શકાય' એવી તો નથી જ હોતી. દરેક ક્ષેત્રને વહેલીમોડી એવી વ્યક્તિઓની રિપ્લેસમેન્ટ મળી જ રહે છે. વ્યક્તિના અવસાન પછી એ વ્યક્તિ વિશે અભિપ્રાય આપનારાઓએ 'ઓજસ' પાલનપુરીની આ પંક્તિઓ યાદ રાખવી જોઈએ: *મારા ગયા પછી મારી હસ્તી એ રીતે વીસરાઈ ગઈ, આંગળી જળમાંથી નીકળી ને જગ્યા પુરાઈ ગઈ.*

કોઈકે કહ્યું છે કે 'ઘર શોધે તેને આકાશ ન મળે.' સલામતીની ઝંખના હોય તો ફેલાઈ જવાની વાત, વિસ્તૃત થવાની ઇચ્છા, વ્યાપક બનવાની આકાંક્ષા પડતી મૂકવી પડે. સંપૂર્ણ કોઈ જ નથી હોતું અને બધેબધું કોઈનેય નથી મળતું હોતું. અપૂર્ણતા અને અભાવ – આ જીવનમંત્ર છે. એને સ્વીકાર્યા વિના કોઈપણ માણસનું મૂલ્યાંકન કરવામાં તમે થાપ ખાઈ જવાના.

સ્વામી સચ્ચિદાનંદ પાસેથી સરસ વાત સાંભળી કે 'ઉત્તમમાં ઉત્તમ માનવીનાં દરેકેદરેક પાસાં ઉત્તમ જ હોય એવી આશા રાખવી જ વ્યર્થ.' હીરાની જેમ મનુષ્યના વ્યક્તિત્વ પર પહેલ પડતી હોય ત્યારે કોઈ પાસું સુંદર રીતે કટ થવાનું, કોઈક પાસામાં એટલી બધી મજા ન પણ આવે. માણસના વ્યક્તિત્વનું કયું પાસું તમને દેખાય છે તેના પર તમારા એના માટેના મૂલ્યાંકનનો આધાર રહેલો છે.

માણસને 'સામાજિક પ્રાણી' કહેવાય છે ત્યારે આશય શું હોય છે આવી ઉપમા આપવાનો? સમાજનું ગૌરવ કે સમાજની અનિવાર્યતા વધારવાનો? કે પછી માણસને પ્રાણી કહીને ઉતારી પાડવાનો? કદાચ બેઉ આશય સમાયેલા છે અને આ બેઉ આશયો સાથે આપણને પાયાના મતભેદો છે. સમાજ ઓવરરેટેડ છે. એનું મહત્ત્વ હોવું જોઈએ એના કરતાં વધુ આંકવામાં આવ્યું છે. એક આખું સમાજશાસ્ત્ર વિદ્યાશાખારૂપે વિકસ્યું છે. સોશિયોલોજી જેને તમે અંગ્રેજીમાં કહો છો તે જ. વ્યક્તિશાસ્ત્ર કેમ વિકસાવવામાં ન આવ્યું? ઇન્ડિવિજ્યુઓલોજી તમે એને કહી શક્યા હોત. માણસના આંતરિક સંચલનોની જાણકારી મેળવવા સાઇકૉલોજી તેમજ સાઇકિયાટ્રીની વિદ્યાશાખાઓ વિકસી એ જ રીતે વ્યક્તિના બાહ્ય સંચાલનોનો અભ્યાસ

ઇન્ડિવિજ્યુઓલોજી હેઠળ થવો જોઈએ. વ્યક્તિને સમાજનો માત્ર એક હિસ્સો બનાવી દઈને એના વ્યક્તિત્વને ઢાંકી દઈ શકાય નહીં. પદાર્થ વિજ્ઞાન તથા રસાયણ વિજ્ઞાનમાં સમાન ગુણધર્મોવાળા પદાર્થો કે રસાયણો વિશેનાં તારણો નીકળી શકે. અમુક ચોક્કસ સંજોગોમાં અમુક ચોક્કસ પદાર્થ/રસાયણ અમુક ચોક્કસ રીતે જ પ્રતિક્રિયા આપે એવા સિદ્ધાંતો તારવી શકાય. વ્યક્તિવિજ્ઞાનમાં એવાં તારણો કાઢવાં સહેલાં નથી એ વાત ભારતના ઋષિમુનિઓ હજારો વર્ષ પહેલાં કહી ગયાઃ તુંડે તુંડે મતિર્ભિન્ના. દરેક દિમાગને એનું આગવું વ્યક્તિત્વ હોય છે, જગતમાં બાકીની તમામ વ્યક્તિઓથી દરેક વ્યક્તિ નોખી પડે છે. પણ સમાન ગુણધર્મોના સિદ્ધાંતો તારવીને પોતાને વૈજ્ઞાનિક મિજાજવાળા સાબિત કરવાની હોંશમાં અભ્યાસીઓએ આ દરેક વ્યક્તિના આગવા વ્યક્તિત્વનું ગૌરવ કર્યું નહીં. વ્યક્તિનો ચહેરો ભૂંસીને વ્યક્તિને સમાજના અંશ તરીકે જ સ્થાપી. સમાજનો એક ટુકડો થવાથી વ્યક્તિ બને છે એવું માનનારા ભૂલી ગયા કે વાસ્તવમાં તો વ્યક્તિઓના સરવાળાથી સમાજ બને છે.

વળી, આટલું ઓછું હોય એમ આ વ્યક્તિને પ્રાણી કહી. દેખીતી રીતે એમાં કશું ખોટું નથી. પણ ઊંડેથી સમજતાં જણાય છે કે માણસને પશુ અને જનાવર કહીને એનો ધિક્કાર કરવાની પ્રક્રિયાનો જ આ ભાગ છે. બહુ સહેલું છે એમ કહેવાનું કે માણસ તો નકામો છે ને એના કરતાં તો પશુઓ સારાં. બહુ આસાન છે માણસની માણસાઈને એની અપવાદરૂપી અધમતા વડે ઢાંકી દેવાનું. માણસમાં પશુતા હશે, જરૂર હશે, દરેકેદરેક માણસમાં હશે. સ્થૂળ નહીં તો સૂક્ષ્મરૂપે પણ હોવાની. પરંતુ એ આખેઆખો જનાવર નથી. ન જ હોઈ શકે. સંપૂર્ણ માનવી મળવો જેમ મુશ્કેલ છે એ રીતે સંપૂર્ણપણે પશુ હોય, નરાધમ હોય એવો માણસ મળવો પણ અશક્ય છે. બેમાંથી કોઈપણ બાજુએ ઊભા રહીને તમે જુઓ. માણસ અધૂરો જ લાગવાનો, અપૂર્ણ જ લાગવાનો. કારણ કે એ છે એવો જ આપણને દેખાય છે.

■

બાવીસ

ખુલ્લા થઈ જવું કે ઉઘાડા પડી જવું

તમને ખબર છે કે તમારી સમસ્યા શું છે અને એનું નિરાકરણ પણ તમને ખબર છે.
આમ છતાં આગળ વધતાં પગ કેમ અટકી જાય છે?

પ્રેશરકૂકરમાં સર્જાતી વરાળ જેવી બાષ્પ વ્યક્તિના મનમાં પણ ઊઠતી હોય છે. કૂકરની સીટી વાગે છે અને વરાળ બહાર નીકળે છે. હકીકતમાં વરાળ બહાર નીકળે છે એટલે સીટી વાગે છે. ચીસ જેવી આ સીટી વ્યક્તિના મનમાં વાગે છે છતાં વરાળ અંદરની અંદર રહે છે. કૂકરની જેમ ક્યારેક પોતે ફાટી જશે એવો ભય વરાળની સાથે ભળી જાય છે.

કહેનારાઓએ માણસનું વર્ણન સામાજિક પ્રાણી તરીકે શા માટે કર્યું હશે એનો અંદાજ આવા સમયે જ આવે. સંબંધોની આવશ્યકતા પણ આવા વખતે જ સમજાય અને મિત્રોની ઉપયોગિતા પણ આવા સંજોગોમાં જ પુરવાર થાય. વરાળ સર્જાવાનું કારણ કોઈ પણ હોય. આપત્તિઓના ઢગલા હોય કે પછી આનંદનાં શિખરો હોય – અભિવ્યક્તિ વિનાની લાગણીઓ વરાળમાં રૂપાંતરિત તો થવાની જ.

ઘણાની ફરિયાદ હોય છે કે મગજમાં ખૂબ વિચારો આવે છે, એને કારણે મગજ શાંત નથી રહેતું, ઉત્પાત જેવું લાગે છે, વિચારોનો ટ્રાફિક જામ થઈ ગયો હોય એવું લાગે છે. ક્રિયાશીલ દિમાગમાં વિચારો જન્મવાના છે. નિષ્ક્રિય દિમાગ કશા ખપનું પણ નથી. રસ્તો હોય તો એના પર વાહનો દોડે એમાં જ એની શોભા છે. સૂમસામ રસ્તો ગમે એટલી નીરવ શાંતિ ધરાવતો હોય તોય એ શાંતિ રસ્તાની ઉપયોગિતામાં ઉમેરો નથી કરતી. મગજ વિચારવિહોણું થઈ જાય એવી સ્થિતિ સર્જવી અશક્ય જ નથી, ભયાવહ પણ છે. વિચારો વિનાના દિમાગની વાતો આધ્યાત્મિક પલાયનવાદ છે. ધાર્યા વિચારો ન આવતા હોય કે ચિંતા વધારી મૂકનારા વિચારો પર કાબૂ ન રહેતો હોય ત્યારે નિર્વિચાર દિમાગ એનું નિરાકરણ નથી. આડેધડ દોડ્યા કરતા વિચારો જ્યારે આજુબાજુથી અને સામેની દિશાથી આવતા વિચારોની પરવા કર્યા વિના પોતાની તેજ ગતિ ચાલુ રાખવાનો પ્રયત્ન કરે ત્યારે ટ્રાફિક જામ સર્જાય એમાં કોઈ નવાઈ નથી. આવો ટ્રાફિક જામ એક જણથી સંભાળી ન શકાય. જામના બેઉ છેડે એક-એક વ્યક્તિ જોઈએ જે એકબીજાની સાથે ઇશારાથી સંપર્કમાં રહીને વાહનોના માર્ગમાં સર્જાયેલી મડાગાંઠ ઉકેલે.

વિશ્વાસુ મિત્રો કે ભરોસાપાત્ર સંબંધીઓ આવા જ સમયે વહારે ધાય છે. તમને ખબર છે કે તમારી સમસ્યા શું છે, તમને ખબર છે કે એ શા કારણે સર્જાઈ છે અને એનું નિરાકરણ શું છે. ક્યારેક એવો પણ વિચાર આવી જાય કે દર્દનાં લક્ષણોથી માંડીને એના ઉપચાર સુધીની બધી જ જાણકારી છે તો ડૉક્ટરની જરૂર શું છે. પણ જરૂર હોય છે. વિચારોને સીધી ગતિમાં લાવવા માટે સામેના છેડે તમારા ઇશારાઓને સમજી જાય એવા, કૂકરની સીટી જેવા, પરિવારજનો-મિત્રો-સંબંધીઓમાંથી કોઈકની જરૂર પડવાની. સમાજથી વિમુખ થઈને, સંન્યાસ લઈને, સાધુ બની હિમાલયમાં જતા રહેતા લોકો પોતાની આવી વરાળ કેવી રીતે બહાર કાઢતા હશે તેની ખબર નથી. સંભવતઃ એ કક્ષાએ ગયા પછી વરાળ સર્જાતી બંધ થઈ જતી હશે, અથવા તો આધ્યાત્મિક દૃષ્ટિ ખૂલી જવાથી આવતું આત્મજ્ઞાન કૂકરની સીટી જેવું કામ કરી જતું હશે, અથવા તો શક્ય એ પણ છે કે એમને પણ એમની વરાળની વેદના આપણા જેટલી જ તીવ્રતાથી ચૂભતી હોય છતાં આપણા સુધી એમની એ વેદના પહોંચતી ન હોય, પહોંચાડવામાં આવતી ન હોય.

ગમે એટલા તીવ્ર વૈરાગ્યની ધૂનમાં પણ તમે સંસાર છોડી શકતા નથી, કારણ કે તમને ખબર છે કે એવા પલાયનવાદ કરતાં તો હિંદી ફિલ્મો જોઈ નાખવાનો પલાયનવાદ વધુ સારો.

જેમની આગળ ખૂલી શકીએ એવા કુટુંબીઓ-મિત્રો-સંબંધીઓ બહુ ઓછા હોય છે કારણ કે મોટેભાગે તો લોકોને સામી વ્યક્તિ પોતાની સમક્ષ ખુલ્લી થાય એમાં નહીં, ઉઘાડી પડી જાય એમાં રસ હોય છે. આપણા દુ:ખે દુ:ખી અને સુખે સુખી થાય એવી વ્યક્તિઓ બહુ ઓછી હોય. બીજાના દુ:ખને કારણે, ભૌતિક રીતે પોતાને કોઈ પીડા ન થવાની હોય તે છતાં કોઈએ દુ:ખની સંવેદના અનુભવે એવું બહુ ઓછું બને. બીજાના જીવનમાં વધતા જતા સુખની એકાદ કણ પણ પોતાના ભૌતિક સુખમાં કશો ઉમેરો નથી કરવાની એવી ખાતરી હોવા છતાં કોઈએ સુખની એટલી જ તીવ્ર સંવેદના અનુભવે એવું પણ ભાગ્યે જ જોવા મળે, પણ જ્યારે આવું બને કે જોવા મળે ત્યારે સંબંધોમાં સર્જાતી એક નવી ઊંચાઈ જોવા મળે.

તાણ, તંગદિલી કે ટેન્શનોથી સંપૂર્ણ મુક્તિ શક્ય નથી, કેટલેક અંશે ઇચ્છનીય પણ નથી. ટેન્શન સર્જાવાથી સિગ્નલ મળે છે કે ક્યાંક કોઈ વાત તાકીદની છે અને તત્કાળ તમારું ધ્યાન એ બાબત પર કેન્દ્રિત કરવાની જરૂર છે. સમસ્યાઓને કારણે ટેન્શનો સર્જાવાનાં બંધ થઈ જાય તો કેટલી બધી સમસ્યાઓ તરફ માણસનું ધ્યાન ન જાય અને એકના પર બીજી સમસ્યા ખડકાતી જાય. છેક નીચે રહેલી સમસ્યાઓ વિશે ક્યારેક વિચારવાનું થાય ત્યારે એ એટલાં ઊંડાં મૂળિયાંવાળી બની ગઈ હોય કે એને ઉખાડી નાખવી મુશ્કેલ બની જાય અને જરૂર કરતાં અનેકગણી શક્તિ એની પાછળ વેડફી નાખવી પડે.

કોને, ક્યારે કઈ અને કેટલી વાત કહેવી એ વિવેકબુદ્ધિ આપણામાં નથી હોતી. બધાને બધું જ કહી દેવાના અંતિમથી માંડીને કોઈને કશું જ ન કહેવું સુધીના સામેના અંતિમે મોટા ભાગના લોકો રહેતા હોય છે.

મનમાં સર્જાતા વિચારો અને લાગણીઓની આપલે કશાય કારણ વિના પણ કરવી ગમતી હોય છે. કારણ હોય ત્યારે તો કરવી જ પડે પણ મનમાં ઉદ્ભવતા વિશ્વમાં કોઈ હેતુ વિના બીજાને ડોકિયું કરવાનું આમંત્રણ આપવું ગમતું હોય છે. આવી આત્મીય વ્યક્તિઓ જેમના જીવનમાં છે તેઓ સદ્ભાગી છે, એમને મૈત્રીની બાબતમાં ઈશ્વરીય આશીર્વાદ છે. પોતાના વિચારો પર મેકઅપ કર્યા વિના, તાજી જન્મેલી કૂણી લાગણીઓને એકેય વસ્ત્રમાં વીંટાળ્યા વિના, બીજાની સાથે વહેંચવાનો આનંદ જેમણે નથી અનુભવ્યો એમના જીવનમાં જરૂર કંઈક ખૂટે છે. આવા સંબંધોથી છલકાતું હૃદય હંમેશાં સમૃદ્ધિ અનુભવતું રહે.

આંગળીના વેઢે ગણી શકાય એવા આ સંબંધો ઉપરાંત અન્ય ડઝનેક નિકટતમ પરિચિતો, સંખ્યાબંધ સંબંધીઓ અને ઢગલાબંધ ઓળખીતાઓ જીવનમાં હોવાનાં. આવાં અનેક વર્તુળોને કારણે જીવનનું કિનખાબી પોત વણાય.

પણ બધી જ વાત બધાને કહી દેવા માટેની નથી હોતી. તમારા માટે જે હકીકતો સૌંદર્ય મઢેલી હોય એ જ વાતોને બીજી વ્યક્તિ કૂથલીની ફ્રેમમાં મઢાવીને ત્રીજાની આગળ દેખાડી શકે છે. તમારા માટે જે પ્રસંગો અત્યંત દર્દનાક હોય એ જ પ્રસંગો બીજાની પાસેથી સાંભળીને ત્રીજાઓ તમારા પર ખડખડાટ હસી શકે છે. ગૂંગળામણ અનુભવતા હો ત્યારે બીજાની સાથે વાત કરીને તાજી હવા શ્વાસમાં લેવાનો પ્રયત્ન થતો હોય છે. પણ આ વાત ત્રીજાઓ સુધી પહોંચે ત્યારે પ્રાણવાયુ મળવાને બદલે કોઈ તમારું ગળું ભીંસતું હોય એવું બેબાકળાપણું અનુભવાય છે. પ્રેમવશ કહી દીધેલી કઈ વાતને કોણ કેવી રીતે સમજશે અને કેવી રીતે બીજાને પહોંચાડશે એની ખાતરી તમને નથી હોતી. ઘણાને બીજી વ્યક્તિ સાથેની પોતાની આત્મીયતા પુરવાર કરવા પોતાની બધી જ અંગત વાતોને કહી દેવાની કે બીજાની બધી જ અંગત વાતો જાણી લેવાની ટેવ હોય છે. આવી ટેવ ખોટી અને આવી ઇચ્છા પણ નકામી.

પોતાના ભાવવિશ્વને સાચવવાની જવાબદારી વ્યક્તિની પોતાની છે. કશુંક ન ગમતું ખાળવાની અને કશુંક ગમતું મેળવી લેવાની ફરજ પણ એની પોતાની જ. અન્ય કોઈ આ માટે ગમે એટલું દબાણ લાવે કે શરમમાં નાખવાનો પ્રયાસ કરે તો તમે આ બાબતમાં વિવેકપૂર્વક તમારું ધાર્યું કરી શકો. આમ છતાં દુરાગ્રહ થાય ત્યારે તમે પણ એટલા જ મક્કમ બની શકો છો. આવા વખતે તમને નફ્ફટ, નિર્લજ્જ કે બેશરમ જેવાં વિશેષણો વડે

નવાજવામાં આવે ત્યારે ધ્યાન રાખવાનું કે વાસ્તવમાં આ તમામ વિશેષણો દુરાગ્રહ કરનારની ઓળખાણ જેવાં છે.

તમારી વાત ત્રીજી વ્યક્તિ સુધી ન પહોંચે એવી તમારી ઇચ્છા હોય તો તમે બીજી વ્યક્તિ સુધી ન જાઓ. બીજી વ્યક્તિને કહેવાની વાત ત્યારે જ કહેવાય જ્યારે તમને ખબર હોય કે આ વાત એ ત્રીજી વ્યક્તિને નહીં કહે. તમારો આત્મીય સંબંધ બીજી વ્યક્તિ સાથે છે, ત્રીજી સાથે નહીં. તમારી વાતનું ગૌરવ સમજશે તો બીજી વ્યક્તિ જ સમજશે, ત્રીજી સાથે નહીં. ત્રીજી વ્યક્તિને પણ એના પોતાના કોઈક આત્મીય સંબંધો હશે જેની સાથે એ તમારી આ વાત વહેંચવા માગશે. આવું થશે ત્યારે ત્રીજી વ્યક્તિનો આશય નહીં હોય તો પણ એણે ચોથી વ્યક્તિ સુધી પહોંચાડેલી વાત કૂથલી બની જવાની. તમારા અંગત મિત્રને કહેલી કોઈ વાત એ મિત્રની પત્ની સુધી, પછી પત્નીની નણંદ સુધી, નણંદની પડોશણ સુધી, પડોશણના પ્રેમી સુધી, એ પ્રેમીના બિઝનેસ પાર્ટનર સુધી આંગડિયા સેવાની મદદ વગર પહોંચી જાય છે.

જેમની સાથે વાતો કરવાથી તમારું હૃદય હળવું થતું હોય, તમને દિશાસૂચન મળતું હોય કે કોઈ પણ પ્રકારની બિનશરતી સહાય મળતી હોય એવી વ્યક્તિઓ તમને સહાનુભૂતિ, સલાહ કે મદદ આપવાનું પોતે વળતર મેળવતા હોય એ રીતે તમારી અંગત વાતોને બીજાઓના નિંદારસને સંતોષવા માટે મોકલી શકે છે. આવા વાતાવરણમાં કવિ રાજેન્દ્ર શાહની લોકપ્રિય કવિતા 'બોલીએ ના કંઈ, આપણું હૃદય ખોલીએ ના કંઈ'માંની એક પંક્તિ કંઠસ્થ રાખવી: 'અવરને મન આપણી વ્યથા, રસની કથા.'

માણસ જેવા વાતાવરણમાં રહે એવો જ એ વહેલોમોડો થઈ જાય. સતત ઊતરતી કક્ષાના અર્થાત્ મીડિયોકર વાતાવરણમાં જીવનાર વ્યક્તિ આજે નહીં તો કાલે મીડિયોકર બની જાય એ નિશ્ચિત છે. મગજને સ્ફૂર્તિ આપે, દિમાગને ઉત્તેજિત કરે એવું વાતાવરણ જો માણસની આસપાસ ન હોય તો એણે પ્રયત્નપૂર્વક તે ઊભું કરવું જોઈએ અને જો એવું વાતાવરણ હોય છતાં એ વિખેરાઈ જતું લાગે કે ડહોળાઈ જતું લાગે તો લાખ પ્રયત્ન કરીનેય એને સાચવી રાખવું જોઈએ. આવું કરવામાં દુનિયાદારીનો થોડોક ભોગ આપવો પડે. થોડા અવ્યવહારુ બનવું પડે. માણસને જેમ સામાજિક, પારિવારિક ઇત્યાદિ જવાબદારીઓ હોય છે એમ એની જાત માટેની જવાબદારી પણ હોય છે. પોતાના પ્રત્યેની આ જવાબદારી માણસની સૌથી મોટી જવાબદારી છે. આ જવાબદારી નિભાવતાં નિભાવતાં ક્યારેક કોઈક તમને સ્વાર્થી ગણી કાઢે તો ભલે.

બહારના લોકો કે બહારનું વાતાવરણ તમને બહુ ન વતાવે એ માટે દરેક માણસની આસપાસ એક અભેદ્ય કવચ હોવું જોઈએ. ધસ ફાર ઍન્ડ નો ફર્ધર. અહીં સુધી આવી ગયા તે ભલે આવ્યા, હવે આગળ વધવું નહીં એવી ચેતવણી ગર્ભિત રીતે માણસે પોતાની સાથે લાંબો-ટૂંકો સંબંધ ધરાવતી દરેક વ્યક્તિને વંચાવી દેવી જોઈએ. તમારા અંતરમાં કોણ કેટલું પ્રવેશી શકે અને કોણ કેટલી છૂટ તમારી સાથે લઈ શકે એની મર્યાદા તમારે પોતે જ આંકવાની હોય. ન આંકી શકો તો તે તમારો જ વાંક. પછી ફરિયાદ નહીં કરવાની કે આ તો મને આવું કહી ગયો કે મારી સાથે આવું વર્તન કરી ગઈ. તમારી સાથે બીજાઓનું વર્તન કેવું હોય એનો ઘણો બધો આધાર તમે પોતે આંકેલી આ સીમારેખા પર પણ રહેલો છે.



ત્રેવીસ

ઉપદેશ આપનારાઓ, ઉપદેશ માગનારાઓ

માણસ પોતાના અંગત વિશ્વમાં જે કંઈ કરી રહ્યો છે તે સાચું છે કે ખોટું એ નક્કી કરી આપવાનો ઇજારો લેવાનું ઉપદેશકોને ખૂબ ગમે.

બેમાંથી કોઈનુંય કશું કામ નથી આ દુનિયામાં. જીવનમાં આપણે શું કરવું જોઈએ અને શું નહીં એવું અન્ય કોઈ વ્યક્તિ કેવી રીતે રહી શકે? નક્કી આપણે કરવાનું હોય. આપણી તત્કાલીન પરિસ્થિતિ અને તત્કાલીન મનઃસ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણયો કરવાના હોય. આપણી આસપાસ તથા આપણી અંદર શું ચાલી રહ્યું છે એની રજેરજની માહિતી બીજાને હોવાની નથી. અધકચરી માહિતી જાણીને અપાતો ઉપદેશ પણ અધકચરો જ નીકળવાનો.

પણ ઉપદેશ આપનારાઓની આપણે ત્યાં ખોટ નથી. પાડોશીઓથી માંડીને પરમ ભગવદીય જેવાં વિશેષણોથી અલંકૃત થઈ ગયેલા ઉપદેશકો એક જ ગોળીએ ટાઇફૉઇડ, ન્યુમોનિયા, કમળાનો ઇલાજ કરે છે. એ ગોળીનું નામ છેઃ તમારે આમ કરવું જોઈએ.

મારે આમ જ કેમ કરવું જોઈએ, તેમ કેમ નહીં એવો સવાલ જે દિવસે ઊભો થશે તે જ દિવસથી બોધિજ્ઞાનનું પહેલું ટીપું આ ખોપરીમાં ટપક્યું ગણાશે. જીવનના દરેક સવાલનો ઉકેલ મેળવવા બીજાઓ પાસે પહોંચી ન જવાય. પોતાની મેળે શોધેલો ઉત્તર જ કાયમી સમાધાન, શાશ્વત સંતોષ આપી શકે. જેમની પાસે આપણા કરતાં વધુ જાણકારી, વધુ સમજદારી છે એવા લોકોનો ઉપયોગ બહુ બહુ તો હાઇવે પર શહેર કે ગામનું નામ તથા દિશા સૂચવતા તીર ચીતરેલા પાટિયા તરીકે કરવાનો હોય. આ માર્ગદર્શક પાટિયાને કહેવાનું ન હોય કે તમે પણ મારી સાથે મુસાફરી કરો.

કોઈ પૂછે તો સૂચન કરાય, ઉપદેશ આપવા ન બેસી જવાય. તમે નક્કી કરેલાં મૂલ્યોના માપદંડોથી બીજાને કેવી રીતે માપી શકાય? જીવનનાં મૂલ્યોનું કદીય સ્ટૅન્ડર્ડાઇઝેશન નથી થઈ શકતું. વ્યક્તિના પોતાના જીવનનાં તેમજ સામાજિક જીવનનાં મૂલ્યોમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. ગયા શતકમાં જે સાચું મનાતું, સ્વીકાર્ય મનાતું તે આજે નિંદનીય ગણાતું હોય એવું બન્યું છે અને આથી ઊલટુંય બનતું તમે જોયું છે.

માણસ પોતાના અંગત વિશ્વમાં જે કંઈ કરી રહ્યો છે તે સાચું છે કે ખોટું એ નક્કી કરી આપવાનો ઇજારો લેવાનું ઉપદેશકોને ખૂબ ગમે. જેમની પાસે પોતાના સ્વતંત્ર અસ્તિત્વની ખુમારી નથી એવા લોકો આ ઉપદેશકો પાસે જઈ છએય અંગ ભોંય પર લગાડી, પરસાદની સાથોસાથ ઉપદેશ પણ સીધો જ ગળે ઉતારી દેવા આતુર હોય છે.

પોતાના પ્રશ્નો વિશે ઝાઝું વિચારવાની માથાકૂટ ન કરવી પડે અને પોતાની સમસ્યાઓના ઉકેલ કારગત ન નીવડે ત્યારે બીજાઓના માથે એની જવાબદારી ઢોળી શકાય એવા ઇરાદાથી પણ આપણે ઉપદેશકો તરફ દોડી જવાનું પસંદ કરીએ છીએ.

સંસ્કૃતમાં ઉપદિશ એટલે બે દિશાઓ વચ્ચેનો ખૂણો, પેટાદિશા. અને ઉપદેશ એટલે બતાવવું. એ દિશા તરફ બતાવવું. ઉપદેશનો સાચો અર્થ એ છે. કોઈ એક ચોક્કસ દિશા તરફ ધ્યાન દોરતી વાત કહેનારા ઉપદેશકો હવે રહ્યા નથી. જે છે તેઓ પોતાની અધકચરી સમજ અને પોતાના પાક્કા સ્વાર્થ અનુસાર સલાહ-શિખામણ આપનારાઓ છે. સાચા ઉપદેશના ત્રણ પ્રકાર છેઃ (1) પ્રભુસંચિત. અર્થાત્ રાજાની જેમ આજ્ઞા કરવી તે. (2) મિત્રસંચિત. અર્થાત્ દોસ્તની જેમ સમજાવીને કહેવું તે અને (3) કાંતાસંચિત. અર્થાત્ સુંદર

સ્ત્રીના મધુર ભાષણમાંથી વ્યક્તિ પર જે વાતની અસર થઈ જાય તે. છેલ્લા પ્રકારના ઉપદેશે હવે કપટનું સ્થાન લઈ લીધું છે. બીજા પ્રકારના ઉપદેશમાંથી હવે કૂથલી જન્મવા માંડી છે અને પ્રથમ પ્રકારના ઉપદેશના અધિકારી કોઈ રહ્યા નથી, એવી પાત્રતા હોય એવા માણસો ક્યાં છે આજકાલ?

નક્કી થયેલા નિયમો, નિશ્ચિત નીતિમત્તા કે શાસ્ત્રોમાં વ્યક્ત થયેલા આદેશો સમાજ માટે છે, વ્યક્તિ માટે નહીં. સમાજ માટે છે એનો અર્થ એવો કે મોટાભાગના લોકો એ પ્રમાણે વર્તે તો સારું. તમામ લોકો એ રીતે જ વર્તે એવો આગ્રહ ન રાખી શકાય. કોણ એ રીતે વર્તે ને કોણ નહીં એવા અપવાદો અંગે પણ સ્પષ્ટતા કરવી અશક્ય છે, કારણ કે અપવાદો અંગેની આવી સ્પષ્ટતા છેવટે નિયમોમાં જ પરિણમતી હોય છે.

ઉપદેશની નિરર્થકતા અણસમજુ લોકોએ જ પુરવાર કરી છે. જેઓ અક્કલના આળસુ છે તેઓ બાબાના વાક્યને પ્રમાણભૂત ગણીને જીવનમાં ઉતારી દેવાનો પ્રયાસ કરે છે ને પછી દુ:ખી દુ:ખી થઈ જાય છે. ઉપદેશની નિરર્થકતાનો અર્થ કોઈ એવો ન કરે કે દુનિયામાં જે કંઈ સારા વિચારો સર્જાયા અને જે કંઈ ફિલસૂફીઓ રચાઈ એ તમામ નિરર્થક છે. આ તમામ વિચારો, ફિલસૂફીઓ આપણા મનને સંકુચિત વિશ્વમાંથી બહાર લઈ જવા માટે છે, એની મોકળાશ વધારવા માટે છે. પણ મોટાભાગના ઉપદેશ આપનારાઓમાં અને ખાસ તો, ઉપદેશ માગનારાઓમાં આથી તદ્દન ઊંધી જ પ્રક્રિયા જોવા મળે છે. સારા વિચારો કે જીવનોપયોગી તત્ત્વજ્ઞાન પામીને મનની એક પછી એક બારી ઊઘડતી જાય, તમામ બારણાં ખુલ્લાં થઈ જાય, છાપરું પણ ન રહે અને વારાફરતી બધી દીવાલો ખરી પડે. એક અવકાશ રચાઈ જાય. સમજણની આડે આવતી તમામ આડશો, સીમાઓ, મર્યાદાઓ આ રીતે છૂટતી જાય. પણ આપણી પોતાની અધૂરપને કારણે અથવા ક્યારેક ખોટી સમજણને કારણે આપણે ખુલ્લામાં આવી ગયા પછી અવકાશની કે પરમશાંતિની લાગણી અનુભવવાને બદલે આસપાસ કશું જ નથી એવી પ્રતીતિ થતાં અસલામતીની લાગણી અનુભવવા માંડીએ છીએ. આવી અસલામતી દરમિયાન કોઈ એક વિચારની કે કોઈ એક ઉપદેશકની છત્રી ખોલીને માથે છત્ર હોવાની પોકળ સલામતી મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. આવા પ્રયાસ આપણને વધુ જડવાદી, વધુ રૂઢિવાદી, વધુ પરંપરાવાદી બનાવી દે છે. અત્યાર સુધી પામેલા તમામ સદ્વિચારો પર પાણી ફરી વળે છે. આવું થાય ત્યારે માનવું કે વાંક બેઉનો છે. ઉપદેશ પામનારનો તો ખરો જ – જેમનાથી એ પચાવી શકાયો નહીં, અને ઉપદેશ આપનારનો પણ ખરો – જેણે પોતાના ઉપદેશ દ્વારા અનુયાયીઓની પાત્રતાને વિકસાવવાને બદલે છીછરી જ રાખી.

જીવનને સ્પર્શતો કોઈપણ સારો વિચાર એવા લોકો માટે નથી જેઓને બત્રીસ જાતનાં ભોજન આરોગ્યા પછી ઓડકાર ખાતાં ખાતાં અસ્તિત્વ વિશે વિચારવાનો શોખ હોય. ગંભીર તત્ત્વજ્ઞાનમાંથી નીપજતી સુંદર વિચારોની વાતો માત્ર એમના માટે છે જેઓ પોતાની પાત્રતાની વિશાળતા તેમજ એનું ઊંડાણ વધારવા માગતા હોય. ઉપરછલ્લી પાત્રતા ધરાવનારા અનુયાયીઓને ઉપદેશો પણ એવા જ મળવાના અને અધકચરા ઉપદેશકોના અનુયાયીઓ પણ કાચી કોરી સમજવાળા જ રહેવાના. લેનાર અને સ્વીકારનાર બેઉની પાસે પોતપોતાનાં ભવ્ય શિખરોનું ગૌરવ હોય તો જ આદાનપ્રદાનની ક્રિયા સાર્થક થાય.



ચોવીસ

કોઈ તમારી પાસે સલાહ માગવા આવે ત્યારે

સલાહ માગનાર વ્યક્તિ તમારા કરતાં સમજમાં, અક્કલમાં, પુખ્તતામાં કે અનુભવમાં ઊણી છે એવું માનવાની ભૂલ ક્યારેય ન કરવી.

સામે ચાલીને તો ન આપવી પણ કોઈ માગણી કરે તોય શિખામણ આપતાં પહેલાં બે વાર વિચાર કરવો. સલાહ, અભિપ્રાય અને માર્ગદર્શન પણ શિખામણના ભાઈભાંડુ છે. ફરક એટલો કે તેઓ થોડાં વધુ રૂપાળાં છે.

તમારી જગ્યાએ હું હોઉં તો હું આમ કરું અને આમ ન કરું – કોઈકના જીવનમાં ચંચુપાત કરવા માટેનો વિઝા આ વાક્યમાં છે. અહીં આવી શિખામણની વાત નથી. કોઈ સામેથી, ખરા હૃદયથી અને પૂરા વિશ્વાસ સાથે તમને કહે કે તમે મારા વતી નિર્ણય લો ત્યારે તમારે શું કરવાનું? નિર્ણય લેવાને બહાને એ વ્યક્તિ પર જોહુકમી ચલાવવાની? કે પછી સામેવાળી વ્યક્તિની, આવું કહેવા પાછળની ભાવના સમજીને તમારે તમારાં નિરીક્ષણો રજૂ કરી પાછળ હટી જવાનું અને એને જે કરવું હોય તે કરવા દેવાનું?

સલાહ-શિખામણની જરૂર પડે મનની અનિર્ણયાત્મક પરિસ્થિતિ વખતે. મન ડહોળાયેલું લાગતું હોય ત્યારે, કશું જ સ્પષ્ટ ન દેખાતું હોય અથવા તો પછી તમામ વિકલ્પ સારા કે તમામ વિકલ્પ નઠારા જણાતા હોય ત્યારે, કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિના દબાણ હેઠળ અણગમતા નિર્ણયો કરવા પડે ત્યારે. મન પોતે કરવા ધારેલા નિર્ણયને વળગી રહેતું હોય છે પણ વ્યવહારુ અક્કલ મજબૂરીને કારણે લેવાઈ રહેલા નિર્ણય તરફ ખેંચાતું રહે છે. આ સતત ચાલી રહેલા દ્વંદ્વનો અંત લાવવા જેટલી શક્તિ વ્યક્તિના પોતાનામાં હોય છે જ પણ આવા પ્રકારના અત્યંત વલ્નરેબલ પ્રસંગોએ એ શક્તિ ઢંકાઈ જાય છે. બેઉ વિરોધાભાસી વિચારોને જોખીતોળી જોવાની વૃત્તિને ક્યારેક લોકો અનિર્ણાયક મનોદશા ગણીને નકારાત્મક વૃત્તિ તરીકે ખપાવી દે છે.

પોતે કરવા ધારેલા નિર્ણયને સમર્થન મળે અથવા તો ન કરવા ઇચ્છતા નિર્ણયથી દૂર રહેવાનું બળ મળે તે માટે પણ વ્યક્તિ બીજાઓ પાસે સલાહસૂચન, માર્ગદર્શન, શિખામણ માગે છે. મારે શું કરવું એની મને સમજ પડતી નથી એવું કોઈ તમને કહે ત્યારે માની લેવાનું કે એમણે નક્કી તો કરી નાખ્યું છે કે શું કરવું પણ એ કરવા આડેનાં વિઘ્નો કેવી રીતે દૂર કરવાં એ માટેની અથવા તો એ વિઘ્નો દ્વારા સર્જાનારાં જોખમોને કેવી રીતે સહન કરી લેવાં એ માટેની સલાહ તમારી પાસે માગવામાં આવે છે. ખરી દ્વિધા હું આમ કરું કે તેમ કરું–ની નથી હોતી. હું આમ જ કરવા માગું તો એમાં કઈ રીતે આગળ વધું એ બાબતની સલાહ પૂછવામાં આવતી હોય છે.

કોઈ તમારી પાસે આવીને સલાહ માગે ત્યારે તમને આપોઆપ તમારું સ્ટેટસ વધી ગયેલું લાગે. તમે આવનાર વ્યક્તિને, એ જે મુદ્દો ચર્ચવા માગે છે તેના વિશે જ નહીં પરંતુ એણે બૂટને પૉલિશ કેટલા દિવસે કરવી જોઈએ અને ફોન પર વાત કરતી વખતે હોલ્ડ ઓનનું સંગીત વધુમાં વધુ કેટલી સેકન્ડ્સ સુધી પોતે સાંભળવું કે બીજાને સંભળાવવું જોઈએ તે વિશે પણ બે શબ્દો કહેવાની લાલચ રોકી શકતા નથી.

સલાહ માગનાર વ્યક્તિ સમજમાં કે અક્કલમાં કે પુખ્તતામાં કે અનુભવમાં તમારા કરતાં ઊણી છે એવું માનવાની ભૂલ ક્યારેય ન કરવી. તમે એ વિષયના નિષ્ણાત કન્સલ્ટન્ટ છો એટલે મોંઘી ફી આપીને તમારી સલાહ લેવા કોઈ નથી આવતું. તમે એના પરિચિત અથવા મિત્ર અથવા આત્મીય છો એટલે આવે છે.

સામેથી કોઈ શિખામણ લેવા આવ્યું છે એટલે જે બાબતે શિખામણ આપવાની હોય એ ઉપરાંત એના જીવનની બાગડોર હાથમાં લઈ લેવાની લાલચ થઈ આવે તો એવી લાલચ પર લગામ નાખવી. અનિર્ણયમાં ફસાયેલી વ્યક્તિ પરાધીનતા મહેસૂસ કરે છે. એ પોતાનું માનસિક સ્વાતંત્ર્ય મેળવવાની કોશિશમાં તમારી પાસે આવીને સલાહ માગે છે. તમે એના સમગ્ર જીવનને કાબૂમાં લઈ લેવા માગતા હો એવું વર્તન કરીને એને ગુલામ

બનાવી દેવાનું કેવી રીતે વિચારી શકો?

સામેથી સલાહ માગવા આવનાર અપરિચિત વ્યક્તિને સલાહ આપવા બેસી જવાય નહીં. એ કામ વ્યવસાયી સાઇકિયાટ્રિસ્ટ અથવા કાઉન્સેલરોનું. તમારી પાસે અપરિચિત વ્યક્તિને પ્રશ્નો કરીને એ મુદ્દાને લગતી તમામ માહિતી મેળવી લેવાની નિપુણતા કે આવડત ન હોય, એટલો સમય પણ ન હોય. જેમને તમે નજીકથી જાણો છો એવી વ્યક્તિ તમારી શિખામણ માગે ત્યારે હાઇવે પર આવતા ચાર રસ્તા પરના દિશાસૂચક પાટિયાંઓને યાદ કરીને એ વ્યક્તિને માહિતી આપી દેવાની કે એ જે પરિસ્થિતિમાં છે ત્યાંથી એ કઈ કઈ દિશામાં જઈ શકે છે, કઈ દિશામાં કયાં કયાં સ્થળો આવેલાં છે અને એ દરેક સ્થળ અહીંથી કેટલું દૂર છે.

સલાહ માગનાર વ્યક્તિ પોતે પોતાની દિશા પસંદ કરીને એ દિશાએ આવતું સ્થળ નક્કી કરી શકે. તમારા સૂચન મુજબનું જ એ સ્થળ હોય તે જરૂરી નથી. એવો આગ્રહ પણ ન હોય. હાઇવે પર કાર ચલાવતો મુસાફર આવા જંકશન પર ઘડીભર ઊભો રહીને અનેકમાંનો એક વિકલ્પ પસંદ કરે તો બાકીના વિકલ્પસૂચક પાટિયાંઓએ માઠું લગાડવાનું ન હોય. આને કારણે બાકીનાં પાટિયાંઓની ઉપયોગિતામાં રજમાત્રનો ઘટાડો પણ નથી થતો.

પછી જે રસ્તો પસંદ થાય તેના પર બને એટલી રોડ સાઇન્સ મૂકી આપવાની. આગળથી ડાબી તરફનો વળાંક છે, બમ્પર આવે છે, રેલવેનો ચોકીરહિત ફાટક છે, પુલ છે, રસ્તો સાંકડો છે, વેગમર્યાદા છે ઇત્યાદિ. સલાહ લેનારી વ્યક્તિએ આ ટ્રાફિક સાઇન્સની મનોમન નોંધ રાખવાની હોય. સલાહ આપનારી વ્યક્તિએ આવી દરેક સાઇન મૂકતી વખતે બૂમાબૂમ કરીને ધ્યાન દોરવાનું ન હોય.

અને છેલ્લે, એ માર્ગ પર અમુક અંતરે માઇલસ્ટોન્સ મૂકી આપવાના જેથી વ્યક્તિને ખબર પડે કે પોતે કેટલી આગળ વધી રહી છે. આ માઇલસ્ટોન્સની સદંતર અવગણના એણે કરેલી હોય તો એ એની મરજી.

તમારે આમ જ કરવું અને આમ તો બિલકુલ જ ન થાય એવાં અંતિમવાદી વચનો સલાહ આપનારના મોઢામાં ન શોભે. તમે આમ પણ કરી શકો, ધારો તો આમ પણ થઈ શકે એવા ખુલ્લાં (ઓપન એન્ડેડ) વિકલ્પો સૂચવી શકાય. સાચી રીતે અને સારી રીતે સલાહ આપ્યા પછી કેટલીક વાર શિખામણ માગનાર વ્યક્તિની જ નહીં શિખામણ આપનારની પણ વણકહી સમસ્યાઓ આપમેળે ઉકલી જતી હોય છે.

સલાહ આપવામાં જોખમ છે. સામેથી માગવામાં આવી હોય તો પણ આપવામાં જોખમ છે. એક વખત સલાહ આપી દીધા પછી તમને તમારી એ સોનેરી શિખામણ માટે મમત્વ જાગે છે, માલિકીભાવ પ્રગટે છે અને સામેની વ્યક્તિ તમારી સલાહ સ્વીકારવા છતાં એનો અમલ ન કરે કે ન કરી શકે ત્યારે તમને અંદરથી ઓછું આવે છે. ક્યારેક એવી લાગણી પ્રગટ થઈને સામેની વ્યક્તિ સુધી પણ પહોંચી જાય છે. વગર લેવેદેવે મતભેદ સર્જાય અને ઉપાધિ આવી પડે. સલાહ વિશે આ બધું જ વિચાર્યા પછી ભવિષ્યમાં કોઈ મારી સલાહ લેવા આવે તો હું એમને ના આપું. મારી સલાહ માનો તો તમે પણ કોઈને સલાહ નહીં આપતા.

માગ્યા વગર આપવાની ચીજ મદદ, માગે ત્યારે આપવાની ચીજ અભિપ્રાય, માગે તો પણ ન અપાય તે શિખામણ.



પચ્ચીસ

દલીલબાજી અને ચમચાગીરી

લાંબી દલીલબાજીના અંતે બહુ ઓછા લોકોને સમજાતું હોય છે કે પોતે કલાકો સુધી જે વલોવ્યું તે પાણી હતું, છાશ નહીં.

આ બેઉ અંતિમોમાં માણસો રાચતા રહે છે. જેમની સાથે સહમત ન થવું હોય એમની સાથે તર્કહીન દલીલબાજી કરવાનો કેટલાકને શોખ હોય છે. બીજાની હામાં હા ભેળવીને સતત એમની ચમચાગીરી કર્યા કરવાનું પણ કેટલાકને વ્યસન હોય છે.

ચર્ચા, વાદવિવાદ અને નિરર્થક તથા તર્કવિસંગત દલીલો વિશે રજનીશજીની એક વાત યાદ આવે છે. દરેક વિચારજીવીને ચર્ચાઓ કર્યા કરવાનો મોટો મોહ હોય છે. અન્ય બુદ્ધિજીવી સાથે થતી ચર્ચા-વિચારણાઓની ઉપયોગિતા પર સદંતર ચોકડી મારવી શક્ય નથી. પણ રજનીશ તો સ્પષ્ટપણે માને છે કે, 'તમામ ચર્ચાઓ મૂર્ખામીભરી અને વાહિયાત હોય છે.' રજનીશે દસ ઝેનકથા વિશે પ્રવચનો કર્યાં હતાં. આ પ્રવચનો દરમિયાન એમણે કહ્યું કે, 'ચર્ચાઓ દરમિયાન સૌથી મોટું જે શસ્ત્ર વપરાય છે તે તર્ક છે. તર્ક દ્વારા કોઈક તાર્કિક નિર્ણય પર આવી શકાય પરંતુ સત્ય સુધી ન પહોંચી શકાય.'

તમારામાં ધારદાર તર્કશક્તિ હોય તો તમે સામેની વ્યક્તિને તત્કાળ ચૂપ કરી શકો, એની પાસે જેનો જવાબ જ ન હોય એવી દલીલો કરી શકો, એને હરાવી શકો. દલીલ દરમિયાન આપણે જે બોલતા હોઈએ છીએ તે કશુંક છુપાવવા માટે, કશુંક પ્રગટ કરવા માટે નહીં. ચર્ચા કે વિવાદની બિનઉપયોગિતા પુરવાર કરવા રજનીશ ઝેનકથાનો આશ્રય લે છે.

જપાનમાં ઝેન સાધુઓના મઠમાં એક પ્રથા હતી. એક ગામથી બીજે ગામ જતા સાધુએ આવા કોઈ મઠમાં આશ્રય લેવો હોય તો એણે મઠમાં રહેતા કોઈ સાધુ સાથે બૌદ્ધ ધર્મ વિશે ચર્ચા કરી એને હરાવવો પડે. તો જ એક રાત માટે એને મઠમાં રહેવા મળે.

ઉત્તર જપાનમાં બે ભાઈઓ આવા એક મઠનું સંચાલન કરતા. મોટો ભાઈ વિદ્વાન હતો જ્યારે નાનો ભાઈ મૂરખ અને એક આંખે કાણો હતો. એક દિવસ કોઈ સાધુ રખડતાં રખડતાં આ મઠમાં આવી પહોંચ્યો. મોટો ભાઈ થાકી ગયો હતો એટલે એણે નાનાને કહ્યું કે ચર્ચા તું કરજે અને તમારા વચ્ચેનો સંવાદ મૌનની ભાષામાં જ ચાલે એવો આગ્રહ રાખજે.

અંદર ચર્ચા શરૂ થઈ અને થોડી જ વારમાં પ્રવાસી સાધુ બહાર આવી મોટા ભાઈને કહેવા લાગ્યો: 'તમારો ભાઈ તો ઘણો હોશિયાર છે. એણે પળવારમાં મને હરાવી દીધો. મારાથી આ મઠમાં નહીં રહી શકાય. હું જાઉં છું.'

મોટા ભાઈએ વિનંતી કરી કે, 'જતાં પહેલાં જરા એટલું તો કહેતા જાઓ કે ચર્ચા શું થઈ?' પ્રવાસીએ કહ્યું, 'ચર્ચાની શરૂઆત મેં કરી. બુદ્ધના પ્રતીકરૂપે મેં એક આંગળી ઊંચી કરી. એની સામે તમારા ભાઈએ બે આંગળીની સંજ્ઞા કરીને દર્શાવ્યું કે એક, બુદ્ધ અને બીજો, એમનો ઉપદેશ – બેઉ ઉપયોગી છે. આ જોઈને મેં બુદ્ધ, એમનો ઉપદેશ અને એમના અનુયાયીઓને ત્રણ આંગળીના પ્રતીક દ્વારા રજૂ કર્યા: બુદ્ધ, ધમ્મ અને સંઘ, આની સામે તમારા વિદ્વાન ભાઈએ મુઠ્ઠી વાળીને બતાવી અને મૌન રહીને જ મને સમજાવી દીધું કે આ ત્રણેયનું મૂળ તો એક જ છે – જાગૃતિ!'

પ્રવાસી સાધુ જતો રહ્યો અને થોડી જ વારમાં નાનો ભાઈ ગુસ્સાથી ધૂંઆપૂંઆ થતો બહાર આવ્યો અને બોલ્યો, 'પેલો પ્રવાસી સાધુ કેટલો તોછડો હતો! કોની સાથે કેવી રીતે વાત થાય એનુંય એને ભાન નહોતું.'

‘કેમ શું થયું?’ મોટાએ પૂછ્યું, ‘શેના વિશે ચર્ચા થઈ?’

‘શું ધૂળ ચર્ચા થઈ! મને જોયો કે તરત એણે એક આંગળી ઊંચી કરી, એમ કહેવા કે તને તો એક જ આંખ છે! મેં નમ્રતા બતાવીને બે આંગળી દેખાડી કે ભાઈ, અભિનંદન, તમને બે આંખ છે! આ જોઈને પેલો મને વધારે ચીડવવા લાગ્યો. ત્રણ આંગળી બતાવીને મને કહે કે, મને ભલે બે આંખ હોય પણ આપણા બે વચ્ચે તો કુલ ત્રણ જ આંખ છે! પછી મારો પિત્તો ગયો એટલે મુક્કો ઉગામીને મેં કહ્યું કે હવે જો આગળ વધ્યો છે તો માર ખાઈશ! અને પેલો ડરીને જતો રહ્યો!’

લાંબી દલીલબાજીને અંતે બહુ ઓછા લોકોને સમજાતું હોય છે કે પોતે કલાકો સુધી જે વલોવ્યા કર્યું તે પાણી હતું, છાશ નહીં.

દલીલ કરનારાઓથી તદ્દન જુદો પ્રકાર છે ચમચાગીરી કરનારાઓનો. એમની તમામ દલીલો મનમાં જ ધરબાયેલી રહે છે અને વાતચીત કરતી વખતે તેઓ સતત ‘હા જી, હા’નું રટણ કરતા રહે છે. ચમચાઓના પણ પાછા પ્રકાર હોય છે. સોફિસ્ટિકેટેડ ચમચાગીરી તેને કહેવાય જેની શરૂઆત આ વાક્યથી થાયઃ ‘તમારા મોઢે તમને સારું લગાડવા નથી કહેતો પણ હકીકત એ છે કે તમે મહાન છો.’ ખુલ્લેઆમ ચમચાગીરી કરનારાઓને ઓળખવા સાવ સહેલા છે. એમનાં આંખકાન બંધ હોય છે, માત્ર મોઢું જ ખુલ્લું હોય છે. છૂપી ચમચાગીરી કરનારાઓને પારખવા જરા મુશ્કેલ કામ છે. આ લોકો જેની ચમચાગીરી કરવી હોય એના મોઢે એનાં વખાણ નથી કરતા પરંતુ એના દુશ્મનોની ટીકા-નિંદા-કૂથલી કરતા હોય છે.

કેટલાક લોકો પૂરતા પ્રમાણમાં ચમચા ન મેળવી શકે ત્યારે મિત્રવર્તુળ બહોળું બનાવવાના સભાન પ્રયત્નો કરતા હોય છે. કેટલાકને મર્યાદિત સંખ્યાનું, પણ વફાદાર હોય એવું ચમચામંડળ પસંદ હોય છે. કેટલાક ચમચાઓ પોતે કેટલી મહાન વ્યક્તિના ચમચા છે એ વાતનું ગૌરવ અનુભવતા હોય છે. ભારતની પ્રજા સ્વભાવે અંતિમવાદી છે. એક અંતિમ દલીલબાજીનું અને બીજું અંતિમ ચમચાગીરીનું. આ બે અંતિમોથી બચવાનો કોઈ મધ્યમ માર્ગ ખરો?



છવ્વીસ

દોસ્ત એને કહેવાય
જેની પાસે ત્રાજવું ન હોય

જેમની પાસે મિત્રોનું સુખ નથી તેઓ સમજવા તૈયાર નથી કે સોદાબાજી વગરના સંબંધોનું
પણ અસ્તિત્વ છે આ જગતમાં.

દુનિયા તમારી સાથે કેવું વર્તન કરે છે એનો આધાર તમારા પોતાના પર છે. કોઈકનું વર્તન તમને ગમતું ન હોય ત્યારે તમે એને બદલવાની કોશિશ નથી કરતા, તમારું એના પ્રત્યેનું વલણ બદલી નાખો છો અને બદલામાં મેળવો છો એવો વ્યવહાર જેવો તમે ઇચ્છો છો. તમારે પોતે લોકોને શીખવવું પડતું હોય છે કે એમણે તમારી સાથે કઈ રીતે વર્તવું અને કઈ રીતે નહીં, તમારી સાથેના વ્યવહારમાં એમણે ક્યાં, કેટલી છૂટ લેવી અને કઈ હદ સુધીની મર્યાદા જાળવવી.

કોઈ તમારી સાથે સારી રીતે વર્તતું ન હોય તો એમાં વાંક માત્ર સામેની વ્યક્તિનો નથી હોતો, તમારો પણ એટલો જ વાંક હોય છે. તમારા ખૂબ નજીકના વર્તુળમાં પ્રવેશી જતી વ્યક્તિ કોઈ એક તબક્કે તમને દુઃખી કરવા માંડે ત્યારે એમનો વાંક કાઢવાને બદલે વાંક તમારો નીકળવો જોઈએ – તમે શા માટે એમને તમારી આટલી નજીક આવવા દીધી? હવેથી ખ્યાલ રાખવાનો.

જે જેન્યુઇન દોસ્તો છે, લંગોટિયા મિત્રો છે, એમની સાથેના વ્યવહારમાં આવો ખ્યાલ રાખવાની જરૂર પડતી નથી. સ્વાર્થ વગરના સંબંધો આ દુનિયામાં જવલ્લે જ રચાય છે. કશુંક તમને જોઈતું હોય છે એમની પાસેથી, કશુંક એમને મેળવવું હોય છે તમારી પાસેથી. એ કશુંક દરેક વખતે ભૌતિક કે સ્થૂળ સ્તરનું જ હોય એવું જરૂરી નથી. સૂક્ષ્મ અને અભૌતિક પણ હોઈ શકે, પરંતુ અંતે તો લેવડદેવડની જ વાત હોય છે. ગોઠણ સુધી પહોંચતાં કપડાં પહેરતાં ત્યારે દોસ્તોનો જે સંપૂર્ણપણે નિર્દોષ પ્રેમ મળ્યો હોય એવો પ્રેમ ફુલ પેન્ટ પહેરવાની ઉંમર પછી મળતા દોસ્તો પાસેથી નથી મળતો. સ્કૂલના દિવસો દરમિયાન ક્યાં કશું ભાન હોય છે દુનિયાદારીનું? ક્લાસમાં સાથે ભણતો છોકરો ધીરુભાઈનો છે કે એમના ડ્રાઇવરનો એવી સ્ટેટસ કૉન્શિયસનેસ નથી આવી હોતી તે વખતે. જેની સાથે જામી ગયું તે જ દોસ્તાર. જેની સાથે સ્કૂલમાં રમવાની, ભણવાની, રખડવાની અને ઝઘડવાની મઝા આવી હોય એવા મિત્રો તમારી મોટી ઉંમરે પણ તમારાથી એટલા જ નજીક હોય તો તમે નસીબદાર કહેવાઓ. ખૂબ નસીબદાર કહેવાઓ. બધા પાસે આવું જોરદાર નસીબ નથી હોતું. જેમની પાસે આવા મિત્રોનું સુખ નથી તેઓ એક વાત સમજવા ક્યારેય તૈયાર નથી થતા કે સોદાબાજી વગરના સંબંધોનું પણ અસ્તિત્વ છે આ જગતમાં.

દોસ્ત એને કહેવાય જેની પાસે ત્રાજવું ન હોય. લાગણીઓને માપીજોખી-તોળીને વહેંચનારાઓને ક્યારેય તમારા અંતરંગ વિશ્વમાં સ્થાન નથી હોતું. જેમની સાથેની દોસ્તી દાયકાઓ પછી અકબંધ રહી હોય એમની પ્રશંસા તમે સાચા દિલથી કરી શકો છો કારણ કે વખાણ કરીને તમારે એમની પાસેથી કંઈ મેળવવાનું નથી હોતું. એમની ટીકા પણ તમે કોઈ જાતના દંશ વિના કરી શકો છો કારણ કે ટીકા સાંભળીને એ તમારી પાસેથી કશું પાછું લઈ લેવાના નથી એની તમને ખાતરી છે. તદ્દન નિર્ભાર થઈને તમે એમની સાથે વર્તી શકો છો. તમારાં તમામ મહોરાં, નકાબ, બુરખાઓને બાજુએ મૂકી તમે જેવા છો એવા જ પેશ આવી શકો છો. જિંદગીનો આ ઘણો મોટો આનંદ છે. લોકો ફોલી ન ખાય તમને એ માટે સતત પહેરવું પડતું બખ્તર તમે આવા મિત્રોને મળો છો ત્યારે શરીર પરથી ઉતારીને ઊંચું મૂકી દો છો.

મિત્રો માટે તમને ક્યારેય ફરિયાદ નથી હોતી કારણ કે તમને ક્યારેય એમને માટે કોઈ અપેક્ષા નથી હોતી. એમની સાથેની વાતોમાં ક્યાંય ખુલાસાઓ નથી હોતા, કોઈ બહાનાં નથી હોતાં, જીદ નથી હોતી, તંગદિલી નથી હોતી. તમને ખબર છે કે તેઓ આ સંબંધને આવરી લેતા પ્રદેશમાં જે કંઈ કરે છે તેની પાછળનો આશય શુભ છે અને જે કંઈ નથી કરતા તેની પાછળનાં કારણો દોષરહિત છે. આવી મૈત્રી તમને દુનિયામાં ટકી રહેવાની શક્તિ પૂરી પાડે છે. એમની હાજરી તમારા જીવનમાં ચોવીસે કલાક ન હોવા છતાં સતત એક અહેસાસ તમને થયા કરે છે કે તેઓ તમારી સાથે જ છે, તમારી આસપાસનું વાતાવરણ બનીને સતત તમારી પડખે છે. એમની હાજરીમાં થતું તમારું દરેક હાસ્ય અને દરેક રુદન તમારા અંગત ખજાનાનો હિસ્સો બની જાય છે. જન્મોજન્મનો સાથ જો માગવાનો હોય તો આવા મિત્રોનો માગવાનો હોય. પ્રાર્થના કરવાની હોય તો તે કુન્દનિકા કાપડીઆના શબ્દોમાં કરવાની હોય કેઃ *'પરમાત્મા, અમને પણ એવા મૈત્રીભાવથી ભરી દે કે અમારા મિત્રોમાં અપ્રગટ શક્યતાઓ પિછાણી શકીએ અને તેને બહાર લાવવામાં સહાયભૂત બનીએ. અમારી ઊણપો, નબળાઈઓ, ભૂલો દૂર કરવાના અને સાત્ત્વિકતા, સત્યનિષ્ઠા, નિર્ભયતા વધારવાના પ્રયત્નોમાં અમે એકમેકને સક્રિય સાથ આપીએ. અમારી સારી દશામાં જેઓ અમારી સાથે હતા, તેમનો માર્ગ દુર્દશાની ખીણમાંથી પસાર થાય ત્યારે અમે વીસરીએ નહિ.'*

દુનિયામાં ટકી રહેવા તમને આવા મિત્રોની અનિવાર્યતા મહેસૂસ થાય છે, કારણ કે તમે જુઓ છો કે મોટા થયા પછી તમારી નજીક આવી જઈને પોતાને તમારા મિત્ર કહેવડાવતા લોકો જ તમારી પડતી સમયે સૌથી વધુ જોરથી તાળીઓ પાડવા લાગે છે. તમારા એકાંતમાં તમને સંભળાય છે એ. અને એ તાળીઓને તમે ગુંજન માનીને સાચવી રાખો છો તમારી પાસે. પુખ્તતાનું એક વધુ પગથિયું ચડવામાં કાખઘોડી તરીકે એ કામ લાગશે. આ લોકો તમારી ચડતી વખતે ફરી પાછા હાજર થઈ જાય છે અને હવે એમના બેશરમ સ્મિતથી તમે ભોળવાતા નથી.

તમારી પાસે આવા લોકો સાથે પનારો પાડવા માટે એક ઇનબિલ્ટ શૉક ઍબ્ઝોર્બર, એક સ્ટેબિલાઇઝર આવી ગયું હોય છે જેને કારણે તમે લાગણીપ્રૂફ બની જાઓ છો. એમની બનાવટી પ્રશંસા અને એમની બેવજૂદ ટીકાથી તમે અકળાતા નથી. તમારો સો ટચનો આક્રોશ કે તમારી ચોવીસ કૅરેટની હૂંફ – કશુંય તમે આવા લોકોમાં વહેંચતા નથી, વેડફતા નથી. કારણ કે તમને ખબર હોય છે કે દોસ્ત કોણ છે અને અમિત્ર કોણ છે.

માગવાનું કશું જ નથી હોતું ભગવાન પાસે, કારણ કે હૃદયની ઇચ્છાઓ હોઠ પર શબ્દસ્થ થાય તે પહેલાં જ, જરાય ટટળાવ્યા વગર, એ બધું આપતો રહે છે. છતાં માગવાનું હોય તો એક જ વસ્તુની માગણી થાયઃ મૈત્રી.



સત્યાવીસ

અપની ખુશી ન આયે,
ન અપની ખુશી ચલે

ડૂબતાને ઉગારવા માટે હાથ આપવાને બદલે શિખામણ આપવાનો આ દુનિયામાં રિવાજ છે. લોકો પાસે ડહાપણનો ભંડાર છે, એક સાદોસીધો હાથ લંબાવવાની દાનત નથી.

સૌથી મોટો આનંદ કયો? દુનિયાનાં તમામ સુખને અવિરત માણ્યાં કરવાનો? સ્વર્ગમાં પ્રાપ્ત થનારા દરેક સુખને પૃથ્વી પર ભોગવી લેવાનો? સ્વર્ગમાં અપ્સરાઓ બહુ ઊંચી ક્વૉલિટીની મદિરા પિવડાવે છે એવું ધર્મગુરુઓ પાસેથી સાંભળ્યું છે. ઉપરાંત સરસ સરસ કંઠે ગીતો પણ સુણાવે. જોકે, એ લાલચે ત્યાં જવાનું બિલકુલ આકર્ષણ નથી. બીજું એ પણ તો ખરુંને કે બધા ગમતા માણસો નર્કમાં જ હશે એટલે જન્નત નસીબ થાય તો ત્યાં એકલા પડી જઈએ. સ્વર્ગ જેવો જ આનંદ, કદાચ વધારે ઊંચા દરજ્જાનો આનંદ પૃથ્વી પર એક કટિંગ ચાયના પ્યાલા સાથે વો ભૂલી દાસ્તાં લો ફિર યાદ આ ગયી સાંભળીને મળી જતો હોય છે. છતાં ક્યારેક તો જવું જ પડવાનું. અને ખબર છે કે ઉપરનો કઈ તરફનો દરવાજો આપણા માટે ખુલ્લો હોવાનો. છતાં અહીંના બાકી રહી ગયેલા યારદોસ્તો યાદ કરતી વખતે તમને 'સ્વર્ગવાસી' જ કહેવાના. લોકો બહુ વિવેકી હોય છે. તમારા ગયા પછી તમારા વિશે સાચું બોલવાનું ટાળતા હોય છે.

નવી પેન્સિલને શાર્પનરની ધારદાર બ્લેડમાં ફેરવીને છોલતી વખતે મળતા આનંદથી માંડીને નવી કારના સ્ટાર્ટરના કી-હોલમાં ચાવી ફેરવવા સુધીના આનંદ નસીબદાર લોકો ભોગવી ચૂક્યા હોય છે. પણ ખરો આનંદ બટકણી પેન્સિલને બુઠ્ઠી છરીથી છોલવાનો પ્રયત્ન કરતાં રહેવામાં આવે છે. ખરો આનંદ રિક્શામાંથી ઊતરીને મિનિમમ ભાડું ચૂકવતી વખતે ત્રણેય ખિસ્સામાંનું પરચૂરણ ભેગું કરીને રિક્શાવાળાના હાથમાં મૂકી, આવું કહેવામાં આવે છેઃ સૉરી, એક રૂપિયો ઓછો છે...

વિષાદનો આનંદ સર્વોચ્ચ છે. નાનાં નાનાં પણ દુનિયાની નજરે મોટાં ગણાતાં દુઃખોમાંથી સર્જાતી ગમગીનીના આનંદની તોલે આ લોકનો કે પરલોકનો બીજો કોઈ આનંદ ના આવે. સુખમાંથી મળતા આનંદની તીવ્રતા ધીમે ધીમે ઘટતી જવાની. વિષાદના આનંદનો વિસ્તાર વધતો રહેતો હોય છે. એમાં ઉમેરા સિવાય બીજું કશું જ શક્ય નથી. એની પરાકાષ્ઠા પણ ક્યારેય નથી આવતી. સીમા સુખોને હોય, વિષાદ તો નિઃસીમ હોવાનો.

વિષાદ સ્થિર બનાવે છે, વિચારોમાં અને વ્યક્તિત્વમાં સંજિદગી લાવે છે અને હસતાં શીખવાડી દે છે. ગમગીનીને હસી નાખતાં શીખી ગયા પછી કોઈ દુઃખ દુઃખ નથી રહેતું અને કોઈ સુખ એવું સુખ નથી લાગતું જેની પાછળ દોટ મૂકવાનું મન થાય. સ્તબ્ધ વાતાવરણમાં પડતાં શાંત પગલાં આ ગમગીનીની ગતિ છે. કોઈ દોડધૂપ નહીં. કોઈ ઉચાટ નહીં. આ ગતિથી મંડાતાં પગલાંની સફરમાં સામે, ખૂબ દૂર ક્ષિતિજમાં, પરસ્પર વિરોધી બે દિશાઓની રેખાઓ ત્રાંસી થઈને એકબીજા પર ઢળી પડીને એક બિંદુમાં સમાઈ જતી હોય એવું લાગે. બે વિરોધી અંતિમો તરફ ઘસડાતી એ બે દિશાઓ છેવટે તો એ બિંદુ પર મળવાની જ છે. એક અંતિમઃ જે થવાનું હોય તે થાય. અને બીજોઃ મારે જે કરવું છે તે જ હું કરીશ. ધીમે ધીમે મંડાતાં પગલાં આ બે અંતિમોને નજીક લાવી રહ્યા છે અને પહોંચાડી રહ્યા છે પેલા અંધકારના બિંદુ સુધી.

મોતને ઉર્દુમાં કઝા કહે છે અને જીવનને હયાત. ઉર્દુના મહાકવિ શેખ ઇબ્રાહિમ ઝૌકની એક મશહૂર ગઝલનો મત્લા છેઃ *લાયી હયાત, આયે; કઝા લે ચલી, ચલે / અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે.*

ઝૌક ગાલિબના સમકાલીન હતા અને બેઉ પ્રતિસ્પર્ધીઓ વચ્ચે ક્યારેક કલમયુદ્ધ પણ થયું.

અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે. દોઢ-બે સદી પુરાણા આ શબ્દો આજે પણ તાજા લાગે. અનુભવોમાં તપાઈને આવતું તત્ત્વજ્ઞાન ક્યારેય કાચું નથી હોતું. બાબાગુરુઓની શબ્દલીલા તથા તર્કજાળથી ઉપર ઊઠતું જીવનજ્ઞાન આવી કોઈક કવિતામાંથી, કોઈક નવલકથામાંથી, કોઈ નિબંધમાંથી, કોઈ લેખમાંથી, કોઈની સાથેની સાહજિક વાતચીતમાંથી મળી જાય છે.

ડૂબતાને ઉગારવા માટે હાથ આપવાને બદલે શિખામણ આપવાનો આ દુનિયામાં રિવાજ છે. ડાહ્યા લોકોના ડહાપણભંડારની કોઈ ખોટ નથી અહીં. બુદ્ધિ, મનીષા, અક્કલ, મેધા ઇત્યાદિ માટે ઉર્દૂમાં ખિરદ અને દાનિશ જેવા શબ્દો છે. કહેવાતા દાનિશમંદ લોકો પાસે તમને આપવા માટે અક્કલનો મોટો ખજાનો છે, માત્ર એક સાદોસીધો હાથ નથી જેને પકડીને તમે બહાર આવી શકો. તેઓ તમને સમજાવી શકે છે કે તમે શા માટે ડૂબી રહ્યા છો, તમારા વાંકની લંબાઈના અને પાણીની ગહેરાઈના આંકડા એમની જુબાન પર હોય છે, અગાઉ તમારી જેમ કોણ ડૂબ્યું હતું અને અત્યારે તમારા જેવા બીજા કેટલા ડૂબી રહ્યા છે એમનાં નામોની એક લાંબી ફેહરિસ્ત એમની જેબમાં હોય છે. એમનું દીર્ઘ સંભાષણ તમે સાંભળ્યું-ન સાંભળ્યું કરતા રહો છો અને એ પૂરું થાય-ન થાય ત્યાં સુધીમાં તમે શું જુઓ છો – તમને તરતાં આવડી ગયું છે! હવે ન તો તમને એ ડહાપણની જરૂર છે, ન એ હાથની.

ગમગીનીમાં તરતાં આવડી ગયા પછી કોઈ ભરતી-ઓટ તમને સતાવતી નથી, કારણ કે પછી ન તો એ બેમાંથી એકની અપેક્ષા રહે છે, ન બાકીનાનો ડર. ભગવદ્ ગીતામાંની સ્થિતપ્રજ્ઞતાની કોટિએ પહોંચવું તો દુષ્કર કામ છે ને એવા થઈનેય શું ફાયદો? ઉપર આલા દરજ્જાની સુરા હશે તો નીચે કટિંગ ચાયના જલસા ક્યાં કમ છે. સ્થિતપ્રજ્ઞતા વિશેનાં ભાષણો પોતાના કાનમાં રેડી રેડીને આહ્લાદિત થઈ જતા સુજ્ઞ શ્રોતાજનોને એમના હાલ પર છોડી દઈએ. આપણી પાસે એ સૌના કરતાં ઘણી મોંઘી મૂડી છે. ગમગીનીને ઘૂંટીને સર્જાતો એ વિષાદ અને એ વિષાદના આનંદમાંથી પ્રગટતી પ્રસન્નતા. આવા મસ્ત વાતાવરણમાં ઝૌકનો આ શેર સંભળાય છે: *દુનિયાને કિસ કા રાહ-એ-ફના મેં દિયા હૈ સાથ/તુમ ભી ચલે ચલો યું હી, જબ તક ચલી ચલે.*



અઠ્યાવીસ

મંડળી મળવાથી થતા ગેરલાભ: જમાનો નર્મદનો અને આજનાં સોશ્યલ ગ્રુપોનો

પોતે જેનું કેન્દ્ર હોય એ સિવાયનાં અનેક વર્તુળો માણસ પાસે હોવાં જોઈએ.

એકાંત અને મહેફિલ. માણસને એનું એકાંત પ્રિય હોય તે છતાં એ દોસ્તોની મહેફિલને પણ એટલા જ રસથી માણી શકતો હોય એવું બને. દોઢસો વર્ષ પહેલાં નર્મદે એક નિબંધ લખ્યો હતો: 'મંડળી મળવાથી થતા લાભ.' એ વખતે ચા-બિસ્કિટ સાથે બૌદ્ધિક ગોષ્ઠિ કરવાની કન્સેપ્ટ વિલાયતી ગણાતી હશે એવું નર્મદને વાંચવાથી તમને લાગે. નર્મદે એ નિબંધ દ્વારા ગુજરાતીઓને સમજાવવાની કોશિશ કરી હતી કે હિન્દુસ્તાનમાં પણ એ 'રિવાજ' દાખલ કરવો જોઈએ.

નર્મદ પાસે ઝી ટીવી નહોતું, બીબીસી અને સીએનએન નહોતાં. કમ્યુનિકેશન, માસ મીડિયા વગેરે શબ્દો બાળાવસ્થામાં હતાં. છાપાં, ચોપડીઓ તથા જાણકારો સાથેની રૂબરૂ મુલાકાત વખતે થતું માહિતીનું આદાનપ્રદાન અધકચરું હતું. અપ્રદૂષિત પણ હતું. માણસ એકલો દરિયાકિનારે બેસીને કવિતા કરી શકતો. *આજ મહારાજ જલ ઉપર ઉદય જોઈને ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે, સ્નેહધન કુસુમવન વિમલપરિમલ ગહન નિજ ગગનમાંહી ઉત્કર્ષ પામે,* એવું કવિ કાન્ત ગાતા. આજે કોઈ કવિતા લખવા બેસે તો મગજમાં સૌથી પહેલી ટ્યૂન કઈ હિંદી ફિલ્મના ગીતની એને સૂઝે? પ્રત્યાયનના ક્ષેત્રનું વાતાવરણ ભલે અપ્રદૂષિત હતું એ વખતે, જે સાહિત્યસર્જન જેવી શુદ્ધ પ્રવૃત્તિઓ માટે અનુકૂળ હતું. પણ માહિતીનાં સ્રોત મર્યાદિત હતાં. વિદેશી વર્તમાનપત્રો-સામયિકોથી ભાગ્યે જ કોઈ સામાન્યજન પરિચિત હતું. પુસ્તકો આવતાં પણ બહુ મોડાં. એવા જમાનામાં મંડળી મળતી હશે ત્યારે મિત્રો-પરિચિતો પરસ્પર પોતપોતાના જ્ઞાનની તેમ જ પોતાની પાસેની માહિતીની આપલે કરી વધુ સમૃદ્ધ થતા હશે. નર્મદ જેવા મૌલિક વિચારકો આવી મંડળીઓને પોતાના આગવા વિચારો દ્વારા પ્રકાશમય કરી શકતા હશે. જ્ઞાતિપ્રથાના સખત બંધનમાંથી મુક્ત થઈને પરનાતના અને પરભાષાના લોકો સાથે હળવામળવા માટે આવી મંડળીઓ કે 'જેને ઇંગ્રેજીમાં ક્લબ કહે છે' (નર્મદના શબ્દોમાં) ઉપયોગી પુરવાર થતી હશે એ વાત નિઃસંદેહ છે. એ વખતે લોકોને મંડળીમાં સામેલ થવા ગુજરાતી નાટકોના સોલ્ડ આઉટ શો બતાડી જમાડવા નહોતા પડતા.

આખી જ્ઞાતિના વસ્તીપત્રકનાં તમામ નામોને, 'આપણે તો એમની સાથે ઘર જેવો સંબંધ' કહીને ઓળખવામાં અને દોસ્તો સાથેની બેઠકોને કે મિત્રોની મહેફિલોને માણવામાં ફરક છે. એકાંત પ્રિય માણસ પણ સંપૂર્ણ સમય પોતાની જાત સાથે રહી શકતો નથી. ગમે એવા સ્વકેન્દ્રી માણસને પણ મન થતું હોય છે કે ક્યારેક પોતાના કરતાં બહેતર માણસોને મળીએ.

કૉમન ઇન્ટરેસ્ટ ધરાવનારાઓએ પોતપોતાની મંડળીઓ રચી જોઈ. એક તબક્કે લાગ્યું કે એકના એક ક્ષેત્રની વ્યક્તિઓને મળ્યા કરવાથી ફરી એની એ જ વાતો, એ જ ગૉસિપ, એ જ પગખેંચ થયા કરે છે. લાયન્સ, જાયન્ટ્સ, રોટરી જેવી ક્લબો સર્જાઈ. સમાજસેવા સમાંતરે ચાલતી રહે પણ મૂળભૂત હેતુ એકબીજા સાથે ઇન્ટરેક્ટ થવાનો. એક ઇન્ટરેક્ટ કલબ પણ હતી. અલગ અલગ વ્યવસાયના લોકો મળે, હળે, ભળે અને અંતરાત્મા ન ડંખે એટલે સામાજિક કાર્યો કરવાનો પણ આગ્રહ રાખે અને તરત જ છાપામાં જઈને પ્રવૃત્તિના અહેવાલો છપાવી આવે – ફોટા સાથે. આ ક્લબોનાં દેશી વર્ઝન જેવાં જૈન સોશ્યલ ગ્રુપો કે જૈન જાગૃતિ સંઘો કે એવાં અનેક જ્ઞાતિઓનાં મંડળો ઉદ્ભવ્યાં. મૂળ હેતુ એ જ – ખાઈપીને જલસા કરવા. મંડળીઓ શું એના માટે જ હોય છે? અમારો, મુંબઈના ગુજરાતી પત્રકારોનો, પણ એક સંઘ છે જેની ટૂંકાક્ષરી મું. ગુ. પત્રકાર સંઘ

છે. આ સંઘ હજુ કાશીએ નથી પહોંચ્યો કારણ કે તે ક્રિકેટનાં મેદાનોમાં અને છવ્વીસમી જાન્યુઆરીની મફતિયા પિકનિકોમાં બિઝી હતો. ખાઈ, પીને, વિશેષ કરીને પીને, છૂટા પડવા માટે અમારી પાસે પ્રેસ ક્લબ તો છે જ જ્યાં દરેક ભાષાના પત્રકારો પોતપોતાના ગજા અને ગજવા પ્રમાણે પીવા-રમવા આવે છે. આ પ્રેસ ક્લબના મકાનનું સત્તાવાર નામ 'ગ્લાસ હાઉસ' છે એ તમારી જાણ ખાતર. રાજકુમારનો શીશાના ઘરવાળો ફેમસ ડાયલોગ યાદ નહીં અપાવતા.

પાનના ગલ્લા પર ઊભા રહીને ઉપનિષદોની ચર્ચા નથી થઈ શકતી. કોઈપણ સિરિયસ કામ કરવા કે દિમાગને કસરત મળે એ માટે અનુકૂળ વાતાવરણ જોઈતું હોય છે. નિરંતર આનંદ-પ્રમોદ કે પિકનિક પર્યટનોમાં જ રાચતી મંડળીઓથી કોનો અને શું હેતુ સરતો હશે. જાગૃત સોશ્યલ ગ્રુપો કે ક્લબો ક્યારેક કે નિયમિતરૂપે ગંભીર, વિચારશીલ કે વર્તમાન વિષયો પર પ્રવચનો ગોઠવે છે પણ મોટાભાગના સભ્યોને પ્રવચન પહેલાંના યા પ્રવચન પછીના બુફે ડિનરમાં જ રસ હોય છે. પોતે માત્ર જમવા આવ્યા છે એવી મેન્ટાલિટી બીજાઓ આગળ ખુલ્લી ન પડી જાય તે માટે તેઓ ઘણીવાર અભણ વક્તાઓને પણ વારંવાર તાળીઓથી વધાવ્યા કરતા હોય છે.

પોતે જેનું કેન્દ્ર હોય એ સિવાયનાં પણ અનેક વર્તુળો માણસ પાસે હોવાં જોઈએ. આ તમામ વર્તુળો ક્યારેક એકમેકના પરિઘમાં પ્રવેશી જાય ત્યારે માણસ પોતાને મેઘધનુષી મહેસૂસ કરતો હોય છે. પોતાની ધરી સાચવીને સપ્તરંગી બની શકતો માણસ નસીબદાર હોય છે. કમનસીબ એ હોય છે જે આવાં વર્તુળોમાં અટવાઈ જાય. એવો માણસ પોતાનું કેન્દ્ર છોડીને બીજાનાં વર્તુળોનું કેન્દ્ર બનવાની નાકામિયાબ કોશિશમાં કોઈ લાયન્સ ક્લબનો ડિસ્ટ્રિક્ટ ગવર્નર કે કોઈ જૈન સોશ્યલ ગ્રુપનો સેક્રેટરી બની જતો હોય છે.

માણસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોઈ શકે, બિલ્ડર, સાહિત્યકાર, ઉદ્યોગપતિ, શિક્ષક – કોઈપણ હોઈ શકે પણ એના મર્યા પછી બીજે દિવસે એની મૃત્યુનોંધ છપાય છે ત્યારે જ એની સાચી ઓળખ પ્રગટ થાય છે. જિંદગી આખી પોતાના વ્યવસાયને કારણે ઓળખાયા કરતી વ્યક્તિ મૃત્યુના ચોવીસ કલાકમાં જ હાલાઈ લોહાણા, વડનગરા નાગર, મોઢ વણિક કે વેજલપુર એકડા વિશા ખડાયતા બની જાય છે. જ્ઞાતિનું બંધન આસાનીથી છૂટતું નથી. જે આધુનિકો જ્ઞાતિપ્રથામાં નથી માનતા તેઓ દશા લાયન્સ, વિશા રોટરી કે બાર ગામ જાયન્ટ્સ જેવી જ્ઞાતિઓ ઊભી કરીને પણ સમાજ સાથે રહેવાની ઇચ્છા સંતોષે છે. લાયન્સ જેવી ક્લબો જ્ઞાતિસંસ્થાનું જ એક મૉડર્ન રૂપ છે. દરેકને પોતાની આસપાસ એક સર્કલની જરૂર હોય છે. પોતાનું સર્કલ બીજા સર્કલ સાથે છેદરેખા બનાવીને સ્પર્શે એવી દરેકને અપેક્ષા હોય છે.

જ્ઞાતિપ્રથાનું સૌથી મોટું દૂષણ શોષણ છે એવું સૈકાઓથી સાંભળતા – અનુભવતા આવ્યા છીએ. પણ કોઈએ એ સમજવાની કોશિશ કરી ખરી કે આવું શોષણ જ્ઞાતિપ્રથા ન હોત તો અન્ય રીતે પણ થતું હોત? શોષણ કરવા માટે જ્ઞાતિ અનિવાર્ય નથી હોતી. જ્ઞાતિ હાથવગી હોવાથી શોષકો જ્ઞાતિનો ઉપયોગ કરે છે. જ્ઞાતિ જેવું કંઈ ન હોત તો શોષણ માટે કોઈક બીજું માધ્યમ શોધી કાઢવામાં આવ્યું હોત.

સંકુચિતતા જ્ઞાતિપ્રથા પરનો બીજો આરોપ છે. સંકુચિત બનવા માટે પણ જ્ઞાતિ અનિવાર્ય નથી. જ્ઞાતિની આડશ લીધા વિના પણ માણસ ધારે તે રીતે સંકુચિત બની શકતો હોય છે. સોસાયટીનાં મકાનોમાં પણ અમે 'એ' વિંગવાળા અને તમે 'બી' વિંગવાળા એવો સૂક્ષ્મ પ્રાંતવાદ પ્રવેશી જતો હોય છે. જ્ઞાતિ અત્યાર સુધી દહેજ, સતી, બાળલગ્ન જેવી 'પ્રથાઓ' માટે હાથા તરીકે વપરાતી આવી છે. આધુનિક સમય સાથે મોટા ભાગના સમાજસુધારા જ્ઞાતિપ્રથાએ સ્વીકાર્યા. દહેજ જેવાં દૂષણો બાકી રહી ગયાં. દહેજ, જ્ઞાતિપ્રથા કરતાં વધુ માણસના લાલચુ સ્વભાવનું દૂષણ છે. જ્ઞાતિપ્રથા ન હોત તો માણસે દહેજ, વાંકડો કે દાવરી માટેના અવનવા ઉપાયો શોધી કાઢ્યા હોત.

જ્ઞાતિ પર આક્ષેપ મુકાતો હોય છે કે આ કપોળવાળા પોતાની જ જ્ઞાતિના લોકો માટે કામ કરે છે અને આ

કચ્છી વિશા ઓશવાળ પોતાની જ્ઞાતિ બહારના લોકોને મદદ નથી કરતા વગેરે. એમાં ખોટું શું છે? રજનીશજીએ સ્વાર્થની કન્સેપ્ટ સમજાવતાં જે વાત કરી હતી તેને જ્ઞાતિપ્રથાના સંદર્ભમાં મૂકી શકાય. રજનીશજીએ કહ્યું કે આ દુનિયાની રીતરસમો બહુ ગૂંચવાડાભરી છે. એક જણ બીજાને મદદ કરે, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને અને એમ આખી દુનિયા એકબીજાને મદદ કરે તો સૌનું ભલું થાય. પણ આટલી લાંબી સાંકળ સર્જીને એકદમ કૉમ્પ્લિકેટેડ સિસ્ટમ ઊભી કરવાને બદલે દરેક વ્યક્તિ માત્ર પોતાનું જ ભલું કરવાનું રાખે તો સરળતાથી દુનિયા આખીનું ભલું થઈ જાય. દરેક જ્ઞાતિમંડળ પોતપોતાના જ્ઞાતિજનોને આરોગ્ય, રહેઠાણ, અભ્યાસ જેવી પાયાની જરૂરિયાત માટે મદદરૂપ થાય એમાં ખોટું શું?

ખોટું માત્ર ત્યારે જ થાય જ્યારે જ્ઞાતિ વ્યક્તિના અંગત જીવનને કન્ટ્રોલ કરવાની ઇચ્છા ધરાવે. સંસ્થા મહાન છે, વ્યક્તિ નહીં એ સૂત્રને પગતળે કચડી નાખવું જોઈએ. દરેક વ્યક્તિ પોતાની રીતે સમાજનો એક સ્વતંત્ર એકમ છે. વ્યક્તિનું અંગત જીવન કન્ટ્રોલ કરવાની ઇચ્છા જ્ઞાતિઓએ ન રાખવી જોઈએ.

માણસ પોતાને સેટલ થઈ ગયેલો જુએ ત્યારે એનું ધ્યાન તરત જ પોતાની જ્ઞાતિ તરફ વળવું જોઈએ. એક જ્ઞાતિના મુખપત્રમાં અભ્યાસ માટે જેમણે લોન લીધી હોય પણ ભરપાઈ ન કરી હોય એવી વ્યક્તિની નામાવલિ લાલ પાનાં પર છપાય છે. લોનની રકમ હજાર-પાંચસોથી મોટી નથી હોતી. આટલી નાની રકમની વસૂલી માટે સમગ્ર જ્ઞાતિ સમક્ષ આ વ્યક્તિઓનું આ રીતે આડકતરું અપમાન ન કરવું જોઈએ એવું સૂચન થયું.લોનની પરત ન આવેલી રકમ અન્ય દાન દ્વારા સહેલાઈથી ભરપાઈ થઈ જાય એટલી સમૃદ્ધિ જ્ઞાતિમાં છે. પણ પછી સૂચન કરનારને સમજાવવામાં આવ્યું કે મામૂલી રકમ માટે પણ જેમને જ્ઞાતિ પાસે લોન લેવી પડી છે એવી આર્થિક સ્થિતિ ધરાવતા લોકો ભણીગણી પાંચ-છ આંકડાના પગારો પાડતા થઈ જાય છે ત્યારે જ્ઞાતિનો ઉદ્દેશ રકમ પાછી મેળવવા કરતાં વધારે એમને એમની જવાબદારીનું ભાન કરાવવાનો હોય છે કે જે જ્ઞાતિએ તમને તમારા કપરા કાળમાં એક પગથિયું મૂકી આપ્યું તે જ્ઞાતિને, તમે સમૃદ્ધ થઈ ગયા પછી ભૂલી જાઓ તે કેમ ચાલે? લોનની રકમ જ નહીં, વાસ્તવમાં તો એના કરતાં અનેકગણી રકમ તમારે જ્ઞાતિના ફંડમાં આપવી જોઈએ જેથી ભવિષ્યમાં તમારા જેવા બીજા જ્ઞાતિજનોને મદદ મળતી રહે.

મોટા ભાગની જ્ઞાતિઓમાં બે વિરોધાભાસી ફરિયાદો સતત સંભળાતી હોય છે. એક તરફ કહેવાય છે કે જ્ઞાતિસંસ્થાઓની સમિતિઓમાં મોટા મોટા હોદ્દાઓ માત્ર વડીલો-વૃદ્ધો જ પચાવી પાડે છે અને યુવાનોને આગળ આવવા દેતા નથી. સામે પક્ષે કેટલીક જગ્યાએ એવી પણ ફરિયાદ હોય છે કે જ્ઞાતિનું કામ કરવા યુવાન કાર્યકરો આગળ આવતા નથી. જ્ઞાતિ હોય, સમાજ હોય કે દેશ – ચારેકોર અંધારું ફેલાયેલું હોય ત્યારે વ્યક્તિ માત્ર પોતાનું કોડિયું પ્રગટાવીને બેસી રહે તે ન ચાલે, એણે સર્ચલાઇટ બનીને બીજાનાં અંધારાં પણ દૂર કરવા જોઈએ.



ઓગણત્રીસ

અજાણ્યા અને પોતાના: સરવાળે જિંદગી જીવવા જેવી લાગે છે

ઉમળકામાં, હૂંફમાં કે આવેશમાં વધારો ન થાય અને ઘટાડો પણ ન થાય એવી
સ્થિતિ
દરેક પરિચય માટે જોખમી છે.

નવી વ્યક્તિઓ અજાણી ન લાગે અને પરિચિત વ્યક્તિઓને ફરી ફરી મળવાનું મન થાય એ માટે શું કરી શકીએ?

જેમની સાથે અગાઉ ક્યારેય મુલાકાત કે પત્ર/ફોનવ્યવહાર ન થયાં હોય એવી વ્યક્તિને પહેલવહેલી વાર મળતાં સામાન્યતઃ ખચકાટ થાય છે. જો કોઈ કામ માટે જતા હો તો તેઓ કામ કરી આપશે કે નહીં, ગ્રાહક તરીકે મળતા હો તો તોરીલો વર્તાવ કરશે કે હૂંફથી મળશે, મિત્ર બનાવવા માગતા હો તો મિત્ર તરીકેની લાયકાતો હશે કે નહીં એવો ઉચાટ અંદરખાનેથી રહે છે. પ્રથમ વાર મળવાના બાહ્ય ઉશ્કેરાટ હેઠળ આ ઉચાટ પોતાના મન સમક્ષ પ્રગટ ન થાય એવું પણ બને. નવી વ્યક્તિની ઓળખાણ સાથે એ વ્યક્તિની આસપાસના સમગ્ર માહોલનો પરિચય થાય છે. વ્યક્તિ તમને ગમે પરંતુ એની આસપાસનું વાતાવરણ ન ગમે એવું બની શકે અને ક્યારેક એથી ઊંધું પણ બને. પાર્ટી કે જાહેર સમારંભ કે નાટક-સિનેમા, લગ્ન, મેળાવડાઓમાં થતી રહેતી નવી ઓળખાણોમાંથી દરેક ઓળખાણ માત્ર ઔપચારિકતાના સ્તર પર રહી શકતી નથી. કેટલાક પરિચયો વિઝિટિંગ કાર્ડ્ઝની આપ-લેની ફૉર્માલિટી વટાવીને ખૂબ આગળ જઈ શકતા હોય છે.

નાનકડા વર્તુળમાં, ઘરમાં, ઑફિસમાં કે પછી ટ્રેન-પ્લેન જેવી જાહેર જગ્યાઓએ થતા પરિચયોમાં નિરાંતે પ્રસ્તાવના બાંધવાની મોકળાશ મળે છે. વ્યક્તિ એટલે માત્ર એના કાર્ડ પરનું નામ કે એ હોદ્દો નહીં પરંતુ એથી વિશેષ – એવી પ્રતીતિ આવા નિરાંતના પરિચયો દરમિયાન થાય છે. આવા પરિચયોમાં ભવિષ્યના અપોઇન્ટમેન્ટ વિનાના સંબંધો પાંગરવાની શક્યતા હોય છે.

એક વખત મળ્યા પછી ક્યારેય ન મળ્યા હોય એવા ચહેરાઓની યાદી ઘણી લાંબી હોય છે. ક્યારેક આમાંના કેટલાક ચહેરા નજર સામે ઝબકીને તરત ઓગળી જાય છે – એમની સાથેની મુલાકાતનું સ્થળ, એ સમય, વાતાવરણ યાદ કરો તે પહેલાં જ ધુમ્મસમાં વિલીન થઈ જાય છે. બાકી રહી જાય છે એને ફરી ક્યારેક મળવાની ઝંખના. પ્રથમ પરિચય પછી જેઓ હજુય તમને મળતા રહે છે એમાંથી કોને કેટલાં વર્ષોથી ઓળખો છો? એમની સાથેની પ્રથમ મુલાકાત યાદ છે? કેટલાકની સાથેની ચોક્કસ યાદ હશે. કેટલાક એટલા દૂર નીકળી ગયા હશે કે એમની સાથેની પ્રથમ તો શું છેલ્લામાં છેલ્લી મુલાકાત પણ યાદ નહીં રહી હોય.

નવી વ્યક્તિને મળતી વખતે કેટલાક લોકો પોતાના સંરક્ષક કવચમાંથી બહાર આવતાં ડરે છે. બખ્તર દૂર થતાં જ પોતાની વલ્નરેબિલિટી ઉઘાડી પડી જશે એવો ડર એમને સતાવે છે. અજાણી વ્યક્તિઓને પણ મળવું જોઈએ, એમાંથી કોણ મિત્ર બની શકે, કહી ન શકો. અત્યારે જે મિત્રો છે તેઓ પણ કોઈ એક સમયે તમારાથી અજાણ્યા હતા. કમનસીબી એ છે કે જે મિત્રો હતા તેમાંના કેટલાક આજે અજાણ્યા થઈ ગયા છે. પરિચય આગળ વધતાં વધતાં ક્યારેક એવા મોડ પર આવીને ઊભો રહે છે જ્યારે તમે એમની સાથે નથી જઈ શકતા અને એ માર્ગ બદલીને કોઈ જુદી દિશાએ જવા માગે છે. પછી પરિચિતમાંથી અ-અપરિચિત થવાની પ્રક્રિયા ચાલે છે જે ઘણી લાંબી હોય છે, થોડીક દર્દનાક પણ.

છૂટી ગયેલા ચહેરાઓ છેવટે ભુલાઈ જાય છે અથવા તો એ ભુલાઈ ગયા છે એવું સાંત્વન જાતને આપવામાં

આવે છે. અત્યારની પરિચિત વ્યક્તિઓના ચહેરામાં ક્યારેક એ ભુલાઈ ગયેલા ચહેરા જોવાની કોશિશ કરો છો અને બેઉનેય, તમારા સહિત ત્રણેયને અન્યાય કરી બેસો છો.

કુટુંબમાં, સમાજમાં, મિત્રવર્તુળમાં અને અન્ય પરિચિતોમાં એવા કેટલાય છે જેમની સાથેની ઓળખાણ પર વર્ષોની ધૂળ બાઝી ગઈ હોય. લાગણીઓ સ્થગિત થઈ જાય ત્યારે આવું બનતું હશે. ઉમળકામાં, હૂંફમાં કે આવેશમાં વધારો ન થાય, ઘટાડો પણ ન થાય એ સ્થિતિ સંબંધો માટે જોખમી છે. આવા સપાટ સંબંધો પર અવાવરુ જમીનની જેમ ઘણું બધું ખડ ઊગી નીકળે છે જેને કારણે આશ્ચર્યોની કૂંપળો ફૂટી શકતી નથી. સંબંધો સ્થિર થઈને બંધિયાર ન બની જાય એ માટે જ કદાચ લાંબા ગાળાના ઘનિષ્ઠ સંબંધોમાં તંદુરસ્તી જાળવવા ઝઘડા અનિવાર્ય હશે. મનમાં જામી ગયેલો કચરો વલોવાય છે ત્યારે નજીકની વ્યક્તિઓ સાથે ઝઘડાઓ સર્જાય છે. તળિયે બાઝેલો કચરો ઉપર આવી જાય એટલે એને તારવીને ફેંકી દેવાનો હોય. દુનિયાદારીની ભાષામાં આ તારવવાની ક્રિયાને રિસામણાં-મનામણાં-સમજાવટ કહે છે. આ ક્રિયા જો મોડી શરૂ થાય કે લાંબી ચાલે તો પ્રવાહી ફરી પાછું હતું એવું ને એવું થઈ જવાનો ભય રહે છે.

- પરિચિત વ્યક્તિઓને ફરી ફરી મળવાનું મન થાય એ માટે જાતને રોજ માંજીને ચકચકિત રાખવી પડે. આખરે તો તમે જેને મળો છો એના વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઝીલવાનું જ કામ કરતા હો છો. પોતાને નીરસ બનાવી દેનાર વ્યક્તિને ક્યારેય બીજાઓના જીવનમાં રસ પડતો નથી. નવા પ્રવાહો, નવા વિચારો, નવો સમય સ્પર્શવો જોઈએ અને જૂનાં મૂલ્યો, જૂની નીતિમત્તાઓ તથા જૂની ખાનદાનીની સતત ધાર નીકળતી રહેવી જોઈએ. નહિતર નજીકનો પરિચય વર્ષો પછી અવજ્ઞામાં, ઉપેક્ષામાં ફેરવાઈ જવાનો ડર છે. દરેક સંબંધના ઉછેરની અને એને તાજગીભર્યા સાતત્યને માર્ગે વાળતા રહેવાની એક માત્ર જવાબદારી તમારા પોતાના શિરે છે. સામેવાળાઓને જે રીતે વર્તવું હોય એ રીતે વર્તે. આપણે કઈ રીતે વર્તવું એનો નિર્ણય આપણા પર છે.

પરિચિતતામાં એકધારાપણું પ્રવેશે એ પહેલાં જ સહજતાથી થોડું અંતર વધારી દેવું જોઈએ. આવી ઓટ પછીની ભરતી વધુ નિકટતા લાવે છે. ક્યારેક દરેક પરિચયને વારાફરતી નવી જગ્યાએ ઊભા રહીને, નવા દૃષ્ટિકોણથી જોવા-તપાસવાની ટેવ રાખવી જોઈએ. શક્ય છે કે કોઈક એવું અજાણ્યું પાસું ધ્યાનમાં આવે જેને કારણે સંબંધને નવો અર્થ મળે. આમાં જોખમ પણ છે. કોઈક એવું પાસું જોયા પછી અર્થનો અનર્થ પણ થઈ શકે, છતાં જોખમ લેવું જ પડે. જોખમો લીધા વિનાના સંબંધો અણીના સમયે કાયર બનીને બેસી પડે. ક્યારેક સામેની વ્યક્તિના સ્થાને પોતાની જાતને મૂકીને આવાં દૃશ્યો જોવાથી આપણી પોતાની મર્યાદાઓને સુધારવાનો અવસર ઊભો થાય.

જીવનમાં અનેક વ્યક્તિઓ મળે છે, કેટલીક છૂટી પડે છે, ફરી કેટલીક મળે છે. દરેક વ્યક્તિનું મળવું આપણા અસ્તિત્વમાં ઉમેરો કરે છે અને એમનું છૂટા પડવું બાદબાકી. આટઆટલા ઉમેરાઓ અને બાદબાકીઓ થતાં રહેતાં હોવા છતાં સરવાળે જિંદગી જીવવા જેવી લાગે છે એનું રહસ્ય શું? દુનિયાનાં તમામ રહસ્યોનો તાગ મળી જાય તો આવું પુસ્તક લખવાની જરૂર ન રહે!

●●